"કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ છે:

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી:
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!

'વિશ્વશાંતિ'માંથી ઉપરની પંક્તિઓ ગાવ્રીઈલ ત્રોયેપોલ્સ્કી કૃત 'શ્યામ કર્ણી સફેદ બીમ' વાંચતાં યાદ આવી જાય છે. આ કથા પણ એક શ્વાન અને મનુષ્યની મૈત્રીની કથા છે. શ્વાન બીમ અને એના માલિક ઇવાન વચ્ચેનો સ્નેહ સંવેદનશીલ હતો અને એ અંતે કરુણતામાં પરિણમે છે એની વાત લેખકે અત્યંત દિલચસ્પ રીતે રજૂ કરી છે. જીવનની કરુણતા ઉપર આ પ્રેમસ્નેહનું—કારુણ્યનું અજવાળું એ એના લેખકની કેન્દ્રીય અનુભૂતિ છે અને એની અભિવ્યક્તિ કલાત્મક છે."

રમણલાલ જોશી

ગાવ્રીઇલ ત્રોયેપોલ્સ્કીય શ્યામ કર્ણી સફેદ બીમ

ગાવ્રીઇલ ત્રોયેપોલ્સ્કીય

શ્યામ કર્ણી સફેદ બીમ

ગાવ્રીઇલ ત્રોયેપોલ્સ્કીય

શ્યામ કર્ણી સફેદ બીમ

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

અનુવાદ — શ્રુતિ મહેતા
સજાવટ — આનાતોલીય સ્લેપકોવ

Гавриил Троепольский

"БЕЛЫЙ БИМ ЧЕРНОЕ УХО"

на языке гуджарати

Gavriil Trouepolsky

THE WHITE GORDON WITH ONE BLACK EAR

in Gujarati

ИБ № 5612. Редактор русского текста *И. Логинов*. Контрольный редактор *Л. Савельева*. Художник *А. Слепков*. Художественный редактор *Е. Финогенова*. Технический редактор *В. Перминова*. Корректор *А. Шамаро*. Сдано в набор 21.01.89. Подписано в печать 10.08.89. Формат 84 × 108[1]/32. Бумага офсетная. Гарнитура гуджарати. Печать офсетная. Условн.печ.л. 16,38. Усл.кр.-отт. 65,94. Уч.-изд.л. 19,13. Тираж 3120 экз. Заказ № 159. Цена 2 р. 60 к. Изд. № 5974.

Издательство "Радуга" В/О "Совэкспорткнига" Государственного комитета СССР по печати. 119859, Москва, ГСП-3, Зубовский бульвар, 17.
Фирма-партнер: Пиплз Бук Хаус, г. Ахмедабад, Индия.

Можайский полиграфкомбинат В/О "Совэкспорткнига" Государственного комитета СССР по печати. 143200, г. Можайск, ул. Мира, 93.

© ગુજરાતી અનુવાદ, 'રાદુગા' પ્રકાશન, ૧૯૮૯
સોવિયેત સંઘમાં મુદ્રિત

Т $\frac{4803010102-391}{031(01)-89}$ 165-89

ISBN 5-05-002092-1

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી

કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ છે:

> વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી:
> પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!

"વિશ્વશાંતિ'માંથી ઉપરની પંક્તિઓ ગાવ્રીઈલ ત્રોયેપોલ્સ્કીય કૃત 'શ્યામ કર્ણી સફેદ બીમ' વાંચતાં યાદ આવી જાય છે. આ કથા પણ એક શ્વાન અને મનુષ્યની મૈત્રીની કથા છે. શ્વાન બીમ અને એના માલિક ઈવાન વચ્ચેનો સ્નેહ કેવો સંવેદનશીલ હતો અને એ અંતે કરુણતામાં પરિણમે છે એની વાત લેખકે અત્યંત દિલચસ્પ રીતે રજૂ કરી છે. જીવનની કરુણતા ઉપર આ પ્રેમસ્નેહનું — કરુણાનું અપ્રેધર્ષણ એ એના લેખકની કેન્દ્રીય અનુભૂતિ છે અને એની અભિવ્યક્તિ કલાત્મક છે.

ઈવાનને શ્વાન મળે છે. સામાન્યત: આવા કૂતરા કાળા હોય છે પણ બીમ તો ધોળો બાસ્તા જેવો હતો. માત્ર એનો એક કાન કાળો હતો એથી તો કથાનું શીર્ષક 'શ્યામ કર્ણી સફેદ બીમ' રાખ્યું છે. મૂળ માલિકને આ વર્ણસંકર કૂતરું ગમતું નહોતું તેથી તે એને મારી નાખવાનો વિચાર કરે છે પણ ત્યાં તો ઈવાન પહોંચી જાય છે અને એક મહિનાના ગલુડિયાને લઈ આવે છે. અહીં કથાનું આરંભબિંદુ છે અને બીજા ચાર વર્ષનો થતાં આ કૂતરો મરણ પામે છે ત્યાં કથાનો અંત આવે છે. બીમ ઈવાન સાથે હળીમળી જાય છે, એ તે એને કેળવે છે. પરંતુ હાર્ડ એટેકને કારણે ઈવાનને હોસ્પિટલ જવું પડે છે. તે એક પડોશની સન્નારીને બીમની સોંપણી કરી જાય છે પણ બીજી એક પડોશી-સ્ત્રી વિકૃત સ્વભાવની હતી. તે બીમને પકડાવી દેવાનો પણ પ્રયાસ કરે છે પણ એમાં એને સફળતા મળતી નથી. અંતે બીમ ત્યાંથી છટકીને માલિકને શોધવા બીજા નગરમાં ભટકે છે. એના વિવિધ અનુભવોનું બયાન લેખકે રોચક શૈલીમાં આપ્યું છે. આ અનુભવોમાં મનુષ્યોનો પશુઓ મનુષ્યેતર પ્રાણીઓ સાથેનો વર્તાવ વર્ણવામાં છે. આ તરફ ઈવાનની હૃદયની શસ્ત્રક્રિયા સફળ થતાં તે પાછો બીમને શોધવા નીકળે છે તો બીજી તરફ બીમ પણ ઈવાનને શોધતો હોય છે. કથા ઈવાન અને બીમના — મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણીના પ્રેમની કથા છે. આ પ્રેમ નિ:સ્વાર્થ છે, સાહજિક છે. અંતે બીમ મરણ પામે છે. ઈવાન એનો અંતિમસંસ્કાર કરે છે! ઈવાનના જીવનમાં કારમી એકલતા વ્યાપી જાય છે. છતાં તે સમાધાનકારી વલણ લે છે.

આ કથા એક અનોખા પ્રેમની કથા છે. નિરૂપણશૈલી સામાન્યત: આત્મકથનાત્મક છે. કૂતરો પોતાની આપવીતી કહે અને ઈવાન એના પર ભાષ્ય કરે એવી શૈલી લેખકે અખત્યાર કરી છે. બીમના વર્તન દ્વારા માનવસમાજની મર્યાદાઓ અને ત્રુટિઓનો ખ્યાલ આવે છે. ચોમેર વ્યાપ્ત વિસંવાદિતાના વાતાવરણ વચ્ચે પ્રેમની મધુર રાગિણી બજી ઊઠતી આપણે સાંભળીએ છીએ!

વસ્તુસંકલનમાં લેખકની કુશળતા જણાઈ આવે છે. મૂળકથા અને ઉપકથાના તાણાવાણા સારી રીતે ગૂંથાયા છે. એક સુગ્રથિતતા કથાની અસરકારકતાનું કારણ બની છે. પાત્રો પ્રમાણમાં ઓછાં છે, છતાં તેમના વ્યક્તિત્વની રેખાઓ સારી રીતે પ્રગટ થઈ છે. લેખકનું દૃષ્ટિબિંદુ માનવસ્વભાવને ઇંગિતોથી રજૂ કરવાનું છે અને એમાં એમને સફળતા મળી છે. ભાષા જેટલી પ્રવાહી એટલી જ વિશદ છે, અસરકારક ઉક્તિઓ એમને હમેશાં હાથવગી હોઈ ભાવનું યથાતથ પ્રગટીકરણ થાય છે. હૃદયસ્પર્શતા એ આ કથાનો કદાચ વિશેષ છે. વિવિધ પરિસ્થિતિના ચિત્રણ દ્વારા લેખક જે દર્શાવવા માગે છે તે યથાર્થ રીતે દર્શાવી શક્યા હોઈ સમગ્ર કથાની એક અસરકારક અપીલ થતી અનુભવાય છે.

બીમના પાત્ર દ્વારા એક વફાદાર અને પ્રેમી કૂતરાનું ચિત્ર સુરેખ દોરાયું છે. આ એક પશુ છે છતાં તે મનુષ્યની જેમ જ ભાવો અનુભવે છે, નિર્ણયો લે છે, એનો ચોક્કસ અભિગમ હોય છે. કથામાં એક વાક્ય આવે છે, "ઇન્તજાર કરો. હવે બીમના જીવનનો સંપૂર્ણ ઉદ્દેશ આ જ હતો." કથા ઇન્તજારની કથા છે. પોતે જેને ચાહે છે તે વ્યક્તિ માટેનો ઇન્તજાર—એના માટે આભીપ્સા. કૂતરાની ઘ્રાણેન્દ્રિય અત્યંત તેજ હોય છે. પણ બીમ તો સારું જીવન પ્રેમની સુગંધની શોધમાં રહે છે. ક્વચિત્ મનુષ્યમાં પણ જોવા ન મળે એવી માનવતા—એવી માણસાઈની સૌરભ તે પ્રસારતો રહે છે—જીવનની અંતિમ ક્ષણ સુધી.

બીજી આકર્ષક વસ્તુ તે ગુલામી માટેની નફરત. બીમમાંથી કાલુ બનેલો આ કૂતરો ગમે તેટલી સુસગવડવાળા જીવન કરતાં સ્વતંત્રતાનું મૂલ્ય વધુ આંકે છે. ખિસાન અંદ્રેયેવિચ એને સૂકા ઘાસમાં સુવાડે છે કે માંસથી ભરેલો કટોરો આપે છે પણ દોરીથી બાંધે પણ છે. બીમ આ પ્રકારના સ્વાતંત્ર્યવિહિન જીવનથી તંગ આવી ગયો હતો. માંસને તો એણે સૂંઘ્યું પણ નહિ! અહીં વળી પાછું કવિ ઉમાશંકર જોશીના એક કાવ્યનું સ્મરણ થાય છે. તે 'ગુલામ' કાવ્યમાં કહે છે:

હું ગુલામ?
સૃષ્ટિબાગનું અમૂલ ફૂલ માનવી ગુલામ?
સ્વતંત્ર પ્રકૃતિ તમામ
એક માનવી જ કાં ગુલામ?

પણ આ કથાના લેખક તો કહે છે કે એક પશુ પણ શા માટે ગુલામ હોય છે? આ દૃષ્ટિએ મનુષ્યેતર પ્રાણીઓમાં પણ રહેલી સ્વાતંત્ર્યની ભાવનાને સારો ઉઠાવ અપાયો છે.

ગાવ્રીઈલ ત્રોયેપોલ્સ્કીની એક સરસ કૃતિ ગુજરાતી ભાષામાં અનુવાદિત થાય છે ત્યારે એને સાનંદ અભિનંદું છું અને બે ભાષાઓના આદાન-પ્રદાન દ્વારા સાંસ્કૃતિક સેતુ બનવાની આ પ્રવૃત્તિનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

રમણલાલ જોશી

પ્રકરણ પહેલું

એક ઓરડામાં બે પ્રાણી

તે થોડી થોડી વારે અચાનક કરુણાસભર સ્વરે એક જાતનું નિરાશાભર્યું ધીમું રુદન કરવાનું શરૂ કરતો અને પોતાની માની શોધમાં આમતેમ પડતો આખડતો લથડાતો ફરતો હતો. ત્યારે તેનો માલિક તેને હાથમાં લેતો અને દૂધની શીશીની ટોટી તેના મોંમાં લગાડી દેતો.

એક મહિનાનું કુરકુરિયું બીજું કરી પણ શું શકતું હતું? હજી તે જીવન વિષે કંઈ પણ જાણતું નહોતું અને તેની બધી જ ફરિયાદો હોવા છતાં પણ તેની મા તેને ક્યાંય મળી રહી નહોતી. આ પ્રમાણે પહેલા એક બે દિવસ તેણે પોતાનાં દુ:ખદાયી કષ્ટોથી દુનિયાને પરિચિત કરવાનો પ્રયત્ન કર્યો. પણ તેમ છતાં તેને દૂધની શીશી પોતાનાં પંજામાં દબાવીને સૂવામાં કોઈ મુશ્કેલી નહોતી પડતી.

ચોથા દિવસથી તે નાનકડું પ્રાણી માનવીય હાથોની હૂંફથી ટેવાવા લાગ્યું. કુરકુરિયાં ઉપર લાડપ્યારનો તરત પ્રભાવ પડે છે.

શરૂઆતમાં તો તે પોતાનું નામ પણ નહોતો જાણતો. પણ અઠવાડિયું પૂરું થતાં પહેલાં જ તેણે એ દૃઢ માન્યતા પાકી કરી લીધી હતી કે તેનું નામ બીમ છે.

બે મહિનાનું થતાં તેને પોતાની આજુબાજુની વસ્તુઓના અસ્તિત્ત્વનું ભાન આવવા લાગ્યું હતું અને તે તેમને જોઈને આશ્ચર્યચકિત થઈ જતો: ઊંચું ઊંચું લખવાનું ઢાળિયું, દીવાલ પર લટકતી બંદૂક, શિકારી થેલો અને થેલાની બાજુમાં લાંબાં વાળવાળો માનવીય ચહેરો. તે બહુ જલદી આ બધાંથી ટેવાઈ ગયો. દીવાલ પર લટકતા આ ચહેરામાં વિચિત્ર ગતિશૂન્યતા હતી. તો શું થયું? જે વસ્તુઓ હાલતી ચાલતી નથી તે બહુ આકર્ષક નથી હોતી.

બીજી દીવાલ થોડી વધારે આકર્ષક હતી. તે એવી નાની નાની ઈંટોની બનેલી હતી જેને તેનો માલિક કાઢી પણ શકતો હતો અને પાછી પણ લગાડી શકતો હતો. ચાર મહિના પૂરાં થતાં બીમ જ્યારે પાછલાં પગ પર ઊભો થવા લાગ્યો ત્યારે તેણે દીવાલ પરથી એક ઈંટ જાતે ખેંચી કાઢી અને તેનું અધ્યયન કરવાનો પ્રયત્ન કર્યો. પણ તેમાંથી એક વિચિત્ર ફડફડાટનો અવાજ આવવા લાગ્યો અને એક પાનું બીમનાં દાંતે વચ્ચે ફસાઈ ગયું પણ તે પાનાંને ફાડીને ઝીણાં ઝીણાં ટુકડા કરવામાં તેને બહુ મજા પડી.

"અરે, આ શું કર્યું?!" તેના માલિકે કહ્યું. "ના, બીમ, ના, તારે આમ નહોતું કરવું જોઈતું હતું!" તેણે બીમના નાકને તે પુસ્તકમાં રગડયું.

આ પ્રમાણે સમજાવવાથી તો એક ભલા ઇન્સાનને પણ વાંચવા પ્રત્યે તીવ્ર તિરસ્કાર થઈ જાય પણ બીમને ન થયો: તે પોતાનું માથું ક્યારેક એક બાજુ તો ક્યારેક બીજી બાજુ ધૂમાવતો અત્યંત જિજ્ઞાસાપૂર્વક પુસ્તકોને નિહાળતો બેસી રહ્યો અને પછી એમ લાગ્યું કે તેણે એ નિર્ણય કરી લીધો છે—જો તેને આ પુસ્તક ન લેવું જોઈએ તો શું થયું, બીજું તો લઈ જ શકાય છે. આમ તેણે ચુપચાપ બીજા પુસ્તક ઉપર પણ પોતાનો પંજો માર્યો અને તે લઈને સોફા નીચે ઘૂસી ગયો. ત્યાં તેણે પુસ્તકનો એક ખૂણો ચાવ્યો, બીજો

ખૂણો ચાવ્યો અને પછી પોતાની જાતનું ભાન ભૂલી પેલા કમનસીબ પુસ્તકને ઓરડાની વચ્ચોવચ ઘસડી લાવ્યો અને તેની હાલત એકદમ ચીંથરા જેવી કરી નાંખી એટલું જ નહીં પણ તેની ઉપર ઊછળકૂદ કરવા લાગ્યો.

ત્યારે જ તેણે પહેલી વાર જાણ્યું કે ચોટ લાગવી શું હોય છે અને "ના"નો શો અર્થ થાય છે. તેનો માલિક ઢાળિયા પાસેથી ઊઠયો અને લઢીને બોલ્યો:

"નહીં!" અને તેણે તેનો કાન આમળ્યો. "બેવકૂફ, તેં મારું 'આસ્તિકો અને નાસ્તિકો માટેનું બાઈબલ' ફાડી નાંખ્યું." તેણે પેલાં જ શબ્દો, "ના! તારે મારું પુસ્તક લેવું જોઈતું નૈ હોતું," ફરીથી કહ્યાં અને બીમના કાનને ફરીથી એકવાર જોરથી આમળ્યો.

બીમ દર્દથી ચિચિયારી પાડી ઊઠયો અને તેણે પોતાનાં ચારે પગ ઉપર ઊઠાવી લીધાં. તે પીઠના સહારે પડયો રહ્યો અને પોતાના માલિકને તાકતો રહ્યો. તે એ સમજી ન શક્યો કે શું બની રહ્યું છે.

"નહીં! નહીં!" મનાઈ કરતો આ શબ્દ ફરીથી સંભળાયો અને પુસ્તક ફરી એકવાર તેના નાક તરફ ધકેલવામાં આવ્યું. પણ આ વખતની રીત એટલી પીડાદાયક નહોતી. પછી તેના માલિકે તેને હાથમાં લઈને થબથબાવતાં એ જ વાત ફરી કહી, "બેવકૂફ બચ્ચાં! તારે એમ નહોતું કરવું જોઈતું હતું, જાણે છે, નહોતું કરવું જોઈતું હતું." પછી તે નીચે બેસી ગયો અને બીમને પોતાનાં ખોળામાં બેસાડી દીધો.

આ પ્રમાણે બીમને પોતાની નાની ઉંમરમાં 'આસ્તિકો અને નાસ્તિકો માટેનાં બાઈબલ' મારફત પોતાના માલિકનો પહેલો બોધ મળ્યો. તેણે પોતાના માલિકનો હાથ ચાટયો અને અત્યંત ધ્યાનમગ્ન દેખાવાનો પ્રયત્ન કર્યો.

તેને પોતાના માલિકનું બોલવું તો ગમ્યું પણ એ બધાંમાં તે સમજી શક્યો હતો માત્ર બે જ શબ્દો "બીમ" અને "નહીં". પણ આ સિવાય માલિકના માથા પર ઝૂકેલાં સફેદ વાળ અને તેનાં સહૃદય હોઠોને હાલતાં જોવાં તથા તેની કોમળ હૂંફભરી આંગળીઓના સ્પર્શને માણવો અત્યંત દિલચસ્પ હતાં. બીમ ચોક્કસપણે એ જાણતો હતો કે તેનો માલિક સારી મનોદશામાં છે કે દુ:ખી છે. તેની ઉપર

દોષ લગાડવામાં આવી રહ્યો છે કે તેની પ્રશંસા કરી રહ્યો છે, તેને પાસે બોલાવી રહ્યો છે કે દૂર ભગાડી રહ્યો છે.

જ્યારે તેનો માલિક ઉદાસ હોય ત્યારે તે પોતાની જ જાત સાથે પણ વાતો કરતો અને બીમ સાથે પણ:

"હા, બેવકૂફ, વાત આમ જ છે. તું શા માટે તેને જોઈ રહ્યો છે?" તેણે દીવાલ ઉપર લટકતી તસવીર તરફ ઈશારો કર્યો. "તે મરી ગઈ છે, બેટા. તે હવે આ દુનિયામાં નથી રહી." તેણે બીમને થાબડ્યો અને એવી રીતે બબડ્યો જાણે તેને પાકો વિશ્વાસ હતો કે તેની વાત સમજવામાં આવી રહી છે. "ઓહ, બીમૂ બેટા, અરે મૂર્ખ, તું હજી કંઈ સમજી શકે તેમ નથી."

પણ તેની આ વાત સંપૂર્ણપણે સાચી નહોતી કારણ કે બીમ ચોક્કસપણે જાણતો હતો કે હજી તેની સાથે રમવામાં નહિ આવે અને તે એ પણ સમજી ગયો હતો કે "મૂર્ખ" અને "બેટા" તેની ઉપર જ લાગુ પડે છે. એટલા માટે જ્યારે તેનો સારો મિત્ર તેને મૂર્ખ કે બેટા કહેતો ત્યારે તે એટલી જ તત્પરતાથી પ્રતિક્રિયા કરતો જેટલી પોતાનું નામ બોલવા પર કરતો હતો. અને જો તે આટલી નાની ઉંમરમાં પોતાના માલિકનાં અવાજમાં સ્વરોને ઓળખી લેતો હતો તો બીમ ચોક્કસપણે અત્યંત ચાલાક કૂતરો બનવાનો હતો.

પણ શું એ કૂતરાની યોગ્યતાનો અંદાજ માત્ર તેની સમજદારીથી લગાવી શકાય છે? દુર્ભાગ્યવશ એમ નથી થતું. બીમ ચાલાક હશે પણ બીજી બાબતોમાં તેનામાં ઊણપ હતી.

એ વાત સાચી હતી કે તે નિર્ભેળ વંશનાં માબાપમાંથી જન્મ્યો હતો—તેનાં માબાપ બંને શિકારી સેટર હતાં. એ સિવાય તેનો વંશવેલો ખૂબ લાંબો હતો અને આ વાતને સાબિત કરવા માટે પ્રમાણપત્રો પણ હાજર હતાં. બીમનો માલિક તેનાં પરદાદા અને પરદાદી તથા તેમનાં પણ પરદાદા અને પરદાદીઓનાં નામ ગણાવી શકતો હતો. આ સાચે જ સારી વાત હતી પણ પોતાનાં બધાં જ ગુણો ઉપરાંત તેનામાં એક બહુ મોટો અવગુણ હતો જે પાછળથી તેના ભવિષ્ય ઉપર વિશેષ કરીને મોટો પ્રભાવ પાડવાનો હતો. જોકે તે નિર્ભેળ શિકારી કૂતરો હતો. ગૌર્ડન-સેટર જે સ્કોટલૅંડનો એક વંશ છે. પણ તેનો રંગ સામાન્ય ગૌર્ડન-કૂતરાઓથી તદ્દન જુદો હતો

અને આ જ અસલ મુશ્કેલી હતી. શિકારી કૂતરાંઓનાં આધારભૂત વર્ણન અનુસાર ગૌર્ડન-સેટરનો રંગ "કાગડા જેવો કાળો હોવો જોઈએ, તેમાં આભ જેવી નીલી ચમક હોવી જોઈએ તથા તેનાં પડખાંઓમાં સુસ્પષ્ટ ભૂરા રંગની કાંતિ હોવી જોઈએ". ખોટી જગ્યાઓ ઉપર સફેદ નિશાન ગૌર્ડન કૂતરાની ગંભીર ખામી માનવામાં આવતી હતી. કુદરતે બીમને સફેદ રંગ બક્ષ્યો હતો અને તેના શરીર ઉપર ભૂરા રંગનાં કેટલાંક ચિહ્નો હતાં અને થોડાંક ઝાંખાં ઝાંખાં દેખાતાં લાલ ધબ્બાં પણ હતાં. તેનો એક પગ અને માત્ર એક કાન કાળાં હતાં. અને સાચેસાચ તે કાગડાની પાંખ જેટલાં કાળાં હતાં. તેનો બીજો કાન પીળાશ પડતાં લાલ રંગનો હતો. તે સાચે જ આશ્ચર્યકારક હતું: તદ્દન ઊલટા રંગના સિવાય બીજી બધી બાબતોમાં તે એક ગૌર્ડન સેટર હતો. બીમના કોઈ દૂરના પૂર્વજે તેનું રૂપ ઢાળવામાં અનપેક્ષિત ભૂમિકા ભજવી હતી. તેનાં માબાપ ગૌર્ડન વંશનાં હતાં પણ તે એલ્બીનો હતો.

જુદાં જુદાં રંગનાં કાન અને મોટી મોટી ઘેરી ભૂરી તથા બુદ્ધિમત્તાભરી આંખો નીચે રંગનાં ધબ્બાંને કારણે બીમનો ચહેરો બીજા કૂતરાંઓની સરખામણીમાં કદાચ વધારે પ્રભાવશાળી, વધારે આકર્ષક અને વધારે ચતુર અથવા તો એમ કહો કે વધારે દાર્શનિક તથા વધારે વિચારશીલ લાગતો હતો. તે માત્ર લાંબું મોઢું જ નહિ પણ અસલ ચહેરો હતો. પણ જાનવરોમાં વિશિષ્ટ ગુણ વિકસિત કરવાવાળી વિદ્યાનાં નિયમો પ્રમાણે આ વિશેષ મામલામાં સફેદ રંગને ઊણપનું ચિહ્ન માનવામાં આવે છે. તો આવો હતો તે—દરેક રીતે એક ખૂબસૂરત પ્રાણી પણ કૂતરાને પરખનારની દૃષ્ટિથી પૂર્ણરૂપે અવિકસિત નહિ તો ઓછામાં ઓછો એક સંદેહપૂર્ણ પ્રાણી જેવો. બીમ વિષે આ જ એક મુશ્કેલી હતી.

એ વાત સાચી છે કે પોતાની ઉત્પતિના વિષયમાં બીમમાં કોઈ અપરાધભાવના નહોતી કારણ કે એક કુરકુરિયાને પોતાનાં માબાપ પસંદ કરવાનો એટલો જ અધિકાર છે જેટલો કોઈપણ બીજા પ્રાણીને છે. કેમ કે તેને આ પ્રશ્ન પર વિચાર કરવાની તક ક્યારેય આપવામાં ન આવી તેથી તે પરમ આનંદમાં જીંદગી વીતાવતો જતો હતો.

પણ તેનો માલિક ચિંતિત હતો. શું તેઓ બીમને અસલ વંશના

શિકારી કૂતરાનો દરજ્જો આપતું વંશીય પ્રમાણપત્ર આપશે કે પછી તે હંમેશાં જાતિ બહાર જ રહેશે? તેનો નિર્ણય છ મહિનાની ઉંમરમાં ત્યારે થશે જ્યારે એક કુરકુરિયું પર્યાપ્તપણે મોટું થઈ જાય છે અને તેને કૂતરાંઓની અસલ નસલમાંથી કોઈ એકમાં શ્રેણીબદ્ધ કરી શકાય છે.

બીમની માના માલિકે જન્મેલાં ગલૂડિયામાંથી સફેદને ફેંકી દેવાનો નિશ્ચય કરી લીધો હતો, બીજાં શબ્દોમાં તેને ડુબાડીને મારી નાખવાનો ફેંસલો કરી લીધો હતો. પણ ત્યાં જ આ વિચિત્ર વ્યક્તિ આવી ટપકી પડી જેનો મત એ હતો કે આવા સુંદર પ્રાણીને નષ્ટ કરવું દુ:ખની વાત થશે. એ જ વિચિત્ર વ્યક્તિ બીમનો વર્તમાન માલિક હતો. તેને આ કુરકુરિયાંની આંખો ગમી ગઈ હતી. તમે માનશો નહિ, તે આંખોમાં સમજદારી છલકતી હતી. કોઈને શું પસંદ પડી શકે, એ વિષે કોઈ કંઈ પણ ન કહી શકે! ખેર, હવે સવાલ એ હતો કે તેને વંશ વિવરણ પ્રદાન કરવામાં આવશે કે નહિ?

આ દરમિયાન બીમનો માલિક એ વાત પર વિચાર કરતો રહ્યો કે બીમના રૂપરંગની વિચિત્ર વિસંગતિનું કારણ શું હશે. સત્યની નજીક પહોંચવા માટે અને અંતમાં બીમને નિર્દોષ સાબિત કરવા માટે તેણે શિકાર અને શ્વાન-પ્રજનનને લગતી બધી જ ચોપડીઓ વાંચી. તેણે એવી દરેક સામગ્રીની નકલ કરીને રાખી લીધી હતી જે એ સાબિત કરી શકતી કે બીમ ગૌર્ડન જાતિનો સાચો પ્રતિનિધિ છે કારણ કે આ સમય સુધીમાં બીમ તેનો મિત્ર બની ગયો હતો. અને મિત્ર મુશ્કેલીમાં હોય તો તેની મદદ કરવી જ જોઈએ. નહિ તો બીમ શ્વાન-પ્રદર્શનમાં ભાગ નહિ લઈ શકે અને પોતાની છાતી પર પદકાવલિ લટકાવીને હરીફરી નહિ શકે. બીમ ભલેને ગમે તેટલો સારો શિકારી કૂતરો બની જાય પણ તે અસલ નિર્ભેળ વંશની પદ્વીનો સુખોપભોગ કદી નહિ કરી શકે. તેના માટે નિર્ભેળ વંશનાં દરવાજા હંમેશાં હંમેશાં માટે બંધ થઈ જશે.

કેવી અન્યાયી છે આ દુનિયા!

માલિકની ટિપણીઓ

છેલ્લા કેટલાક મહિનાઓથી બીમે પોતાને ચુપચાપ મારા જીવનનું એક અંગ બનાવી લીધો છે. તે એવું કેવી રીતે કરી શક્યો? પોતાની ભલમનસાઈથી, પોતાના અથાગ વિશ્વાસ અને સ્નેહથી, એવાં ગુણોથી જે જો ખુશામત કરવાની ટેવથી દૂષિત ન હોય તો હંમેશાં અપ્રતિકાર્ય હોય છે. ખુશામત કરવાની ટેવ સમય જતાં બધાં સારાં ગુણોને વ્યર્થ કરી દે છે. હા, પૂંછડી હલાવીને ખુશામત કરવાની ટેવ ભયંકર છે. તેનાથી તો ભગવાન બચાવે! પણ બીમ હજી તો એક નાનકડું કુતૂહલવશ કુરકુરિયું માત્ર છે. તે કેવાં પ્રકારનો કૂતરો બને છે તે બધું મારી પર, તેના માલિક ઉપર અવલંબિત રહેશે.

એ કંઈક વિચિત્ર વાત છે કે હું ક્યારેક ક્યારેક પોતાને એવાં કામ કરતો જોઉં છું જે મેં પહેલાં કદી નથી કર્યાં. એટલે કે જ્યારે જ્યારે હું કોઈ તસવીરમાં કોઈ કૂતરો જોઉં છું તો સૌથી પહેલાં તે કૂતરાનાં વંશ અને રંગ ઉપર ધ્યાન આપું છું. મારો વિચાર છે કે હું હજી પણ એ વાતથી ચિંતિત છું કે બીમને ખાનદાની વંશનું પ્રમાણપત્ર મળશે કે નહિ.

થોડાં દિવસ પહેલાં હું એક ચિત્રપ્રદર્શનમાં ગયો અને ત્યાં જે પહેલા ચિત્રએ મારું ધ્યાન આકર્ષ્યું હતું તે જેકોપો બસાનોએ ૧૬મી શતાબ્દીમાં સર્જેલું ચિત્ર 'ચટ્ટાનમાંથી પાણી કાઢતા મૂસા' હતું. આ ચિત્રની અગ્રભૂમિમાં એક કૂતરો છે જે સ્પષ્ટત: શિકારી કૂતરો છે પણ તેનો રંગ અપેક્ષા કરતાં વિલક્ષણ છે—સફેદ શરીર, એક સફેદ ધારથી વિભાજિત કાળો ચહેરો અને **કાન પણ કાળાં**. પણ નાકમાં તે જ સફેદ રંગ, ડાબા ખભા ઉપર એક કાળો ડાઘો અને નિતંબ પણ કાળા. વિલક્ષણ રંગવાળું આ પ્રાણી જે સ્પષ્ટ રીતે પોતાની છેલ્લી ઘડીઓમાં હતું, એક માણસના વાડકામાંથી પાણી પી રહ્યું હતું.

ચિત્રમાં એક બીજો કૂતરો પણ હતો જે લાંબા વાળવાળો હતો. **તેનાં પણ કાન કાળાં હતાં**. તે પણ તરસને માર્યે દુર્બળ હતો અને પોતાનું માથું માલિકનાં ખોળામાં મૂકી ચૂપચાપ પાણી પીવાની રાહ જોતો હતો.

પાસે જ એક સસલું અને એક કૂકડો હતા. અને ડાબી બાજુ બે ઘેટાં. પોતાના ચિત્રની અગ્રભૂમિમાં લોકોની વચ્ચે એક કૂતરાને ઊભું કરીને આ ચિત્રકાર શું કહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો? હું એમ સમજું છું કે તે એ કહેવા ઇચ્છે છે કે લોકો પ્રાચીન કાળમાં પણ કૂતરાંઓને હંમેશાં પ્રેમ કરતાં હતાં અને મુશ્કેલીના સમયમાં પછી ભલેને તે રાષ્ટ્રીય વિપદાનો સમય હોય તો પણ તેઓ કૂતરાને સાથ આપતાં હતાં અને પોતાનાં માલિકની બાજુમાં ઊભેલાં કૂતરાં મરવા માટે તત્પર, સ્વામીભક્ત તથા વફાદાર હતાં.

તે ચિત્રમાં પ્રદર્શિત ઘટનાથી થોડાં જ પહેલાં તેમાં બતાવવામાં આવેલ બધાં જ લોકો નિરાશ હતાં. કોઈને પણ જરાય આશા નહોતી. તેઓ મૂસાની પાસે આવ્યાં જે તેમને દાસત્વથી છોડાવીને લાવ્યો હતો અને કહ્યું:

"ભગવાનને ખાતર અમે મિસ્રની ભૂમિમાં પ્રભુના હાથે ત્યારે જ મરી ગયાં હોત જ્યારે અમે માંસપાત્રોની પાસે બેઠાં હતાં અને જ્યારે અમે પેટભરીને ખાવાનું ખાધું હતું! કારણ કે તું અમને આ આખા સમુદાયને ભૂખે મારવા માટે આ વેરાન જંગલમાં લઈ આવ્યો છે."

અને જ્યારે મૂસાએ જોયું કે માનવીઓનાં હૃદયોમાં દાસત્વની ભાવના કેવી ઘર ઘાલી ગઈ છે ત્યારે તેના દુઃખનો પારાવાર ન રહ્યો. જો માંસપાત્રો અને સ્વતંત્રતાની વચ્ચે પસંદગીનો સવાલ ઊઠતો તો તેઓ નિશ્ચિત રૂપે માંસપાત્રો પસંદ કરતાં. પણ ત્યારે જ મૂસાએ ચટ્ટાન પર પ્રહાર કરી પાણી કાઢ્યું અને જે લોકો તેની પાછળ પાછળ ચાલ્યા આવ્યાં હતાં તેઓ બધાં ફરીથી પ્રસન્ન થઈ ગયાં—ઓછામાં ઓછાં બસાનોનાં ચિત્રાનુસાર તો થયાં જ હતાં.

કે પછી એમ પણ હોઈ શકે છે કે બસાનોએ પોતાના ચિત્રમાં આત્મબળના અભાવ માટે માનવીની લતાડના રૂપમાં વફાદારી, આશા તથા નિષ્ઠાનાં પ્રતીક રૂપે કૂતરાને પ્રમુખ સ્થાન આપ્યું હોય? કોણ કહી શકે છે? વાત બહુ જૂની જો થઈ ગઈ છે.

બસાનોનું ચિત્ર ત્રણસો વર્ષથી પણ વધારે જૂનું છે. શું બીમનો કાળો અને સફેદ રંગ તે જ દિવસોનો છે? સાચે જ નહિ. પણ તેમ છતાં કોણ જાણે કુદરત તો કુદરત જ છે.

જે પણ હોય બીમનાં કાન અને શરીરના વિસંગત રંગ વિષેના સમ્મત આરોપોથી તેને છૂટો કરવા માટે આ કદાચ જ સહાયરૂપ હોય. આપણે ભૂતકાળમાં જેટલા પાછળ જઈશું તેટલાં જ બીમ પર પૂર્વજોનાં દોષોની પુનરાવૃત્તિ અને દૂષિત વંશ પરંપરાનો આરોપ લગાવવામાં આવવાની સંભાવના એટલી જ વધતી જશે.

ના, મારે ક્યાંક બીજે તપાસ કરવી જોઈએ. ગમે તેમ પણ જો શ્વાનપ્રજનનનો કોઈ નિષ્ણાત બસાનોનાં ચિત્રનો ઉલ્લેખ કરશે તો હું છેલ્લા ઉપાયના રૂપમાં એ તો કહી જ શકીશ: "બસાનોના કાળાં કાનોનો આની સાથે શો સંબંધ?"

પણ મારા માટે, કદાચ બીમના પોતાના સમયની નજીકની કોઈ વસ્તુ શોધી કાઢવી વધારે સારી રહેત.

* * *

શિકારી વંશો માટે પ્રમાણભૂત ઉદ્ધરણ: "ગોર્ડન-સેટર **૧૯ મી સદીના ઉત્તરાર્ધની પ્રારંભિક અવધિમાં** સ્કોટલૅંડમાં વિકસિત એક વંશ... આધુનિક ગોર્ડન-સેટરની તાકાત તથા ભારે અસ્થિ સંરચના પહેલાં જેવી જ છે પણ ઝડપ વધી ગઈ છે. **આ વંશ પોતાના વિનીત અને કોમળ મૃદુ સ્વભાવને માટે ઉલ્લેખનીય છે. ગોર્ડન આશંકિત અને સારા સ્વભાવનો હોય છે.** સહેલાઈથી કામમાં લાગી જાય છે અને કળણ ભૂમિ તથા જંગલ બંને જગ્યાએ ઉપયોગી હોય છે... માથાને ગરદન સંધિથી કદી નીચું ન કરતાં ઊંચી તથા સ્થિર મુદ્રામાં ઊભા રહેવું તેની લાક્ષણિક મુદ્રા છે"...

* * *

'શિકારીનું પંચાંગ' અને 'રન્સની માછલીઓ' શીર્ષકવાળાં ઉત્તમ પુસ્તકોના લેખક સાબાનેયેવનાં બે ખંડોવાળી કૃતિ 'કૂતરાં'માંથી:

"જો આપણે એ યાદ રાખીએ કે એક વંશના રૂપમાં સેટર શિકારી કૂતરાંઓની એ સર્વાધિક પ્રાચીન પ્રજાતિમાંથી વિકસિત થયાં છે જેને શતાબ્દીઓથી એવું પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે જેને

આપણે ઘરેલુ પ્રશિક્ષણ કહી શકીએ છીએ ત્યારે આપણને એ જાણીને આશ્ચર્ય નહિ થાય કે સેટર વંશનાં કૂતરાં સૌથી વધુ સંસ્કૃત અને **હોશિયાર** હોય છે."

તો પછી! બીમ એક હોશિયાર વંશનો કૂતરો છે. આ વાત ઉપયોગી સાબિત થઈ શકે છે.

* * *

સાબાનેયેવની એ જ કૃતિમાંથી:

"૧૮૪૭માં એક જમીનદાર સાહેબ ઈંગ્લૅંડથી સેટર કૂતરાની એક અત્યંત દુર્લભ જાતિનાં બે ખૂબ સુંદર કૂતરાં લઈને આવ્યાં. ગ્રૅંડ ડ્યૂક મિખાઈલ પાવ્લોવિચ માટે ભેટના ઉદ્દેશ્યથી લાવવામાં આવેલ તે કૂતરાં વેચવા માટે નહોતાં... તેમનો ૨૦૦૦ રૂબલની કિંમતનાં એક ઘોડાનાં બદલામાં સોદો કરવામાં આવ્યો..."

કેવો સોદો હતો તે! એક ભેટ, જેની કિંમત વીસ ભૂદાસો જેટલી હોય. પણ શું આ દોષ કૂતરાંઓનો હતો? અને આ બધાંથી બીમને શું લાભ થઈ શકતો હતો?

* * *

સુજ્ઞાત પ્રકૃતિ પ્રેમી, શિકારશાસ્ત્રી અને શ્વાનપ્રજનક પેંસ્કીના સાબાનેયેવને લખેલ પત્રમાંથી:

"પહેલાં ક્રીમીયાનાં યુદ્ધ દરમિયાન મેં 'ક્રેચીંસ્કીનો વિવાહ'ના લેખક સૂખોવો-કોબીલિનની પાસે એક અત્યંત ખૂબસૂરત લાલ સેટર અને રિયાઝાનમાં કલાકાર પ્યોતર સોકોલોવના ઘરમાં થોડાં ચટાપટાવાળા પીળા રંગનાં સેટર જોયાં."

વાહ! આ છે કામની વસ્તુ. એક વ્યંગલેખકની પાસે પણ સેટર જાતિનો કૂતરો, દિલચસ્પ વાત છે. અને એક કલાકાર પાસે સોનેરી ચટાપટાવાળા બીમ? હું માનું છું અહીંથી જ તારો વંશ આવ્યો છે. આ કંઈક વાત થઈ! પણ કાન કેમ કાળો? તે હજી પણ રહસ્ય છે.

* * *

એ જ પત્રમાંથી:

"દરબારના ચિકિત્સક દાક્તર બેર્સ પાસે પણ લાલ સેટર કૂતરાં હતાં. તેણે એક લાલ કૂતરીને એ **કાળા સેટર** સાથે રાખી જે સ્વર્ગીય સમ્રાટ અલેક્ઝાન્દરનો હતો. તે કૂતરાએ કેવી રીતે કુરકુરિયાં જણ્યાં કે તેમનું શું થયું, તે હું નથી જાણતો. **હું માત્ર એટલું જાણું છું કે તેમનામાંથી એક કાઉન્ટ લેવ નિકોલાયેવિચ તોલ્સ્તોયની જાગીરમાં પળાયેલ હતો."**

ઊભા રહો! એ જ થવું જોઈએ! જો તારો કાળો પગ અને કાળો કાન તોલ્સ્તોયના કૂતરામાંથી તને પ્રાપ્ત થયાં છે તો તું એક ખુશનસીબ કૂતરો છે અને નિર્ભેળ વંશના પ્રમાણપત્ર વિના પણ તું ખુશનસીબ છે, બીમ. હકીકતમાં તું દુનિયામાં સૌથી વધારે ખુશનસીબ કૂતરો છે. એ મહાન લેખકને કૂતરાંઓ સાથે બેહદ પ્યાર હતો.

* * *

એ જ પત્રમાંથી એક બીજું ઉદ્ધરણ:

"મેં **સમ્રાટના કાળા સેટરને** ઇલ્યીન્સ્કોયેમાં એ ભોજનસમારંભ પછી જોયો હતો જેમાં સમ્રાટે મોસ્કો શિકારી સમાજનાં સભ્યોને આમંત્ર્યાં હતાં. તે અત્યંત સુંદર દેખાતો પાળતુ કૂતરો હતો. તેનું માથું ખૂબ શાનદાર અને વાળ સુંદર હતાં પણ તેનામાં સેટર વંશનાં વિશેષ ગુણ નહોતાં—તેના પગ બહુ લાંબા હતા અને એક પગ **તદ્દન સફેદ** હતો. કહેવાય છે કે સ્વર્ગીય સમ્રાટને આ સેટર પોલૅંડનાં કોઈ સામંતે ભેટ આપ્યો હતો અને અફવા એ હતી કે તે નિર્ભેળ વંશનો નિર્દોષ કૂતરો નહોતો."

તો પોલૅંડનાં સામંત મહોદયે સમ્રાટને ધોખો આપ્યો હોય એવું બની શકે છે: આવી ઘટનાઓ શ્વાન-જગતમાં પણ ઘટે છે. કરો હેરાન પેલા શાહી કાળા કૂતરાને! પણ આપણે બેર્સની પેલી "આશ્ચર્યજનક રૂપે સંવેદનાશીલ અને અસાધારણ ચતુર" સોનેરી કૂતરીને ન ભૂલવી જોઈએ. હા, તો બીમ જો તારો પગ સમ્રાટના

2 159

કાળા કૂતરાથી પ્રાપ્ત થયો હોય તો બીજી બધી બાબતોમાં તું એ કૂતરાનો વંશજ હોઈ શકે છે જે એ મહાન લેખકની સંપત્તિ હતો... પણ બીમ! આપણે આ વાત છાની રાખવી જોઈએ. સમ્રાટના કૂતરાના વિષયમાં એક પણ શબ્દ ન બોલવો. બસ, તે હતો જ નહિ. આપણી પાસે નીપટવા માટે પહેલાં જ ઘણું છે.

* * *

હા, તો હવે અમારી પાસે બીમના બચાવ માટે શું શું છે?

સ્પષ્ટ છે કે મૂસાથી કામ નહિ બને, ન તો સૂખોવો-કોબીલિનથી—ખોટી કાળસીમા અને ખોટો રંગ. અમારી પાસે જે રહ્યું છે તે છે લેવ નિકોલાયેવિચ તોલ્સ્તોય: (ક) સમયાનુસાર તે આપણાથી અત્યંત નિકટ છે. અને (ખ) તેમના કૂતરાનો બાપ કાળો અને મા લાલ હતી. અહીં સુધીનો બરાબર છે. પણ તેમના કૂતરાનો આ બાપ તે કાળો કૂતરો સમ્રાટનો હતો—આ અફસોસની વાત થઈ ગઈ.

જે પણ દૃષ્ટિકોણથી જોઈએ બીમનાં દૂરદૂરનાં પૂર્વજો સાથે સંબંધિત આપણી શોધતપાસ પર પડદો નાંખવો જ પડશે. નિષ્ણાતોને માત્ર બીમનાં માબાપની વંશપરંપરાના આધાર પર જ નિર્ણય લેવો પડશે. જેમ કે માનવામાં આવે છે કે તેઓ નિર્ભેળ વંશનાં છે. જો તેમનામાં સફેદ રંગ નથી તો આપણે કહેવું જોઈએ "તથાસ્તુ". તેમને તોલ્સ્તોયની લેશમાત્ર પરવા નથી અને આ છે પણ બિલકુલ બરોબર. જો તેઓ કરતાં તો તેમના કૂતરાની વંશાવલીને એ કૂતરાની સાથે જોડવામાં સફળ થઈ જતાં જે લેખકનો કૂતરો હતો અને ત્યાંથી પોતાને લેવ તોલ્સ્તોય જેવા વિચારવું એટલું મુશ્કેલ ન રહી જતું. ખરેખર આમ તેમ ઘણાં તોલ્સ્તોય છે. પણ ઘણાં શું એમ કહો કે અગણિત છે! કેટલાં છે, એ વિચારતાં માથું ભમી જાય છે.

નિરાશાપૂર્ણ હોવા છતાં પણ મારી તર્કબુદ્ધિ એ તથ્ય સ્વીકારવા માટે તૈયાર છે કે બીમ નિર્ભેળ વંશનાં કૂતરાઓની જાતિમાંથી બહાર છે. બહુ ખરાબ વાત છે. પણ થોડી થોડી સાંત્વનાની વાત શેષ છે કે તે અક્કલમંદ વંશનો કૂતરો છે, આમ જોઈએ તો તેનાથી સાબિત કશું નથી થતું. છેવટે પ્રમાણભૂત સત્ય તો સત્ય જ છે.

* * *

"બહુ ખરાબ વાત છે, બીમ, આ બહુ જ ખરાબ વાત છે, કેમ ખરું ને?" તેના માલિકે નિસાસો નાખ્યો, કલમ બાજુએ મૂકી દીધી અને નોટબુકને એક ખાનામાં ઘૂસેડી દીધી.

પોતાનું નામ સાંભળીને બીમ જ્યાં આડો પડયો હતો ત્યાંથી ઊઠીને બેસી ગયો અને તેણે પોતાના કાળા કાનવાળાં ભાગને કંઈક એવી રીતે ઝૂકાવ્યો જાણે તે માત્ર પીળાશ પડતાં લાલ કાનથી જ સાંભળી રહ્યો હોય. આ સ્થિતિમાં તે ખૂબ સારો દેખાતો હતો. હકીકતમાં તેની સંપૂર્ણ રૂપાકૃતિ એમ કહેતી લાગતી હતી: "હા, મને તું ગમે છે અને હું સાંભળી રહ્યો છું. એનાથી વધારે તું શું ઇચ્છે છે?"

બીમના આ પ્રશ્નથી પ્રફુલ્લિત થઈને તેના માલિકે કહ્યું: "તું બહુ સારો છે, બીમ. જો તારી પાસે યોગ્ય પ્રમાણપત્ર નહિ પણ હોય તોય આપણે સાથે સાથે આગળ વધતાં રહીશું. તું એક સારો કૂતરો છે અને સારા કૂતરા બધાંને ગમે છે." તેણે બીમને પોતાના ખોળામાં ઉઠાવી લીધો અને તેને થપકી આપતાં બબડયો, "કંઈ વાંધો નહિ, બેટા, માર સારા બેટા."

બીમને અચાનક હાર્દિકતાભર્યાં સામીપ્ય અને સુખની અનુભૂતિ થઈ અને એ વાક્યનો અર્થ તેના મનમાં એટલો તો ઠસાઈ ગયો કે તે એને જીવનપર્યંત યાદ રાખશે. "સારા"નો અર્થ હતો લાડ, કૃતજ્ઞતા અને દોસ્તી.

બીમ સૂઈ ગયો. એને તેનાથી શો મતલબ કે તેનો માલિક કોણ છે. મહત્ત્વ માત્ર એક જ વાતનું હતું કે તે એક સારો દોસ્ત હતો.

"અરે, ઓ કાળા કાન, સમ્રાટનો પગ," તેનો માલિક કોમળ સ્વરે બોલ્યો અને તેને ખૂણામાં પાથરેલી તેની પથારી પર લઈ ગયો.

તે બહુ વાર સુધી બારી પાસે ઊભો રહી રાતના ઘેરા જાંમલી રંગના અંધકારને તાકતો રહ્યો. અને પછી દીવાલ પર લટકતા ચિત્ર તરફ નજર નાંખતાં બોલ્યો:

"તું જુએ છે, હવે મને કંઈક વધારે સારું લાગે છે. હવે હું એકલો નથી." તેને એ વાતનું ધ્યાન નહોતું કે પોતાના એકલપણામાં

તે "તેની" સાથે કે પોતાની જાતની સાથે અને હવે બીમની સાથે વાતો કરવા લાગ્યો હતો. "હવે હું એકલો નથી," તેણે તસવીરને સંબોધતાં પોતાની વાત ફરીથી કહી.

પણ બીમ ઊંઘતો હતો.

* * *

આ પ્રમાણે તેઓ પોતાના ઓરડામાં એક સાથે રહેતાં હતાં. બીમ એક હૃષ્ટપુષ્ટ જુવાન કૂતરો બની ગયો હતો. તે શીઘ્રતાથી એ જાણી ગયો કે તેના માલિકનું નામ "ઇવાન ઇવાનિચ" હતું. હા, તે એક ચાલાક કુરકુરિયું હતું અને શીખવામાં ચપળ હતો. ધીરે ધીરે તે એ શીખી ગયો કે તેણે કોઈપણ વસ્તુને ક્યારેય અડવું ન જોઈએ. તેને વસ્તુઓ અને લોકોને માત્ર જોવાની જ અનુમતિ હતી. પણ સામાન્યપણે માલિકની રજા કે આદેશ વગર કોઈપણ વસ્તુને અડવાની અનુમતિ નહોતી. આ પ્રમાણે "નહિ" શબ્દ બીમના જીવનનો મુખ્ય નિયમ બની ગયો. ઇવાન ઇવાનિચની આંખો, તેના અવાજનો અંદાજ, તેનાં હાવભાવ, આદેશનાં સુસ્પષ્ટ શબ્દો અને લાડપ્યારની વાતો તેના નિર્દેશક સિદ્ધાંત હતા. આટલું જ નહિ પણ બીજી બાજુ એ પણ અનિવાર્ય હતું કે કોઈપણ કાર્યવાહી પર તેનો કોઈપણ સ્વતંત્ર નિર્ણય તેના માલિકની ઇચ્છાઓની વિરુદ્ધ ન હોય. બીમ ધીમે ધીમે એ શીખી રહ્યો હતો કે પોતાના દોસ્તના વિચારો કેવી રીતે સમજવા. ઉદાહરણ માટે, જ્યારે તેનો માલિક બારી પાસે ઊભો રહી દૂર દૂર જોતાં વિચારતો ત્યારે બીમ પણ તેની નજીક આવી બેસતો અને પોતે પણ બહાર જોતાં વિચાર કરતો રહેતો. માણસ એ જાણી શકતો નહોતો કે કૂતરો શું વિચારી રહ્યો છે, પણ બીમની સંપૂર્ણ ઉપસ્થિતિથી એમ લાગતું હતું જાણે કહી રહ્યો હોય: "હવે મારો સારો દોસ્ત પોતાની મેજ સામે આવી બેસશે. મને પાકો વિશ્વાસ છે તે જરૂર બેસશે. થોડી વાર ઓરડામાં આંટા મારશે પછી બેસી જશે અને સફેદ કાગળ પર પોતાની નાનકડી લાકડીથી કંઈક અંકિત કરવા લાગશે અને પેલી તેની નાનકડી લાકડી ધીરે ધીરે કંઈક ગુસપુસાટ કરતી રહેશે. અને બહુ વાર સુધી આમ જ થતું રહેશે એટલા માટે હું

પણ તેની બાજુમાં બેસી જઈશ." પછી તે પોતાના નાક વડે માલિકના ગરમ હાથને સ્પર્શશે અને તેનો માલિક કહેશે:

"હા તો, બીમ, હવે આપણે થોડું કામ કરી લઈએ." અને એ સાથે જ તે પોતાનાં સ્થાન પર બેસી જશે.

બીમ કોકડું વળીને તેના પગ પાસે બેસી જશે અથવા જો "પોતાની જગ્યાએ જાઓ"નો આદેશ મળશે તો જઈને પોતાની પથારીમાં પડશે અને પડયો પડયો એક નજરની, એક શબ્દની, કોઈ એક ભાવ ભંગિમાની રાહ જોશે. પણ થોડી વાર પછી તે પોતાની જગ્યાએથી નીકળી પેલા જાડા ગોળ હાડકાને ચાવવામાં વ્યસ્ત થઈ શકતો હતો જેને તે પોતાનાં દાંત વડે કાપી તો શકતો નહોતો પણ તેના દાંતને તીક્ષ્ણ બનાવવા માટે બહુ સારું હતું. હા, તેને જેટલું ઈચ્છે તેટલું કોતરી ખા પણ કામમાં વિઘ્ન ન નાખ.

પણ હવે જ્યારે ઇવાન ઇવાનિચ પોતાના હાથમાં મોં છુપાવી મેજ પર કોણી ટેકવીને બેઠો હોય તો બીમ તેની પાસે ચાલ્યો જતો અને પોતાના બહુરંગી કાનોવાળા માથાને તેના ખોળામાં રાખી એમ જ ઊભો રહેતો. તે જાણતો હતો કે થોડી જ વારમાં તેને થપકીઓ આપવામાં આવશે. એ જાણતો હતો કે તેનો દોસ્ત કોઈ કષ્ટમાં છે અને ઇવાન ઇવાનિચ તેને ધન્યવાદ આપશે:

"ધન્યવાદ, પ્યારા દોસ્ત. ધન્યવાદ, બીમ બેટા." અને તે સફેદ કાગળ ઉપર પોતાની લખવાની લાકડીથી ફરીથી કંઈક ચિતરવાનું શરૂ કરશે.

આ હતું ઘરનું જીવન.

પરંતુ બહાર મેદાનોમાં તદ્દન ભિન્ન જીવન હતું. ત્યાં તેઓ બંને સંપૂર્ણપણે મુક્ત થઈ જતાં. ત્યાં બીમ આમ તેમ દોડી શકતો હતો, કૂદી શકતો હતો, પતંગિયાઓનો પીછો કરી શકતો હતો, ઘાસમાં આળોટી શકતો હતો—અહીં તેને બધું જ કરવાની છૂટ હતી. પણ જ્યારે બીમ આઠ મહિનાનો થઈ ગયો ત્યારે તેને અહીં પણ પોતાના માલિકના આદેશ અનુસાર વર્તવું પડયું. "ફરવા જાઓ!" તેનો અર્થ હતો તું દોડી શકે છે, રમી શકે છે. "પાછા આવો!" આનો અર્થ સ્પષ્ટપણે જાહેર છે; "નીચે!"—આ તો એનાથી પણ વધારે સ્પષ્ટ છે; "ઉપર!"— કોઈ વસ્તુની ઉપરથી કૂદો; "શોધો!"— પનીરના

ટુકડા શોધી કાઢો; "પાછળ કદમ પર!"— મારી બાજુમાં ચાલો પણ માત્ર ડાબી બાજુથી; "અહીં આવો!"— દોડીને તરત જ પોતાના માલિક પાસે આવે— તને ખાંડનો ટૂકડો મળશે. એક વર્ષના થતાં સુધીમાં બીમ બીજાં ઘણાં શબ્દો શીખી ગયો. બંને દોસ્ત એક બીજાને વધારે ને વધારે સારી રીતે સમજવા લાગ્યા. એક બીજાને વધારે પ્રેમ કરવા લાગ્યા અને— મનુષ્ય અને કૂતરો—બરાબરીના આધાર પર રહેવા લાગ્યા.

પણ એક દિવસ એવી ઘટના ઘટી જેણે બીમની જિંદગી બદલી નાંખી અને થોડા જ દિવસોમાં તેને પરિપકવતાની સમીપ પહોંચાડી દીધો. બીમને અચાનક એ ખબર પડી કે તેના માલિકમાં એક બહુ મોટી અને આશ્ચર્યજનક ઊણપ છે.

આ ઘટના આ પ્રમાણે ઘટી. બીમ એક ગોચરમાં પનીરના વિખરાયેલા ટૂકડાઓની શોધમાં ક્યારેક આગળ તો ક્યારેક પાછળ ચક્કર કાપી રહ્યો હતો. ત્યાં જ અચાનક તેને ઘાસ, ફૂલો અને ધરતી તથા નદીની વિવિધ ગંધોની વચ્ચે હવાના ઝપાટાની સાથે એક તદ્દન ભિન્ન અને ઉત્તેજક ગંધ મળી; તે એક પક્ષીની ગંધ હતી જે બીમની જાણકારીવાળાં પક્ષીઓ, ચકલાંઓ અને નાની નાની ચકલીઓ જેનો પીછો કરવો વ્યર્થ હતો, તેનાથી બિલકુલ જુદી હતી. આ એક અજ્ઞાત ગંધ હતી, એવી ગંધ જે લોહીમાં ઉત્તેજના ભરી રહી હતી. બીમ રોકાયો અને તેણે પાછા વળીને માલિક તરફ જોયું. પણ તેનો માલિક જરા પણ ધ્યાન આપ્યા વગર બીજી બાજુ વળી ગયો. બીમ છક્ રહી ગયો: તેના દોસ્તમાં ગંધ પારખવાની ક્ષમતા હતી જ નહિ. તે જરૂર પાંગળો જ હશે! ત્યારે બીમે જાતે ફેંસલો કર્યો: નાનાં નાનાં ડગલાં ભરતાં ચૂપચાપ આગળ વધતાં તે પેલાં અજ્ઞાતની તરફ જવા લાગ્યો અને હવે તેણે ઈવાન ઈવાનિચની તરફ વળીને જોવાનું પણ બંધ કરી દીધું હતું. તેનાં ડગલાં નાનાં ને નાનાં થતાં ગયાં. એમ લાગતું હતું કે તે પોતાના દરેક ડગલા માટે એક અને માત્ર એક જ સ્થળની શોધ કરી રહ્યો હતો જેથી અવાજ ન થાય અને તેને ઘાસના પાંદડાને પણ ન સ્પર્શવું પડે. અંતમાં ગંધ એટલી તીવ્ર થઈ ગઈ કે તે વધારે આગળ ન વધી શક્યો. પોતાના આગલા જમણા પગને અધ્ધર લટકાવીને બીમ તે જ સ્થાને સ્થિર ઊભો રહી ગયો. તે

કોઈ પ્રતિભાવાન શિલ્પકારે બનાવેલ કૂતરાના પૂતળાની જેમ ગતિશૂન્ય ઊભો હતો. અને આ જ હતી તે વસ્તુ—તેનો પહેલો શિકારી સંકેત. શિકાર કરવાની પ્રેરણાનું, એ પ્રેરણાનું પ્રથમ જાગરણ જે આગળ વધતાં પૂર્ણ આત્મવિસ્મૃતિ પર પહોંચાડી દે છે.

પણ ના, તેણે આત્મવિસ્મૃત ન થવું જોઈએ. તેનો માલિક ચુપચાપ તેની પાસે આવે છે અને રોમાંચથી થરથર કાંપતા ઊભો રહી બીમને થપકી આપવા લાગે છે.

"મારા બેટા, સારા બેટા, શાબાશ," તે કહે છે અને તેના ગળાનો પટ્ટો પકડી લે છે, "વધ... આગળ વધ..."

પણ બીમ હાલી નથી શકતો, તેની શક્તિ જવાબ આપી ગઈ હતી.

"વધ... આગળ વધ..." ઇવાન ઇવાનિચ તેના પટ્ટાને હાથમાં પકડી કોમળતાથી ખેંચે છે.

ત્યારે બીમ આગળ વધે છે. અત્યંત ધીમેથી હવે તેને થોડે જ દૂર જવાનું છે, અજ્ઞાત પાસે જ તો છે. પછી અચાનક કઠોર આદેશ સંભળાય છે:

"વધ!!!"

બીમ ઝપાટાથી આગળ વધે છે.

એક બટેર અવાજ કરતું ફડફડતું ઊડે છે. બીમ તેને પકડવા ઊછળે છે અને પછી પોતાના પગની દરેકે દરેક પેશી પર જોર દેતો તેનો પીછો કરવા દોડે છે.

"પાછો આવ!" પણ બીમ કંઈ પણ નથી સાંભળતો. જાણે કે તેના કાન બહેર ન મારી ગયા હોય.

"પાછો આવ!" અને પછી એક સિસોટી.

"પા-છો આ-વ!" એક બીજી સિસોટી.

બીમ જ્યાં સુધી તેની આંખો સામેથી બટેર ઓઝલ ન થયું ત્યાં સુધી દોડતો રહ્યો. પછી તે પ્રસન્ન થઈને પાછો આવ્યો. પણ આ શું વાત છે? તેનો માલિક હેરત પામી જોઈ રહ્યો હતો અને તેણે તેને લાડ કરવાનો પણ કોઈ પ્રયત્ન ન કર્યો. પણ એ સાચું છે! તેનો દોસ્ત કદી કંઈ સૂંઘી ન શક્યો! તેનો લાચાર અભાગી દોસ્ત... બીમે કિંચિત સતર્કતાથી તેનો હાથ ચાટ્યો જાણે પોતાના નજીકનાં

પ્રાણીઓમાં સૌથી નજીકના આ હેરત પામેલ આનુવંશિકી દોષને માટે સહાનુભૂતિ પ્રગટ કરી રહ્યો હોય.

તેના માલિકે કહ્યું:

"ના, ઓ મૂરખ, મુશ્કેલી આ નથી." પછી પ્રસન્ન થતાં તેણે આગળ કહ્યું, "સારું બીમ, ચાલ આપણે ગંભીરતાથી કામ શરૂ કરીએ." તેણે બીમના ગળામાંથી પટ્ટો કાઢયો અને તેને બીજો તકલીફદાયી પટ્ટો પહેરાવી દીધો અને તેમાં એક લાંબી સાંકળ બાંધી દીધી. "ચાલ!"

હવે બીમ બીજું કંઈ નહિ પણ માત્ર બટેરની **ગંધની** પાછળ જઈ રહ્યો હતો. ઈવાન ઈવાનિચ તેને એ દિશા તરફ લઈ ગયો જ્યાં પેલું બટેર ગયું હતું. બીમને એ વાતની ખબર નહોતી કે તેના દોસ્તે પેલી જગ્યા જોઈ લીધી હતી જ્યાં પેલું બટેર શરમજનક પીછો કરવા પછી જઈ બેઠું હતું. (એ વાત સાચી છે કે તે તેની ગંધ ન પામી શક્યો પણ તેણે તેને જોઈ લીધું હતું).

અને પેલી ગંધ ફરી આવી! સાંકળ વિષે અનભિજ્ઞ બીમે પોતાનાં શિકારી પગલાં નાનાં કરી લીધાં. તે સૂંઘતો સૂંઘતો આગળ વધ્યો અને અચાનક તીવ્ર ગંધ આવતાં તેણે પોતાનું માથું ઊંચું કર્યું... એક બીજો શિકારી સંકેત! સાયંકાળી આકાશની પૃષ્ઠભૂમિમાં તે એક એવું દૃશ્ય હતું જેની ખરેખર રીતે થોડાં જ લોકો પ્રશંસા કરી શકે છે. પોતે પણ ઉત્તેજનાથી કંપિત ઈવાન ઈવાનિચે સાંકળને મજબૂતીથી પોતાનાં કાંડા ઉપર લપેટી લીધી અને ધીમેથી આદેશ આપ્યો: "વધ... આગળ વધ..."

બીમ સાંકળ સાથે આગળ વધ્યો. પછી રોકાઈ ગયો.

"વધ!!!"

બીમે બિલકુલ તેવી જ રીતે આગળની તરફ ઝપાટો માર્યો જેવી રીતે તેણે પહેલી વાર માર્યો હતો. બટેર ઊડયું. તેની પંખોના ફફડાટથી એક કર્ણકટુ ધ્વનિ નીકળ્યો અને બીમ એક બીજા એવા જ પ્રચંડ શિકારની તરફ તીરની જેમ આગળ વધ્યો. પણ... સાંકળના ખેંચાણે તેને રોકી લીધો અને તે લથડાઈને પાછળ આવી ગયો.

"પાછો ચાલ!!!" તેનો માલિક બરાડયો. "પાછો ચાલ!!!"

બીમનું સમતુલન ડગમગી ગયું અને તે પડી ગયો. તે એ સમજી

ન શક્યો કે તેની સાથે શું કરવામાં આવી રહ્યું છે અને એ શા માટે કરવામાં આવી રહ્યું છે. તેણે બટેરની દિશામાં ફરીથી એક વખત ભાગવાનો પ્રયત્ન કર્યો.

"નીચે!"

બીમ જમીન પર સૂઈ ગયો.

ફરી એક વાર આ બધું જ ફરીથી કરવામાં આવ્યું. અને આ વખતે એક નવા બટેર સાથે. પણ આ વખતે બીમે સાંકળનું ખેંચાણ પહેલાં કરતાં જલદી અનુભવી લીધું અને આદેશ મળતાં જ જમીન પર સૂઈ ગયો. તે એવી ઉપાયહીન હતાશા મિશ્રિત કામનાથી કાંપતો હતો જે તેની પૂંછડીથી લઈને નાક સુધી તેના આખા શરીર પરથી અભિવ્યક્ત થઈ રહી હતી. આ અત્યંત દર્દદાયક હતું! અને માત્ર પેલી ગંદીઘૃણાજનક અને કઠોર સાંકળને જ કારણે નહિ પણ પેલા કાંટાઓ કારણે પણ જે પેલાં પટ્ટાની અંદરનાં ભાગમાં લાગેલાં હતાં.

"હા, બીમ, આ જ રસ્તો છે. આનાથી બચવાનો કોઈ ઉપાય નથી—આ કરવું જ પડે છે," ઈવાન ઈવાનિચે તેને સ્નેહપૂર્વક લાડ લડાવતાં કહ્યું.

એક સાચા શિકારી કૂતરાના રૂપમાં તે દિવસ બીમની જિંદગીનો પ્રારંભ હતો. તે દિવસથી તે એ સમજી ગયો હતો કે માત્ર તે અને તે જ એકલો એ જાણી શકે છે કે પક્ષી ક્યાં હતું અને એ કે તેનો માલિક લાચાર હતો, એ કે તેનું નાક તેના ચહેરામાં માત્ર દેખાવ પૂરતું જ લગાડવામાં આવ્યું છે. હવે તેણે પોતાનું અસલ કામ શરૂ કરી દીધું હતું અને તે કામ ત્રણ શબ્દો ઉપર આધારિત હતું: "નહિ", "પાછો ફર" અને "સારું".

ત્યાર બાદ આવી હતી બંદૂક! અને પછી ધડાકો થયો અને બટેર એવી રીતે નીચે આવી પડયું જાણે તેની ઉપર ઊકળતું પાણી રેડયું હોય. અને બન્યું એ કે તેનો પીછો પણ ન કરવો પડયો. કરવામાં માત્ર બાકી એટલું જ રહ્યું હતું કે તેનું ઠેકાણું શોધવું, તેને ઉડાડવું અને રાહ જોવી. બાકી બધું કામ તેનો દોસ્ત કરતો હતો.

આ પ્રમાણે શિકારમાં તેમનો બરાબરીનો ભાગ હતો. માલિકની પાસે સૂંઘવાની શક્તિ નહોતી અને કૂતરાની પાસે બંદૂક નહોતી.

હવે મૈત્રી અને નિષ્ઠા સુખમાં બદલાઈ ગયાં હતાં કારણ કે બંને

એકબીજાને સમજતા હતા અને એકબીજાને જે આપી શકતા હતા તેનાથી વધારે કંઈ માંગતા નહોતા. અને એ જ મૈત્રીનું હૃદય અને આત્મા છે.

* * *

બે વર્ષની ઉંમર સુધી પહોંચતાં બીમ એક બાહોશ શિકારી કૂતરો બની ગયો હતો જે વિશ્વાસ કરતો હતો અને વિશ્વાસ કરવા લાયક હતો. તે શિકાર અને ઘરની શબ્દાવલિનાં લગભગ સો શબ્દો જાણતો હતો. ઈવાન ઈવાનિચને માત્ર "લઈ આવ" કહેવું પડતું હતું. કહેતાંની સાથે તે વસ્તુ લઈ આવવામાં આવતી હતી. જો તે કહેતો "મારી સ્લીપર લઈ આવ" તો બીમ તે લઈ આવતો. "કટોરો લઈ આવ" બીમ આજ્ઞાનું પાલન કરતો. "ખુરશી પર!" અને બીમ ઝટ ખુરશી પર ચઢી જતો. પણ આ તો કંઈ નહોતું, તે પોતાના માલિકની આંખો જોઈને તેના મનની વાત ભાંપી જતો. એક મૈત્રીભરી નજર, તો તે વ્યક્તિ બીમનો દોસ્ત. પણ દુશ્મનાવટભરી નજર ઉપર બીમ ઘૂરકિયાં પણ કરી શકતો હતો. તે એક અપરિચિતના અવાજમાં ખુશામતને પણ ઓળખી જઈ શકતો હતો પણ એક કામ હતું જે બીમે કદી નહોતું કર્યું અને તે હતું કરડવાનું—જો કોઈ તેની પૂંછડી ઉપર પગ પણ મૂકી દે તોય તે કરડતો નહિ. રાત્રે તે ચેતવણી રૂપે એ કહેવા માટે ભસતો કે કોઈ અપરિચિત આવી રહ્યું છે. પણ તે હુમલો કદી ન કરતો. આ જ વાતમાં તેના વંશનો કમાલ હતો. છેવટે તો તે અકલમંદ જાતિનો હતો. જ્યાં સુધી તેનાં બૌદ્ધિક ગુણોની વાત સાથે સંબંધ હતો, બીમે પોતાની જાતે બુદ્ધિથી શીખ્યું હતું કે બારણું ખોલવવા માટે તેમાં ખડખડ કરવામાં આવે છે. ક્યારેક ક્યારેક જ્યારે ઈવાન ઈવાનિચ માંદો હોય ત્યારે તે તેને એકલો જ બહાર જવા દેતો હતો. બીમ બહાર જઈને થોડી વાર આમેતેમ દોડતો, પોતાની જરૂરિયાતો પૂરી કરતો અને પછી એક સારા કૂતરાએ કરવું જોઈએ તેમ તરત ઘેર પાછો આવતો. તે પોતાના પાછલા પગ પર ઊભો થઈ જતો, બારણાંને ખોતરતો અને ચીંચીં અવાજ કરતો ત્યારે બારણું ખૂલી જતું. તેનો માલિક તેનું સામૈયું કરવા માટે ગલિયારામાંથી પગ ઘસડતો આવતો,

બીમને લાડથી પંપાળતો અને પછી પોતાની પથારીમાં જઈ સૂઈ જતો. તે મોટી ઉંમરનો માણસ હતો અને કદી કદી માંદો પડી જતો હતો (હકીકતમાં, બીમે જરૂર ધ્યાન આપ્યું હશે તેમ, એવું વધારે ને વધારે વાર થવા લાગ્યું હતું). બીમના મગજમાં એક વિચાર ઘર કરી ગયો હતો કે જ્યારે પણ તે કોઈ બારણાંને ખોતરશે ત્યારે તે ખુલી જશે. બારણું એટલા માટે હોય છે—અંદર આવવા દેવા માટે. તેના માટે માત્ર પૂછવાની જ જરૂર હોય છે. એક કૂતરાના દૃષ્ટિકોણે દૃઢ વિશ્વાસ માટે આટલું પૂરતું છે.

એકમાત્ર વાત જે બીમ જાણતો નહોતો અને જાણી પણ શકતો નહોતો તે એ હતી કે પોતાના આ અબોધ વિશ્વાસને કારણે તેને કેટલાં કષ્ટો અને કેટલી નિરાશાઓનો સામનો કરવો પડશે. તે જાણતો નહોતો અને સંભવતઃ જાણી પણ શકતો નહોતો કે કેટલાંક એવાં પણ બારણાં છે જેને તે ગમે તેટલા ખોતરે તોય કદી નથી ખુલવાનાં.

પણ ભવિષ્યમાં શું બનવાનું છે તે કોઈ કળી નથી શકતું. અત્યારે આપણે માત્ર એટલું જ કહી શકીએ છીએ કે ઉત્તમ ઘ્રાણશક્તિવાળો આ કૂતરો પોતાની ઉત્પત્તિનાં વિષયમાં શંકાસ્પદ જ રહ્યો. તેને નિર્ભેળ વંશનું પ્રમાણપત્ર આપવામાં ન આવ્યું. ઈવાન ઈવાનિચે બે શ્વાન-પ્રદર્શનોમાં તેને સામેલ કરાવ્યો પણ બંને વખત તેને રિંગમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યો અને કોઈપણ જાતનું પ્રમાણપત્ર ન આપવામાં આવ્યું. આમ એ વાત નક્કી થઈ ગઈ—તે જાતિચ્યુત હતો. પણ ઓછામાં ઓછો એ દિલાસો જરૂર હતો કે બીમ મૂરખ નહોતો જન્મ્યો. તે એક અસલ શાનદાર કૂતરો હતો. તેણે આઠ મહિનાની ઉંમરમાં પક્ષીઓનો શિકાર કરવાનું શરૂ કરી દીધું હતું. કેટલું શાનદાર કામ કર્યું હતું આ! હું એ વિશ્વાસ કરવા ઈચ્છીશ કે તેનું ભવિષ્ય સુખદ છે.

પ્રકરણ બીજું

વનમાં વસંત

પોતાનાં બીજાં કાળમાં એટલે કે બીમની જિંદગીનાં ત્રીજા વર્ષમાં ઈવાન ઈવાનિચે તેને જંગલથી પરિચિત કરાવ્યો. આ કૂતરા અને તેના માલિક બંને માટે અત્યંત રસપ્રદ કાર્ય બની ગયું. જાણે તેમને કોઈ ખુશીઓનો ખજાનો મળી ગયો.

બહાર ખેતરોમાં અને ગોચરોમાં દરેક વસ્તુ દીવા જેવી સ્પષ્ટ હતી—દૂર દૂર સુધી ફેલાયેલાં મેદાનો, ઘાસ, ઊગતું અનાજ અને તેનો માલિક હર ઘડી નજરો સામે. ત્યાં આગળ જઈ શકાય છે, શોધીને મેળવી શકાય છે; શિકારી સંકેત કરી શકાય છે અને આદેશોની રાહ પણ જોઈ શકાય છે. ઉત્તમ! પણ અહીં, જંગલમાં બધું જ તદ્દન ભિન્ન હતું.

એ વસંતનાં શરૂઆતનાં દિવસો હતાં.

જ્યારે તેઓ પહેલી વાર જંગલમાં પ્રવેશ્યા ત્યારે સૂરજ ડૂબવા

લાગ્યો હતો. પણ વૃક્ષોની વચ્ચે સાંજનું ઝાંખું અજવાળું થઈ ગયું હતું. વૃક્ષો પર્ણહીન હતાં. ધરાતલ પર દરેક વસ્તુ—વૃક્ષોનાં થડ, ગયા વર્ષનાં ઘેરાં ભૂરાં પાંદડા, સૂકાં ઘાસનાં તણખલાં—ઘેરી છાયામાં હતાં. જંગલી ગુલાબનાં જે બીજ શરદ્‌કાળમાં ચળકતાં લાલ હતાં તે પણ હવે શિશિર પછી કોફીનાં બીજની જેમ કાળાં પડી ગયાં હતાં.

હળવાં પવનની લહેરોને કારણે શાખાઓ મંદ મંદ અવાજ કરતી હતી; શાખાઓ પાતળી પાતળી અને પર્ણહીન હતી. એમ લાગતું હતું કે તે ક્યારેક છેડે તો ક્યારેક વચ્ચે એ જોવા માટે એકબીજાને સ્પર્શી રહી હતી કે હજી પણ જીવિત છે કે નહિ. દરેકે દરેક વસ્તુ—વૃક્ષ, પગ નીચે આવતાં વનની ભૂમિની વસંતી ગંધ ભર્યાં ખરેલાં પાંદડાં અને ઈવાન ઈવાનિચનાં શાંત સતર્ક ડગલાં—રહસ્યમય રીતે સરસરતી સમૃદ્ધ ગંધ ફેલાવી રહી હતી. તેમનાં બૂટથી પણ ચરમર અવાજ થતો હતો અને પગચિહ્નો ખેતરોની તુલનામાં વધારે તીવ્ર ગંધ આપી રહ્યાં હતાં. દરેક વૃક્ષની પાછળ કંઈક હતું, કંઈક વિચિત્ર અને રહસ્યમય. એટલા માટે બીમે પોતાનાં અને ઈવાન ઈવાનિચ વચ્ચેનાં ફાસલાને વીસ ડગલાંથી વધારે ન થવા દીધો. તે ડાબી બાજુ પછી જમણી બાજુ દોડીને પાછો આવી જતો અને એવી રીતે જોતો જાણે પૂછી રહ્યો હોય: “આપણે અહીં શા માટે આવ્યાં છીએ?”

“શું તું સમજી નથી શકતો કે શા માટે આપણે અહીં આવ્યાં છીએ?” ઈવાન ઈવાનિચ સમજી ગયો કે તે શું વિચારી રહ્યો છે. “પણ તું સમજી જશે, બીમ, થોડી વાર થોભી જા, તું બધું સમજી જશે.”

આમ તેઓ વચ્ચે વચ્ચે એકબીજાની તરફ નજર નાંખતા ચાલતાં રહ્યાં.

તેઓ એક એવી પહોળી ખુલ્લી જગ્યા પર રોકાઈ ગયાં જ્યાં બે પગદંડીઓ એકબીજાને કાપતી હતી જેનાથી ચારેબાજુ રસ્તા બની ગયાં હતાં. ઈવાન ઈવાનિચ અસ્તમાન સૂર્યની તરફ મોં કરી એક ઝાડીની પાછળ જઈને ઊભો રહ્યો અને ઉપરની તરફ જોવા લાગ્યો. બીમ તેની નજરનું અનુસરણ કરતાં પોતાનાં પૂરાં સામર્થ્યથી એ સમજવાનો પ્રયત્ન કર્યો કે તે શું જોઈ રહ્યો છે.

આકાશ હજી પણ ઉજ્જવળ હતું. પણ અહીં નીચે અંધારું વધતું જઈ રહ્યું હતું. કોઈ વસ્તુ સરસરાટ કરતી નીકળી અને શાંત થઈ ગઈ. એક સરસરાટ અને પછી શાંતિ. બીમ ઇવાન ઇવાનિચના પગ પાસે ગયો. આ તેની પૂછવાની ઢબ હતી જેનો અર્થ હતો: "આ શું છે? શું આપણે જઈને જોઈએ?"

"એક સસલું છે," તેના માલિકે એટલાં હળવાં અવાજે કહ્યું જે મહા મુશ્કેલથી સંભળતો હતો. "કોઈ ખાસ વાત નથી. આ એક સસલું છે. સારું છે, તેને ભાગવા દે."

જો તે "સારો" હતો તો ચિંતાની કોઈ વાત નહોતી. તેના સિવાય "સસલું" શબ્દ પણ સાર્થક છે. ઘણીવાર પહેલાં પણ જ્યારે બીમે એક નાનકડાં જાનવરનાં પગચિહ્નો ઓળખ્યાં હતાં ત્યારે પણ આ શબ્દો ઉચ્ચારવામાં આવ્યાં હતાં. અને એકવાર તો તેણે સાચેસાચ એક સસલું જોયું હતું અને તેનો પીછો કરવાનો પ્રયત્ન પણ કર્યો હતો. પણ તેની બધી મહેનતને બદલે મળી હતી માત્ર એક કડક ચેતવણી અને સજા. તે એ વસ્તુઓમાંથી એક હતું જે "નહિ"માં સમાવિષ્ટ હતું.

તો, બિલકુલ પાસેથી જ એક સસલું સરસરાટ કરતું જઈ રહ્યું હતું. હવે આગળ શું થવાનું છે?

અચાનક ઉપર ઊંચાઈમાં કોઈ અદૃશ્ય અને અપરિચિત જંતુનો અવાજ સંભળાયો: "ક્રાઉં-ક્રાઉં!.. ક્રાઉં-ક્રાઉં!.." તે અવાજ બીમે પહેલાં સાંભળ્યો. તે ચોંક્યો. તેના માલિકની પણ એ જ હાલત થઈ. તેઓ બંનેએ આકાશ તરફ, માત્ર આકાશ તરફ જોયું... રસ્તાની એકદમ ઉપર જાંબલી નીલા સંધ્યાકાશની પાર્શ્વભૂમિમાં નિતાંત અનપેક્ષિત રૂપે એક પક્ષી આવતું દેખાયું. તે સીધું તેમની તરફ ઊડતું આવી રહ્યું હતું. તેનો અવાજ જનાવરોનાં અવાજ સાથે વધારે મળતો લાગતો હતો. પણ ના, હતું તો તે પક્ષી જ. તે બહુ મોટું દેખાતું હતું અને તેની પાંખો તદ્દન અવાજ વિહીન હતી (તે બટેર, તેતર કે બતક જેવું નહોતું). સંક્ષિપ્તમાં, ત્યાં ઉપર કોઈ તદ્દન અપરિચિત વસ્તુ ઊડી રહી હતી.

ઇવાન ઇવાનિચે પોતાની બંદૂક ઉઠાવી. બીમ પક્ષી ઉપર નજર સ્થિર કરી એવી રીતે બેસી ગયો જાણે તેને આદેશ આપવામાં આવ્યો

હોય... જંગલની વચ્ચે બંદૂકનો ધમાકો એટલા મોટા અને તીવ્ર અવાજમાં સંભળાયો જેટલો બીમે પહેલાં કદી નહોતો સાંભળ્યો. તેનાં પડઘાંઓનો ગૂંજારવ વૃક્ષોની ટોચોને આંદોલિત કરતો દૂર દૂર ક્યાંક ખોવાઈ ગયો.

તે પક્ષી કોઈક ઝાડીઓની વચ્ચે પડ્યું પણ બંને દોસ્તોએ જલદી તેને શોધી કાઢ્યું. ઈવાન ઈવાનિચે તેને બીમની સામે મૂક્યું અને કહ્યું: "આ એક વન-કુક્કુટ છે." તેણે આ શબ્દો ફરીથી ઉચ્ચારતાં કહ્યું: "એક વન-કુક્કુટ."

બીમે તેને સારી રીતે સૂંઘ્યું, પોતાનાં પંજાથી તેની લાંબી ચાંચને સ્પર્શ્યો અને પછી બેસી ગયો. તેનું શરીર થરથર કાંપી રહ્યું હતું અને તે પોતાનાં આગલાં પંજાને આશ્ચર્યથી પટપટાવી રહ્યો હતો. વાસ્તવમાં તેનો અર્થ એ હતો કે તે પોતાની જાતને કહી રહ્યો હતો: "વાહ, મેં આ પહેલાં આવું નાક કદી નથી જોયું. નાક હોય તો આવું!"

જંગલમાં હજી પણ ધીમો ધીમો સરસરાટ થઈ રહ્યો હતો. પણ પહેલાં કરતાં શાંતિ હતી. અને પછી અચાનક તે તદ્દન નિસ્તબ્ધ થઈ ગયું. એમ લાગતું હતું જાણે કોઈએ પોતાનાં શક્તિશાળી પાંખોથી વૃક્ષોને છેલ્લી વાર ઝંઝોડી દીધાં હોય. બસ પછી કોઈ સરસરાટ ન થયો. શાખાઓ નિસ્તબ્ધતામાં નિશ્ચલ થઈ ગઈ અને એવું પ્રતીત થતાં લાગ્યું કે વૃક્ષો પોઢી રહ્યાં છે. હવે એ અર્ધ પ્રકાશિત જગ્યાએ એકાદ વાર થનાર ખડખડાટ સિવાય કશું જ સંભળાતું નહોતું.

બીજાં ત્રણ વન-કુક્કુટ ઊડતાં ઊડતાં ત્યાંથી પસાર થયાં પણ ઈવાન ઈવાનિચે તેમની ઉપર બંદૂક ન તાકી. અંધારામાં ત્રીજું કુક્કુટ નજરે ન પડ્યું, તેઓ માત્ર તેનો અવાજ સાંભળી શક્યાં હતાં. પણ બીમને એ વાત પર આશ્ચર્ય થયું કે તેના દોસ્તે જે સ્પષ્ટપણે નજરે પડતાં હતાં તેમની ઉપર પણ ગોળો ન ચલાવી. આ બધી વાતોથી તે પરેશાન થઈ ગયો હતો. પણ ઈવાન ઈવાનિચ આકાશને તાકતો ઊભો હતો કે પછી તેણે પોતાની નજરો ઝુકાવી લીધી હતી. અને એ નિસ્તબ્ધતામાં કાન માંડી કંઈક સાંભળી રહ્યો હતો. તેઓ બંને ચૂપ હતાં. તે એવો સમય હતો જ્યારે ન તો મનુષ્યને બે શબ્દોની જરૂર હતી કે ન કૂતરાને—ખાસ કરીને કૂતરાને!

જ્યારે તેઓ જવા તૈયાર થયાં ત્યારે ઈવાન ઈવાનિચે કહ્યું: "સારું, બીમ! જીવન ફરી શરૂ થઈ રહ્યું છે. આ વસંત છે."

તેના અવાજના લહેકાથી બીમ સમજી ગયો કે તેનો દોસ્ત સારી મનોદશામાં છે. તેણે પોતાની પૂંછ હલાવી અને પોતાના દોસ્તના ઘૂંટણ પોતાની થૂથનીથી ગુદગુદાવ્યા જાણે કહી રહ્યો હોય: "હા, કેમ નહિ, આ છે, આ બહુ શાનદાર છે."

...જ્યારે તેઓ બીજી વાર આ જગ્યાએ આવ્યા ત્યારે સવારનો સમય હતો. સૂરજ ઘણે ઊંચે ચઢી ગયો હતો. પણ આ વખતે તેમની પાસે બંદૂક નહોતી.

બર્ચ વૃક્ષોની મધુર સુગંધિત કળીઓ, મૂળિયાંની પ્રબળ ગંધ, ઘાસનાં એ પત્તીઓની હળવી, વિરલ સુગંધ જે ધરતીમાંથી બહાર આવી રહી હતી—આ બધું આશ્ચર્યજનક રૂપે નવું અને આહ્‌લાદપૂર્ણ હતું. પાઈન વૃક્ષોનાં થડો સિવાય આખું જંગલ તડકામાં ડૂબેલું હતું અને પાઈન વૃક્ષો પર પણ સોનેરી કિરણો રેલાઈ રહ્યાં હતાં. જંગલ શાંત હતું. હા, એ જ નિસ્તબ્ધતા મુખ્ય વસ્તુ હતી. વસંતના પ્રભાતમાં જંગલની નિસ્તબ્ધતા. કેટલું સુંદર છે આ!

આ વખતે બીમ પહેલાં કરતાં વધારે સાહસી બની ગયો હતો. તેને દરેક વસ્તુ સ્પષ્ટ દેખાઈ રહી હતી. આ સમય સાંજના ધૂંધળા પ્રકાશવાળો નહોતો. તે મન ભરીને જંગલમાં અહીં તહીં દોડ્યો પણ પોતાના માલિકની નજરોથી ઓઝલ ન થયો. ચો તરફ બધું જ સુંદર હતું.

છેવટે બીમને વન-કુક્કુટની ગંધ મળી. તો તે હતો આ. તેણે પોતાનાં જૂનાં લહેજામાં શિકારી સંકેત કર્યો. ઈવાન ઈવાનિચે તેને "આગળ" મોકલ્યો, પણ ગોળો તાકવા માટે કંઈ નહોતું. જ્યારે પંખીના ઊડવા પર આવવો જોઈએ તેવી રીતે તેણે તેને નીચે સૂઈ જવાનો પણ આદેશ આપ્યો બીમના માટે આ એક રહસ્ય હતું. તેનો માલિક કંઈ જોઈ પણ શકે છે કે નહિ? બીમે પોતાનાં માલિક તરફ નજર ઉઠાવી અને ત્યાં સુધી તેને જોતો રહ્યો જ્યાં સુધી તેને વિશ્વાસ ન થઈ ગયો કે તેના માલિકે પક્ષીને જોઈ લીધું હતું.

બીજાં વન-કુક્કુટ માટે પણ આમ જ થયું. હવે બીમ અપમાનિત જેવાં ભાવ પ્રદર્શિત કરવા લાગ્યો—એક ચોક્કસ નજર, એક તરફ

ખસી ગયો અને તેણે અવજ્ઞા કરવાનો પણ પ્રયત્ન કર્યો. બીજા શબ્દોમાં તેનો અસંતોષ સહન શક્તિની સીમા પાર કરવાની તૈયારીમાં હતો. આ જ કારણે જેવી રીતે જાતિ વિનાનો કોઈપણ સામાન્ય કૂતરો ભાગે છે તેવી જ રીતે બીમ ત્રીજા વન-કક્કુટની પાછળ ભાગ્યો. પણ વન-કક્કુટનો બહુ દૂર સુધી પીછો કરી શકાય તેમ નહોતું. તે શાળાઓની વચ્ચે વીજળીની ઝડપે ઊડયું અને ગાયબ થઈ ગયું. બીમ અસંતુષ્ટ થઈને પાછો આવી ગયો. ઉપરથી તેને સજા પણ ભોગવવી પડી. તો કરવાનું શું, તે દૂર ખસી ગયો, જમીન પર સૂઈ ગયો, એક ઊંડો શ્વાસ લીધો (કૂતરાં આવું સારી રીતે કરી જાણે છે).

પણ આ બધું માત્ર ત્યાર સુધી જ કરી શકાતું હતું જો તેમાં એક નિરાશા જોડવામાં ન આવી હોતી. બીમને ખબર પડી કે તેના માલિકમાં એક બીજી કમી છે—ગંધનો વિકૃત સંવેદ. આ માણસ પહેલાં તો મહામુશ્કેલીએ જ કંઈક સૂંઘી શકતો હતો અને સૂંઘી શકે છે ત્યારે...

આ ઘટના આ પ્રમાણે ઘટી.

ઈવાન ઈવાનિચ રોકાયો અને જોવા લાગ્યો. હા, તેણે ચારે બાજુ જોયું અને સૂંઘવા લાગ્યો (જાણે તે એવું કરી શકતો હતો!) પછી તેણે એક વૃક્ષ તરફ ડગલાં ભર્યાં, નીચે બેઠો અને ખૂબ જ સાવધાનીથી એક નાનકડા ફૂલને એક આંગળીથી પંપોળવા લાગ્યો (તેના માટે તેમાં ભાગ્યે જ કોઈ ગંધ હતી, પણ બીમના માટે તેમાંથી ભભકતી દુર્ગંધ નીકળતી હતી). તેણે પેલાં ફૂલમાં શું જોયું હતું? પણ તે ત્યાંય હસતો બેસી રહ્યો. એમાં કોઈ શંકા નથી કે બીમે એવું દેખાડવાની ચેષ્ટા કરી કે તે પણ તેમાં આનંદ માણી રહ્યો છે, પણ આ તે એ માણસના પ્રતિ સમ્માનને કારણે કરી રહ્યો હતો. આમ જુઓ તો સાચી વાત એ હતી કે તે બહુ પરેશાન હતો.

"જરા તેને જો, જો તો, બીમ!" ઈવાન ઈવાનિચે વિસ્મયોદ્ગાર જેવું પ્રગટ કરતાં કહ્યું અને કૂતરાનાં માથાને ફૂલ તરફ ધકેલ્યું.

આ તો બીમ માટે અતિરિક્તિ થઈ ગઈ. તેને પોતાનું માથું બીજી બાજુ વાળવું જ પડ્યું. હકીકતમાં તે ખસી ગયો અને એક ખુલ્લી જગ્યાએ એવો ભાવ પ્રગટ કરતો સૂઈ ગયો જેનો માત્ર એક

જ અર્થ હતો: "બહુ સારી વાત છે, સૂંઘો, સૂંઘો પોતાનાં ફૂલને!" આ જાત વિભિન્નતાનું સમાધાન થઈ શકતું હતું પણ તેનો માલિક ખુશીથી હસવા લાગ્યો અને તે પણ બીમની સામે જ અને આ પરેશાન કરનારી વાત હતી. "તે સાચે જ હસી રહ્યો છે!"

ફરીથી તે ફૂલ સાથે વાતો કરવા લાગ્યો.

"કેમ છે, પહેલાં વહેલાં નાનકડાં ફૂલ!"

હા, બીમે "કેમ છે"નો તે શબ્દ સ્પષ્ટપણે સાંભળ્યો અને તે "કેમ છે" તેને સંબોધિત કરીને બોલવામાં નહોતો આવ્યો.

કૂતરાનાં દિલમાં ઈર્ષ્યા જાગવા લાગી. આ જ તો મુસીબત હતી. ઘર એવું લાગતું હતું કે તેઓ પોતાનાં સામાન્ય સંબંધો પર પાછાં આવી ગયાં છે પણ આ દિવસ બીમને માટે અશુભ રહ્યો. પહેલાં તેમણે એક પક્ષીને ઉડાડયું અને તેને ગોળી ચલાવ્યા વિના જવા દીધું. પછી તેણે એક પક્ષીનો પીછો કર્યો તો તેને સજા આપવામાં આવી અને અંતમાં પેલું દુષ્ટ ફૂલ આવી ટપક્યું. હા, કેટલાંક પ્રસંગો એવાં પણ હોય છે જ્યારે કૂતરાની જિંદગી સાચે જ કૂતરાં-જીવન થઈ જાય છે કારણ કે "નહિ", "પાછો આવ" અને "સારું" એ ત્રણ તેનાં નિયામક સિદ્ધાંત છે.

પણ જે વાત ન તો બીમ જાણતો હતો કે ન તો ઈવાન ઈવાનિચ જાણતો હતો તે એ હતી કે એક એવો સમય આવશે જેની સામે આ દિવસ, જો તેમને કદી તે યાદ રહેશે તો, અત્યધિક સુખદ દિવસ જણાશે.

માલિકની ટિપ્પણીઓ

શિશિરથી અત્યંત થાકેલાં વનમાં જ્યારે હજી જાગૃત કળીઓ ખીલવાની શરૂ નહોતી થઈ, શિશિરકાળમાં પડવામાં આવેલાં વૃક્ષોના ઠૂંઠા પર કૂંપળો ફૂટી ન હતી પણ તે અશ્રુ જરૂર છલકાવવા લાગી હતી, જ્યારે ભૂરાં ભૂરાં મૃત પાંદડાં હજી પણ જમીન પર નિઢાળ પડયાં હતાં અને નિરાવરણ શાખાઓ પાસે સરસરાટ કરવા માટે કંઈ જ નહોતું તથા તે એક બીજા સાથે ધીમે ધીમે ઘસડાવા સિવાય બીજું

કશું જ નહોતી કરી શકતી ત્યારે અચાનક હિમ-પુષ્પોની સુગંધ હવામાં તરતી આવી! તે જાગી રહેલા જીવનની ગંધ હતી અને એટલા માટે મહામુશ્કેલીથી જાણી શકાય તેમ હોવા છતાં પણ તે પોતાની સાથે ઉલ્લાસનું કંપન લઈને આવી હતી. મેં ચારે બાજુ શોધ્યું તો જોયું કે તે તો મારી નજીક જ છે. પેલું નાનકડું પુષ્પ ધરતીમાંથી ઉપર ઊઠી આવ્યું હતું. નીલાકાશનું એક નાનકડું બુંદ, સુખી દુ:ખી દરેકને માટે અને તેમના માટે આહ્લાદ અને સુખનો સંદેશો લાવનારાનો એવો સરળ નિશ્ચ્છલ દૂત, જેને આ વરદાન મળી શકે છે. અને મળવું જોઈએ—આ કંઈક એવી વસ્તુ હતી જેણે જીવનને વધારે સુંદર બનાવી દીધું હતું.

લોકો પણ એવાં જ હોય છે. દુનિયામાં એવાં વિનીત, બનાવટ રહિત લોકો છે જેમને “નાના” અને “મહત્ત્વહીન” માનવામાં આવે છે પણ જેમનામાં અદ્‌ભુત આત્મબળ હોય છે. તેઓ જ એવાં લોકો છે જેઓ જીવનને વધારે સુંદર બનાવે છે કારણ કે તેઓ માનવતાનાં સર્વોત્તમ ગુણો—દયા, સાલસતા અને વિશ્વાસનાં જીવંત રૂપ હોય છે. એટલા માટે આપણને એવું લાગે છે કે હિમ-પુષ્પ પૃથ્વી પર સ્વર્ગનું એક બુંદ છે...

કેટલાક દિવસ પછી (ગઈકાલે) બીમ અને હું ફરીથી એ જ જગ્યાએ ગયાં હતાં. આકાશે આખા જંગલમાં પેલી નાની નાની નીલી બુંદોને હજારોની સંખ્યામાં વિખેરી દીધી હતી. મેં પેલાં પ્રથમ પુષ્પને, તે બધાંથી વધારે સાહસી પુષ્પને શોધવાનો પ્રયત્ન કર્યો. હા, તે ત્યાં હતું. કે પછી તે તે જ હતું કે નહિ હું ચોક્કસપણે નથી કહી શકતો. ત્યાં એટલાં તો પુષ્કળ પુષ્પો હતાં કે તે પોતાનાં જ અનુયાયીઓની વચ્ચે ખોવાઈ ગયું હતું. પણ પેલું નાનકડું પુષ્પ, આટલું નાનકડું પણ વીર, આટલું શાંત પણ દૃઢનિશ્ચયી પુષ્પ જ એ ફૂલ હતું જેણે હિમની અંતિમ શક્તિઓને ખદેડી ભગાડી અને પેલી સોનેરી પ્રભાતને જંગલના કિનારે આત્મસમર્પણનો ક્ષીણકાય શ્વેત ધ્વજ ઉઠાવવા માટે વિવશ કરી દીધાં. જીવન ચાલે છે.

...પણ તેમ છતાં આ બધું બીમની સમજથી કોસો દૂર છે. એ પહેલા પ્રસંગે તો તેણે પોતાને સાચે સાચ જ અપમાનિત અનુભવ્યો, તેને ઈર્ષ્યા થવા લાગી હતી. અને ત્યાં આટલાં બધાં ફૂલ હોવા છતાં

પણ તેની પાસે તેમના માટે સમય નહોતો. તેણે શિકારને શોધવાનું પોતાનું કામ સારી રીતે ન કર્યું. તેને બંદૂક વગર કામ કરવું ગમતું નહોતું. તે અને હું વિકાસનાં ભિન્ન ભિન્ન ધરાતલો ઉપર છીએ પરંતુ અમે એકબીજાની અત્યંત સમીપ છીએ. એક પ્રાણીને બીજાની આવશ્યકતા હોય છે અને કુદરત આ જ સનાતન નિયમાનુસાર રચના કરે છે. તમે આને જીવનનાં બધાં જ રૂપોનાં, સરળતમ જીવન રૂપથી લઈને જટિલતમ સુધીમાં... દરેક જગ્યાએ જુઓ છો. શું હું બીમ વગર આવી ભયાવહ એકલતામાં જીવિત રહી શકતો હતો?

...ઉફ, મને તેની કેટલી આવશ્યકતા છે! તે પણ હિમ-પુષ્પોને પ્યાર કરતી હતી. હવે ભૂતકાળ એક સ્વપ્નવત્ છે...

અને કદાચ વર્તમાન પણ સ્વપ્ન જ છે? ધરતી પર પેલાં બધાં નીલાં હિમ-પુષ્પો સહિત કાલનું વસંતી વન પણ? ખેર, એમ કહેવાય છે કે સ્વપ્ન દૈવી ચિકિત્સક હોય છે પછી ભલેને તેમનો ઇલાજ અસ્થાયી જ કેમ ન હોય. હા, સાચે જ તો આ કેવળ અસ્થાયી હોય છે. જો લેખકો પાસે નીરસતાથી બચવા માટે આ આસમાની નીલાં સ્વપ્નો સિવાય બીજો કોઈ સંદેશો રજૂ કરવા માટે નહોતો તો આપણે ભવિષ્ય પર ધ્યાન આપવું બંધ કરી દેવું જોઈએ અને વિચારવું જોઈએ કે વર્તમાન હંમેશાં હંમેશાં માટે છે. કાળમાં મનુષ્યનાં અસ્તિત્ત્વનો જ એ અર્થ છે કે વર્તમાનને ભૂતકાળ બનવું જ પડશે. માનવી સૂરજને રોકાવાનો આદેશ નથી આપી શકતો. કાળની ગતિ અદમ્ય અવિરાત છે, ક્રૂર છે. દરેક વસ્તુ કાળ અને ગતિની પકડમાં છે. એટલા માટે જો કોઈ શાશ્વત નીલ આકાશી શાંતિની શોધમાં છે તો તે પહેલાથી જ ભૂતકાળમાં રહી રહ્યો છે પછી ભલે ને તે સ્વપુષ્પનો કોઈ કટ્ટર યુવા સમર્થક હોય કે પછી કોઈ વૃદ્ધ—ઉમ્મરની સાથે કોઈ સંબંધ નથી. નીલ વર્ણનો પોતાનો જ એક ધ્વનિ હોય છે, શાંતિ અને વિસ્મૃતિનો ધ્વનિ, પણ આ ક્ષણભંગુર હોય છે. આપણને માત્ર વિશ્રામ આપવા માટે હોય છે અને આપણે એવી ક્ષણોને કદાપિ વેડફવી ન જોઈએ.

જો હું લેખક હોત તો નિમ્નાંકિત અપીલ કરતો:

"ઓ અશાંત અધીર મનુષ્ય! ભવિષ્યને વાસ્તે તારાં વિચારો અને તારાં સત પ્રયાસો માટે તને શાશ્વત કીર્તિ મળે! જો તું મનની શાંતિ

ઈચ્છે છે તો વસંતનાં આરંભ સમયે વનમાં જા, હિમ પુષ્પોની પાસે જા અને ત્યારે તને એક એવું અદ્ભુત સ્વપ્ન દેખાશે જેનું યથાર્થ જગતમાં સાચે જ અસ્તિત્વ છે. જલદી જા, નહિ તો થોડાં જ દિવસોમાં હિમપુષ્પો અદૃશ્ય થઈ જઈ શકે છે અને તું પેલાં પ્રકૃતિદત્ત સ્વપ્નના જાદુને યાદ નહિ કરી શકે. જા અને વિશ્રામ કર. કહેવાય છે હિમ પુષ્પો ખુશનસીબી લાવે છે."

...પણ બીમ ગાઢ નિંદ્રામાં પોઢી રહ્યો છે અને સ્વપ્ન જોઈ રહ્યો છે. હું તેનાં પગ જોઈ રહ્યો છું. તે ફફડી રહ્યાં છે. તે સ્વપ્નમાં પણ દોડી રહ્યો હશે. હિમપુષ્પોના વિષે તે આનાથી વધારે પરવા કરી શકતો નહોતો. કારણ કે તેના માટે તેમનો નીલો રંગ ધૂળિયા રંગની એક અતિરિક્ત આભા માત્ર જ છે (કૂતરાઓની દૃષ્ટિ આ જ પ્રકારની હોય છે). કુદરત માતાએ કૂતરાની રચના કરીને પોતાને "વાસ્તવિકતાનાં અવમાનક" બનાવી દીધી છે. એટલા માટે તમે જરા તમારા પ્રિયને વિશ્વાસ દેવડાવાનો પ્રયત્ન તો કરો કે તે વસ્તુઓને મનુષ્યના દૃષ્ટિકોણથી જુએ. જો તમે તેનું માથું પણ વાઢી નાંખો તોય તે વસ્તુસ્થિતિને પોતાના જ દૃષ્ટિકોણથી જોશે. તે હવે એક જુવાન અને આત્મનિર્ભર કૂતરો બની ગયો છે.



પ્રકરણ ત્રીજું

બીમનો પહેલો શત્રુ

ગ્રીષ્મ ઋતુ વીતી ગઈ. બીમ માટે આ ઈવાન ઈવાનિચની દોસ્તીથી પરિપૂર્ણ તથા સમૃદ્ધ એક સુખદ અને ઉલ્લાસમય ગ્રીષ્મ ઋતુ હતી. ગોચરો અને કળણભૂમિની વચ્ચે તેમની યાત્રાઓ, તડકાંથી ચમકતાં દિવસો, જલવિહાર, તટ પર શાંત સંધ્યાઓ—એક કૂતરાને આનાથી વધારે શું જોઈએ? કંઈ પણ નહિ, અને આ એક પાકી સુનિશ્ચિત વાત છે.

પ્રશિક્ષણ અને અભ્યાસ વખતે તેઓ બીજાં શિકારીઓને પણ મળ્યાં. પરિચય કરવામાં જરા પણ વાર ન લાગી કારણ કે દરેક વ્યક્તિ પાસે એક કૂતરો હતો. તેમના માલિકોનાં મળવાની ઘણીવાર પહેલાં જ તેમનાં કૂતરાં જોવા સૂંઘવા અને હાવભાવની કૂતરાની ભાષામાં એક બીજા સાથે વાતચીત કરવા માટે દોડી ગયાં:

"કોણ છે તું, નર કે માદા?" બીમ બધાં અંગોને સૂંઘતા

પૂછતો. (નિશ્ચિતપણે આ વિશુદ્ધ ઔપચારિકતાની વાત હતી.)

"પૂછે છે શા માટે? તું આંખે જોઈ નથી શકતો, શું?" તે જવાબ આપતી.

"હાલચાલ કેમ છે?" બીમ પ્રસન્નતાપૂર્વક પૂછતો.

"હંમેશાંની જેમ વ્યસ્ત છું!" તેની નવ પરિચિતા પોતાનાં ચારે પગ એક સાથે કુદકતી ભસતી જવાબ આપતી.

ત્યાર બાદ તેઓ દોડતાં દોડતાં પોતાનાં માલિકો પાસે જતાં અને એક પછી એક પોતાનાં દરેક નવાં પરિચિતની ખબર તેના સુધી પહોંચાડતાં. જ્યારે શિકારી લોકો એકબીજા સાથે વાતચીત કરવા કોઈ ઝાડી કે વૃક્ષની છાયામાં બેસતાં ત્યારે કૂતરાં કૂદતાં-ઊછળતાં આમ તેમ દોડતાં અને જ્યાં સુધી થાકીને લોથ ન થઈ જાય ત્યાં સુધી દોડતાં રહેતાં, થાકી જતાં તેઓ આવીને સૂઈ જતાં અને પોતાના માલિકોની ધીમી સહજ વાતચીત સાંભળતાં.

બીમને માટે શિકારીઓ સિવાય બીજાં કોઈ લોકો આકર્ષક નહોતાં. તે માત્ર લોકો હતાં. ભલાં માણસો, પણ શિકારી નહોતાં!

અને કૂતરાં, તેઓ એક ભિન્ન વસ્તુ હતાં, બધાં તદ્દન ભિન્ન ભિન્ન.

એક દિવસ દૂર એક ગોચરમાં તેની મુલાકાત એક લાંબા વાળવાળી કૂતરી સાથે થઈ. તે બીમના તેના આકારની તુલનામાં માત્ર અડધી હતી અને તદ્દન કાળી હતી. તેમણે કોઈ નાખરાં કર્યા વિના સંયમની સાથે એક બીજાનું સામૈયું કર્યું. હા, કોઈ નાખરાં થઈ પણ કેવી રીતે શકતાં હતાં કારણ કે તેની નવ પરિચિતાએ બધાં જ સામાન્ય સવાલોના જવાબમાં માત્ર પૂંછડી હલાવી અને એવી સ્પષ્ટ રીતે હલાવી જેનો અર્થ હતો:

"હું ભૂખી છું."

તેના શ્વાસમાં ઉંદરની વાસ આવતી હતી. બીમે તેનાં હોઠ સૂંઘ્યાનો આશ્ચર્યમાં પડી ગયો અને બોલ્યો: "તેં ઉંદર ખાધો છે?"

"હા, ખાધો છે," તેણે જવાબ આપ્યો, "હું ભૂખી છું." અને તેણે ગાંઠોવાળાં મૂળિયાં ચાવવાનું શરૂ કર્યું.

બીમ પોતે પણ એ મૂળિયાં ચાખવા ઈચ્છતો હતો પણ તેણે ફરીથી વિરોધ કર્યો: "હું ભૂખી છું."

જ્યાં સુધી તેણે આખા ને આખાં મૂળિયાં ચાવી લીધાં ત્યાં સુધી બીમ ઊભો રહ્યો અને પછી તેણે તેને પોતાની પાછળ આવવાનું નિમંત્રણ આપ્યું અને તેણે કોઈપણ જાતની ફરિયાદ કર્યા વિના તે સ્વીકારીને તેની પાછળ ચાલવાનું શરૂ કરી દીધું. તેના વાળ લાંબા હતા પણ હતા એકદમ સાફ. (સ્પષ્ટ હતું કે તેને નહાવું બીજાં કૂતરાંઓ જેટલું જ પસંદ હતું, ઉનાળામાં રખડેલ કૂતરાં પણ ગંદાં નથી હોતાં). બીમ તેને પોતાના માલિક પાસે લઈ આવ્યો જે તેમની વાતચીત દૂરથી જ જોઈ રહ્યો હતો. પણ કુમારી લાંબાવાળવાળી કૂતરી એક અપરિચિત પર તરત જ વિશ્વાસ કરવા માટે તૈયાર નહોતી એટલા માટે બીમ તેની આગળ પાછળ ભાગતાં તેને બોલાવી રહ્યો હતો અને આશ્વાસન કરી રહ્યો હતો કે બધું જ બરાબર છે તેમ છતાં પણ થોડી દૂર જઈને બેઠી. ઈવાન ઈવાનિચે પોતાની પીઠ પરથી ઝોલો ઉતાર્યો. તેમાંથી એક ગોળ સોસેજ કાઢી તેનાં નાનાં નાનાં ટૂકડાં કર્યાં અને એક ટૂકડો લાંબાવાળવાળી તરફ ફેંક્યો: "આવ—લાંબાવાળ વાળી કૂતરી—આવ."

માંસનો ટૂકડો તેનાથી બે ત્રણ ડગલાં જરૂર પડ્યો. તે સાવધાનીપૂર્વક આગળ આવી અને મોં આગળ કરી તે ટૂકડાને ગળી ગઈ. ત્યાર બાદ તે એ જ જગ્યાએ બેસી ગઈ. બીજો ટૂકડો તેને થોડોક વધારે નજીક લઈ આવ્યો. બીમ આ કાર્યવાહીમાં હસ્તક્ષેપ કર્યા વિના ઊભો રહ્યો. આ એક સામાન્ય વાત હતી. એક ટૂકડો, પછી બીજો અને ત્રીજો અથવા ચોથા ટૂકડા સુધી તે તેનાં પગ સુધી પહોંચી ગઈ અને ઈવાન ઈવાનિચનો જેમ ખ્યાલ હતો તે પ્રમાણે વિશ્વાસ તથા વફાદારી સાથે સેવા કરવા માટે તત્પર થઈ ગઈ. તેણે કૂતરીને સારી રીતે તપાસી અને તેની ગરદનના વાળ પકડીને ધીમેથી હલાવ્યાં અને કહ્યું:

"તેનું નાક ઠંડું છે એટલા માટે આ જરૂર સ્વસ્થ હશે. આ બહુ સારી વાત છે." ત્યારે તેણે તેમને બંનેને આદેશ આપ્યો, "ભાગો!"

તે કૂતરી આવાં શબ્દ નહોતી જાણતી. પણ જ્યારે તેણે જોયું કે બીમ તીરની જેમ ભાગ્યો અને ઘાસમાં આમ તેમ શોધતો જવા લાગ્યો ત્યારે તે સમજી કે તેનો અર્થ છે દોડવું. ત્યારે તેમણે જેવી રીતે કૂતરાં રમે જ છે તેમ રમવાનું શરૂ કર્યું. તેમની આ રમત એટલી

જોરશોરથી ચાલી રહી હતી કે બીમને યાદ જ ન રહ્યું કે તેને હકીકતમાં કરવાનું શું હતું. ઈવાન ઈવાનિચે કોઈ વિરોધ ન કર્યો અને તે સીટી વગાડતો ચાલતો જ રહ્યો.

કૂતરી શહેરના છેડા સુધી તેમની પાછળ આવી પણ અહીં પહોંચીને તે સડકના એક કિનારે જઈ બેસી ગઈ. અને એક ડગલું પણ આગળ ન વધી. તેમણે તેને બોલાવી, આગ્રહ કર્યો પણ બધું વ્યર્થ હતું. તે ત્યાં બેસીને તેમને તાકતી રહી. ઈવાન ઈવાનિચનો ખ્યાલ ખોટો નીકળ્યો. ખાવાની લાલચ આપી દરેક કૂતરાને ખરીદી નથી શકાતું.

બીમ ન તો જાણતો હતો કે ન જાણી શકતો હતો કે એ કૂતરીનાં પણ માલિક હતાં, તેઓ પોતાના નાનકડા ઘરમાં, એ ગલીનાં બધાં જ મકાનો પાડી નાંખવામાં આવ્યાં ત્યાં સુધી સાથે રહ્યાં હતાં. તેનાં માલિકોને આધુનિક સુખ સુવિધા સજ્જ એક ઈમારતના પાંચમાં માળે નવો ફ્લેટ મળી ગયો હતો.

હા, તો એક લાંબી કહાણીને ઝટપટ પૂરી કરવા માટે કૂતરીને તેના નસીબને ભરોસે છોડી દેવામાં આવી હતી. તેણે નવી ઈમારત શોધી કાઢી હતી અને ફ્લેટનું બારણું પણ શોધી લીધું હતું પણ તેના ભૂતપૂર્વ માલિકે તેને ખૂબ માર માર્યો હતો અને તેને પોતાને ત્યાંથી ભગાડી દીધી હતી. ત્યારથી તે એકલી રહેતી હતી. અધિકાંશ રખડેલ કૂતરાંઓની જેમ તે પણ શહેરમાં માત્ર રાત્રે જ આવવાનું સાહસ કરતી હતી. ઈવાન ઈવાનિચે આ બધી વાતોનું અનુમાન કરી લીધું હતું પણ તે આ વાતો બીમને ન સમજાવી શક્યો. બીમ તેને છોડવા જ ઈચ્છતો નહોતો. તે ઈવાન ઈવાનિચને પાછળ વળીને જોવા માટે પ્રેરિત કરવાના પ્રયત્નમાં વારંવાર પાછળ જોતો અને વચ્ચે વચ્ચે રોકાતો ચાલી રહ્યો હતો પણ તેનો માલિક ચાલતો જ રહ્યો.

જો તે જાણતો કે ભાગ્યનો કયો કટુ ચક્ર બીમ અને એ કૂતરીને ફરીથી એકબીજા સાથે મેળવવાનું છે, જો તે એ જાણતો કે તેઓ ક્યાં અને કેવી રીતે મળશે તો તે આટલી શાંતિથી તેમને છોડીને ચાલ્યો ન જતો. પણ ભવિષ્ય મનુષ્ય માટે એક વણઉકલ્યો કોયડો છે.

* * *

...ત્રીજી ગ્રીષ્મ ઋતુ વીતી ગઈ. આ બીમને માટે સારો ગ્રીષ્મ કાળ હતો અને ઈવાન ઈવાનિચ માટે પણ ખરાબ નહોતો. એક રાત્રે તેણે બારી બંધ કરી અને કહ્યું: "આજે રાત્રે હિમપાત થવાનો છે, બીમ, મારાં વ્હાલાં દોસ્ત. શિશિરનો પહેલો હિમપાત."

બીમનાં ભેજામાં કંઈ ન ઘૂસ્યું, તે અંધારામાં ઊઠયો અને પોતાનાં માલિકનાં ઘૂંટણો પર મોં રગડવા લાગ્યો. જેનો આશય હતો: "તમે પોતાની વાત સ્પષ્ટપણે નથી કહી રહ્યા."

ઈવાન ઈવાનિચ કૂતરાની ભાષા જે ગતિ અને આંખોની ભાષા છે તેને બહુ સારી રીતે સમજતો હતો. તેણે બત્તી ચાલુ કરી અને પૂછયું:

"તું સમજ્યો નહિ, રે મૂરખ?" પછી તેણે સ્પષ્ટ કરતાં કહ્યું: "કાલે આપણે વન-કુક્કુટનો શિકાર કરવા જઈશું. વન-કુક્કુટ!"

બીમ આ શબ્દને બહુ સારી રીતે જાણતો હતો. તેણે ખુશીથી ઊછળીને પોતાનાં દોસ્તની ચિબુક ચાટી.

"કાલે શિકાર રમવામાં આવશે. શિકાર, બીમ!"

આ ઉત્તમ વાત હતી. બીમ પોતાની જ પૂંછડીનો પીછો કરતો ભમરડાની જેમ ગોળ ગોળ ઘૂમવા લાગ્યો. પછી તેણે ખુશીનો એક અવાજ કાઢયો અને ઈવાન ઈવાનિચનાં ચહેરા પર નજર માંડી પોતાનાં પાછલાં પગ પર બેસી ગયો. તેનાં આગળાં પંજા પર ઊગેલાં લાંબાં મુલાયમ વાળ કાંપી રહ્યાં હતાં. બીમનાં મગજમાં એ લોભાવનારો શબ્દ "શિકાર" સુખનો પર્યાય હતો.

પણ તેના માલિકે આદેશ આપ્યો:

"હમણાં પથારી પર જાઓ. અને આ સાથે જ બત્તી બંધ કરવામાં આવી.

બીમે બાકીની રાત પોતાના મિત્રનાં પલંગ પર આડા પડી વિતાવી. ઊંઘનો તો સવાલ જ નહોતો ઊઠતો. ઈવાન ઈવાનિચ પણ પોહ ફાટવાની પ્રતીક્ષામાં બેચેની ભરી ઊંઘ લઈ શક્યો.

પ્રાત:કાળે તેમણે પીઠ પર લટકાવવાનો થેલો સાથે મળીને ભર્યો. બંદૂકની નળીઓનું તેલ સાફ કર્યું, થોડો નાસ્તો કર્યો (પેટ ભરીને

ખાઈને શિકારે જવું વ્યર્થ હતું). કારતૂસ પેટીને તપાસી અને સારી રીતે જોઈ લીધું કે તેનું દરેક ખાનું ભરેલું છે કે નહિ. તેમની પાસે જે થોડો ઘણો વખત હતો તેમાં ઘણાં બધાં કામ પૂરાં કરવાનાં હતાં. જ્યારે માલિક રસોડામાં ગયો ત્યારે બીમ પણ ત્યાં ગયો, જ્યારે માલિક કબાટ પાસે ગયો ત્યારે બીમ પણ ત્યાં જઈ પહોંચ્યો, જ્યારે માલિકે થેલામાં જગ્યા ન હોવા પર માંસનો એક ડબ્બો બહાર કાઢી લીધો ત્યારે બીમે તેને ઉઠાવીને ફરી થેલામાં નાંખી દીધો, અને જ્યારે માલિક કારતૂસો તપાસી રહ્યો હતો ત્યારે બીમ પણ તેને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો (એટલા માટે કે કોઈ ભૂલ ન થાય). તેણે બંદૂકની ખોલમાં પોતાનું નાક અડકાડયું (એ જોવા માટે કે બંદૂક ત્યાં હતી કે નહિ). આ સિવાય તેની ચિંતાનાં કેટલાંક બીજાં પણ વિષય હતાં. આવી મહત્ત્વપૂર્ણ ક્ષણોમાં તેને ગભરાટ જેવું થતું હતું અને કાનો પાછળ ગુદગુદિયાં કરવાની ઈચ્છા થતી. જ્યાં પહેલાં જ આટલું બધું ચિંતા કરવા માટે છે તો ભલે ને જહાન્નુમમાં જાય એણે એક વાર ગુદગુદિયાં કરી જ લેવાં જોઈએ, એટલા માટે તેનો પંજો તરત ઉપર ઊઠી જતો.

અંતમાં તેઓ તૈયાર થઈ ગયાં. બીમ સાતમા આસમાને હતો. તેનો માલિક શિકારીનો પોષાક પહેરી એક ખભા પર થેલો અને બીજા પર બંદૂક લટકાવીને ઊભો હતો.

"આજે આપણે શિકાર રમીશું, બીમ! શિકાર." તેણે પુનરુચ્ચારણ કર્યું.

અને પ્રસન્નતાથી ગાંડા બીમે પોતાની આંખો દ્વારા આ વાતને ફરીથી ઉચ્ચારી. પોતાનાં અનન્યતમ મિત્ર પ્રત્યે પ્રેમ અને કૃતજ્ઞતા જ્ઞાપન માટે તેણે સાચેસાચ જ ચીચીયારી મારી.

પણ એ જ ક્ષણે એક માણસ ઓરડામાં પ્રવેશ્યો. બીમ તેને જાણતો હતો. કંપાઉન્ડમાં તેમની મુલાકાત થઈ હતી. પણ તે તેને ન તો આકર્ષક માનતો હતો, ન તો ધ્યાન આપવા લાયક. તે ગોળમટોળ જાડો પહોળો ચહેરોવાળો અને ભારે અવાજવાળો એક માણસ માત્ર હતો જે બોલ્યો: "કેમ છો, શું ચાલી રહ્યું છે!" તે એક ખુરશી પર બેસી ગયો અને રૂમાલ કાઢીને મોં લૂછતા બોલ્યો: "તો તમે શિકાર યાત્રા પર જઈ રહ્યાં છો, કેમ ખરું ને?"

"હા, સાચી વાત છે," ઈવાન ઈવાનિચે થોડીક ખીજથી પ્રસન્ના રહિત અવાજે કહ્યું. "વન-કુક્કુટોના શિકારે. વધારે સારી ખુરશી લો અને આરામથી બેસો."

"હું શિકાર રમવા? જુઓ, તમારે થોડી વાર માટે સ્થગિત કરવું પડશે."

બીમે આશ્ચર્ય અને ધ્યાન આપવાનો ભાવ પ્રગટ કરતાં પોતાનાં માલિક પરથી નજર હટાવીને મહેમાન તરફ ફેંકી. ઈવાન ઈવાનિચે લગભગ ચીઢાઈને કહ્યું: "હું સમજ્યો નહિ, શું તમે તમારી વાત સ્પષ્ટપણે જાણાવશો."

આ ક્ષણે બીમે, આપણાં સ્નેહી બીમે પહેલાં તો ઘુરકાટનો ધીમો અવાજ કર્યો પછી એકદમ ભસવા લાગ્યો. આવું પહેલાં કદી બન્યું નહોતું. ઘેર, મહેમાન પર તે કદી ભસ્યો નહોતો. તેનાથી મહેમાને કોઈ ભયનો ભાવ પ્રગટ ન કર્યો પણ તે તદ્દન નિરપેક્ષ દેખાતો હતો.

"પોતાની જગ્યાએ જા!" ઈવાન ઈવાનિચે એવાં જ ચિડાયેલાં અવાજે આદેશ આપ્યો.

બીમે આજ્ઞાનું પાલન કર્યું અને પોતાની જગ્યાએ જઈ આડો પડયો અને માથાને પંજાની વચ્ચે રાખીને પેલાં અપરિચિતને તાકવા લાગ્યો.

"ઓહ! તો આ આજ્ઞાકારી કૂતરો છે. હું સમજ્યો... પણ તે તમારા દાદરા પર ઊભો રહી બીજાં ભાડવાતો પર એવી રીતે ભસે છે જાણે કે... જાણે કે ઉદાહરણ માટે શિયાળવીઓ પર?

"કદાપિ નહિ, તે કદી કોઈનાં પર ભસ્યો નથી. આ પહેલી વાર બન્યું છે. હું મારી પ્રતિષ્ઠાનાં સોગંદ ખાઈને કહું છું!" ઈવાન ઈવાનિચ શંકિત અને ક્રુદ્ધ થઈ ગયો હતો. "પ્રસંગોવશાત્, તેનો શિયાળવીઓ સાથે કદી કોઈ સંબંધ જ નથી રહ્યો."

"એમ કે, હું સમજ્યો," તે મહેમાને શબ્દો ચાવી ચાવીને ફરીથી કહ્યાં. "સારી વાત છે, આવો, કામની વાત કરીએ."

ઈવાન ઈવાનિચે પોતાનું જાકીટ અને શિકારી થેલો ઉતારી દીધાં.

"હું તમારી શી સેવા કરી સકું છું?"

"હા, તો તમારી પાસે એક કૂતરો છે," મહેમાને વાત શરૂ કરી. "અને તેણે પોતાના ખિસ્સામાંથી એક કાગળનો ટૂકડો કાઢયો.

"મારી પાસે તેના વિરુદ્ધ એક ફરિયાદ છે. લો, આ વાંચો. તેણે એ ટૂકડો ઈવાન ઈવાનિચને આપતાં કહ્યું.

ઈવાન ઈવાનિચે જે વાંચ્યું તેનાથી તે અશાંત થઈ ગયો. આ અનુભવતાં બીમ પોતાના સ્થાનેથી પોતાની જ પહેલ પર ઊઠીને પોતાના દોસ્તનાં પગ પાસે આવીને બેસી ગયો. જાણે તેની રક્ષા કરવા માટે તૈયાર હોય. હવે તે મહેમાન તરફ ઘુરકિયાં નહોતો કરતો પણ સતર્ક હજી પણ હતો.

અંત સુધી પહોંચતા કંઈક શાંત થતાં ઈવાન ઈવાનિચે કહ્યું: "આમાં ઘણી બધી નિરર્થક વાતો છે. એકદમ વાહિયાત છે. બીમ એક સ્નેહશીલ કૂતરો છે. તે કદી કોઈને કરડયો નથી અને ન તો કોઈને અપમાનિત કર્યો છે. તે એક બુદ્ધિમાન કૂતરો છે."

"હી-હી-હી!" તે મહેમાન અવાજ દબાવીને એવી રીતે હસ્યો કે તેની ફાંદ ડોલવા લાગી અને અંતમાં તે બીમની સાથે અત્યંત સૌજન્યતા સાથે બોલ્યો: "ઓહો રે, જંગલી!"

બીમે પોતાનું માથું વધારે દૂર હટાવી લીધું, પણ તે જાણી ગયો હતો કે તેઓ કોના વિષે વાત કરી રહ્યાં છે. તેણે એક ઊંડો શ્વાસ લીધો.

"તમે આવી ફરિયાદોનું શું કરી શકો છો?" ઈવાન ઈવાનિચે કહ્યું. હવે તે શાંત થઈ ગયો હતો અને હસી રહ્યો હતો. "જ્યારે કોઈની વિરુદ્ધ આવી ફરિયાદ હોય તો શું તમે તે માત્ર તેની સમક્ષ વાંચવા માટે રજૂ કરી દો છો? તમે આમ જ, મોં એ બોલીને કહી દીધું હોત તો પણ હું માની જાત."

બીમે મહેમાનની આંખોમાં એક જાતની ચમક જોઈ. તેણે કહ્યું: "પહેલી વાત એ છે કે કાયદો આ જ છે. બીજી વાત ફરિયાદ તમારી વિરુદ્ધ નહિ પરંતુ તમારા કૂતરા વિરુદ્ધ છે. અમે તે વાંચવા માટે કૂતરાને ન આપી શકીએ, આપી શકીએ શું?" તે ફરી હસ્યો.

ઈવાન ઈવાનિચ પણ થોડું હસ્યો. પણ બીમ મરક્યો પણ નહિ. તે જાણતો હતો કે તેઓ તેના વિષે વાતચીત કરી રહ્યાં છે. પણ તેઓ શું કરી રહ્યાં છે તે તે જરા પણ સમજી ન શક્યો. આ મહેમાન એક અસલ રહસ્ય હતું. તેણે બીમની તરફ ઈશારો કર્યો અને કહ્યું:

4 159

"પેલા કૂતરાને કાઢવો જ પડશે." પછી તેણે બારણા તરફ હાથ વડે ઈશારો કર્યો.

બીમ આ વાતના આશયને સાચો સમજી ગયો. પણ તે પોતાના માલિક પાસેથી એક તસુ પણ દૂર ન હટયો.

"ફરિયાદ કરનાર સ્ત્રીને બોલાવો. અમે આના પર વાતચીત કરીશું. સંભવ છે કે આખી વાત શાંતિપૂર્વક પતી જાય." ઈવાન ઈવાનિચે નિવેદન કર્યું.

મહેમાન બિલકુલ અનપેક્ષિત ઢંગે ઊઠયો અને થોડી જ વારમાં એક સ્ત્રીને લઈને પાછો આવ્યો:

"આ છે તે. તમારી કાકી."

તેને બીમ પણ ઓળખતો હતો. તે કડક અવાજે બોલનારી ઠીંગણી સ્ત્રી હતી અને કમ્પાઉન્ડમાં એક બાંકડા પર દર રોજ અને આખો દિવસ પેલી બીજી સ્ત્રીઓની સાથે બેસી રહેતી હતી જેમની પાસે બીજું કોઈ સારું કામ કરવા માટે નહોતું. એક દિવસ બીમે સાચેસાચ તેનો હાથ ચાટયો હતો. (તેની સાથે વ્યક્તિગત પ્રેમને કારણે નહિ પણ સામાન્ય મનુષ્યજાતિ સાથે પ્રેમ કરવાના કારણે) જેનાથી તે ચીસ પાડી ઊઠી હતી અને આસપાસનાં ફ્લેટોની ખુલ્લી બારીઓ તરફ જોઈને બરાડવા લાગી હતી. તે શું બરાડતી હતી બીમને કંઈ ખબર નહોતી. પણ તે એટલો તો ગભરાઈ ગયો હતો કે તરત ભાગી ગયો અને પોતાનાં બારણે પહોંચી તે ખોલવા માટે ખોતરવા લાગ્યો હતો. આ સિવાય આ કાકી સાથે તેનો બીજો કોઈ સંબંધ નહોતો. પણ જ્યારે તે ઓરડામાં પ્રવેશી ત્યારે કોણ જાણે તેને શું થઈ ગયું. તે પોતાના માલિકનાં સાથે ચોંટી ગયો અને પંપાળવામાં આવ્યા પછી પગોની વચ્ચે પૂંછડી દબાવીને પોતાના સ્થાને જઈને બેસી ગયો. અને ત્રાંસી નજરે તેને જોતો રહ્યો. જે કંઈ તેણે કહ્યું તે તેની સમજની બહાર હતું, પણ તે લગાતાર કાં કાં કરતી બોલે જતી હતી અને વારંવાર પોતાના હાથ બતાવતી હતી. તેનાં હાવભાવ અને ગુસ્સા ભરી નજરોથી બીમ સમજી ગયો કે આ બધું એટલા માટે થઈ રહ્યું છે કે તેણે ખોટી વ્યક્તિનો હાથ ચાટી લીધો હતો. અફસોસ, તે દિવસોમાં બીમ બહુ નાનો હતો, આવી વાતો સમજવા માટે બહુ નાની ઉંમરનો અને બિનઅનુભવી હતો. કદાચ તેણે વિચાર્યું: "બેશક

મને દુ:ખ છે, પણ હવે આ વિષે કંઈ કરી શકતો નથી." ઓછામાં ઓછી આવી જાતની કોઈ વાત તેની આંખોમાં જરૂર ઝલકી રહી હતી.

પણ બીમ એ નહોતો જાણતો કે તેના ઉપર જે દોષો લગાડવામાં આવી રહ્યાં છે તે તદ્દન જૂઠ્ઠાં છે.

"તે મને કરડવા જતો હતો! અને લગભગ કરડયો જ હતો!"

કાકીની કાં કાંમાં વિઘ્ન નાંખતા ઈવાન ઈવાનિચે સીધા બીમને સંબોધિત કરતાં કહ્યું:

"સારું, બીમ, હવે મારી સ્લીપર લઈ આવ."

બીમે ખુશી ખુશી આજ્ઞાનું પાલન કર્યું. સ્લીપર લાવીને પોતાના માલિકની સામે મૂકી દીધી. માલિકે પોતાનાં શિકારી બૂટ કાઢયાં અને સ્લીપર પહેરી લીધી.

"હવે બૂટ લઈ જા."

બીમે આ કામ પણ કરી દીધું. તે એક વારમાં એક બૂટ ઉઠાવીને લઈ ગયો અને તેને કોટ લટકાવવાના ઘોડામાં સૌથી નીચે મૂકી આવ્યો.

કાકી અવાક્ ઘૂરતી રહી ગઈ. મહેમાને પ્રશંસા ભાવે કહ્યું:

"બહુ સરસ! જરા જુઓ તો એને! એ જાણે છે આ બધું કેવી રીતે કરાય છે!" અને તેણે કાકી તરફ અપેક્ષાકૃત મૈત્રીશૂન્ય ભાવે જોયું: "તે બીજું શું શું કરી શકે છે?"

"કૃપા કરીને બેસી જાઓ," ઈવાન ઈવાનિચે કાકીને કહ્યું.

"બીમ! ઊઠો, ખુરશી પર!"

બીમને બીજી વાર કહેવાની જરૂર જ નહોતી. હવે તેઓ બધાં ખુરશીઓ પર વિરાજમાન હતાં. કાકીએ હોઠ ચાવ્યાં. મહેમાન સંતુષ્ટ થઈને પોતાનાં પગ ઝુલાવતાં બોલ્યો: "સરસ કામ છે! મારે કહેવું જ પડશે કે ખૂબ સરસ છે!"

ઈવાન ઈવાનિચે પોતાની ભ્રમરો થોડી ઊંચી ઉઠાવી અને બીમ તરફ જોયું: "પંજો, બીમ! મને તારો પંજો આપ." અને તેણે પોતાનો હાથ આગળ લંબાવ્યો.

તેમણે હાથ મેળવ્યાં.

"અરે મૂરખ, હવે પોતાનાં મહેમાનો સાથે હાથ મેળવ," તેણે ઈશારાથી બતાવ્યું કે તેનો આશય કોનાથી છે.

મહેમાને પણ પોતાનો હાથ આગળ કર્યો:

"કેમ છે, પ્યારે, હલો."

બીમે અત્યંત સુંદરતાપૂર્વક અને ગર્વથી હાથ મેળવ્યા.

"તે કરડશે તો નહિ?" કાકીએ ગભરાઈને પૂછયું.

"ના, ચોક્કસપણે નહિ!" ઈવાન ઈવાનિચે આશ્ચર્યથી કહ્યું, "પોતાનો હાથ આગળ ધરો અને કહો 'પંજો'!"

કાકીએ પોતાનો હાથ એપ્રનની અંદરથી બહાર કાઢયો અને આગળ લંબાવ્યો.

"પણ તું મને કરડતો નહિ," તેણે ચેતવણી આપી.

ત્યાર બાદ જે બન્યું તે અવર્ણનીય છે. બીમ પાછો પોતાની જગ્યાએ ખસી ગયો અને ત્યાં પ્રતિરક્ષાત્મક સ્થિતિમાં ઊભો રહી પોતાના માલિક તરફ તાકવા લાગ્યો. ઈવાન ઈવાનિચ તેની પાસે આવ્યો, તેનું માથું થપથપાવ્યું અને તેનો પટ્ટો પકડીને તેના આરોપી પાસે લઈ આવ્યો.

"પોતાનો પંજો આમની સાથે મેળવો, ચલો, મેળવો."

પણ ના, બીમે તેમ કર્યું જ નહિ, તેણે બીજી બાજુ મોં ફેરવી લીધું, ફર્શ તરફ જોવા લાગ્યો. આ પહેલો પ્રસંગ હતો જ્યારે તેણે પોતાના માલિકની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું. તે ઉદ્વિગ્ન અસહાય જેવો પોતાના સ્થાને પાછો વળી ગયો.

ત્યાર બાદ કટૂક્તિઓનું ખરેખરું દૃશ્ય શરૂ થયું. કાકીએ પોતાના કટુ પ્રલાપના દ્વારા ખોલી નાંખ્યા.

"આવું ઘોર અપમાન!" તે ઈવાન ઈવાનિચ સાથે બરાડીને બોલી. "એક સડિયલ કૂતરો પોતાનું નાક મારી તરફથી, એક સોવિયેત નારીની તરફથી હટાવી રહ્યો છે!" પછી તેણે બીમની તરફ સંકેત કર્યો, "અરે, હું તને... હું... જો જો, તું જો જે!"

"બસ બહુ થઈ ગયું!" અચાનક પેલો મહેમાન કાકી પર તૂટી પડયો. "તો આ બધો ખોટો ખોટો આડંબર હતો. કૂતરો તમને ન તો કદી કરડયો હતો કે ન તો તેણે કરડવાનો પ્રયત્ન કર્યો હતો. એ તો બિચારો તમને જોઈને બીકનો માર્યો પૂતળું બની ગયો છે."

"મારી સાથે બરાડીને વાત ન કરો," તેણે આક્રમક અંદાજે જવાબ આપ્યો.

આ ક્ષણે તે મહેમાન અસંદિગ્ધ રૂપે બોલ્યો:

"ચૂપ!" અને બીમનાં માલિક તરફ વળતાં કહેવા લાગ્યો, "આવી જાતનાં લોકો માટે આ જ રસ્તો છે." અને કાકીની તરફ ફરીથી વળતાં તેણે કહ્યું: "સાંભળી લો, મને આ ગમતું નથી. અને તમે, તમે પોતાને 'સોવિયેત નારી'... કહો છો. સારી વાત છે, ભાગો અહીંથી," તેણે ગરજીને કહ્યું. "જો કોઈ બીજી મુસીબત ઊભી કરશો તો હું તમને એવી સજા આપીશ કે તે એક સાર્વજનિક ઉદાહરણ બની જશે. ભાગો!" અને તેણે તેની ફરિયાદ તેની જ સામે ફાડીને ફેંકી દીધી.

બીમ આ મહેમાનનાં અંતિમ ભાષણનો આશય બહુ સારી રીતે સમજી ગયો. કાકી પોતાનું નાક ફુલાવતી ચુપચાપ બહાર નીકળી ગઈ. બીમે પોતાની નજરો તેની ઉપર સ્થિર કરી હતી અને જ્યારે તે બહાર નીકળી ગઈ ત્યારે તે બારણા સુધી એ જોવા પણ ગયો કે તે સાચે જ ચાલી ગઈ છે કે નહિ.

ઈવાન ઈવાનિચે કહ્યું: "તમે તેમની સાથે... થોડીક અશિષ્ટતાભર્યું વર્તન કર્યું."

"એ જ રસ્તો હતો. હું દાવાપૂર્વક કહું છું તે આખા કમ્પાઉન્ડને માથે ઉઠાવી લે છે. અને જ્યારે હું એમ કરી રહ્યો છું ત્યારે તમને પાકો વિશ્વાસ થઈ જવો જોઈએ કે એવું જ હશે. આ ટંટા-ફસાદ ઊભો કરવાવાળાં બકબકિયાં આવું જ તો મારી સાથે કરે છે," ઉદાહરણ માટે તેણે પોતાની ડોક પર પોતાના જ હાથથી પ્રહાર કર્યો. "તેની પાસે કરવા માટે કોઈ પણ સારું કામ નથી એટલા માટે તે હંમેશાં એવાં લોકોની શોધમાં રહે છે જેમને મુશ્કેલીમાં ફસાવી શકે. જો તમે આવાં લોકોની વાતો પર ધ્યાન આપો તો તે તેઓ ઝટપટ આખાને આખા ઘરને ઊંધું-ચત્તું કરે દે."

બીમ તેમના ચહેરાનાં ભાવ, તેમની મુદ્રાઓ અને અવાજનાં ઉતાર-ચઢાવોને ધ્યાનપૂર્વક જોઈ સાંભળી રહ્યો હતો જેનાથી તે એ દૃઢ નિષ્કર્ષ પર પહોંચ્યો હતો કે તેનો માલિક અને માલિકનો મહેમાન એકબીજાંના દુશ્મન નથી અને દેખીતી રીતે એકબીજાનો આદર પણ

કરે છે. તે તેમના વાર્તાલાપ દરમિયાન થોડી વાર સુધી તેમને જોતો રહ્યો પણ જ્યારે તેણે મુખ્ય નિષ્કર્ષ કાઢી જ લીધો ત્યાર બાદ બીજી વાતોમાં તેને ખાસ કોઈ રુચિ ન રહી. તે મહેમાનની પાસે ગયો અને તેનાં પગ પાસે આડો પડયો, જાણે કહી રહ્યો હોય: "જે કંઈ થયું તેના માટે મને દુઃખ છે."

માલિકની ટિપ્પણીઓ

આજે આવાસ પ્રબંધ સમિતિનો અધ્યક્ષ બીમના વિરુદ્ધ એક ફરિયાદની તપાસ માટે મને મળવા આવ્યો. ફેંસલો બીમના પક્ષમાં રહ્યો. પણ મારા અતિથિએ સુલેમાનની જેમ ફેંસલો કર્યો. તેનામાં આ કુદરતી બક્ષિસ હોવી જોઈએ!

પણ શરૂઆતમાં બીમે તેની તરફ ઘૂરકિયાં કેમ કર્યાં? મારો ખ્યાલ છે, હું જાણું છું. મેં રૂક્ષતાથી તેને આવકાર્યો અને તેની સાથે હાથ પણ નહોતાં મેળવ્યાં (શિકારનો કાર્યક્રમ સ્થગિત કરવો પડયો હતો). અને બીમે પોતાની અંતર્જાત ભાવનાથી કામ લીધું: મારા માલિકનો કોઈપણ દુશ્મન મારો દુશ્મન છે. એટલા માટે જેણે શરમ અનુભવવી જોઈએ તે બીમ નહિ હું છું. એ આશ્ચર્યજનક વાત છે કે તેનામાં સ્વરોનાં કંપન અભિવ્યંજના, અને ભાવભંગિમાઓની સૂક્ષ્મતા સમજવાની અત્યંત અસાધારણ ક્ષમતા છે. મારે હંમેશાં એ વાતને ધ્યાનમાં રાખવી જોઈએ.

પછી અધ્યક્ષ સાથે મારી વાતચીત અત્યંત રસપ્રદ હતી. તે મારી સાથે એકદમ જલદી હળીમળી ગયો:

"જરા તમે વિચારો," તેણે કહ્યું. "મારા બ્લોકમાં દોઢસો ફ્લેટ છે! કુલ મળીને ચાર-પાંચ ટંટા ફસાદ ઊભાં કરવાવાળાં લોકો છે જેમને હું ઠાલાં લોકો કહું છું. તેઓ આ આખી જગ્યાને બધાં માટે અસહ્ય બનાવી શકે છે. દરેકે દરેક જાણે છે તેઓ કોણ છે અને દરેક દરેક તેમનાથી બીએ છે. આમ તો તેઓ ચોરીછૂપી તેમને શાપ આપે છે. અરે સાહેબ, દુષ્ટ ભાડવાતને જોઈને તો પાયખાનાનું વાસણ પણ ખખડશે. સોગંદ ખાઈને કહું છું સાચે જ એમ જ થશે... હવે

હું પૂછું છું મારો સૌથી મોટો દુશ્મન કોણ છે? તે જે કામ નથી કરતો. આ જગ્યાએ તમે સારી રીતે જાણો છો તે પ્રમાણે દોસ્ત, કામ કર્યા વિના તમે એટલું ખાઈ શકો છો કે પેટ જ ફાટી જાય. આ યોગ્ય નથી. તમે સમજો છો, જરા પણ યોગ્ય નથી... તમને કામ કરવાની જરૂર નથી. તમે કામ કર્યા વિના રહી શકો છો, એવું તમે કરી શકો છો. હવે જુઓ ઉદાહરણ તરીકે તમે શું કરો છો?

"હું લખું છું," મેં જવાબ આપ્યો. જોકે મને પાકો વિશ્વાસ નહોતો કે તે મજાક કરી રહ્યો છે કે ગંભીરતાથી પૂછી રહ્યો છે (વિનોદપ્રિય વ્યક્તિ ક્યારેક ક્યારેક એવું કરે છે).

"અને તમે એને કામ કહો છો! કંઈ પણ કર્યાધર્યા વિના એક જગ્યાએ બેસી રહેવું અને હું શરત મારું છું કે તેઓ તમને તેના માટે મહેનતાણું આપતાં હશે?"

"હા, આપે છે," મેં જવાબ આપ્યો. "પણ કંઈ ખાસ વધારે નહિ. હવે હું પહેલાંની જેમ જુવાન નથી. હું મુખ્યત્વે કરીને મારા નિવૃત્તિવેતન પર જ ગુજરાન ચલાવું છું."

"અને આ પહેલાં તમે શું હતાં?"

"એક પત્રકાર. હું છાપાઓ માટે કામ કરતો હતો. હવે હું આમ જ બે-ચાર પંક્તિઓ ઘેર બેસીને લખી લઉં છું."

"તો તમે લખો છો, કેમ ખરું ને?" તેણે અનુગ્રહ જેવું પ્રગટ કરતાં ફરીથી કહ્યું.

"હા."

"ભલે. તમારા માટે શુભેચ્છાઓ... બેશક, જો તમને ગમતી હોય તો... તમે ખોટા માણસ તો નથી લાગતા, પણ તમે પોતે સમજી શકો છો કે આ છે શું. મને પણ નિવૃત્તિવેતન મળે છે, દર મહિને સો રૂબલ. અને પ્રબંધ સમિતિના અધ્યક્ષ તરીકે હું કામ કરું છું ધ્યાન આપજો, આ કામ હું નિઃશુલ્ક કરું છું. મને કામ કરવાની ટેવ છે. હું જીવનપર્યંત પ્રશાસનમાં રહ્યો છું અને મેં મહત્ત્વનાં કેટલાંક પદ ઉપર કામ કર્યું, ક્યારેય કાઢી મૂકવામાં નથી આવ્યો અને મેં કદી નીચું નથી જોયું. પણ છેવટે તેમને મને જોર નાંખીને બહાર નીકળવા વિવશ કર્યો અને હું નીચે ને નીચે પડતો જતો રહ્યો. મારું છેલ્લું કામ એક નાના

કારખાનામાં હતું. અને ત્યાંથી જ મને મારું નિવૃત્તિવેતન મળ્યું. તેમણે મને પેલું વિશેષ નિવૃતિવેતન ન આપ્યું જેના માટે હું પોતાનાં અન્ય પદના આધાર પર હકદાર હતો. ક્યાંક કોઈ અપ્રત્યાશિત રુકાવટ હતી... તો પણ કામ કરવું હર કોઈનું કર્તવ્ય છે. આ મારો પોતાનો વિચાર છે."

"પરંતુ મારું પણ કોઈ સહેલું કામ નથી," મેં મારો ખુલાસો રજૂ કરતાં કહ્યું.

"લખવાનું? ઉહ, મૂર્ખામી! જો તમે જુવાન હોત તો હું તમારી પાછળ પણ પડી જાત. પણ તમે તો નિવૃત્ત થઈ ગયા છો... જો કોઈ જુવાન વગર કામ કરે ફરતો હોય તો હું તેને ઘરમાં ટકવા નથી દેતો. કાં તો તું કામ કર નહિ તો દૂર થઈ જા."

તે અમારા મકાનમાં કામધંધા વગરનાં ઠાલાં લોકો માટે સાચે જ આતંક છે. હું સમજું છું કે તેના જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય બધાં આળસુઓ, ગપોડિયાંઓ અને પરાવલંબીઓનો પીછો કરવાનો છે, પણ તેની સાથે જ તે સામાન્યપણે બધાંને ઉપદેશ આપવામાં પણ આનંદિત થાય છે. તેને એ વિશ્વાસ અપાવવો અસંભવ સાબિત થઈ ગયો કે લખવું એ પણ એક જાતનું કામ છે. કાં તો મને પોતાની ચતુરાઈભર્યા જૂઠા વ્યંગ્યથી મૂરખ બનાવી રહ્યો હતો કે પછી પોતાનો કૃપાભાવ જણાવી રહ્યો હતો (લખતો હોય તો લખે—બીજાં કામધંધા વગરનાં તો એનાથી પણ ઊતરતાં છે).

પણ જ્યારે તે ઓરડામાંથી ગયો ત્યારે સૌહાર્દપૂર્ણ મનોદશામાં હતો. અને પોતાના શાણપણને છોડી બીમને થબથબાવતાં કહેવા લાગ્યો:

"તું જેવો છે તેવો જ આગળ વધતો રહે પણ કાકીના ચક્કરમાં ન ફસાતો." પછી મને કહ્યું: "સારું, ફરી મળીશું, વધારે સારું છે કે તમે લખો—તમે બીજું કરી પણ શું શકો છો."

અમે હસ્તધૂનન કર્યું. બીમ પૂંછ હલાવતો અને તેના ચહેરા તરફ તાકતો તેને બારણા સુધી પહોંચાડી આવ્યો. બીમને એક નવો પરિચિત મળી ગયો: પાવેલ તીતિચ રીદાયેવ કે પછી સામાન્યપણે જાણીતો હતો: "પાલ્તીતિચ."

પણ તેને એક દુશ્મન પણ મળી ગયો હતો, કાકી તે જ એક

માત્ર એવી વ્યક્તિ હતી જેના પર બીમે વિશ્વાસ ન કર્યો. કૂતરાએ એક નિંદકને ઓળખી લીધો હતો.

પણ તે દિવસનો અમારો શિકારનો કાર્યક્રમ બરબાદ થઈ ગયો. ક્યારેક ક્યારેક એવું બને છે. તમે એક સારા દિવસની આશા કરો છો પણ અપ્રિયતા સિવાય કશું જ પ્રાપ્ત નથી કરી શકતાં. હા, એવું બને છે.

પ્રકરણ ચોથું

સોનેરી જંગલ

કેટલાંક દિવસ પછી એક દિવસે વહેલી સવારે જ તેઓ સાથે સાથે નીકળી પડયાં. પહેલાં તેઓ એક ટ્રામમાં ચઢયાં અને તેના પાછલા ભાગમાં ઊભાં રહી ગયાં. ટ્રામની ડ્રાયવર ઈવાન ઈવાનિચ અને બીમને ઓળખતી હતી. તો ભાઈ, જ્યારે તે પાટા બદલવા બહાર નીકળી ત્યારે બીમ તેની સામે ગયો, ડ્રાયવરે તેના કાન પંપોળ્યાં, પણ બીમે તેનો હાથ ન ચાટયો, તે એક જગ્યાએ બેસી ગયો, પોતાનાં આગલા પગને ઉપર નીચે કરતો, પોતાની પૂંછડીને ફર્શ સાથે પટાવતો સમુચિત અભિવાદન કરતો રહ્યો.

શહેરથી બહાર જવા માટે તેમને એક બસ પકડવાની હતી. જેમાં આટલી વહેલી સવારે માત્ર પાંચ કે છ ઉતારુઓ બેઠાં હતાં.

પણ જ્યારે તેમણે અંદર જવા ઈચ્છયું ત્યારે ડ્રાયવર બબડાટ કરવા

લાગ્યો અને પોતાના બબડાટમાં "કૂતરો" અને "આજ્ઞા નથી" શબ્દો ફરીને ફરી બોલતો રહ્યો. બીમ તેની વાત તરત સમજી ગયો. તે તેમના ચહેરા જોઈને સાચી વાત જણાવી શકતો હતો. એક ઉતારુએ તેમનો પક્ષ લીધો પણ બીજો ડ્રાયવરની તરફેણ કરવા લાગ્યો. બીમે આ ચર્ચાને ધ્યાનથી સાંભળી. અંતમાં ડ્રાયવર પોતાની કેબીનમાંથી બહાર આવ્યો અને બીમના માલિકે તેને પીળો કાગળ પકડાવ્યો પછી બીમની સાથે ગાડીમાં ચઢી ગયો અને એક લાંબો, સ્પષ્ટ સંભળાય તેવો નિસાસો નાંખીને એક બેઠક પર બેસી ગયો.

બીમ ઘણા વખત પહેલાંથી જોઈ રહ્યો હતો કે લોકો કાગળનાં આ ટૂકડાંઓની અદલા બદલી કરે છે. એક દિવસ મેજમાં પહેલાં કાગળનાં આ ટૂકડાંઓમાંથી એકમાંથી લોહીની ગંધ આવી હતી. તેણે પોતાના માલિકનું ધ્યાન આકર્ષવા માટે તે સૂંઘ્યો હતો પણ તેના માલિકે લેશમાત્ર ધ્યાન ન આપ્યું. હા, આવે પણ કેવી રીતે? સૂંઘવાની ક્ષમતા જ નહોતી!—અને માત્ર, "નહિ! નહિ!" કહેતો રહ્યો. ત્યાર બાદ તેણે કાગળનાં એ ટૂકડાંઓ પોતાની મેજનાં ખાનામાં તાળું મારી બંધ કરી દીધાં. આ ટૂકડાંઓમાંથી કેટલાંક જ્યારે તે સાફ હોય ત્યારે રોટી અને સોસેજની તથા સામાન્યપણે દુકાનોની ગંધ આવતાં હતાં. પણ અધિકાંશમાંથી હાથની ગંધ આવતી હતી—સેંકડો હાથોની. બીમે જોયું હતું કે લોકોને આ કાગળનાં ટૂકડાંઓ ખૂબ ગમે છે. અને તેમને પોતાનાં ખિસ્સાઓમાં અને ખાનાઓમાં રાખે છે, જેવી રીતે તેનો માલિક કરતો હતો. જોકે બીમ આ બધી વાતોને જરાપણ સમજતો ન હતો તેમ છતાં પણ તેના માટે એ સમજવું સહેલું હતું કે જેવો તેના માલિકે ડ્રાયવરને કાગળનો ટૂકડો આપ્યો તેમ જ તેઓ બંને દોસ્ત બની ગયા. પણ પોતાના દોસ્તની આંખો પર ટકેલી તેની સવાલી નજરથી જાહેર હતું તે પ્રમાણે બીમ એ ન સમજી શક્યો કે ત્યાર બાદ ઇવાન ઇવાનિચે નિસાસો કેમ નાખ્યો. પરંતુ કુલ મળીને બીમને કાગળનાં પેલાં ટૂકડાંઓની જાદુઈ શક્તિનો લેશમાત્ર અણસાર નહોતો. આ તેની શ્વાન બુદ્ધિથી બહારની વાત હતી. તે એ પણ ન સમજી શક્યો કે એક દિવસ કાગળનાં તે જ ટૂકડાં તેની જિંદગીમાં એક ભયંકર ભૂમિકા ભજવશે.

મુખ્ય રસ્તેથી તેઓ જંગલ તરફ પગપાળાં ચાલ્યાં.

જંગલના કિનારે પહોંચીને ઇવાન ઇવાનિચ થોડી વાર આરામ કરવા રોકાઈ ગયો અને બીમે શોધખોળ માટે એક આંટો માર્યો. તેણે આવું જંગલ પહેલાં કદી જોયું નહોતું. ખરેખર તો આ એ જ જંગલ હતું જ્યાં તેઓ વસંતમાં અને ગ્રીષ્મમાં આવ્યાં હતાં, પણ અત્યારે તે સોનેરી પ્રકાશથી ભર્યું ભાદર્યું હતું, જાણે સૂરજથી ચમકી રહ્યું હોય.

વૃક્ષોનાં પાંદડાં હજી ખરવાનાં શરૂ થયાં જ હતાં, અને દરેક પાંદડું હવામાં ઝૂલતુંલહેરાતું ચૂપચાપ નીચે પડતું હતું. શીતળતાભરી તાજગી સ્ફૂર્તિ અને પ્રફુલ્લતાદાયી હતી. જંગલની પાનખરની ગંધમાં કંઈક વિશેષતા હતી અને તે એટલી સ્પષ્ટ અને અપરિવર્તી હતી કે બીમ વીસ કે ત્રીસ મીટરની દૂરી પરથી જ પોતાના માલિકની ગંધ અનુભવી લેતો હતો. તેણે એક જંગલી ઉંદરની ગંધને બહુ દૂરથી જ ભાંપી લીધી હતી પણ તેણે તેની અવગણના કરી દીધી (તેને આવા નાના મોટા જાનવરો વિષે બધી જ ખબર હતી). પણ થોડી જ વારમાં કોઈ જીવિત પ્રાણીની ગંધ ખૂબ દૂરથી આવીને તેના નાકે અથડાઈ અને તે જ્યાંનો ત્યાં જ ઊભો રહી ગયો. જ્યારે તે વધારે નજીક ગયો ત્યારે એક કાંટાળા દડા પર ભસવા લાગ્યો.

ઇવાન ઇવાનિચ જે એક ઠૂંઠા ઉપર બેઠો હતો, અવાજ સાંભળીને ઊઠ્યો અને બીમની પાસે આવ્યો.

"નહિ, બીમ. નહિ, તારે એવું ન કરવું જોઈએ, અરે મૂરખ, આ શેળો છે." તે બીમને ત્યાંથી દૂર લઈ ગયો.

તો આમ શેળો એક નાનું પ્રાણી છે અને સારું પ્રાણી છે, પણ તમને તેને અડવાની રજા નથી.

ઇવાન ઇવાનિચ ફરીથી એક ઠૂંઠા પર બેસી ગયો અને તેણે બીમને પણ બેસવાનો હુકમ કર્યો. તેણે પોતાની ટોપી ઉતારી બાજુમાં મૂકી અને પાંદડાંઓને નિહાળવા લાગ્યો. તે જંગલની નિસ્તબ્ધતામાં કાન માંડીને બેઠો હતો અને હા, મરકતો હતો. શિકાર કરતાં પહેલાં તે હંમેશાં આમ જ કરતો હતો.

ત્યારે બીમે પણ એ જ નિસ્તબ્ધતામાં પોતાનાં કાન માંડયાં.

એક મેંગપાઈ નીચે ઊતરી, થોડી વાર સાહસપૂર્વક કૂજન કરતી રહી અને પછી ઊડીને ભાગી ગઈ. એક નીલકંઠ પક્ષી એક ડાળીએથી બીજી ડાળીએ કુદકતું આવ્યું અને બિલાડી જેવો અવાજ

કરતું ફરીથી ફુદકીને નીકળી ગયું. પછી પાસે જ એક ફુદ્દું "ટીં-ટીં", "ટીં-ટીં" કરવા લાગ્યું. હવે તેનું તમે કરી પણ શું શકો. કદમાં તે વંદા જેવડી હતી અને ત્યાં જ ફરીથી "ટીં-ટીં"ની રટ ચાલુ કરી. ખેર, કંઈ વાંધો નહિ, કદાચ તે સલામ કરી રહી હશે.

શેષ બધું જ નિ:શબ્દ હતું.

પછી અંતમાં તેનો માલિક ઊભો થઈ ગયો. તેણે બંદૂક કાઢી અને તેમાં કારતૂસ ભર્યાં. બીમ ઉત્તેજનાથી કાંપવા લાગ્યો. ઈવાન ઈવાનિચે તેના ગળા પાસે તેને પંપોળ્યો, પણ તેનાથી બીમની ઉત્તેજના વધારે વધી ગઈ.

"સારું, બેટા... શોધો!"

બીમ તરત દોડયો. વૃક્ષોની વચ્ચે, જમીન તરફ નાક રાખી, ધીમેથી ડગલાં મૂકતાં અને લગભગ જરા પણ અવાજ કર્યા વગર તે ક્યારેક આગળ તો ક્યારેક પાછળ જતો, ક્યારેક જમણી બાજુ તો ક્યારેક ડાબી બાજુ જતો. તેનો માલિક જંગલને તેનાં બધાં જ આકર્ષણોને ભૂલી ગયો હતો. હવે સમસ્ત આકર્ષણનું કેન્દ્ર હતો બીમ—આકર્ષક, આગ્રહી અને ફરવામાં હળવો ફૂલ. વચ્ચે વચ્ચે ઈવાન ઈવાનિચ બીમને આડા પડવાનો આદેશ આપતો જેથી તેને શાંત કરી શકાય, તેની શક્તિ બચાવી શકાય. બીમ ઝડપથી જ પોતે શું કરી રહ્યો છે તે સમજીને દોડવા લાગ્યો. સેટર જાતિના શિકારી કૂતરાનું કામ એક મહાન કળા છે! તે પોતાનું માથું ઊંચું ઉઠાવી હળવી ચોકડી મારતો જાય છે, તેને માથું ઝુકાવાની જરૂર નથી પડતી કારણ કે તે ગંધને જમીનથી ઘણી ઊંચાઈ પર પણ પકડી પાડે છે; જ્યારે તે દોડે છે ત્યારે તેનાં રેશમ જેવાં વાળ તેની સુગઠિત ગરદનમાં ચોંટાલા જેવાં રહે છે. જેવી રીતે, જેવી અદાથી અને વિશ્વાસથી પોતાનું માથું ઊંચું ઊઠાવી તે ચાલે છે તથા શિકારનો પીછો જે આવેશપૂર્વક કરે છે. આ બધી એવી વાતો છે જે તેને આટલો સુંદર બનાવી દે છે.

ઈવાન ઈવાનિચને માટે આવો સમય પરમસુખમય વિસ્મૃતિનો સમય રહેતો હતો. તે યુદ્ધને ભૂલી ગયો, જીવનમાં ભોગવેલાં દુ:ખ દર્દોને અને પોતાના એકલપણાને ભૂલી ગયો. તેણે ત્યાં સુધી અનુભવ્યું કે તેનો પોતાનો દીકરો કોલ્યા જેને ક્રૂર યુદ્ધ છીનવી લીધો હતો,

તે પણ તેની સાથે છે અને જીવનનો આનંદ માણી રહ્યો છે. જ્યારે તેના દીકરાનું જીવન તો ક્યારનુંય પૂરું થઈ ગયું હતું. તે પણ શિકારી હતો! ના, મરનારાં જેમને પ્રેમ કરે છે તેમનાં જીવનને છોડીને કદી નથી જતાં અને મરનારાં કદી ઘરડાં નથી થતાં કારણ કે તેઓ જીવિત લોકોનાં દિલમાં હંમેશાં તેવાં ને તેવાં જ કાયમ રહે છે. આ જ હાલ ઈવાન ઈવાનિચનો હતો. ઘા રૂઝાઈ ગયો હતો પણ દર્દ તો હજી પણ થતું હતું. દૂર સુદૂર જંગલમાં કૂતરાં અને બંદૂકની સાથે કોઈપણ દર્દને સહન કરવું સરળતમ બની જાય છે. શિકારી બનીને જન્મવાનું એક સુખ આ પણ છે!

અચાનક બીમની ગતિ ધીમી થઈ ગઈ, તેનાં શિકારી ડગલાં નાનાં થઈ ગયાં, તે ક્ષણભર રોકાયો પછી નાનાં, દબાયેલાં, ધ્વનિહીન ડગલે આગળ વધ્યો. તેની મૃદુલ, સતર્ક અને પ્રવાહી જેવી ગતિમાં બિલાડી જેવાં ગુણ હતાં. હવે તેનું માથું આગળ તરફ વધી રહ્યું હતું અને તેની પીઠની સીધમાં આવી ગયું હતું. તેના શરીરનો પ્રત્યેક તંતું, જેમાં તેની પાછળની બાજુ સીધી લંબાયેલી ઝુલદાર પૂંછડી પણ હતી, ગંધના પ્રવાહ પર સંકેન્દ્રિત હતું. એક બીજું ડગલું... હવે તે પોતાનો એક પંજો ઉપર ઉઠાવીને ઊભો હતો. એક બીજું ડગલું અને બીજો પંજો ક્ષણભર માટે ઉપર આવ્યો અને પછી જરાપણ અવાજ કર્યા વગર ધીમેથી નીચે આવી ગયો. અને અંતમાં તેનો જમણો પંજો ઉપર ઊઠયો અને લગભગ હમેશાંની જેમ હવામાં મૂર્તિવત્ સ્થિર થઈ ગયો.

પાછળ બંદૂક લઈને તૈયાર ઈવાન ઈવાનિચ ચૂપચાપ પાસે આવ્યો. હવે ત્યાં બે મૂર્તિઓ હતી—માણસ અને કૂતરો.

જંગલ શાંત હતું. કેવળ બર્ચ વૃક્ષોનાં પાંદડાંઓ સૂર્યનાં કિરણ સરોવરમાં નહાતાં મંદ મર્મર ધ્વનિ કરતાં હતાં. નવોદિત ઓક વૃક્ષોની બીચ ઝાડી પોતાનાં સબળ પૂર્વજો પાસે ઊભી હતી. એશવૃક્ષોનાં ચળકતાં રજતવર્ણી ધૂસર પાંદડાં ધ્વનિહીન કંપનોથી થરથરતાં હતાં. જમીન પર વિખરાયેલાં પડેલાં પીળાં પાંદડાંઓની વચ્ચે ઊભો હતો—પ્રકૃતિ અને ધીર મનુષ્યનું સુંદર સર્જન—એક કૂતરો. એક પણ પશી કંપિત ન થઈ! આવી ક્ષણોમાં બીમ માત્ર અર્ધ જીવિત જેવો લાગતો હતો જાણે તે આવેશોલ્લાસના સંમોહક પ્રભાવમાં હોય અને

આ જ હતો સોનેરી જંગલની પૃષ્ઠભૂમિમાં તેનો શ્રેષ્ઠ-કોટિનો શિકારી સંકેત.

"આગળ વધ બેટા..."

બીમે વન-કુક્કુટને ઉડાડયો.

બંદૂકની ગોળી છૂટવાનો ધમાકો થયો.

પળવાર માટે જંગલ આંદોલિત થઈ ઊઠયું અને તેણે એક અસંતુષ્ટ ક્રુદ્ધ પ્રતિધ્વનિથી તેનો પ્રત્યુત્તર વાળ્યો. ઓક વૃક્ષો અને એશ વૃક્ષોની વચ્ચે કિનારા પર ઊભેલ બર્ચ વૃક્ષ ગભરાઈને ચોંકી ઊઠયું. ઓક વૃક્ષોએ દાનવોની જેમ શ્વાસ ભર્યો અને પડોશમાં એશ વૃક્ષોએ જલદી જલદી પોતાની ચાંદી વિખેરી નાંખી.

વન-કુક્કુટ પથ્થરની જેમ નીચે પડયું. બીમ તેને શોધીને લઈ આવ્યો અને નિયમાનુસાર પોતાના માલિકને ભેટ કર્યો. પણ તેના માલિકે તેને લાડથી પંપાળતાં અને તેના સારા કામ માટે ધન્યવાદ આપ્યાં પછી તે પક્ષીને પોતાના હાથ પકડયું, તેને જોયું અને જેવાં લાંબા નિસાસાં તે સામાન્ય રીતે નાખતો હતો તેવો જ નિસાસો નાંખી વિચાર કરી રહ્યો હોય તેમ બોલ્યો:

"સાચે, આમ નહોતું કરવું જોઈતું હતું..."

બીમ કંઈ સમજ્યો નહિ, માત્ર ઈવાન ઈવાનિચની તરફ તાકતો રહ્યો પણ તે આગળ બોલતો રહ્યો:

"બીમ, મેં આ માત્ર તારે ખાતર કર્યું, તારે ખાતર, અરે ગાંડા તારે ખાતર, નહિ તો આ ખરેખર દુઃખની વાત છે."

બીમ ફરીથી ન સમજ્યો—આવી વાતો તેની બુદ્ધિ બહારની હતી. ત્યાર પછીના આખા શિકાર દરમિયાન પેલા બંદૂકચીએ બીમે અનુભવ્યા પ્રમાણે આંધળાં માણસની જેમ બધું જ "ચોપટ" કરી નાંખ્યું. અને જ્યારે તેના માલિકે એક વન-કુક્કુટ તરફ બંદૂક તાકી પણ નહિ ત્યારે તો બીમ ખૂબ હેરાન પરેશાન થઈ ગયો. પણ તેમ છતાં છેલ્લા વન-કુક્કુટને તેણે યોગ્ય રીતે માર્યો.

જ્યારે તેઓ ઘેર આવ્યાં ત્યારે અંધારું થઈ ગયું હતું. બને થાકેલાં હતાં અને એક બીજાં પ્રત્યે સહૃદયતા અને સ્નેહનો અનુભવ કરી રહ્યાં હતાં. ઉદાહરણ માટે બીમે પોતાના સ્થાને ન સૂવાનો નિર્ણય કરી લીધો હતો. તે પોતાનો કામળો માલિકના ખાટલા પાસે ઘસડી લાવ્યો

અને ત્યાં જ ફર્શ પર સૂઈ ગયો. તેના કહેવાનો અર્થ એ હતો કે હવે તેને તેની "જગ્યાએ" મોકલવામાં નહિ આવી શકાય કારણ કે તે પોતાની જગ્યાને સાથે જ લઈ આવ્યો છે. ઈવાન ઈવાનિચે તેના કાનને થાબડયો અને તેની ગરદન ઉપરનાં વાળને પંપોળ્યાં. એમ લાગતું હતું તેમની દોસ્તી શાશ્વત છે.

પણ રાત્રે ઈવાન ઈવાનિચ એક કે બે વાર કણસ્યો, પથારીમાંથી ઊઠયો અને કોઈ ગોળીઓ ગળીને ફરી સૂઈ ગયો. બીમે પહેલાં તો સાવધાનીપૂર્વક સાંભળ્યું પછી તેણે પોતાના માલિક તરફ જોયું, ઊભો થયો અને ખાટલાથી નીચે લટકતા તેના હાથને ચાટવા લાગ્યો.

"આ બોંબના કવચનો ટુકડો છે, એક તૂટેલો કણ, બીમ બેટા—તે હવે હેરાન કરાવા લાગ્યો છે. આ બહુ ખરાબ છે, બેટા." પોતાના હાથ વડે દિલ મસળતાં ઈવાન ઈવાનિચે કહ્યું.

બીમ ઘણા સમયથી અને એકદમ સારી રીતે શબ્દ "ખરાબ"ને જાણતો હતો. અને "કંપકંપી" શબ્દ પણ તેણે ઘણી વાર સાંભળ્યો હતો. તે આનો અર્થ નહોતો સમજતો પણ તેની અન્તર્જાત જ્ઞાનબુદ્ધિથી તે સમજ્યો હતો કે તે એક ખરાબ અશુભ શબ્દ હતો જેમાં ભય છુપાયેલો છે.

પણ સંકટ ટળી ગયું. સવારે હર્યાં ફર્યાં પછી ઈવાન ઈવાનિચ રોજની જેમ પોતાની મેજ પાસે બેઠો, સફેદ કાગળ કાઢીને પોતાની સામે મૂક્યાં અને પછી પોતાની નાનકડી છડીની મદદથી તેમાંથી ફુસફુસાટનો અવાજ કરવા લાગ્યો.

માલિકની ટિપણીઓ

ગઈકાલ એક સુખદ દિવસ હતો. દરેક વસ્તુ જેમ હોવી જોઈએ તેમ જ હતી. શરદ, તડકો, સોનેરી જંગલ, અને બીમનું સુંદર કામ પણ તેમ છતાં એક હળવી, અપ્રિય કડવાશ બાકી રહી ગઈ. શેના કારણે?

બસમાં જેવી રીતે મેં નિસાસો નાંખ્યો તેને બીમે સ્પષ્ટપણે જોયો હતો અને તેને જોઈને તેનું આશ્ચર્યમાં પડી જવું એટલું જ સ્પષ્ટ

હતું. કૂતરો એ તદ્દન નહોતો સમજી શકતો હતો કે હું ડ્રાયવરને લાંચ આપવા માટે વિવશ થઈ ગયો હતો. કૂતરાને તેની શી પરવા હોય? અને શું મને પરવા છે? જો મેં એક નાનકડાં "કામ" માટે એક રૂબલ આપ્યો કે વીસ અથવા એક મોટા કામ માટે હજાર આપ્યાં તો પણ શું ફેર પડયો? હું હજી પણ શરમ અનુભવી રહ્યો છું. આ કોડીઓનાં દામે પોતાનો આત્મા વેચવા જેવું છે. પણ હા, બીમ કોઈપણ મનુષ્યની તુલનામાં નીચલા, બહુ જ નીચલા ધરાતલ પર છે અને આવી વાતોની તેને કોઈ જાણકારી નથી.

બીમ એ કદી સમજી શકતો નહોતો કે કાગળનાં એ ટૂકડાં અને એક માણસનું ઈમાન ઘણું કરીને પરસ્પર નિર્ભર હોય છે. પણ હું કેવો મૂરખ છું! એક કૂતરાને કુદરતે જેટલું આપ્યું છે તેનાથી વધારેની અપેક્ષા નથી કરી શકાતી, તમે એક કૂતરાને માણસ નથી બનાવી શકતા.

અને બીજી વાત મને હવે શિકાર મારવો સારો નથી લાગતો. આ ઘડપણના કારણે હશે. ચોતરફ દરેક વસ્તુ એટલી સુંદર હતી અને અચાનક પેલી મરેલી ચકલી... હું શાકાહારી નથી, ન તો હું એક એવો પાખંડી છું જે મારેલાં જાનવરોની પીડાઓનું વર્ણન કરે છે અને પોતે તેમનું જ માંસ હડપી જાય છે. પણ મારા જીવનના અંતમાં હું મારા માટે આ નિયમ બનાવવા જઈ રહ્યો છું: એક વારના શિકારમાં એક કે બે વન-કુક્કુટથી વધારે નહિ. વધારે સારું તો એ હતું કે એક પણ ન મારવામાં આવે, પણ ત્યારે શિકારી કૂતરા તરીકે બીમનું અસ્તિત્વ ખલાસ થઈ જશે. અને મારે એ શિકાર ખરીદવો પડશે જેને કોઈ બીજાએ માર્યો હોય. ના, મને એનાથી દૂર જ રહેવા દો... અરે હા, જે પણ હોય, હું આ બધું કોને જણાવી રહ્યો છું? અસલમાં પોતાની જાતને. એકલપણામાં આટલા લાંબા કાળ દરમિયાન કોઈનું પણ એક સીમા સુધી ખંડિત વ્યક્તિત્વવાળા માણસ બની જવું અવશ્યંભાવી છે. કૂતરો તેનાથી મનુષ્યને શતાબ્દીઓથી બચાવતો રહ્યો છે.

તો પછી ગઈકાલની પેલી કડવાશ આવી ક્યાંથી? કદાચ મેં મારા એક બે વિચારોને મગજમાંથી નીકળી જવા દીધા હતા?.. સારું, આપણે વીતેલા કાલ પર એક નજર નાંખીએ: સુખની કામના અને

એક રૂબલનું પીળું નોટ, સોનેરી જંગલ અને મૃત પક્ષી તો આ બધું છે શું? કદાચ અંતર્વિવેક સાથે એક સમજૂતી?

એક મિનિટ થોભો! આ છે પેલો વિચાર જે કાલે મારા મગજમાંથી ઊતરી ગયો હતો. તે સમજૂતી નહોતી પણ અંતર્વિવેકની ટીસ હતી અને તે બધાંને માટે દર્દ હતું જે અનાવશ્યક હત્યાઓ કરે છે, પેલાં માણસો માટે જેઓ પોતાની માણસાઈ ખોઈ દે છે. ભૂતકાળથી, ભૂતકાળની મારી સ્મૃતિઓથી હું પક્ષીઓ અને જાનવરો માટે વધતી જતી સંવેદનાનો અનુભવ કરું છું.

હું યાદ કરું છું.

એક વાર શિકારીઓના સમાજે હાનિ પહોંચાડનાર મૅગ્પાઈ પક્ષીઓને નાબૂદ કરવા પર એક નિયમ ઘડયો હતો અને માનવામાં આવ્યું હતું કે તે નિયમ જૈવવિજ્ઞાનશાસ્ત્રીઓના પર્યેષણ ઉપર આધારિત છે. આ જ જાતનો નિયમ બાજનાં જેવાં બધાં પક્ષીઓ માટે પણ હતો. તેમને પણ નષ્ટ કરવામાં આવવાનાં હતાં. અને વરુઓ માટે પણ તથ્ય તો એ છે કે વરુઓને તો લગભગ સાફ કરી જ નાંખી દેવામાં આવ્યાં હતાં. એક વરુને મારવા બદલ ત્રણસો રૂબલનો પુરસ્કાર આપવામાં આવતો હતો અને એક મૅગપાઈ કે સમડીનાં પંજા માટે પછી ભલેને તેમને શિકારીઓનાં સમાજની પોતાની શાળા પાસે લાવો, પાંચ કોપેક કે કદાચ પચાસ કોપેક મળી શકતાં હતાં. મને બરાબર યાદ નથી.

ખેર, જે પણ હોય, અચાનક એક નવો નિયમ જાહેર થયો જેમાં એ કહેવામાં આવ્યું કે સમડીઓ અને મૅગ્પાઈ બીજાં પક્ષીઓનાં શત્રુ નથી, ઉપયોગી પક્ષી છે. એટલે તેમને મારવાની મનાઈ કરી દેવામાં આવી. તેમને મારવાનાં કડક આદેશની જગ્યાએ તેમને મારવા પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

હવે માત્ર એક પક્ષી રહી ગયું હતું જેને નષ્ટ કરવું જોઈએ, જે હતો સિલેટી-કાગડો. એમ કહેવામાં આવતું હતું કે તે બીજાં પક્ષીઓનાં માળાં નષ્ટ કરનાર છે (એ જ આરોપ જે પહેલાં મૅગ્પાઈ પર નિશ્ચિત રૂપે લગાડવામાં આવતો હતો). બીજી બાજુ વિસ્તીર્ણ મેદાનો તથા વન વિસ્તીર્ણ મેદાનોનાં ક્ષેત્રોમાં ઝેરીલાં રાસાયણિક પદાર્થોને કારણે પક્ષીઓની વસ્તીમાં ફેલાનારા ઝેરીપણાનું કોઈ

ઉત્તરદાયિત્વ કોઈની પર નાંખવામાં ન આવ્યું. આપણે જંગલો અને ખેતરોને હાનિકારક જીવજંતુઓથી બચાવવાના પ્રયત્નમાં પક્ષીઓને નાબૂદ કર્યાં અને એમ કરીને જંગલને જ બરબાદ કરી નાંખ્યું. દોષ કોનો હતો? માનવ સમાજની પાછળ ચાલનાર સતત રૂપે સફાઈમાં લીન રહેનાર સિલેટી-કાગડો તો ચોક્કસ જ નહોતો.

આ બધાંનો આક્ષેપ સિલેટી-કાગડા પર મઢી દો! પક્ષી જીવનનાં વિનાશ માટે દોષી હર કોઈનો જ્વલંત તર્ક આ જ હતો.

મૃત્યુની સાથે લાંબા કાળના પ્રયોગ ભયાવહ હોય છે. બધા ઈમાનદાર જૈવવિજ્ઞાનશાસ્ત્રીઓ અને શિકારી તેની વિરુદ્ધ સંઘર્ષમાં ઊભા થઈ ગયા છે. પક્ષીજીવન તથા વનોના સંરક્ષણની લડાઈ અત્યારે આંતરરાષ્ટ્રીય સ્તર પર લડવામાં આવી રહી છે.

પણ શું મેં આ "મૃત્યુ સાથેનાં પ્રયોગ"ની વિરુદ્ધ ક્યારેય અવાજ ઊઠાવ્યો છે? ના. આ જ કારણ છે કે મારો અંતરાત્મા મને ધિક્કારે છે. જો હું અત્યારે, સમય વીતી ગયા પછી એમ કહું:

"સિલેટી-કાગડાઓને બચાવો, મનુષ્યની વસ્તીને સાફ રાખનારા પેલા ઉત્તમ સફાઈ કર્મીને બચાવો. તેને સમૂળગો નાશ થતા બચાવો. તે આપણી આસપાસની ભૂમિને જેવી રીતે એક વ્યંગકાર આપણા સમાજની આધ્યાત્મિક ગંદગીને સાફ કરે છે બિલકુલ તેવી જ રીતે સાફ કરે છે. તેના માટે સિલેટી-કાગડાને બચાવો, તે કેટલાંક બીજાં ચકલાંઓનાં ઈંડાં ચોરેલી શકે છે પણ આ એક બીજું જુદું કામ છે જેના માટે સિલેટી-કાગડો બન્યો છે—ચકલાંઓ પાસેથી પોતાનો માળો સારી રીતે બનાવડાવવા માટે, તે ચીઢાવનાર કલેશપ્રદ પક્ષીને, પેલાં એક માત્ર એવા પક્ષીને, બચાવો જેનામાં મનુષ્યની સન્મુખ એ ચિલ્લાવાનું અબોધ સાહસ છે: 'કાઉં, કાઉં!' (ભાગી જા, મૂરખ, ભાગ!)—ત્યારે મારો અવાજ કેટલો બળહીન અને નિષ્પ્રાણ લાગશે. જેવાં તમે ચાલ્યાં જાઓ છો તેવો જ સિલેટી-કાગડો નીચે ઊતરે છે અને વ્યંગપૂર્ણ કાઉં-કાઉં સાથે પેલાં સડેલાં માંસનાં ટૂકડાંને ગળવા લાગે છે. જેને કોઈ કૂતરો પણ ન અડે. સિલેટી-કાગડાને બચાવો! પક્ષી જગતના વ્યંગકારને બચાવો! તેનાથી બીઓ નહિ. જરા જુઓ નાનકડી અબાબીલો કેવી રીતે તેની ઉપર ઝપટે છે અને તેને તેના ઘર, જે પહેલા કરતાં ઘણું સાફ હોય છે, ત્યાંથી ભગાડી દે છે

અને કાગડો ઘૃણાપૂર્વક કર્ણકટુ અવાજ કરતો તે જગ્યાએ જવા નીકળી પડે છે જ્યાંથી દુર્ગંધ આવે છે. સિલેટી-કાગડાને બચાવો!"

મારો આ પોકાર નિશ્ચિતપણે નિષ્પ્રાણ અને અવિશ્વનીય લાગશે. પણ આ શબ્દોને બીમ સાથે સંબંધિત ટિપણીઓની આ ચોપડીમાં જ રહેવા દો. હું આના પૂંઠા પર 'બીમ' લખવા જઈ રહ્યો છું. તે માત્ર મારા માટે છે. છેવટે મેં તેમને બીમની પ્રતિષ્ઠાના રક્ષાર્થે શરૂ કર્યા હતા જે જન્મથી જ કલુષિત થઈ ગઈ હતી. પણ તેમાં તે બધું જ સમાવિષ્ટ કરવામાં આવી રહ્યું છે જે ન માત્ર બીમ પણ મારી સાથે પણ સંબંધિત છે. મને શંકા છે કે તેમને કદી કોઈ પ્રકાશિત પણ કરશે. "એક કૂતરા અને મારા વિષે" કોણ વાંચવા ઇચ્છશે? કોઈ નહિ. આનાથી મને કોલ્ત્સોવનું ઉદ્ધરણ આપવાની ઇચ્છા થાય છે.

હું નથી લખતો ખૂબ કીર્તિખ્યાતિ માટે,
તે તો આનંદ એકલા પોતાના માટે,
વ્હાલા સાચા નિખાલસ દોસ્તો માટે,
વીતેલા દિવસોનાં પેલાં સંસ્મરણો માટે.

...પણ બીમ ભર બપોરે હજીપણ ફેલાયેલો પડ્યો છે. પ્યારા દોસ્ત, આખા દિવસનું બધું કામ સારું હતું અને તારાં ફેફસાં સોનેરી જંગલની ગંધથી હજી પણ ભરેલાં છે.

સોનેરી જંગલ! આ છે ખુશીનો તારો હિસ્સો, તારું ધ્યાનાર્થ સ્થળ. સૌર પ્રકાશિત શરદ વનમાં મનુષ્યનું હૃદય પાવનતર થઈ જાય છે.

પ્રકરણ પાંચમું

વરુઓના ઘાટમાં

શરદઋતુમાં એક દિવસ જેનામાંથી બંદૂક અને કૂતરાની ગંધ આવતી હતી તેવો માણસ ઈવાન ઈવાનિચને મળવા આવ્યો. જોકે તે શિકારી પોશાકમાં નહિ પણ બધાં જ સામાન્ય લોકોનાં જેવાં કપડામાં હતો તેમ છતાં પણ બીમે જંગલની હળવી ગંધ, તેમાં હાથોમાં બંદૂકનાં ચિહ્નો અને તેનાં બૂટોમાં શરદ્કાળનાં પાંદડાંઓની ગંધ ઓળખી લીધી. બીમે અતિથિને દરેક રીતે સૂંઘતાં પોતાના માલિક તરફ ઝડપથી નજર દોડાવતાં તથા જોર જોરથી પૂંછ હલાવતાં આ બધી વાતો જણાવી. તેઓ પહેલી વાર મળ્યાં હતાં પણ તરત જ દોસ્ત બની ગયાં.

અતિથિ કૂતરાની ભાષા જાણતો હતો એટલા માટે તે સૌહાર્દપૂર્વક બોલ્યો:

"સારું તો તું મને જાણે છે, કેમ જાણે છે ને? સારું બેટા, સારું બેટા," તેણે બીમના માથાને લાડથી પંપોળ્યું અને દૃઢ સ્વરમાં કહ્યું, "બેસ!"

બીમે આદેશનું પાલન કર્યું અને પોતાનાં પંજાને અધીરતાથી ઉપર નીચે કરતો બેસી રહ્યો. તેની આંખો બંને દોસ્તો પર ગડાયેલી હતી.

તેના માલિકે અને અતિથિએ હસ્તધૂનન કર્યું અને મૈત્રીપૂર્ણ નજરે એક બીજાને જોયા.

"ઉત્તમ!" બીમે પ્રસન્નતાભરી ચીચિયારી કરતાં પોતાનો ઉદ્ગાર પ્રગટ કર્યો.

"હોશિયાર કૂતરો છે!" અતિથિએ બીમની તરફ દૃષ્ટિપાત કરતાં કહ્યું.

"હા, સારો છે, બીમ સારો કૂતરો છે. હું એનાથી વધારે સારા કૂતરાની આશા નથી રાખી શકતો." ઈવાન ઈવાનિચે પુષ્ટિ કરી.

આ પ્રમાણે ત્રણેની વચ્ચે વાતચીત ચાલુ રહી. તેના શિકારી અતિથિએ પોતાના ખિસ્સામાંથી કાગળનો ટૂકડો કાઢ્યો અને તેની ઉપર પોતાની આંગળી ચલાવવની શરૂ કરી દીધી:

"અહીં છે તે... બિલકુલ અહીં, વરુઓના ઘાટના સૌથી ગીચ ભાગમાં. તેમના સરદારે ઊંચા સ્વરે હૂંક લગાવી તો પાંચ બીજાંએ જવાબ આપ્યો: ત્રણ નવાગંતુકો અને બે જૂનાં અનુભવી. તેમાંથી એક બેને મેં જોયાં છે અને હું કહી શકું છું કે વરુ હોય તો આવાં!"

બીમે પોતાના માલિકને શિકાર સમયે "અહીં" શબ્દનો ઉપયોગ કરતાં સાંભળ્યો હતો એટલે તે સાવધાન થઈ ગયો. પણ જ્યારે "વરુ" શબ્દ બોલવામાં આવ્યો ત્યારે તેની આંખોનાં ડોળાં ફાટી ગયાં. તે શબ્દમાં જંગલી કૂતરાની ભયાવહ ગંધ હતી, એવી ગંધ જેણે એક વાર બીમને ભયાક્રાંત કરી દીધો હતો. તે એવી ગંધ હતી જેના વિષયમાં તેના માલિકે તેને ત્યારે આગ્રહ કર્યો હતો જ્યારે તેણે વરુનાં પગલાંનાં ચિહ્નો તરફ સંકેત કર્યો હતો: "તે વરુ હતો બીમ, વરુ!" અને હવે એક બીજા શિકારીએ એ જ સ્વરે કહ્યું: "વરુ હોય તો આવું!"

જ્યારે તે અતિથિ જવા તૈયાર થયો ત્યારે તેણે બીમને પણ અલવિદા કહી.

ઈવાન ઈવાનિચ કેટલાંક કારતૂસોમાં સીસા જેવી ભારે ગોળીઓ

ભરવા બેસી ગયો. તેણે એ ગોળીઓમાં બટાકાનો લોટ છાંટી રાખ્યો હતો.

તે રાત્રે બીમ બેચેન રહ્યો.

બીજા દિવસે તેઓ પોહ ફાટવાની ઘણી વાર પહેલાં જ બંદૂક સમેત ઘરમાંથી બહાર નીકળી ગયાં. અને એક રસ્તાને કિનારે રાહ જોવા લાગ્યાં. થોડી જ વારમાં શિકારીઓથી ભરેલો એક ખટારો તેમની પાસે રોકાયો. તે લોકો પાછળની તરફ બાંકડાંઓ ઉપર બેઠાં હતાં અને બધાં જ શાંત તથા ગંભીર હતાં. ઈવાન ઈવાનિચે પહેલાં બીમને ઉપર ચઢાવ્યો અને પછી પોતે ચઢયો ગઈ. કાલના અતિથિએ તેને કહ્યું:

"અરે ના, બીમને પોતાની સાથે શા માટે લઈ જાઓ છો!"

"ઘેરો ઘાલવામાં એક પણ કૂતરો ન હોવો જોઈએ. તેને હટાવો!" કોઈક બીજાંએ કઠોર સ્વરમાં કહ્યું. "તે ટૈં ટૈં અવાજ કાઢશે અને આખો ખેલ બગાડી નાંખશે."

"બીમ એવું નહિ કરે," ઈવાન ઈવાનિચે પોતાનો બચાવ કરતાં કહ્યું. "તે ગંધની પાછળ ભાગનારો કૂતરો નથી."

આ જવાબની વિરુદ્ધ ઘણાં અવાજોએ એક સાથે જવાબ આપ્યો, પણ તેનો અંત એ રહ્યો કે ગઈકાલના અતિથિએ કહ્યું:

"સારી વાત છે, ઈવાન ઈવાનિચ, હું તમને અને બીમને સુરક્ષિત સ્થાને રાખીશ. ત્યાં તમારે માટે એક જગ્યા છે ત્યાં એવી ઘટનાઓ ઘટી છે જ્યારે એક વરુએ જલધારાની નીચેની તરફ ધ્વજ રેખાને તોડવાનો પ્રયત્ન કર્યો હતો."

બીમ ભાંપી ગયો કે આ લોકો તેને ન લઈ જવા ઈચ્છે છે. તેણે પણ પોતાનાં પડોશીઓને ફોસલાવાનો પ્રયત્ન કર્યો પણ ત્યાં એટલું અંધારું હતું કે તે જે કંઈ કરી રહ્યો હતો તે કોઈ જોઈ શકતું નહોતું. પણ આ બધું હોવા છતાં પણ ખટારો આગળ વધવા લાગ્યો.

જ્યારે તેઓ જંગલનાં વોર્ડનની ચોકી પર પહોંચ્યા ત્યારે સૂર્યોદય થઈ ગયો હતો. તેઓ એક પણ શબ્દ બોલ્યા વિના ચૂપચાપ નીચે ઊતર્યાં. બીમે પણ એમ જ કર્યું. પછી તેઓ જંગલનાં કિનારે થોડી વાર સુધી એક જ પંક્તિમાં ચાલતાં રહ્યાં. તેમનામાંથી કોઈએ ન તો

સીગારેટ પીધી, ન તો ઉધરસ ખાધી અને એટલું જ નહિ પણ વધારામાં તેમણે પોતાના એક બૂટને બીજા બૂટ સાથે ઘસડાવા પણ ન દીધાં. તેઓ બધાં જાણતાં હતાં કે તેઓ ક્યાં જઈ રહ્યાં છે અને શા માટે જઈ રહ્યાં છે—બીમના સિવાય બધાં. પરંતુ તે પણ પોતાના માલિકનાં પગલાં પર ઓળાની જેમ હળવે ડગલે ચાલતો રહ્યો. તેનો માલિક વચ્ચે વચ્ચે હાથ વડે બીમના કાનને એવી રીતે સ્પર્શતો હતો જાણે કહી રહ્યો હોય: બધું બરોબર છે, બીમ, બધું જ તદ્દન બરોબર છે.

તેમનો નેતા પેલો શિકારી હતો જે ગઈ કાલે તેમના ઘેર આવ્યો હતો. તેણે પોતાનો હાથ ઉપર ઉઠાવ્યો ત્યારે તેઓ બધાં રોકાઈ ગયાં. પંક્તિમાં ત્રણ, સૌથી આગળવાળાં જંગલ તરફ વળી ગયાં અને પહેલાં કરતાં પણ વધારે ખામોશીથી બિલાડીની જેમ દબાયેલાં પગલે આગળ વધ્યાં અને તરત જ પાછાં આવી ગયાં. ત્યારે નેતાએ પોતાની ટોપી ઉપર ઉઠાવી અને તેને આગળની તરફ લહેરાવી. આ સંકેત મળતાં જ ઈવાન ઈવાનિચ અને તેની પાછળ બીમ સહિત બધાં શિકારીઓ નેતાનું અનુસરણ કરવા લાગ્યાં. તેનો અર્થ એ હતો કે પંક્તિમાં બીમનો નંબર સૌથી છેલ્લો હશે. જેવો મૃદુતાથી તે ચાલી રહ્યો હતો તેવી રીતે બીજું કોઈ ચાલી શકતું નહોતું. આ પર પણ ઈવાન ઈવાનિચે તેને સાંકળથી બાંધી લીધો.

નેતાના ધ્વનિહીન આદેશ પર પંક્તિનો પહેલો માણસ એક ઝાડી પાસે રોકાઈ ગયો અને તે સ્થળે મૂર્તિવંત ઊભો થઈ ગયો. થોડી જ વારમાં બીજો માણસ એક વૃક્ષોની નજીક રોકાઈ ગયો. ત્યાર બાદ એક બીજો રોકાઈ ગયો અને આ ઉપરાંત તેઓ એક એક કરીને જ્યાં સુધી પોતપોતાની જગ્યાએ ઊભાં રહી ગયાં ત્યાં સુધી રોકાતાં રહ્યાં. હવે ઈવાન ઈવાનિચ અને બીમ જ નેતાની સાથે રહી ગયાં હતાં. હવે તેઓ પહેલાંથી પણ વધારે સતર્કતાથી ચાલી રહ્યાં હતાં. બીમે જોયું કે આ આખા રસ્તામાં એક દોરી બાંધી હતી અને તે દોરીમાંથી અંગારા જેવા લાલચટક રંગનાં ગતિહીન કપડાંનાં ટૂકડાં લટકેલાં હતાં. અંતમાં નેતાએ તેમને એક ઠેકાણે ઊભાં કરી દીધાં અને પાછો ફરી ગયો.

પણ તેના જવાની ઘણી વાર પછી પણ બીમનાં સંવેદનશીલ

કાનોમાં નેતાનાં ડગલાંનાં ભણકારાંનો અવાજ આવતો રહ્યો. તે બીજાં લોકોને તેમનાં પોતપોતાનાં સ્થાનો પર માર્ગદર્શન આપી રહ્યો હતો. પણ અંતમાં તે એટલે દૂર ચાલ્યો ગયો કે બીમ પણ કંઈ સાંભળી ન શક્યો.

નિસ્તબ્ધતા છવાઈ ગઈ હતી, જંગલની બેચેન અને સતર્ક નિસ્તબ્ધતા. બીમે પોતાના માલિકની સ્થિર મુદ્રા, તેનાં ઘુંટણોનાં કંપનથી તથા ધ્વનિહીન ઢંગે બંદૂક ખોલવામાં, કારતૂસ ભરવામાં, બંદૂકને ફરીથી બંધ કરવાના તરીકામાં અને પછી અક્કડ થઈને મૂર્તિવત ઊભા રહેવામાં પણ આ વાતને અનુભવી.

તેઓ ગીચ કાંટાળી જલધારાની એક બાજુ એક ઝાડીની આડમાં ઊભાં હતાં. તેમની ચારો તરફ ઓકનાં વિશાળ વૃક્ષોનું જંગલ કઠોર શાંતિમાં અકડાઈને ઊભું હતું. જંગલનું દરેક વૃક્ષ વિરાટ હતું. અને તેમની વચ્ચે ઉગેલી ગીચ ઝાડીઓ અને છોડવાં આ પ્રાચીન વનક્ષેત્રની મહાશક્તિ પર જોર આપવાનું કામ કરી રહ્યાં હતાં.

બીમ પૂર્ણત: સાવધાન ઊભો હતો. તે ગંધ સૂંઘી રહ્યો હતો. પણ ત્યાં સુધી ત્યાં કોઈ વિશેષ ગંધ હતી જ નહિ કારણ કે હવા તદ્દન સ્થિર હતી. આનાથી તેને ગભરાટ થવા લાગ્યો. જ્યારે હળવી મંદ લહેર પણ ઊઠતી ત્યારે તે હંમેશાં જાણી જતો કે તેની આગળ શું છે. તે હવાની લહેરોને પુસ્તકમાં લખેલી લીટીઓની જેમ વાંચી શકતો હતો. પણ આટલી સ્થિર હવામાં અને આવાં ઘીચ જંગલમાં માત્ર શાંત રહેવાની ચેષ્ટા કરી, ખાસ કરીને ત્યારે જ્યારે તેની બાજુમાં ઊભેલો તેનો સારો દોસ્ત પણ આંદોલિત થઈ રહ્યો હતો.

અને અચાનક તે શરૂ થઈ ગયો.

સંકેતાર્થ તાકવામાં આવેલી બંદૂકના અવાજે નિસ્તબ્ધતાને ચીરી નાંખી. અને તેનો પ્રતિધ્વનિ ક્યાંક દૂર દૂરથી અથડાઈને તીવ્ર ગતિએ આગળ પાછળ આવતો જતો સંભળાયો. અને ત્યારે પ્રતિધ્વનિની સાથે સ્વર મેળવતો દૂરથી દળના નેતાનો અવાજ આવ્યો:

"ઘેરો ચાલુ! લિહો, લિહો, લિ-હો-હો-હો!"

ઈવાન ઈવાનિચ બીમના કાન સુધી ઝૂક્યો અને મુશ્કેલીથી સંભળાતાં અવાજે ફુસફુસાયો: "નીચે! સૂઈજા!"

બીમ થરથર કાંપતો નીચે સૂઈ ગયો.

"લિહો, લિહો, લિ-હો-હો-ઓ-ઓ!" હવે ઘેરો ઘાલનારાં બૂમો પાડી રહ્યાં હતાં.

નિસ્તબ્ધતા, વિચિત્ર જંગલી બૂમરાણોથી ખંડ ખંડ થઈ ગઈ. વૃક્ષોને ડંડા વડે પીટવાનું શરૂ કરવામાં આવ્યું. એવી હડબડ-ગરબડ શરૂ થઈ ગઈ જાણે સેંકડો મેગ્પાઈઓ મહાવિપત્તિમાં ફસાઈ હોય. ઘેરો ઘાલનારાંઓની કતાર ચિલ્લાતી-બૂમરાણો કરતી હવામાં બંદૂક તાકતી નજીક આવવા લાગી.

અને ત્યાં જ બીમને પેલી ગંધ મળી જે તે બાળપણથી જાણતો હતો—વરુની ગંધ! તે પોતાના માલિકનાં પગ પાસે લગોલગ થઈ ગયો, થોડો—તદ્દન જરા જેટલો ઉપર થયો અને તેણે પોતાની પૂંછડી તાણી લીધી. ઈવાન ઈવાનિચ તેના સંકેતને સમજી ગયો.

બંનેએ તેને એક સાથે જોયું. વરુ ધ્વજરેખાની સાથે સાથે દોડતું આવ્યું પણ બંદૂકના મારથી બહાર હતું. તે પોતાનું માથું ઝુકાવી લાંબા ડગલાં ભરતું ચાલી રહ્યું હતું અને તેની પૂંછડી લાકડીનાં હાથાની જેમ નીચે તરફ લટકેલી હતી. પછી તે જાનવર અદૃશ્ય થઈ ગયું અને ત્યાં જ તરત બંદૂક ચલાવનારાંઓની પંક્તિમાંથી એક ગોળી છૂટી અને પછી બીજી.

જંગલ ઘુરક્યું અને ગરજ્યું. તે ઉત્તેજનાથી ઉન્મત હતું.

એક બીજે ઠેકાણેથી ફરી એક ગોળો છૂટી. આ ગોળી તદ્દન પાસેથી જ છૂટી હતી. શોરબકોરના અવાજો વધારે ને વધારે નજીક આવવા લાગ્યા હતા.

એક વરુ, વિશાળ પ્રૌઢ વરુ નિતાંત અનપેક્ષિત રૂપે પ્રગટ થયું. તે કાંટાઓની વચ્ચે સંતાયું, જલધારાની ઉપર તરફ આવ્યું અને ઝંડીઓ જોઈને અચાનક એવી રીતે રોકાયું જાણે તે કોઈ દીવાલ સામે આવી પહોંચ્યું હોય. પણ અહીં જલધારામાં લટકતી ઝંડીઓ બાકી રેખાથી વધારે ઉપર અને વરુની ઊંચાઈથી ત્રણ ગણી વધારે ઊંચી હતી. ઘેરો ઘાલારાંઓનો શોર તેની લગભગ પાસે જ પહોંચી ગયો હતો. વરુ કોઈ નિર્ણય વગર પણ અપેક્ષાકૃત ઉપેક્ષા સાથે ઝંડીઓની નીચેથી પસાર થઈ ગયું અને ઈવાન ઈવાનિચ તથા બીમની તરફ લગભગ પંદરેક મીટરની દૂરી સુધી આગળ વધી ગયું. ત્યાર બાદ પેલાં થોડાંક ડગલાં દરમિયાન માણસ અને કૂતરાંએ જોયું કે તે ઘાયલ

હતું, તેના એક પડખામાં લોહીનું ધાબું ફેલાઈ રહ્યું હતું અને તેનું મોં રક્તિમ ફીણથી ભરેલું હતું. ઈવાન ઈવાનિચે બંદૂક ચલાવી.

વરુ ચારે પગે ઊછળ્યું અને પોતાનું માથું ઘુમાવ્યા વિના આખા શરીરે એ દિશામાં ઘૂમી ગયું જ્યાંથી ગોળી આવી હતી અને પછી પોતાના સ્થાન પર ઊભું થઈ ગયું. અને ત્યારે પહોળું માથું, ખુલ્લાં દાંત અને પેલું રક્તિમ ફીણ... તેમ છતાં પણ આ દયનીય દૃશ્ય નહોતું. એનાથી ઊલટું એ સુંદર હતું. તે નિર્બંધ જંગલી જાનવર હતું. તે કાયર પણ નહોતું. આવી સ્થિતિમાં પણ તે ગર્વથી માથું ઊઠાવેલ હતું. અને મજબૂતીથી ઊભા રહેવાની કોશિશ કરી રહ્યું હતું. પણ અચાનક તેનાં પગ જવાબ આપી ગયાં અને તે જમીન પર લથડી પડ્યું, હવામાં ઊઠેલાં પગ ધીમે ધીમે હાલી રહ્યાં હતાં. તરત જ તે ગતિહીન, નિષ્ક્રિય અને શાંત થઈ ગયું.

આ બધું બીમને માટે બહુ વધારે હતું. તે ઊછળ્યો અને શિકારી સંકેતની મુદ્રામાં ઊભો થઈ ગયો. પણ આ તે કેવો શિકારી સંકેત હતો! તેની પીઠ પરનાં વાળ કાંટાની જેમ ઊભાં થઈ ગયાં હતાં અને તેની ગરદનનાં વાળ ચારે બાજુ ઝૂલદાર કંઠાની જેમ ઊઠેલાં હતાં અને પૂંછડી પગની વચ્ચે હતી. તે તેનાં બંધુની તરફ, કૂતરાંઓનાં પેલાં ગર્વીલા રાજની તરફ, એક એવા પ્રાણીની તરફ અધમ કાયરતાપૂર્ણ અને હલકો શિકારી સંકેત હતો જે આમતો મરી ગયું હતું તથા ખતરનાક નહોતું રહ્યું, પણ તેમ છતાં પોતાની ભાવના અને પોતાના રક્તને કારણે હજી પણ ભયનું કારણ હતું. બીમને પોતાનાં બંધુ પ્રત્યે ઘૃણા હતી કારણ કે બીમ માનવી પર વિશ્વાસ કરતો હતો પણ એ વરુ એમ નહોતું કરતું. બીમ પોતાના બંધુથી ડરતો હતો પણ પેલું વરુ ઘાતકીપણે ઘાયલ થવા પર તેનાથી ડર્યું નહોતું.

...બૂમરાણોના અવાજો વધારે નજીક આવી ગયા. એક ગોળી છૂટી અને પછી બે એક સાથે છૂટી. જાહેર હતું કે કોઈ અનુભવી વરુ ધ્વજરેખાની નજીકથી પસાર થઈ રહ્યું હતું કે કદાચ અંતિમ ક્ષણમાં જ્યારે શિકારીઓની ચોકસાઈ થોડી ઓછી થઈ ગઈ અને તેઓ એક બીજાની સ્થિતિઓની નજીક આવવા લાગ્યાં હતાં ત્યારે તે તેને પાર કરીને નીકળી ગયું હતું. દળનો નેતા ઈવાન ઈવાનિચની પાસે આવ્યો અને બીમ પર એક નજર ફેંકતાં બોલ્યો:

"શું છે, તને શું થઈ ગયું છે! તું એક કૂતરાને બદલે જંગલી જાનવર જેવો વધારે દેખાય છે. પણ તેમાંથી બે ઘેરો તોડીને ભાગી ગયાં અને એક ઘાયલ હતો."

ઈવાન ઈવાનિચે બીમને થાબડયો અને લાડ કર્યાં, પણ તેનાં વાળનું ખેંચાણ રોકાઈ ગયું હોવા છતાં શરીર હજી પણ અકડાઈ રહ્યું હતું અને તે જીભ બહાર કાઢી હાંફી રહ્યો હતો અને લોકોથી બચીને દૂર હટી રહ્યો હતો. જ્યારે તેઓ બંને શિકારી વરુને જોવા માટે ગયાં ત્યારે બીમ તેમની પાછળ ન ગયો. તેના બદલે તે બધાં નિયમ તોડીને પોતાની સાંકળ ઘસડતો લગભગ ત્રીસ મીટર દૂર ચાલ્યો ગયો અને પીળાં પાંદડાંઓમાં માથું રાખીને તાવમાં થરથર કાંપતો હોય તેવી રીતે કાંપતો સૂઈ ગયો. તેની નજીક આવતાં ઈવાન ઈવાનિચે જોયું કે બીમની આંખો લોહી જેવી લાલચોળ થઈ ગઈ છે. તે ક્ષણે તે જંગલી જાનવર હતો!

"અરે બીમ, પ્યારા દોસ્ત. તારી હાલત સારી નથી, કેમ ખરું ને? હા, આ જ વાત છે. આ એમ જ થવાનું હતું બેટા, આ તો કરવામાં આવવાનું જ હતું."

"પણ ધ્યાન રાખો, ઈવાન ઈવાનિચ," દળના નેતાએ કહ્યું. "તમે વરુથી એક શિકારી કૂતરાને નકામો બનાવી શકો છે. આનાથી તે જંગલથી બીવા લાગશે. કૂતરો ગુલામ હોય છે જ્યારે વરુ એક નિર્બંધ જાનવર છે."

"એ વાત ઘણી સાચી છે, પણ બીમ હવે ચાર વર્ષનો થઈ ગયો છે. તે એક પૂર્ણ વયસ્ક કૂતરો છે. તે જંગલથી કદી નહિ બીએ. બીજી બાજુ જે જંગલમાં વરુ હશે ત્યાં તે કદી તમારો સાથ નહિ છોડે. તે તેની ગંધ પારખી લેશે અને તમને જણાવી દેશે કે તેઓ ત્યાં છે."

"હા, એક વરુ કૂતરાને બિલકુલ તેવી જ રીતે ખાઈ જશે જેવી રીતે ઉંદરને. પણ તેઓ તેની નજીક નહિ આવે. વરુની ગંધ પારખતાં જ તે તમારાં પગને કદી નહિ છોડે."

"આ જ વાત છે! પણ તમે સમયથી પહેલા તેમને વરુથી બીવડાવશો નહિ. તેને આ સહન કરવું જ પડશે. આ સિવાય બીજું કંઈ કરી પણ નહિ શકાય.

ઈવાન ઈવાનિચ બીમને લઈને દૂર જતો રહ્યો અને દળનો નેતા વરુની પાસે ઊભો રહી ઘેરા ઘાલનારાંઓની રાહ જોવા લાગ્યો.

જ્યારે શિકારીઓનું આખું દળ જંગલના વૉર્ડનની ચોકી પાસે એકઠું થઈ ઉત્સાહપૂર્વક ખુશી મનાવવા લાગ્યું ત્યારે લાલચોળ આંખો લઈને તથા વરુઓનાં ભયથી સંક્રમિત અને આક્રાંત બીમ બધાંથી અલગથલગ ગંભીર બની વાડની પાસે સંકોરાઈને પડયો હતો. કાશ, તે જાણતો કે નિયતિ તેને એક વાર ફરી એ જ જંગલમાં લાવવાની છે.

જંગલનો વૉર્ડન તેની પાસે આવ્યો, નીચે બેઠો અને તેની પીઠ થાબડવા લાગ્યો:

"સરસ કૂતરો છે. ચતુર કૂતરો છે. શરૂઆતથી લઈને અંત સુધી એક વાર પણ કિકિયારી નથી કરી."

અહીંનાં બધાં જ લોકો કૂતરાંઓને પ્યાર કરતાં હતાં.

પણ જ્યારે તેઓ ખટારામાં ચઢયાં અને ઈવાન ઈવાનિચે બીમને અંદર ચઢાવ્યો ત્યારે તે બિલાડીની જેમ કૂદીને બહાર નીકળી ગયો, તેનાં રૂંવાટા ઊભાં થઈ ગયાં હતાં. અને તે કૂં-કૂં કરી રહ્યો હતો. તે ત્રણ મરેલાં વરુઓની સાથે બેસવા નહોતો ઈચ્છતો.

"ઓહો!" દળના નેતાએ કહ્યું. "આ કૂતરો કદી મુસીબતમાં નહિ પડે."

દળનો એક સદસ્ય, એક મોટો હૃષ્ટપુષ્ટ માણસ ઈવાન ઈવાનિચ અને બીમને માટે ડ્રાયવરના કક્ષમાં જગ્યા કરવા માટે અસંતોષ સાથે નીચે ઊતરી આવ્યો.

* * *

તે ઋતુમાં વન-કુક્કુટોનો શિકાર વધારે વાર કરવામાં ન આવ્યો પણ જ્યારે જ્યારે થયો ત્યારે બીમે દરેક મોકા પર સારું કામ કર્યું. તેને જેવી વરુની ગંધ આવતી કે તરત જ તે વનકુક્કુટોની શોધ પડતી મૂકીને પોતાના માલિકનાં પગે જઈ ચોંટતો—આ એ વાતનો પાકો સંકેત હતો કે નજીકમાં જ ક્યાંક વરુ છે. આ સારી વાત હતી. વરુના શિકાર પછી તે ઈવાન ઈવાનિચને વધારે પ્રેમ કરવા લાગ્યો હતો

અને તેની શક્તિમાં તેનો વિશ્વાસ વધી ગયો. બીમ માનવીય દયા પર પણ વિશ્વાસ રાખતો હતો. વિશ્વાસ કરવો અને પ્યાર કરવો એ બહુ મોટું વરદાન છે. જે કૂતરામાં આ વિશ્વાસ નથી હોતો તે કૂતરો કૂતરો ન રહેતાં એક ભટકતું વરુ અથવા (જે તેનાથી પણ ખરાબ છે) તેવો રખડતો કરડનારો કૂતરો બની જાય છે. જ્યારે એક કૂતરાને પોતાના માલિક પરથી વિશ્વાસ ઊઠી જાય છે અને તે તેને છોડીને ભાગી જાય છે કે બહાર કાઢી મૂકવામાં આવે છે ત્યારે તેને આ જ બે વિકલ્પોમાંથી એકને પસંદ કરવો પડે છે. પણ પેલાં કૂતરાંને શું કહીશું જેઓ પોતાનાં પ્યારા દોસ્ત અને માલિકને ગુમાવી દે છે અને તેની પાસે માલિકને શોધવા કે તેની પ્રતીક્ષા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી હોતો? આ જાતનો કૂતરો ન તો એક નિર્બંધ ભટકતું વરુ બની શકે છે કે ન તો સામાન્ય રખડેલ કૂતરો. તેને પહેલાં જેવો જ નિષ્ઠાવાન સમર્પિત કૂતરો જ બનીને રહેવાનું હોય છે અને પોતાના જીવનનાં અંત સુધી એકલતા ભોગવવી પડે છે.

પ્યારા વાચકો, આવી નિષ્ઠાની અનેક સાચી કહાણીઓ છે પણ હું માત્ર બીમની કહાણી સંભળાવીશ, એ બીમની જેનો એક કાન કાળો હતો.

પ્રકરણ છઠ્ઠું

દોસ્તને અલવિદા

એક દિવસ ઇવાન ઇવાનિચ શિકાર રમીને ઘેર આવ્યો તથા બીમને ખાવાનું ખવડાવીને પોતે ખાધા વગર પથારીમાં સૂઈ ગયો અને તેણે સૂતાં પહેલાં બત્તી પણ ઓલવી. તે દિવસે બીમે પણ સાચેસાચ કપરો પરિશ્રમ કર્યો હતો એટલા માટે તે એકદમ જલદી જ સૂઈ ગયો અને એવો ઊંઘ્યો કે દુનિયાથી જ બેખબર થઈ ગયો. પણ ત્યાર પછીના દિવસોમાં તેણે ધ્યાન આપ્યું કે તેનો માલિક દિવસના સમયે વધારે ને વધારે વાર ખાટલા પર સૂવા લાગ્યો છે, કોઈક વસ્તુ તેને હેરાન કરી રહી છે અને તે ક્યારેક ક્યારેક દર્દને મારે હાંફવા લાગે છે. એક અઠવાડિયાથી પણ વધારે સમય સુધી બીમ એકલો ફરવા ગયો અને તે પણ થોડા સમય માટે મેદાનમાં જઈને પોતાની દિનચર્યા પૂરી કરવા માટે. પણ પછી એવો પણ સમય આવ્યો જ્યારે ઇવાન ઇવાનિચ બીમને માટે બારણું ખોલવા પણ મહા મુશ્કેલીથી ઊઠી શકતો

હતો અને એક દિવસ તેના ખાટલા પાસેથી આવનાર કણસાટ વિશેષ કરુણાજનક થઈ ગયો હતો, બીમ તેના ખાટલા પાસે જઈને બેસી ગયો અને પોતાના દોસ્તના ચહેરામાં ધ્યાનપૂર્વક તાકવા લાગ્યો. પછી તેણે પોતાનું માથું તેના ફેલાયેલા હાથમાં મૂકી દીધું. તેણે જોયું કે તેના માલિકનો ચહેરો એકદમ ધોળો પૂણી જેવો થઈ ગયો છે, આંખોની ફરતે કાળાં ડાઘાં પડી ગયાં છે અને હજામત ન કરવાને કારણે દાઢી પણ વધી ગઈ હતી. ઇવાન ઇવાનિચ બીમની તરફ વળ્યો અને શાંત દુર્બળ અવાજે બોલ્યો :

"તો? આપણે શું કરીશું બેટા? હું સંકટમાં છું, બીમ, બહુ મોટા સંકટમાં. પેલો ટુકડો મારા દિલની બિલકુલ પાસે છે. આ ખરાબ છે, બીમ."

તેનો અવાજ એટલો અસાધારણ હતો કે બીમ ચિંતિત થઈ ગયો. તે ઓરડામાં આમ તેમ દોડવા અને બારણાને ખોતરવા લાગ્યો જાણે કહી રહ્યો હોય: "ચલો, આપણે અહીંથી નીકળી પડીએ." પણ ઇવાન ઇવાનિચને ચાલવામાં બીક લાગતી હતી. બીમ ફરી ઇવાન ઇવાનિચની પાસે બેસી ગયો અને ધીરેથી કિકિયારી કરી.

"સારું બીમ, ચાલ, પ્રયત્ન કરીએ," ઇવાન ઇવાનિચ જેમ તેમ કરીને બબડયો અને બહુ જ સાવધાનીથી પથારી પર ઊઠી બેઠો.

તે થોડી વાર ખાટલાના કિનારા પર બેસી રહ્યો પછી ઊઠયો અને એક હાથ દિલ પર રાખી તથા બીજાને દીવાલનો ટેકો લેવા માટે આગળ લંબાવી બારણા તરફ ચાલ્યો. બીમ પોતાના દોસ્ત પર નજર ટેકવી તેની સાથે સાથે ચાલ્યો અને એ દરમિયાન તેણે એક વાર પણ પોતાની પૂંછડી ન પટપટાવી. આ ઠીક છે, તે જાણે કહી રહ્યો હતો, ગભરા નહિ, ધીમે ધીમે આગળ વધો.

દાદરા પાસે પહોંચીને ઇવાન ઇવાનિચે પોતાના પાડોશીના ઘરની ઘંટડી વગાડી અને જ્યારે નાની છોકરી લ્યૂસ્યા આવી ત્યારે તેણે તેને કંઈક કહ્યું. તે દોડતી દોડતી પોતાના ઓરડામાં ગઈ અને એક વૃદ્ધ મહિલા સાથે પાછી આવી જેનું નામ સ્તેપાનોવ્ના હતું. જેમ જ ઇવાન ઇવાનિચે પેલો શબ્દ "ટુકડો" કહ્યો તેમ જ તેણે ભાગદોડ શરૂ કરી દીધી, તેણે તેનો હાથ પકડયો અને તેને પાછો ઓરડામાં લઈ આવી.

"તમારે સૂઈ જવું જોઈએ, ઈવાન ઈવાનિચ, હા, પથારીમાં," તેણે કહ્યું અને જ્યારે તે ચત્તો સૂઈ ગયો ત્યારે તેણે પોતાની વાત પૂરી કરી. "તમારે હાલવું ન જોઈએ." તેણે મેજ પરથી ચાવીઓ ઉઠાવી અને જેટલી ઝડપથી ઘરડી સ્ત્રીઓ દોડી શકે છે તેટલી ઝડપથી લગભગ દોડતી દોડતી બહાર નીકળી ગઈ.

હા, બીમે પથારી પર સૂવાના આદેશને એવી રીતે માન્યો જાણે તે તેની ઉપર જ લાગુ થતો હોય. તે ખાટલાની બાજુમાં બારણા તરફ નજર કરી સૂઈ ગયો. તેના માલિકની દુઃખદ સ્થિતિ, સ્ત્રીની ચિંતા અને મેજ પરથી ચાવીઓ ઉઠાવવાની રીત—આ બધું બીમની સમજણમાં ન આવ્યું અને તે દુવિધાની સ્થિતિમાં પડી ગયો હતો.

થોડી જ વારમાં તાળામાં ચાવી લગાડવાનો અવાજ સંભળાયો. ખટક અવાજ થયો અને બારણું ખૂલ્યું. પરસાળમાં અવાજો સંભળાયા અને સ્તેપાનોવ્ના અંદર આવી અને તેની પાછળ કોટ પહેરેલાં અપરિચિતો આવ્યાં—બે સ્ત્રીઓ અને એક પુરુષ. તેમની ગંધ બીજા લોકોથી ભિન્ન હતી અને થોડી થોડી દીવાલ પર લટકતા પેલા ખોખા જેવી લાગતી હતી જેને તેનો માલિક ત્યારે ખોલતો જ્યારે તે કહેતો: "મારી સ્થિતિ સારી નથી બીમ સારી નથી."

પુરુષ ખાટલા પાસે આવ્યો, પણ...

બીમ જાનવરની જેમ ઉપર ચઢ્યો, તેણે પોતાનાં પંજા તેની છાતી પર મૂકી દીધાં અને જોરદાર અવાજે બે વાર ભસ્યો.

"નીકળી જાઓ!" ભસવાનો અર્થ હતો.

તે વ્યક્તિ બીમને ધકેલીને પાછી કૂદી, સ્ત્રીઓ પાછી બારણા તરફ ભાગી અને બીમ ખાટલા પાસે બેસી ગયો. તેનું અંગેઅંગ થરથર કાંપી રહ્યું હતું. સ્પષ્ટ હતું કે તે આવી સંકટભરી અવસ્થામાં અપરિચિતોને પોતાના દોસ્તની નજીક આવવા દેવાનો બદલે પોતાનો જીવ કુર્બાન કરવા માટે તૈયાર હતો.

બારણા પર ઊભેલા ડૉક્ટરે કહ્યું:

"કેવો કૂતરો છે! હવે આપણે શું કરવું જોઈએ?"

ઈવાન ઈવાનિચે બીમને પાસે બોલાવ્યો અને થોડાંક વળીને તેનું માથું પંપોળ્યું. બીમ પોતાના ખભેથી દોસ્તની સાથે સટી ગયો અને તેની ગરદન, ચહેરો તથા હાથ ચાટયાં...

"મારી પાસે આવો," ઈવાન ઈવાનિચે ડૉક્ટરની તરફ જોતાં ધીમેથી કહ્યું.

ડૉક્ટર તેના ખાટલા નજીક આવ્યો.

"મને તમારો હાથ આપો."

ડૉક્ટરે તેની સાથે હસ્તધૂનન કર્યું.

"તમે કેમ છો?"

"તમે કેમ છો?" ડૉક્ટર કહ્યું.

બીમે ડૉક્ટરના હાથને નાકથી ઘસ્યૂ જેનો અર્થ હતો, "સારું, ઠીક છે. મારા દોસ્તનો દોસ્ત મારો દોસ્ત છે."

એક સ્ટ્રેચર અંદર લાવવામાં આવ્યું. ઈવાન ઈવાનિચને તેની પર સુવાડવામાં આવ્યો અને તેણે કહ્યું:

"સ્તેપાનોવ્ના... શું તમે બીમનું ધ્યાન રાખશો? તેને સવારે બહાર જવા દેજો. તે જલદી જ પોતાની મેળે પાછો આવી જાય છે... બીમ મારી રાહ જોશે." અને બીમને તેણે કહ્યું: "તારે રાહ જોવી જોઈએ... રાહ."

બીમ "રાહ"નો અર્થ જાણતો હતો. બહાર એક દુકાનમાં તેને બેસવા અને રાહ જોવા માટે કહેવામાં આવતું હતું. જ્યારે તેઓ બહાર શિકારે જતાં ત્યારે તેને હંમેશાં થેલાની પાસે બેસીને રાહ જોવાનું કહેવામાં આવતું હતું. એટલા માટે હવે તેણે હળવા સ્વરમાં કૂં-કૂં અવાજ કર્યો અને સાથે સાથે પોતાની પૂંછડી પણ હલાવી જેનું તાત્પર્ય હતું: "હા, મારો દોસ્ત પાછો આવશે! અત્યારે તે જઈ રહ્યો છે પણ જલદી જ પાછો આવશે."

તેની વાતને માત્ર ઈવાન ઈવાનિચ જ સમજ્યો. બાકી બધાં વિચારમાં પડી ગયાં હતાં. જે તેમની આંખો પરથી સ્પષ્ટપણે દેખાઈ આવતું હતું. બીમ સ્ટ્રેચરની બાજુમાં બેસી ગયો અને તેણે પોતાનો પંજો તેની પર મૂકી દીધો. ઈવાન ઈવાનિચે તેનાં પંજાને દબાવ્યો:

"રાહ જોજે, બેટા, રાહ જોજે."

અને પછી કંઈક એવું થયું જે બીમે પહેલાં કદી જોયું નહોતું. તેનાં માલિકની આંખોમાંથી જળની મોટી મોટી બુંદો ટપકી પડી.

જ્યારે સ્ટ્રેચર બહાર લઈ આવવામાં આવ્યું અને બારણામાં ચાવી

ફેરવી લેવામાં આવી ત્યારે બીમ નીચે બારણા પાસે સૂઈ ગયો. તેણે પોતાનાં આગલાં પંજા ફેલાવી દીધાં અને માથાને પાછળની તરફ વાળી ફર્શ પર રાખી દીધું. કૂતરા આવી રીતે ત્યારે જ સૂઈ જાય છે જ્યારે તેઓ વ્યાકુળ હોય છે કે પછી તેમને વેદના થતી હોય છે. તથ્ય એ છે કે તેઓ બહુધા આવી જ સ્થિતિમાં મરે છે.

પણ બીમ આંધળી વ્યક્તિના એવા માર્ગદર્શી કૂતરાની જેમ વ્યાકુળ નહોતો જે પોતાના માલિકની કબર પાસે ગયો હતો, જેણે ખાવાનું ખાવાનો ઈનકાર કર્યો હતો અને જે પાંચમા દિવસે સૂર્યોદયના સમયે મરી ગયો હતો. આ એક સાચી કહાણી છે.

ના, બીમ મર્યો નહિ. બીમને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું: "રાહ જોજે!" તેને દૃઢ વિશ્વાસ હતો કે તેનો દોસ્ત પાછો આવશે. આવું પહેલાં પણ બન્યું છે જ્યારે તેના દોસ્તે તેને રોકાવા માટે કહ્યું હતું. તેનું આવવાનું નિશ્ચિત છે.

રાહ જોવી! હવે બીમના જીવનનો સંપૂર્ણ ઉદ્દેશ્ય આ જ હતો.

પણ તે રાત્રે ઓરડામાં એકલા રહેવું કેટલું સંતાપકારી, કેટલું પીડાદાયી હતું! કોઈક વસ્તુનો અભાવ હતો. પેલા સફેદ ડગલાઓ-માંથી વિપત્તિની ગંધ આવી રહી હતી. અને બીમ હતાશાની હદ સુધી હેરાન થઈ ગયો.

અડધી રાત્રે જ્યારે ચંદ્રોદય થયો ત્યારે આ સ્થિતિ તેની સહન શક્તિથી બહાર થઈ ગઈ. જ્યારે તેનો માલિક ઘરમાં હોતો ત્યારે પણ ચન્દ્રમાને જોઈને બીમને ચિંતા થવા લાગતી હતી. તેની આંખો હતી, તે મૃત આંખો હતી, તેમ છતાં પણ તે હંમેશાં તાકતી રહેતી હતી. તેની રોશની પણ મૃત હતી અને બીમ તેને જોઈ અંધારા ખૂણામાં સરકી જતો હતો. અને અત્યારે પેલી વિચિત્ર તાકતી આંખોએ તેને ભયાક્રાંત કરી દીધો અને તે ડરથી કાંપવા લાગ્યો. તેને દિલાસો આપવા માટે તેનો માલિક ત્યાં નહોતો. એટલા માટે ઘોર રાત્રિના સૂનાપનમાં તે કૂં-કૂં કરીને ક્રંદન કરવા લાગ્યો. તે એક એવું દીર્ઘસ્વર પૂર્ણ આક્રંદન હતું જાણે કોઈ મોટી મુસીબત તૂટી પડી હોય. તેને વિશ્વાસ હતો કે કોઈ તેનો અવાજ સાંભળશે અને કદાચ તેનો માલિક પણ સાંભળી લે.

બારણું ખૂલ્યું અને સ્તેપાનોવ્ના અંદર આવી.

"શું વાત છે, બીમ? તને ઈવાન ઈવાનિચની ઊણપ સાલે છે, એમ ખરું ને? હે ભગવાન, કેવી ખરાબ વાત છે."

બીમે જવાબ આપવાની વાત તો દૂર પૂંછડી પણ ન હલાવી. તે માત્ર બારણા તરફ તાકતો રહ્યો. સ્તેપાનોવ્ના એ બત્તી જલાવી અને બહાર જતી રહી. રોશની થવાથી કંઈક સારું થઈ ગયું કારણ કે એમ લાગતું હતું કે ચંદ્રમાં કંઈક પાછળ હટી ગયો છે અને પહેલાં કરતાં નાનો થઈ ગયો છે. બીમ ચન્દ્રમાની તરફ પીઠ રાખી રોશનીની એકદમ નીચે સૂઈ ગયો. પણ થોડી વાર પછી તે ફરી બારણા પાસે આવી ઊભો—રાહ જોતો.

સવારે સ્તેપાનોવ્ના થોડા ઘઉંના ફાડા લઈને આવી અને તેણે તે બીમના વાસણમાં નાંખ્યા. પણ બીમ પોતાની જગ્યાએથી હાલ્યો પણ નહિ. પેલા માર્ગદર્શક કૂતરાની પણ આ જ દશા થઈ હતી—ભોજન પણ તેને ઉત્સાહિત ન કરી શક્યું.

"જરા જુઓ આને—કૂતરામાં પણ કેવી ભાવના છે! આ શું અવિશ્વસનીય નથી? બીમ, જા ફરી આવ," અને તેણે બારણું ખોલી દીધું. "જા, ફરવા જા."

બીમે પોતાનું માથું ઊઠાવીને વૃદ્ધ સ્ત્રીને ધ્યાનપૂર્વક જોઈ. તે "ફરવાનો" અર્થ જાણતો હતો. આનો અર્થ હતો સ્વતંત્રતા. અને "જા, ફરવા જા"નો અર્થ હતો પૂર્ણ સ્વતંત્રતા. હા, બીમ નિશ્ચિત રૂપે જાણતો હતો કે સ્વતંત્ર થવાનો મતલબ પોતાના માલિકનાં આદેશનું પાલન કરવાનું છે. પણ અહીં તેનો માલિક નહોતો. એટલા માટે જ્યારે તેને "જા, ફરવા જા" કહેવામાં આવ્યું ત્યારે તે કઈ જાતની સ્વતંત્રતા હતી?

સ્તેપાનોવ્ના એ નહોતી જાણતી કે કૂતરાની સાથે કેવી રીતે વર્તાવ કરવો જોઈએ. તે એ પણ નહોતી જાણતી કે બીમ જેવાં કૂતરાં શબ્દો વગર પણ સમજી જાય છે અને જે શબ્દો તેઓ જાણે છે તેનાં ઘણાં ભિન્ન ભિન્ન અર્થો હોય છે જે ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ પર નિર્ભર કરે છે. એટલા માટે તેણે માત્ર આમ કહ્યું.

"જા તું ઘઉંના ફાડા ખાવા ન ઈચ્છતો હોય તો જા પોતાના માટે કંઈક શોધી કાઢ. કૂતરાં તો ક્યારેક ક્યારેક ઘાસ પણ ખાય છે. કે પછી તું કેટલાંક ટુકડાં ક્યાંક શોધી શકે છે." (તેને એ વાતનું

કોઈ ભાન નહોતું કે બીમ કચરાંનાં ડબ્બાઓ નજીક કદી નથી ગયો), "જા, તેને શોધ."

બીમ ઊઠયો અને તેણે પોતાનું શરીર હલાવ્યું. આ બધું શું છે? "શોધો?" તેણે શું શોધવું જોઈએ? "શોધો"નો અર્થ છે પનીરનાં સંતાડેલાં ટુકડાને શોધવા, શિકારની શોધ કરવી કે કોઈ એવી વસ્તુને શોધવી જે ખોવાઈ ગઈ છે કે છુપાઈ ગઈ છે. "શોધો" કહેવું એક આદેશ હતો. તેને શું શોધવાનું હતું, તે બીમ સ્થિતિ અનુસાર ચાલતાં ચાલતાં નક્કી કરતો હતો. પ્રશ્ન એ હતો કે હવે તેને શું શોધવાનું હતું. તેણે આ બધી વાતો પોતાની આંખો દ્વારા, પોતાની પૂંછડી દ્વારા અને પોતાનાં આગલાં પંજાને ઉપર નીચે કરીને સ્તેપાનોવ્નાને કહી પણ તેને કંઈ સમજણ ન પડી. તેણે માત્ર ફરીથી એ જ કહ્યું: "જા, ફરવા. જા શોધ."

બીમ એક ઝપાટે બારણામાંથી બહાર નીકળ્યો અને વીજળી વેગે દોડતો દાદરો ઊતર્યો અને ભાગતો ભાગતો કંપાઉન્ડ તરફ નીકળી પડયો. તેને ખબર હતી કે શું શોધવાનું છે—પોતાના માલિકને! તેના સિવાય બીજું કંઈ મહત્ત્વપૂર્ણ નહોતું! આ હતી તે જગ્યા જ્યાં સ્ટ્રેચર મૂકવામાં આવ્યું હતું. ત્યાં સફેદ ડગલાવાળાં પેલાં લોકોની હળવી ગંધ હજી પણ શેષ હતી. કંપાઉન્ડમાં કોઈ ગાડીની ગંધ હતી. બીમ ગોળાકારે ઘૂમ્યો અને પછી તેની વચ્ચે આવી ગયો. ઓછામાં ઓછું પ્રતિભાસમ્પન્ન કૂતરો પણ આવું જ કરતો. પછી એ જ ગંધ તે એ ગંધની પાછળ પાછળ સડક પર પહોંચ્યો પણ ખૂણામાં પહોંચતાં જ ગંધ ગાયબ થઈ ગઈ. ત્યાંથી આગળ આખા રસ્તે રબરની જેવી એક જ ગંધ હતી. મનુષ્યોએ છોડેલાં ચિહ્નો અગણિત અને ભિન્ન ભિન્ન હોય છે પણ ગાડીઓ અને ખટારાઓ બધાં એક જ ગંધમાં સમાઈ જાય છે. પણ કંઈ વાંધો નહિ, જે ગંધ તે ઇચ્છતો હતો તે તેને કંપાઉન્ડની બહાર આ ખૂણા સુધી લાવી છે એટલા માટે આ જ એ દિશા છે જે તેને પકડવી જોઈએ.

બીમ આખે રસ્તે દોડતો ગયો, પછી બીજા રસ્તે ગયો, ઘેર પાછો ફર્યો અને તે તે જગ્યાઓમાં શોધ કરી જ્યાં તે અને ઈવાન ઈવાનિચ ફરતાં હતાં. પણ ત્યાં હવે કોઈ પદચિહ્નો નહોતાં. દૂર ક્યાંક એક ચોકોર ટોપી પર તેની નજર જરૂર પડી, તે તેની પાછળ

દોડયો પણ તે કોઈ બીજો જ માણસ નીકળ્યો. સારી રીતે દેખ્યાભાળ્યા પછી તે એ નિષ્કર્ષ પર પહોંચ્યો કે ચોકોર ટોપી પહેરીને ઘણાં બધાં લોકો હરે છે, ફરે છે. તે કેવી રીતે જાણી શકતો હતો કે એ શરદ્કાળમાં પુરુષોનું દુકાનોમાં ઉપલબ્ધ એક માત્ર શિરોવસ્ત્ર ચોકોર ટોપીઓ જ હતું. તેથી તે હર કોઈની પસંદ હતી. તેણે આ વાત પર પહેલાં કદી ધ્યાન નહોતું આપ્યું કારણ કે કૂતરાં સામાન્યપણે એક વ્યક્તિના પોશાકના નીચેનો ભાગ જ જુએ છે (અને યાદ રાખે છે). આ એક એવી વસ્તુ છે જે તેમને વરુઓ પાસેથી પ્રકૃતિ તરફથી ઉત્તરાધિકારમાં મળી છે, શતાબ્દીઓના અનુભવ દ્વારા પ્રાપ્ત થઈ છે ઉદાહરણ માટે જો કોઈ શિકારી કોઈ એવી ઘીચ ઝાડીની પાછળ ઊભો રહે જેનાથી તે માત્ર કમર સુધી ઢંકાયેલો રહે તો એક લોંકડી તેને તે જ્યાં સુધી હાલે નહિ કે હવાથી તેની ગંધ લોંકડી સુધી ન પહોંચે ત્યાં સુધી નહિ જોઈ શકે. એટલા માટે બીમે એ નિષ્કર્ષ કાઢયો કે ઉપરી ભાગમાં જોવું વ્યર્થ છે, કારણ કે લોકોનાં માથા કંઈક એવી રીતે બનેલાં હોઈ શકે છે કે બધાં એક જેવાં દેખાય.

તે દિવસ સ્વચ્છ ઉઘાડવાળો હતો. કેટલાક રસ્તાઓ પર ક્યાંક ક્યાંક પાંદડાંઓનાં ઢગલાં પડેલાં હતાં અને કેટલાંકમાં પાંદડાં વિખરાયેલાં હતાં. આવી સ્થિતિમાં જો તેના માલિકની ઓછામાં ઓછી ગંધ પણ ક્યાંક હોત તો બીમ તે જરૂર પારખી જતો. પણ ત્યાં કંઈ જ નહોતું.

બપોરે સુધીમાં બીમ હતાશ થવા લાગ્યો. અચાનક એક કંપાઉન્ડમાં તેને સ્ટ્રેચરની ગંધ મળી. ત્યાં એક સ્ટ્રેચર ઊભું હતું. પછી તેને એક બીજી દિશામાંથી પણ એવી જ ગંધ મળી. બીમ તેની પાછળ પાછળ એવી રીતે ચાલ્યો જાણે કે સુપરિચિત રસ્તે જઈ રહ્યો હોય. દ્વારનાં દાદરાં ઉપરથી પણ સફેદ ડગલાં પહેરેલાં પેલાં લોકોમાંથી આવતી હતી એવી જ ગંધ આવી રહી હતી. બીમે બારણું ખોતર્યું. સફેદ ડગલો પહેરેલી એક છોકરીએ બારણું ખોલ્યું અને બીમને જોતાં જ ગભરાઈને પાછી ખસી ગઈ. પણ બીમે જેટલી રીતે કરી શકતો હતો તેટલી રીતે તેનું સ્વાગત કર્યું અને પૂછ્યું: "શું ઈવાન ઈવાનિચ અહીં છે?"

"ભાગી જા!" તે બરાડી અને બારણું બંધ કરી લીધું. પણ ક્ષણવાર પછી તેણે બારણું ફરીથી થોડું ખોલ્યું અને બૂમ પાડીને બોલી: "પેત્રોવ! પેલા કૂતરાને ભગાવ નહિ તો મારો અધિકારી આવીને મને લડશે અને કહેશે: 'આ શું છે—કૂતરાઘર કે તાત્કાલિક સારવાર મથક?' મહેરબાની કરીને તેને બહાર કાઢો!"

કાળો લાંબો ડગલો પહેરેલ એક માણસ ગેરાજમાંથી બહાર આવ્યો અને તેને એમ કરવાનું જ હતું એટલા માટે અત્યંત ખુશમિજાજી સાથે પણ ખરેખર આળસપૂર્વક બોલ્યો:

"એ જંગલી, જા ચાલ્યો જા, ભાગી જ!"

બીમને "અધિકારી" "કૂતરાંઘર", "નીકળવું", "લઢવું" કે "તાત્કાલિક સારવાર મથક" જેવાં શબ્દો જરાપણ નહોતાં આવડતાં પણ "જા, ચાલ્યો જા" અને "ભાગી જા" શબ્દોનો અર્થ તથા તે બોલવાના ઢંગને તે સારી રીતે સમજતો હતો. આ બાબતમાં બીમને મૂરખ નહોતો બનાવી શકાતો હતો. એટલા માટે તે કેટલાંક ડગલાં દૂર સુધી ભાગ્યો અને બેસીને બારણા તરફ જોવા લાગ્યો. જો કોઈને એ ખબર હોત કે બીમ શું શોધી રહ્યો છે તો તેની મદદ કરી હોત. જોકે ઈવાન ઈવાનિચને તત્કાલિક સારવાર કેન્દ્રમાં નહિ પણ સીધા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પણ તમે આ બાબતમાં શું કરી શકો છો જ્યારે કૂતરાં લોકોની વાતો સમજી લે છે પણ લોકો કૂતરાંને કે પછી એક બીજાને પણ હંમેશાં નથી સમજી શકતાં. પણ જે કંઈ હોય આ જાતનાં ગહન વિચાર બીમની સમજથી બહારનાં હતાં. તે એ રહસ્યને પણ ન સમજી શક્યો કે જ્યારે તેણે તદ્દન ઈમાનદારી અને વિશ્વાસપૂર્વક બારણાને ખોતર્યો હતો ત્યારે તેઓ તેને અંદર કેમ નથી આવવા દેતાં. તે બારણાની પેલે પાર તેના દોસ્તને મળવાની હર સંભાવના છે.

બીમ પાંદડાંઓવાળી લાઈલાકની ઝાડી પાસે સાંજ સુધી બેસી રહ્યો. એમ્બ્યુલંસો આવતી અને સફેદ ડગલાવાળાં લોકો તેમાંથી ઊતરતાં, તેઓ કાં તો લોકોને ચાલવામાં મદદ આવતાં હતાં કે પછી તેમની પાછળ પાછળ ચાલતાં હતાં; ક્યારેક ક્યારેક કોઈને સ્ટ્રેચર સમેત એમ્બ્યુલંસમાંથી કાઢીને લઈ જવામાં આવતું હતું, આવા મોકા પર બીમ નજીક આવીને ગંધનું પરીક્ષણ કરતો: પણ ના આ

તે નથી. સાંજ પડતાં સુધી બીજાં લોકોએ આ કૂતરામાં રસ લેવાનું શરૂ કરી દીધું. કોઈ વ્યક્તિ તેના માટે સોસેજનો ટુકડો લઈ આવી—બીમ તેને અડયો પણ નહિ. કાળા લાંબા ડગલાવાળો પેલો માણસ કેટલીયે વાર ત્યાંથી પસાર થયો, સહાનુભૂતિ સાથે બીમને જોવા માટે રોકાયો અને તેણે પોતાનો પગ ન પટક્યો. બીમ એક મૂર્તિની જેમ બેઠો હતો. અને કોઈને કંઈ નહોતી કહી રહ્યો. તે રાહ જોઈ રહ્યો હતો.

જ્યારે સાંજ ઢળી ત્યારે તેને અચાનક એ ખ્યાલ આવ્યો કે તેનો માલિક ઘરમાં જ હોઈ શકે છે તે આવેગપૂર્ણ ગતિએ દોડતો ઘર તરફ નીકળી પડયો.

તે નગરની વચ્ચેથી ગયો, સુંદર સાફ સુથરો કૂતરો જેનો એક કાન કાળો હતો. જે કોઈ તેને જોતું એ જ કહેતું હતું: "કેટલો સરસ શિકારી કૂતરો છે!"

બીમે પોતાના ઘરના બારણે આવીને ખોતર્યું પણ તે ન ખૂલ્યું. ત્યારે તે ગોળમટોળ દડાની જેમ બની બારણા પાસે જ સૂઈ ગયો. તે ન તો ખાવા ઈચ્છતો હતો ન તો પીવા. તેને કંઈ નહોતું જોઈતું. તે પૂર્ણતયા વિષાદયુક્ત હતો.

સ્તેપાનોવ્ના પોતાના ફ્લેટમાંથી બહાર આવી.

"તો તું અહીં છે, બિચારો?"

બીમે માત્ર એક જ વાર પૂંછડી હલાવી (હા, હું અહીં છું).

"સારું તો, લે રાતનું ખાવાનું ખાઈ લે." તેણે સવારના ફાડા તેની તરફ સરકાવ્યા.

બીમ તેને અડયો પણ નહિ.

"હા, હું જાણતી હતી તેં ખાઈ લીધું છે ને? બહુ ડાહ્યો. હવે જા સૂઈ જા." અને તેણે બારણું બંધ કરી દીધું.

તે રાત્રે બીમે ક્રંદન ન કર્યું. પણ તે બારણા પાસેથી એક તસુ પણ આમતેમ ન ખસ્યો. તેને રાહ જોવા માટે, રોકાવાને માટે કહેવામાં આવ્યું જો હતું!

બીજા દિવસે સવારે તેને ફરી ચિંતા થઈ. તેને જવું જ પડશે, પોતાના દોસ્તને શોધવા માટે! શોધો! તેના માટે જીવનનો અર્થ એ જ હતો. જ્યારે સ્તેપાનોવ્નાએ તેને બહાર જવા દીધો ત્યારે તે

સીધો સફેદ ડગલાવાળાની તરફ દોડી ગયો. પણ આ વખતે એ ભારે ભરખમ રુઆબદાર માણસ બધાં લોકો ઉપર બરાડયો અને "કૂતરો-કૂતરો" શબ્દ ફરીને ફરી બોલતો ગયો. બીમ પર પથરાં ફેંકવામાં આવ્યાં, જોકે ફેંકનારાઓનો હેતુ તેને ચોટ પહોંચાડવાનો નહોતો. તેને લાકડીઓ પણ બતાવવામાં આવી. અને અંતમાં કોઈએ એક પાતળી લાંબી લાકડીથી એક સપાટો મારી જ દીધો. આ અત્યંત પીડાદાયક હતું. બીમ દૂર ભાગીને બેસી ગયો પણ થોડી વાર પછી તેણે દેખીતી રીતે એ તારણ કાઢ્યું કે તેનો માલિક ત્યાં ન હોઈ શકે અન્યથા તેઓ તેને આટલી નિર્દયતાપૂર્વક ભગાડી શકતાં નહોતાં. એટલા માટે અકારણ જ સતાવાયેલો તે ઉદાસ, એકલો, અટૂલો કૂતરો ચૂપચાપ ત્યાંથી ખસી ગયો.

તે એક વ્યસ્ત રસ્તે પહોંચ્યો. લોકોનાં ઝુંડનાં ઝુંડ થોડી થોડી વાતો કરતાં ચાલતાં જ જઈ રહ્યાં હતાં. બધાંને ઉતાવળ હતી અને આવનારા-જનારાંઓનો પ્રવાહ અંતહીન હતો. બીમે વિચાર્યું હશે: "કદાચ તે આ રસ્તેથી પસાર થશે!" તેથી તે કોઈ વિશેષ આધાર વિના જ એક છાંયડાવાળા ખૂણામાં બેસી ગયો. તે ખૂણો એક ફાટકથી કંઈ વધારે દૂર નહોતો. તે બેઠાં-બેઠાં દરેક પસાર થનારાંને જોવા લાગ્યો.

જે પહેલી વસ્તુ ઉપર તેણે ધ્યાન આપ્યું તે એ હતી કે તે બધાંમાંથી મોટરગાડીઓમાંથી નીકળેલા ગેસની ગંધ આવતી હતી અને વધી ઘટી તીવ્રતાવાળી અન્ય ગંધોને વીંધીને તેને આવવું પડતું હતું.

એક લાંબો પાતળો માણસ લગભગ પૂરી ઘસાયેલી એડીઓવાળાં બૂટ પહેરીને અને દોરાની જાળીવાળી થેલીમાં બટાકા લઈને આવી રહ્યો હતો. તેનો માલિક પણ આવી જ થેલી લઈને જતો હતો. તે માણસ બટાકા લઈ જઈ રહ્યો હતો પણ તેનામાંથી તમાકુની ગંધ આવી રહી હતી અને તે ઝડપથી એવી રીતે ચાલી રહ્યો હતો જાણે તેને કોઈને પકડી પાડવાનું હોય. પણ આ એક ભ્રમ હતો. તેઓ બધાં શોધી રહ્યાં હતાં, જેવી રીતે બીમ દૂર દૂર મેદાનોમાં ક્યારેક આમ ક્યારેક તેમ શિકારની શોધ કરતો હતો તેવી રીતે તેઓ પણ શોધી રહ્યાં હતાં. નહિ તો રસ્તા પર ભાગતાં જવાની ક્યારેક આ

બારણે અને ક્યારેક પેલા બારણે જવાની અને પછી ઝડપથી નીકળીને બહાર આવવાની શી જરૂર હતી?

"કેમ છે, કાળા કાન!" પેલા લાંબા પાતળા માણસે પસાર થતી વખતે કહ્યું.

"સારું!" બીમે પોતાની પૂંછડીની માત્ર એક જ હરકત દ્વારા ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો. તેનું ધ્યાન હજી પણ આવતાં જતાં લોકો પર કેન્દ્રિત હતું.

પછી મજૂરનાં કપડાં પહેરેલ એક માણસ આવ્યો. તેનામાંથી દીવાલને (ભીની દીવાલને) ચાટતી વખતે આવે છે તેવી ગંધ આવી રહી હતી. તે પગથી માથા સુધી સિલેટી સફેદ હતો તેણે એક ભારે થેલો અને એક એવી લાંબી લાકડી પકડેલ હતાં જેના મથાળે એક નાની દાઢી લાગેલી હતી.

"તું અહીં શું કરી રહ્યો છે?" તેણે ત્યાં રોકાઈને બીમને પૂછ્યું. "પોતાના માલિકને માટે રોકાયો છે? કે તેની રાહ જુએ છે?"

"હું રાહ જોઈ રહ્યો છું," બીમે પોતાનાં આગલાં પંજાને ઉપરનીચે હલાવતાં કહ્યું.

"સારું તો આ લે." તેણે પોતાના થેલામાંથી કાગળની એક થેલી કાઢી બીમની સામે એક મિઠાઈ મૂકી અને તેના કાળા કાનને પંપાળ્યો. "આ ખાઈ જા!" (બીમ મિઠાઈને અડયો પણ નહિ). "તો તું સુશિક્ષિત છે, કેમ ખરું ને! બૌદ્ધિક છે! કોઈ બીજાની થાળીમાંથી નહિ ખાય." અને તે માણસ શાંતિથી આગળ વધી ગયો, તે બીજાં લોકો જેવો નહોતો.

બીજું કોઈ ભલે કંઈ પણ કેમ ન વિચારે, બીમના માટે તે એક ભલો માણસ હતો. તે જાણતો હતો કે "રાહ જોવા"નો અર્થ શો છે, તેણે આ કહ્યું એટલા માટે તે બીમની વાત સમજી ગયો.

એક બહુ જાડો માણસ એક જાડી લાકડી લઈને, જાડાં કાળાં ચશ્માં પહેરીને અને જાડું ફોલ્ડર પકડીને આવ્યો, તેની પાસેની દરેક વસ્તુ જાડી અને ભારે હતી. તેના શરીરમાંથી જેની પર ઈવાન ઈવાનિચ પોતાની નાનકડી લાકડી વડે ફુસફુસિયાં કરતો હતો એવી જ જાતનાં કાગળોની ગંધ આવી રહી હતી. આ ઉપરાંત તેનામાંથી

લોકો જેને પોતાનાં ખિસ્સાઓમાં રાખે છે તેવાં પીળાં કાગળનાં ટુકડાંઓની પણ ગંધ આવી રહી હતી. તે બીમની સામે રોકાયો અને બોલ્યો:

"ઉફ્! આપણે ક્યાં જઈ રહ્યાં છીએ. તરુ વિથિઓમાં કૂતરાં.

કંપાઉન્ડનો એક સફાઈ કર્મચારી હાથમાં ઝાડૂ લઈને ફાટકમાંથી બહાર આવ્યો અને જાડા ભાઈની બાજુમાં ઊભો રહી ગયો. જાડા ભાઈનો બડબડાટ ચાલુ હતો અને તેની આંગળી બીમ તરફ ઊઠેલી હતી:

"તું જોઈ શકતો નથી! તે તારા ઈલાકામાં છે. છે કે નહિ?"

"હું જોઈ શકું છું."

કંપાઉન્ડના એ માણસે પોતાના ઝાડૂને ઊઠાવીને જમીનમાં ગાડયું અને તેનો ટેકો લઈ ઊભો રહ્યો.

"તું કશું જ નથી જોઈ શકતો," જાડા ભાઈએ ચિઢાઈને કહ્યું. "આ જાનવર મિઠાઈ સુદ્ધાં નથી ખાતું તે બહુ મિઠાઈ ખાઈને બેઠો છે. ક્યાં સુધી આમ ચાલશે?" તે અવાચક્ થઈ ગયો હતો.

"તો ન ચાલો," કંપાઉન્ડના સફાઈ કાર્મચારીએ કહ્યું તથા નિતાંત અવજ્ઞાપૂર્વક એટલું બીજું જોડી દીધું: "તું તો જાણે હાડકાં અને ચામડી સિવાય કંઈ છે જ નહિ. ગરીબ બિચારો!"

"શું તું મારી બદનામી કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે?" જાડા ભાઈએ લઢીને પૂછ્યું.

ત્રણ જુવાન છોકરાં આવીને ઊભાં થઈ ગયાં અને કોઈ કારણવશ જાડારામ અને બીમને જોઈને હસવા લાગ્યાં.

"એમાં હસવાની શી વાત છે? હું તેને આ કૂતરા વિષે કહી રહ્યો છું! એક હજાર કૂતરાં બે કે ત્રણ કિલો માંસ રોજ ખાઈ જાય છે—આ થયું બે કે ત્રણ ટન માંસ પ્રતિદિન. સમજ્યાં આ કુલ મળીને કેટલું થાય છે?"

એક છોકરાએ જવાબ આપ્યો:

"એક ઊંટ તો ત્રણ કિલો નહિ ખાઈ શકે."

સફાઈ કર્મચારીએ શાંતિપૂર્વક સુધારો કર્યો:

"ઊંટ માંસ નથી ખાતા." અચાનક તેણે પોતાના ઝડૂની પકડ બદલી અને ડામરનાં રસ્તા પર બિલકુલ જાડારામની સામે ઊતાવળે

ઝાડયું. "અરે હટો, દૂર હટો. હવે જુઓ, મેં શું કહ્યું હતું, મહાશય, ભેજાગેપ સાહેબ!"

જાડારામ ગુસ્સામાં થૂંકતાં આગળ વધી ગયા. પેલાં ત્રણે છોકરાંઓ પણ ખડખડાટ હસતાં પોતાને રસ્તે પડયાં. સફાઈ કર્મચારીએ ઝાડવાનું તરત બંધ કરી દીધું, બીમને થાબડયો અને થોડી વાર તેની પાસે ઊભો રહ્યો.

"તું બસ રાહ જો, તે જરૂર આવશે." અને તે ફાટક તરફ ચાલ્યો ગયો.

બીમ આ ઝપાઝપીમાં બોલાયેલા શબ્દોમાંથી માત્ર "માંસ" અને "કૂતરો" શબ્દ જ નહિ પણ જે ઢબે એ બોલવામાં આવ્યાં હતાં તે પણ સમજી ગયો હતો. સૌથી મોટી વાત એ છે કે તેણે દરેક વસ્તુ જોઈ અને આ કોઈ પણ બુદ્ધિમાન કૂતરા માટે આ તથ્યને સમજવા માટે પૂરતું હતું કે જાડારામ જીવનથી અસંતુષ્ટ હતાં અને સફાઈ કર્મચારી સંતુષ્ટ તથા એક ખરાબ સ્વભાવવાળો માણસ હતો જ્યારે બીજો સારાં સ્વભાવનો. તે સમય સુધી બીમ એ જાણી ગયો હતો કે સવારે આમ તેમ આવતાં જતાં પ્રાણી માત્ર કંપાઉન્ડોનાં સફાઈ કર્મચારીઓ અને કૂતરાં હોય છે અને એ કે સફાઈ કર્મચારીઓ કૂતરાંઓને ચાહે છે. કંપાઉન્ડનાં કર્મચારીએ જે રીતે જાડારામને ભગાડયો તે રીત બીમને બહુ ગમી ગઈ. પણ આ નાનકડી ઘટનાથી બીમનું કંઈ ભલું થવાને બદલે તેનાથી કુલ મળીને એટલી વાર સુધી બીમનું માત્ર ધ્યાન જ બીજી જગ્યાએ દોરવાયું. તે એ અનુભવ કરવા લાગ્યો હતો કે લોકો ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે અને તેઓ સારાં કે ખરાબ હોઈ શકે છે. એક રીતે આપણે કહી શકીએ કે આ જ્ઞાન પણ ઉપયોગી વસ્તુ છે. પણ જે કંઈ હોય તે ક્ષણે તેનું બીમને માટે કોઈ મહત્ત્વ નહોતું. તે આવતાં જતાં લોકોને જોવામાં મશગૂલ હતો.

કેટલીક સ્ત્રીઓમાંથી વાસંતી છોડવાંઓનાં ફૂલોની પેલાં સફેદ પુષ્પોની તીવ્ર ગંધ આવી રહી હતી જે ગંધ સંવેદનને રૂંધી દે છે અને બીમને ગંધરહિત બનાવી દે છે. આવા પ્રસંગ પર તે બીજી બાજુ મોં ફેરવી લઈને શ્વાસ રોકી લેતો. ઘણી સ્ત્રીઓનાં હોઠ વરુઓના શિકાર દરમિયાન યુક્ત ઝંડીઓને મળતાં આવતાં હતાં. લગભગ બધી સ્ત્રીઓ કંઈક લઈને ચાલતી હતી. બીમે જોયું હતું

કે પુરુષોની બાબતમાં આવું ઘણી વાર નહોતું. અધિકતર સ્ત્રીઓ પર જ વધારે ભાર હોય છે.

...પણ ઈવાન ઈવાનિચ પ્રગટ ન થયો. અરે મારા દોસ્ત, તું ક્યાં છે?

ભીડનો પ્રવાહ ચાલતો રહ્યો, ચાલતો જ રહ્યો. આ પ્રવાહમાં બીમનો સંતાપ ધીરે ધીરે થોડો ઘટતો ગયો અને તે પોતાની સાવધાની તરફ વધારે ધ્યાન આપવા લાગ્યો. તે દૂર દૂર સુધી નજર દોડાવી જોતો કે ક્યાંક તે જ તો નથી આવી રહ્યો. આજે બીમ અહીં જ રોકાશે, અહીં જ રાહ જોશે!

ત્યારે, બીડેલાં હોઠ, ઉપર ચઢેલું ચપટું નાક તથા બહારની તરફ ઊપસી આવેલી આંખો નીચે ઘેરા ખાડાવાળો એક માણસ ત્યાં આવ્યો.

"શરમની વાત છે શરમની!" તે બરાડ્યો (અને લોકો સાંભળવા માટે ઊભાં થઈ ગયાં). ચારો તરફ ઈન્ફલુએન્ઝા, પ્લેગ-કોલેરા, પેટનું કેંસર ફેલાયેલા છે અને અહીં, આ જુઓ શું છે?" તેણે પોતાનો હાથ ઝાટકીને બીમની તરફ ઈશારો કર્યો. "મેહનતગારોની વચ્ચે રોગોનું ઘર!"

"બધાં કૂતરાં રોગ નથી ફેલાવતાં. જુઓ કેટલો ઉત્તમ કૂતરો છે તે," એક છોકરીએ તેને જવાબ આપ્યો.

નાક ચઢેલાએ તેને માપતાં ઉપરથી નીચે સુધી જોઈ અને ગુસ્સે થઈને મોં ફેરવી લીધું.

"શું જંગલીપણું છે આ! તું માત્ર જંગલી છે, જંગલી છોકરી."

અને ત્યારે... કાશ બીમ એક માણસ હોત! ત્યાં કાકી આવી ધમકી, પેલી "સોવિયેત નારી", પેલી નિંદક. બીમ પહેલાં તો ગભરાઈ ગયો પછી તેણે પોતાની પીઠ પરનાં વાળ ઊંચાં કરી લીધાં અને પ્રતિરક્ષાત્મક સ્થિતિ અપનાવી લીધી. કાકી બડબડ કરતી પેલી નાની ભીડ તરફ આવી જે બીમની ચારે બાજુ થોડી દૂરી પર ઊભી હતી.

"જંગલીપણું તો છે જ! આ કૂતરું મને કરડ્યું હતું. સાચેસાચ કરડ્યું હતું!" અને તેણે ભીડને પોતાનો હાથ બતાવ્યો.

હાથમાં નાની બેગ પકડેલ એક યુવકે પૂછ્યું:

"ક્યાં કરડ્યું હતું, જરા અમને બતાવો."

"તું પોતે હજી બચ્ચું છે!" કાકીએ ઊલટો જવાબ આપ્યો અને પોતાનો હાથ ઝટકા સાથે દૂર કરી લીધો.

ચઢેલા નાક વાળાં સિવાય બધાં હસવા લાગ્યાં.

"બહુ સારું શિક્ષણ મળે છે તને તારી સંસ્થામાં, સાપનું સપોલિયું ક્યાંકનું," તે પેલા વિદ્યાર્થી ઉપર તૂટી પડી. "તું મારી વાતનો, એક સોવિયેત નારીની વાતનો વિશ્વાસ નથી કરતો? તું આગળની જિંદગીમાં કરશે શું? સાથીઓ આપણે ક્યાં જઈ રહ્યાં છીએ કે પછી સોવિયેત સત્તા જેવી કોઈ વસ્તુ છે જ નહિ?"

પેલો યુવક ઉત્તેજિત થઈ ગયો:

"જો તમે એ જાણતાં હોત કે બીજા લોકોને તમે કેવા લાગી રહ્યા છો તો તમને આ કૂતરાથી ઈર્ષ્યા થવા લાગતી," તેણે ક્રોધથી ભડકતાં કહ્યું અને તે સ્ત્રીની તરફ ડગલાં ભર્યાં, "તમને લોકોનું અપમાન કરવાનો શો અધિકાર છે?"

જોકે બીમને કંઈપણ ખબર નહોતી કે આ શબ્દોનો અર્થ શો છે, તેમ છતાં પણ તે વધારે વાર રોકાઈ ન શક્યો. તે પેલી સ્ત્રી તરફ કૂદ્યો. પોતાના પૂરા સામર્થ્યથી જોર લગાવી ભસ્યો અને આગળને માટે આત્મનિયંત્રણની ખાતરી કરવામાં અસમર્થ પોતાના ચારે પંજા પર આવી ઊભો રહ્યો. તે બુદ્ધિમાન તો હતો પણ છેવટે તો હતો કૂતરો જ.

કાકીએ રાડારાડ કરવાનું શરૂ કરી દીધું.

"મિલીશિયા! બચાવો! મિલીશિયા!"

એક સીટી સંભળાઈ અને અવાજ આવ્યો:

"કૃપયા ચાલો આગળ વધો, સજ્જનો ચાલો!" તે મિલીશિયા હતો. (ભાવેશિત હોવા છતાં પણ બીમે પોતાની પૂંછડી સાચેસાચ થોડી હલાવી). "કોણ રાડ પાડતું હતું? તમે હતાં શું?" તેણે કાકીને પૂછ્યું.

"આ જ હતી," વિદ્યાર્થીએ પૂર્તિ કરી.

ચઢેલા નાકવાળાએ હસ્તક્ષેપ કર્યો:

"આ બધું શું છે? તમે શું કરી રહ્યાં હો?" તેણે મિલીશિયાને

7 - 159

ઝડપથી કહ્યું, "કૂતરાં! એક પ્રાદેશિક કેન્દ્રના મુખ્ય રસ્તા પર કૂતરાં!"

"કૂતરાં!" કાકીએ રાડ પાડી.

"અને આના જેવાં જંગલી પિથેકૈંથ્રોપસ વાનર," વિદ્યાર્થીએ બૂમ પાડી.

"તેણે મારી બદનામી કરી છે," કાકીએ લગભગ ડૂસકાં ભરતાં ચિત્કાર કર્યો.

"સારી વાત છે, હવે ભીડ દૂર કરો! અને તમે, તમે અને તમે મારી સાથે ચોકીએ ચલો," તેણે પેલા વિદ્યાર્થી, કાકી અને નાક ચઢેલાં તરફ ઈશારો કરીને કહ્યું.

"અને કૂતરો?" કાકી તીવ્ર અવાજે બરાડીને બોલી, "કૂતરાનું શું થશે?! તમે નિર્દોષ લોકોને ચોકીએ લઈ જાવ છો અને કૂતરાને જવા દો છો..."

"હું નહિ આવું," વિદ્યાર્થીએ અકડાઈને કહ્યું.

ત્યાં જ એક બીજો મિલીશિયા આવી પહોંચ્યો:

"અહીં શું ચાલી રહ્યું છે?"

નીચે ઝૂકેલી ટોપી અને ટાઈ પહેરેલ એક માણસે એક સ્પષ્ટીકરણ રજૂ કર્યું. જે તેના મતમાં સ્પષ્ટત: તર્ક—સમ્મત સ્પષ્ટીકરણ હતું:

"પેલો જે વિદ્યાર્થી છે તે ચોકીએ જવા નથી ઇચ્છતો, તેને જે કહેવામાં આવે છે તે કરતો નથી, પેલાં બંને ઇચ્છે છે, તે નથી ઇચ્છતો, આ આજ્ઞાનું ઉલ્લંઘન છે, અવજ્ઞા છે. આ ખોટી વાત છે. તેને જે કહેવામાં આવે છે તે કરવા માટે તેને વિવશ કરો. તમે નથી જાણતા કે આગળ શું થશે..." અને બીજાં લોકો તરફથી થોડા વળીને તે પોતાના અંગૂઠા વડે કાનને એવી રીતે ખોતરવા લાગ્યો જાણે તેના છિદ્રને મોટું કરવા ઇચ્છતો હોય. સ્પષ્ટ જાહેર હતું કે તેની આ કાન ખોતરવાની ક્રિયા પોતાના ચિંતનની યુક્તિસંગતતા તથા અન્ય બધાં ઉપસ્થિત લોકો—જેમાં મિલીશિયા પણ સમાવિષ્ટ હતો—તેમની સામે પોતાની અસંદિગ્ધ શ્રેષ્ઠતામાં તેમના પૂર્ણવિશ્વાસની એક અભિવ્યક્તિ હતી.

મિલીશિયાએ એક બીજાની તરફ જોયું અને પેલા વિદ્યાર્થીને લઈ ગયા, તેની પાછળ નાક ચઢેલો અને કાકી હતાં. બીજાં લોકો આમ

તેમ સરકી ગયાં અને કૂતરાંની વાત ભૂલી ગયાં. પણ પેલી છોકરી તેને નહોતી ભૂલી. તે બીમની પાસે ગઈ. તેને થાબડયો અને પછી તે પણ મિલીશિયાની પાછળ ચાલવા લાગી. બીમે નિષ્કર્ષ કાઢ્યું હતું તેના પ્રમાણે તે સ્વેચ્છાએ ગઈ હતી. તેણે તેને જતી જોઈ, એક મિનિટ ખચકાયો પછી તેની પાછળ દોડયો અને તેની સાથે ડગલાં ભરતો ચાલવા લાગ્યો.

તેઓ બંને મિલીશિયાની સાથે ચાલ્યાં.

"કાળા કાન, તું કોની રાહ જોઈ રહ્યો હતો?" તેણે પળવાર રોકાઈને બીમને પૂછ્યું.

બીમ હતાશ થઈને બેસી ગયો અને પોતાનું માથું ઝુકાવી લીધું.

"અરે, તારા પેટની જગ્યાએ તો ખાડો પડી ગયો છે રે! હું તારા માટે કંઈક ખાવાનું લાવું છું. માત્ર એક મિનિટ, કાળા કાન હું તને ખાવાનું ખવડાવીશ."

બીમને "કાળા કાન" કહીને ઘણી વાર સંબોધવામાં આવ્યો હતો અને તેનો માલિક ક્યારેક ક્યારેક કહેતો હતો: "હત્-ભાગ્ય, કાળા કાન!" તે આવું બહુ વખત પહેલાં, બીમ જ્યારે ગલૂડિયું હતો તે દિવસોમાં કહેતો હતો. "મારો દોસ્ત હવે ક્યાં છે," બીમે વિચાર્યું અને અત્યંત વિષાદપૂર્ણ અને દુ:ખી એવો તે ફરીથી તે જ છોકરીની પાછળ ચાલવા લાગ્યો.

તેઓ બંને સાથે સાથે ચોકીએ પહોંચ્યા. કાકી રાડો પાડી રહી હતી અને નાક ચઢેલો ગરજી રહ્યો હતો, વિદ્યાર્થી કંઈપણ બોલ્યાચાલ્યા વિના માથું ઝુકાવી ઊભો હતો અને એક મિલીશિયા જે નવો હતો તે મેજ પાસે બેસીને આ ત્રણેની તરફ સુસ્પષ્ટ વૈરભાવથી જોઈ રહ્યો હતો.

છોકરીએ કહ્યું:

"હું અપરાધીને લાવી છું," તેણે બીમની તરફ ઇશારો કર્યો, "તે એક જાનવર છે. જે કંઈપણ બન્યું તે મેં શરૂઆતથી અંત સુધી મારી આંખે જોયું છે. આ છોકરો," તેણે માથું હલાવીને વિદ્યાર્થીની તરફ ઈશારો કર્યો, "તદ્દન નિર્દોષ છે."

તેણે ક્યારેક બીમ તરફ, ક્યારેક પેલાં ત્રણેમાંથી કોઈ એકની તરફ સંકેત કરતાં આખી વાત શાંતિપૂર્વક કહી સંભળાવી. તેમણે તેની

વાતમાં ખલેલ પાડવાનો પ્રયત્ન કર્યો પણ મિલીશિયાએ કાકી તથા ચઢેલા નાકવાળાને કડક ચેતાવણી આપી. સ્પષ્ટ હતું કે છોકરીના પ્રતિ તેનો વ્યવહાર સારો હતો. છોકરીએ પોતાની વાત વિનોદપૂર્ણ રીતે સમાપ્ત કરતાં કહ્યું:

"કેમ કાળા કાન, આવું જ થયું હતું ને?" અને મિલીશિયાને તેણે કહ્યું, "મારું નામ દાશા છે." અને પછી બીમને કહ્યું, "હું દાશા છું, સમજ્યો?"

બીમે પોતાનાં બધાં હાવભાવ દ્વારા એ દર્શાવ્યું કે તે તેને અત્યંત આદર કરે છે.

"સારું તો કાળા કાન અહીં આવ, આ-વ," મિલીશિયાએ કહ્યું.

બીમ "અહીં આવ" શબ્દો જાણતો હતો, નિશ્ચિતપણે જાણતો હતો. તેણે આજ્ઞાનું પાલન કર્યું.

મિલીશિયાએ તેની ગરદન પર કોમળ થપકી આપી, તેનાં ગળાનાં પટ્ટાને પકડયો. તેમાં લાગેલી ધાતુની તકતીનું નિરીક્ષણ કર્યું અને પછી કંઈક લખ્યું.

"નીચે!" તેણે તેને આદેશ આપ્યો.

બીમ યોગ્ય સ્વીકૃત વિધિપૂર્વક સૂઈ ગયો: પાછલા પગ શરીરની નીચે વાળી અને આગળનાં બહારની તરફ ફેલાવીને, માથું વાત કરનારની સાથે આંખો મેળવવા માટે ઉપર ઉઠાવીને અને એક તરફ ફેલાવીને થોડુંક ઝુકાવીને.

મિલીશિયાએ ફોન ઉઠાવ્યો.

"શિકારી સંઘ!"

"શિકાર!" આ શબ્દથી બીમ ચોંક્યો. તેનો અહીં શો ઉપયોગ હોઈ શકે છે?

"શિકારી સંઘ? આ મિલીશિયા છે, શું તમે મહેરબાની કરીને નંબર ૨૪ જોઈ આપશો. આ સેટર જાતિનો કૂતરો છે... તમારે ત્યાં તેનો કોઈ ઉલ્લેખ નથી? પણ આ અસંભવ છે. તે એક સારો કૂતરો છે, સુપ્રશિક્ષિત છે... મારે મ્યુનિસિપલ પરિષદને ફોન કરવો જોઈએ? બહુ સારું." તેણે ટેલીફોનનું રિસીવર નીચે મૂક્યું પછી ફરી ઉઠાવ્યું, પ્રશ્નો પૂછયાં અને જવાબ કાગળમાં લખી લીધાં. તે જોરથી પુનરુચ્ચાર કરતો બોલ્યો, "એક સેટર... કેટલાંક આનુવાંશિક દોષવાળો. શુદ્ધ

જાતિનું પ્રમાણપત્ર નથી. માલિક ઈવાન ઈવાનિચ ઈવાનોવ, ૪૧ પ્રોયેજ્જાયા માર્ગ. ધન્યવાદ." તે છોકરી તરફ વળ્યો: "સરસ વાત થઈ ગઈ, દાશા. અમે ખબર પાડી લીધી કે તેનો માલિક કોણ છે."

બીમ ઊછળી પડયો. તેણે મિલીશિયા ઘૂંટણોમાં પોતાનું નાક રગડયું, દાશાનો હાથ ચાટયો અને તેની આંખો તરફ એવી રીતે તાક્યું જેવી રીતે કેવળ હોશિયાર, વિશ્વાસી અને સ્નેહશીલ કૂતરાં જ તાકી શકે છે. છેવટે તે સમજી ગયો હતો કે તેઓ ઈવાન ઈવાનિચના વિષયમાં, તેના દોસ્ત, તેના બંધુ, તેના ભગવાનનાં વિષયમાં વાતો કરી રહ્યાં છે. આવી પરિસ્થિતિઓમાં મનુષ્ય પણ આમ જ કહેતો. બીમ ભાવાવેશમાં કાંપવા લાગ્યો હતો.

મિલીશિયાએ અત્યંત રુક્ષતાપૂર્વક કાકી અને ચઢેલા નાકવાળાને કહ્યું: "તમે લોકો જઈ શકો છો, અલવિદા."

ચઢેલા નાક વાળાએ ફરીથી પોતાના વાક્બાણ છોડયા.

"અને બસ? આવી ઘટના પછી તમે વ્યવસ્થા જાળવી રાખવાની આશા કેવી રીતે કરો છો? તેઓ બધાં બેકાબૂ બનતાં જઈ રહ્યાં છે!"

"હવે ચાલવા માંડો, દાદાજી, નમસ્તે. જાઓ, આરામ કરો."

"હું તમારો દાદો નથી. તમારે મને પિતા કે બાપુ કહેવું જોઈએ. આજકાલનાં લોકો સ્નેહપૂર્ણ સંબોધનો પણ ભૂલી ગયાં છે. અધકચરાં બચ્ચાં ક્યાંકનાં. અને તમે આ જાતનાં લોકોને શિક્ષા આપવા ઈચ્છો છો," તેણે પોતાની આંગળી વડે પેલા વિદ્યાર્થી તરફ ઈશારો કર્યો, "તેમના માથા થાબડીને ભણાવવા ઈચ્છો છો. બહુ સારી વાત છે, થોડી વધારે રાહ જુઓ! આ બધું ભોં-ભોં થઈ જશે અને તે તમને જ ખાઈ જશે," તેણે કૂતરાના અવાજમાં ભસતાં કહ્યું.

બેશક, બીમ પણ તેના જવાબમાં ભસ્યો.

મિલીશિયા હસ્યો:

"બાપુજાન, તેને જુઓ. કૂતરો તમારી વાત સમજે છે અને તમારી સાથે હમદર્દી રાખે છે."

માણસ અને કૂતરાના ભસવાનાં બેવડા અવાજથી ગભરાઈને કાકી બારણા તરફ ખસી ગયી અને રાડ પાડી:

"તે મારી પર ભસ્યો હતો, મારી પર! સોવિયેત નારીને માટે કોઈ સુરક્ષા નથી, મિલીશિયામાં પણ નથી!"

છેવટે તેઓ ચાલ્યાં ગયાં.

"મારું શું થશે? શું તમે મને નજરકેદ કરવાના છો?" વિદ્યાર્થીએ મોં ચઢાવીને પૂછ્યું.

"સાંભળ બેટા, જ્યારે તને કહેવામાં આવે તો ત્યારે તારે આદેશનું પાલન કરવું જોઈએ આ જ નિયમ છે."

"શો નિયમ છે! એવું કંઈ નથી. એક ચંગાભલા માણસને પકડવો અને ચોરની જેમ તેને લઈ આવવો. પેલી સ્ત્રીને પંદર દિવસની જેલ થવી જોઈએ અને તમે... તમે પોતાને કાયદાના અંગ તરીકે જણાવો છો!" અને તે બહાર નીકળી ગયો. પણ જતાં જતાં બીમનો કાન પંપોળતો ગયો.

બીમ એકદમ મૂંઝવણમાં પડી ગયો. ખરાબ માણસો મિલીશિયાને લઢયાં અને સારાં પણ એવું જ કરી ગયાં. પોલીસ આ બધું સહન કરતો ગયો અને મનમાં ને મનમાં સાચેસાચ જ હસતો પણ રહ્યો. આ સમજવું એક ચતૂર કૂતરા માટે પણ થોડું મુશ્કેલ જ હતું.

"શું તું તેને પોતે ઘેર લઈ જશે?" પોલીસે દાશાને પૂછ્યું.

"હા, ઘેર, કાળા કાન! આપણે ઘે-ર જઈ રહ્યાં છીએ."

હવે બીમ આમ તેમ નજર નાખતો દાશાને માટે રોકાતો રસ્તો બતાવતો ચાલ્યો. તે ઘર શબ્દ સારી રીતે સમજતો હતો અને તેને ત્યાં લઈ જઈ રહ્યો હતો. એ કોઈ પણ ન સમજ્યું કે તે પોતે રસ્તો શોધી શકે છે, તેમણે વિચાર્યું કે તે એટલો હોશિયાર નહિ હોય, કેવળ દાશા, મોટી મોટી વિચારશીલ અને મૈત્રીસભર આંખોવાળી દાશા જ આ વાતને સમજી શકી હતી. બીમને શરૂઆતથી જ તેના ઉપર વિશ્વાસ બેસી ગયો હતો. હવે તે તેને સીધો પોતાના ઘરના બારણા પાસે લઈ આવ્યો. તેણે ઘંટડી વગાડી પર કોઈ જવાબ ન મળ્યો. તેણે ફરી ઘંટડી વગાડી. પણ આ વખતે પાડોશીના બારણાની સ્તેપાનોવ્નાએ બારણું ખોલ્યું અને બીમે તેનું સામૈયું કર્યું. આજે તે સ્પષ્ટતયા પહેલાં કરતાં વધારે ખુશ દેખાતો હતો. તે કહી રહ્યો હતો: "હું દાશાને લાવ્યો છું, દાશાને લાવ્યો છું." (બીમ દાશા અને

સ્તેપાનોવ્નાની તરફ વારા ફરતી જોઈ રહ્યો હતો તેનું આના સિવાય બીજું કોઈ સ્પષ્ટીકરણ નહોતું હોઈ શકતું).

સ્ત્રીઓએ ધીરે ધીરે વાતો કરી અને પોતાની વાતચીતમાં "ઈવાન ઈવાનિચ" અને "ટુકડા" શબ્દોનો ઉલ્લેખ કર્યો. પછી સ્તેપાનોવ્નાએ બારણું ખોલ્યું. બીમે દાશાને અંદર આવવાનું આમંત્રણ આવ્યું—તેને પળવાર માટે પણ આંખોથી ઓઝલ ન થવા દીધી. તેણે સૌથી પહેલાં તેના ખાવાનાં વાસણ ઉપાડયું અને તેના પડેલાં ફાડા સૂંઘ્યા અને કહ્યું:

"આ ખરાબ થઈ ગયા છે." તેણે ફાડા ખુરેચીને કાઢયાં અને એક ડોલમાં ફેંકી દીધાં. પછી વાસણને ધોઈને ફર્શ પર મૂકી દીધું. "હું એક મિનિટમાં પાછી આવું છું. કાળા કાન, તું રાહ જો."

"તેનું નામ બીમ છે." સ્તેપાનોવ્નાએ તેની ભૂલ સુધારી.

"રાહ જો, બીમ." દાશાએ કહ્યું અને બહાર નીકળી ગઈ. સ્તેપાનોવ્ના એક ખુરશી પર બેસી ગઈ. બીમ તેની સામે બેસી ગયો પણ તેની નજર દરવાજા તરફ મંડાયેલી હતી.

"તું ચાલાક કૂતરો છે," સ્તેપાનોવ્નાએ જાહેરાત કરી. "અહીં તને પોતાને ભરોસે છોડી દેવામાં આવ્યો છે પણ તું જાણે છે કે તારા માટે કોણ સારું છે અને કોણ નથી. હું પણ એવી જ છું, બીમ બેટા... મારા ઘડપણમાં હું મારી પૌત્રીની સાથે રહું છું. તેના માતા-પિતાએ એક છોકરીને જન્મ આપ્યો હતો અને પછી તેઓ કામ કરવા સાઈબિરિયા ચાલ્યાં ગયાં. એટલા માટે મેં તેનું લાલન-પાલન કર્યું. મારી નાની છોકરી, હું જાણું છું તે સારી છે. તે સંપૂર્ણ હાર્દિકતાપૂર્વક મારી પાસે આવે છે.

સ્તેપાનોવ્ના ત્યાં બેઠી બેઠી બીમની સાથે વાતચીત કરતાં પોતાના મનનો ભાર હળવો કરી રહી હતી. જ્યારે કોઈ બીજું પાસે ન હોય ત્યારે લોકો ઘણી વાર કૂતરાંઓ સાથે કે પછી પોતાનાં પ્યારાં ઘોડા કે ગાય સાથે સાચેસાચ વાતો કરે છે. સમજદાર કૂતરા કોઈ એક વ્યક્તિના મનમાં છુપાયેલા દુ:ખને તરત જ સમજી જાય છે અને તેમની સાથે હમેશાં હમદર્દી બતાવે છે. અહીં આ પારસ્પરિકતાની બાબત હતી. સાફ સાફ જાહેર હતું કે સ્તેપાનોવ્ના તેની સામે ફરિયાદ

કરી રહી હતી અને બીમ એ વાત પર શોક મનાવી રહ્યો હતો કે સફેદ ડગલાં પહેરેલાં પેલાં લોકો તેના દોસ્તને ઊઠાવીને લઈ ગયાં હતાં. તે દિવસનાં બધાં જ સંકટોએ બીમનું ધ્યાન પોતાનાં દર્દથી હટાવી દીધું હતું, હવે તે દર્દ ફરીથી બમણું થઈને પાછું આવ્યું. સ્તેપાનોવ્નાએ જે કંઈ કહ્યું તેમાં તે બે શબ્દો "સારી" અને "મારી પાસે આવતી" જે ઉદાસી ભર્યાં સ્નેહપૂર્વક બોલાયેલાં હતાં, તે સમજી ગયો હતો. ત્યારે તે ઊઠયો અને સ્તેપાનોવ્નાની પાસે જઈને પોતાનું માથું તેના ખોળામાં મૂકી દીધું અને સ્તેપાનોવ્નાએ પોતાનો રૂમાલ આંખો પર મૂકી દીધો.

દાશા કાગળમાં લપેટાયેલું એક પડીકું લઈને આવી. બીમ તેની પાસે ગયો અને તેણે પોતાનો એક પંજો તેના બૂટ પર અને બીજો પોતાના માથા પર રાખ્યો—આ 'ધન્યવાદ' કહેવાનો તેનો પોતાનો ઢંગ હતો.

દાશાએ પડીકામાંથી માંસની બે ટીકીઓ અને બે બટાકા કાઢયાં અને તે બીમના વાસણમાં મૂકી દીધાં.

"ખા!"

જોકે બીમે બે દિવસથી એક પણ દાણો મોંમાં નહોતો લીધો તેમ છતાં પણ તે ખાવા માટે તૈયાર ન થયો. દાશાએ તેની ગરદન પાછળ લાંબા વાળને કોમળતાપૂર્વક પંપોળ્યા અને સ્નેહપૂર્વક કહ્યું: "ખા, બેટા ખા, ખાવાનું ખાઈ લે."

દાશાનો અવાજ મંદ, મૃદુ અને શાંત હતો. તેનાં હાથોમાં સહૃદયતાની ઉષ્મા હતી અને તે હાથ તેને લાડથી પંપોળી રહ્યાં હતાં. પણ બીમે મોં ફેરવી લીધું. દાશાએ બીમનું મોં ખોલ્યું અને માંસની એક ટીકી લેતાં મૂકી દીધી. બીમ તેને મોંમાં મૂકતાં દાશાની તરફ આશ્ચર્યથી જોતો ઊભો રહ્યો અને પછી ન જાણે કેમ તે ટીકી આપમેળે જ તેના પેટમાં ઊતરી ગઈ. બીજી પણ આવી જ રીતે અંદર ચાલી ગઈ અને બટાકા પણ આ જ પ્રમાણે પેટમાં પધરાવાઈ ગયાં.

"તેને પોતાને હાથે ખવડાવવું પડશે," દાશાએ સ્તેપાનોવ્નાને કહ્યું. "તે પોતાના માલિકને માટે વ્યાકુળ થઈ રહ્યો છે. એટલા માટે તે ખાવાનું નથી ખાતો."

"જરાપણ નહિ," સ્તેપાનોવ્નાએ જોરપૂર્વક કહ્યું. "કૂતરાઓને કોઈને કંઈ ખાવા માટે મળી જ જાય છે. તમે પોતે જ જુઓ, કેટલાં કૂતરાં આમતેમ ભટકે છે, તેઓ કોઈને કોઈ રીતે ખાવાનું મળવી જ લે છે.

"અમે શું કરીએ?" દાશાએ બીમને પૂછ્યું. "તારા હાલ બહુ માઠા થશે."

"ના, એવું નહિ થાય," સ્તેપાનોવ્નાએ દૃઢતાપૂર્વક કહ્યું. "આના જેવાં હોશિયાર કૂતરાને કોઈ નુકશાન નહિ થાય. હું તેના માટે દિવસમાં એક વાર ખાવાનું બનાવી આપીશ. છેવટે તે એક જીવિત પ્રાણી છે."

દાશાએ એક ક્ષણ વિચાર કર્યો, પછી બીમના ગળાનો પટ્ટો ઉતારી લીધો.

"જ્યાં સુધી હું આ પટ્ટાને લઈને પાછી ન આવું ત્યાં સુધી તેને બહાર ન જવા દેતાં. હું કાલે સવારે લગભગ દસ વાગે આવીશ... પણ ઇવાન ઇવાનિચ ક્યાં છે?" તેણે સ્તેપાનોવ્નાને પૂછ્યું.

બીમનાં કાન સરવાં થઈ ગયાં.

"તેઓ તેને વિમાન દ્વારા મોસ્કો લઈ ગયાં છે. આ હૃદયનું કપરું ઓપરેશન થશે, બોમ્બના આવરણનો ટુકડો બિલકુલ હૃદયની પાસે છે."

બીમનું સમગ્ર ધ્યાન આ વાત પર કેન્દ્રિત થઈ ગયું. ફરી પાછો તે જ શબ્દ "ટુકડો". તેમાંથી તીવ્ર વ્યથાની ગૂંજ આવતી હતી. પણ જો તેઓ ઇવાન ઇવાનિચના વિષે વાતો કરે છે તો તે ક્યાંકને ક્યાંક અવશ્ય હશે. એટલા માટે બીમે તેને શોધવો જ પડશે. શોધવો જ પડશે!

દાશા ચાલી ગઈ અને તેની સાથે સ્તેપાનોવ્ના પણ. હવે બીમને એક વાર ફરી એકલા જ રાત વિતાવવાની હતી. તેને એક ઝોકું આવ્યું. પણ એક વારમાં થોડી જ ક્ષણો માટે. આંખો મીંચાતી અને તેને હર વખતે ઇવાન ઇવાનિચનાં સ્વપ્નાં આવતાં—ક્યારેક ઘરમાં, ક્યારેક બહાર શિકાર પર. તે ચોંકીને જાગી જતો, ઓરડામાં આમતેમ ફરતો, ચારે ખૂણાઓમાં સૂંઘતો, તે નિસ્તબ્ધતામાં કંઈક સાંભળવાનો પ્રયત્ન કરતો અને પછી બારણાં પાસે સૂઈ જતો. તેને પેલાં લોકોએ

પાતળી લાંબી લાકડીથી જ્યાં માર્યું હતું ત્યાં નીલો ડાઘો પડી ગયો હતો અને હજી પણ દર્દ થઈ રહ્યું હતું. પણ આ દર્દ કંઈક ખોવાઈ જવાની, કંઈક અજ્ઞાતની એ પીડાના મુકાબલે કંઈ પણ નહોતું.

રાહ જો, રોકાવ, પોતાના દાંત ભીડી લે અને રાહ જો.

પ્રકરણ સાતમું

શોધ નિરંતર ચાલુ છે.

તે દિવસે સવારે બીમ લગભગ રડી જ પડયો. સૂરજ બારી કરતાં ઊંચે આવ્યો હતો, પણ ત્યાર સુધીમાં ત્યાં કોઈ જ પહોંચ્યું નહોતું. તેણે દાદરા પરથી ઉપરનીચે જતાં લોકોનાં પગરવો પર કાન માંડેલાં હતાં. તે બધાં પરિચિત પગરવ હતાં પણ તેમાં તેનો જ પગરવ નહોતો. છેવટે તેણે દાશાનાં બૂટનો અવાજ સ્પષ્ટપણે ઓળખ્યો. તે આવી રહી છે! બીમ કંઈક એવી રીતે ભસ્યો જેનો માનવીય ભાષામાં અર્થ હતો: "હું તારાં પગનો પગરવ સાંભળી શકું છું, દાશા."

"માત્ર એક મિનિટ," તેણે જવાબ આપ્યો અને સ્તેપાનોવ્નાની ઘંટડી વગાડી.

તેઓ બંને બીમને જોવા આવ્યાં. બીમે બંનેનું સ્વાગત કર્યું અને પછી દરવાજાની તરફ ભાગ્યો અને ત્યાં ઊભો રહીને એ મહિલાઓ

તરફ જોતો એ રીતે પૂંછડી હલાવવા લાગ્યો જાણે નમ્ર નિવેદન કરી રહ્યો હોય: "કૃપા કરીને આને ખોલી નાંખો, મારે શોધ કરવા જવાનું છે."

દાશાએ તેનો પટ્ટો તેને પહેરાવી દીધો. હવે એ પટ્ટામાં ધાતુની એક પહોળી તકતી લાગેલી હતી. જેમાં નિમ્નાંકિત શબ્દો કોતરેલાં હતાં: "તેનું નામ બીમ છે. તે પોતાના માલિકની પ્રતીક્ષા કરી રહ્યો છે. તે પોતાનું ઘર સારી રીતે જાણે છે અને ફલેટમાં એકલો રહે છે. કૃપયા તેની ઉપર દયા કરશો." દાશાએ આ નોંધ સ્તેપાનોવ્નાને વાંચી સંભળાવી.

"તું કેટલી સારી છે!" સ્તેપાનોવ્નાએ હાથ હલાવતાં સંતોષપૂર્વક કહ્યું. "તને કૂતરાઓ સાથે વિશેષ લગાવ હશે."

દાશાએ બીમને થાબડયો અને એક અનપેક્ષિત ઉત્તર આપ્યો. "મારા પતિ મને છોડીને ચાલ્યા ગયા છે અને મારો નાનો દીકરો મરી ગયો છે... અત્યારે હું ત્રીસ વર્ષની છું. હું એકલી રહું છું અને જલદી જ અહીંથી જતી રહીશ."

"એમ, તો તું એકલી રહે છે. અરેરે, કેવી દુઃખની વાત છે. તું આટલી સારી સ્ત્રી છે." સ્તેપાનોવ્નાએ હમદર્દી પ્રગટ કરવાનું શરૂ કરી દીધું, પણ દાશાએ તેની વાત વચ્ચે કાપી નાંખી:

"મારે જવું જોઈએ," દરવાજા પાસે પહોંચીને તેણે આગળ કહ્યું, "બીમને હમણાં તરત બહાર ન જવા દેતાં. હું નથી ઇચ્છતી કે તે મારી પાછળ પાછળ આવે."

બીમે દાશાની સાથે જ બારણામાંથી ધસતા નીકળવાનો પ્રયત્ન કર્યો. પણ તેણે પાછો ધકેલી દીધો અને સ્તેપાનોવ્ના સાથે બહાર નીકળી ગઈ.

એક કલાક પછી બીમે કિકિયારીઓ કરવાની શરૂ કરી અને પછી શ્વાનનો આર્તનાદ કરવા લાગ્યો તથા ઊંચા અને લાંબા અવાજે ક્રંદન કરતો રહ્યો. જ્યારે લોકો કહે છે કે "હું કૂતરાની જેમ હૂક લગાડીને રડવા ઇચ્છું છું" ત્યારે તેનો અર્થ જે ક્રંદનથી હોય છે બિલકુલ તેવો જ આર્તનાદ બીમ કરી રહ્યો હતો.

સ્તેપાનોવ્નાએ તેને બહાર જવા દીધો (ત્યાં સુધી દાશા બહુ દૂર નીકળી ગઈ હતી):

"સારું તું જા. આજે સાંજે હું તારા માટે ખાવાનું તૈયાર કરીશ."

બીમે તેને એક નજર જોઈ પણ નહીં: તે પવનવેગે દાદરાં પરથી નીચે ઊતર્યો અને બહાર કંપાઉન્ડમાં જઈ પહોંચ્યો. ત્યાં તેણે શિકારની શોધની પહેલી શરૂઆત કરી અને પછી દોડતો રસ્તા પર જઈ પહોંચ્યો. પળવાર કંઈ વિચારતો ઊભો રહ્યો અને પછી ગંધોની પંક્તિ દર પંક્તિ વાંચવા લાગ્યો; આ પ્રક્રિયામાં તેણે પોતાની બિરાદરીનાં અન્ય સદસ્યો દ્વારા છોડાયેલાં પેલાં હસ્તાક્ષરોની અવગણના કરી જેનું સન્માન દર સ્વાભિમાની કૂતરાએ કરવું જ જોઈએ.

દિવસ વીતતો ગયો અને બીમ ઈવાન ઈવાનિચનાં કોઈ ચિહ્નો ન શોધી શક્યો. સાંજ ઢળતાં તે ભટકતો રખડતો પોતાને આશ્વસ્ત કરવા માટે એક નવા બગીચામાં જઈ પહોંચ્યો. આ બગીચો શહેરના નવા ભાગમાં હમણાં જ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાં ચાર છોકરાં બોલ રમી રહ્યાં હતાં. બીમ થોડી વાર માટે ત્યાં બેસી ગયો અને જ્યાં સુધી તેનાં નાકને માટે સંભવ હતું આસપાસની હવાની તપાસ કરવા લાગ્યો. પછી જ્યારે તે ત્યાંથી ઊઠીને જવાની તૈયારીમાં જ હતો ત્યારે તેમનામાંથી એક છોકરો જે બાર વર્ષનો હતો, બીજાં છોકરાંઓથી અલગ હટીને કૌતુહલપૂર્વક બીમનું નિરીક્ષણ કરવા લાગ્યો.

"તું ક્યાંથી છે?" છોકરાએ એવી રીતે પૂછ્યું જાણે તે તેના પ્રશ્નનો જવાબ આપી શકતો હોય.

બીમે પૂંછડી હલાવીને તેને રામ રામ તો કર્યાં. પણ પોતાના માથાને પહેલાં એક બાજુ તરફ પછી બીજી બાજુ તરફ ફેરવ્યું, પણ તે થોડોક ઉદાસ જેવો હતો. અને સાથે સાથે એક પ્રશ્ન પણ પૂછી લીધો: "તું કેવા પ્રકારની વ્યક્તિ છે?"

છોકરો સમજી ગયો કે કૂતરાને હજી તેના ઉપર વિશ્વાસ નથી બેઠો, એટલા માટે તે સાહસ કરીને આગળ આવ્યો અને તેણે પોતાનો હાથ આગળ લંબાવી દીધો:

"કેમ છે કાળા કાન."

જ્યારે બીમે પોતાનો પંજો ઊઠાવ્યો ત્યારે છોકરાએ બૂમ પાડી:

"એ છોકરાંઓ! અહીં આવો!"

બીજાં છોકરાં દોડતાં આવ્યાં પણ સુરક્ષિત દૂરી પર ઊભાં રહ્યાં.

"જુઓ તેની આંખો કેવી બુદ્ધિમત્તાપૂર્ણ છે?" પહેલાં છોકરાંએ પોતાનાં ઉદ્ગાર પ્રગટ કર્યાં.

"કદાચ આ કેળવાયેલો કૂતરો છે?" એક હૃષ્ટપુષ્ટ જાડા ગોળમટોળ છોકરાએ વિવેકપૂર્ણ સૂઝાવ રજૂ કર્યો. "તોલિક તેને કંઈક કહે. જો તે સમજે છે કે નહીં."

બીજાં બધાં કરતાં થોડીક વધારે ઉંમરવાળાં ત્રીજા છોકરાંએ અધિકારભર્યાં અંદાજે કહ્યું:

"હા, હા, કેમ નહીં તેના પટ્ટા પર લાગેલા બિલ્લાને જુઓ."

"ના, તે કેળવાયેલો નથી," એક દૂબળા પાતળા છોકરાએ તેનો જવાબ આપ્યો. "જો આ કેળવાયેલો કૂતરો હોત તો આટલો દુર્બળ અને દુ:ખી ન હોત."

ઈવાન ઈવાનિચના ચાલ્યા ગયા પછી બીમ સાચેસાચ જ અત્યંત દૂબળો થઈ ગયો હતો અને તેની પહેલાં જેવી સજેલી રૂપાકૃતિ નષ્ટ થઈ ગઈ હતી. તેનું પેટ ખાડામાં ધસી ગયું હતું, ઓળવામાં ન આવવાને કારણે પગનાં વાળ એકબીજા સાથે ચોંટી ગયાં હતાં, તેની પીઠ જે ક્યારેક સાફ સુથરી અને ચમકતી રહેતી હતી હવે ધૂળભરી થઈ ગઈ હતી. ઉદાસ અને ભૂખ્યા હોવા પર કોઈ પણ કૂતરો આનાથી વધારે સારો દેખાઈ શકતો નહોતો.

તોલિક બીમના માથાને સ્પર્શ્યો. બીમે તે બધાંનું સર્વેક્ષણ કર્યું અને બધાં પર પૂર્ણ વિશ્વાસનો એકરાર કર્યો. બદલામાં તે બધાંએ તેને થાબડ્યો અને તેણે કોઈ વિરોધ ન કર્યો. તેમનાં સંબંધ જલદી જ સારાં થઈ ગયાં. પારસ્પરિક સમજના આવા વાતાવરણમાં ગાઢ મૈત્રી કદી દૂર નથી હોતી. તોલિકે બીમના પટ્ટા પર અંકિત લખાણ વાંચ્યું અને તરત બૂમ પાડી ઊઠ્યો:

"તેનું નામ બીમ છે! તે એક ફ્લેટમાં તદ્દન એકલો રહે છે! તે ભૂખ્યો છે! ચાલો આપણે બધાં ઘેર જઈએ. દરેકે દરેક તેના માટે ખાવાની કોઈ વસ્તુ લઈ આવીએ!"

બીમની પાસે તોલિક રહ્યો. બીજાં બધાં છોકરાં પોતપોતાનાં ઘર તરફ દોડી ગયાં. તોલિક એક એક લાકડા પર બેસી ગયો. બીમ તેનાં પગ પર સૂઈ ગયો અને તેણે એક ઊંડો શ્વાસ લીધો.

"ખરાબ દિવસો વીતાવી રહ્યો છે, બીમ?" તોલિકે કૂતરાનું માથું પંપોળતાં કહ્યું. "તારો માલિક ક્યાં છે?"

બીમે પોતાનું નાક તોલિકનાં બૂટ પર લગાડ્યું અને ત્યાં જ સૂઈ રહ્યો. આ દરમ્યાન બીજાં છોકરાં એક પછી એક દોડતાં આવ્યાં. ગોળમટોળ છોકરો માંસનું એક સમોસું લઈ આવ્યો. મોટી ઉંમરવાળો સલામીનો ટુકડો અને દૂબળો પાતળો છોકરો મેંદાનાં બે પૂલ્લાં લઈ આવ્યો. તેમણે આ બધી વસ્તુઓ બીમની સામે મૂકી દીધી પણ તેણે તેમને સૂંઘી પણ નહીં.

"તે માંદો છે," દૂબળોપાતળો છોકરો બોલ્યો. "ચેપી રોગ પણ હોઈ શકે છે," તે પાછળ ખસી ગયો.

ગોળમટોળ છોકરાએ કોણ જાણે કેમ પોતાના પેંટથી હાથ લૂછ્યાં અને તે પણ થોડાંક ડગલાં પાછળ હટી ગયો. મોટી ઉમ્મરવાળા છોકરાએ સલામીના ટુકડાની સાથે બીમનું માથું રગડ્યું અને વિશ્વાસપૂર્વક એલાન કર્યું:

"તે આને નહીં ખાય. તેને કંઈ પણ નથી જોઈતું."

ગોળમટોળે થોડીક આશંકા સાથે કહ્યું: "માએ કહ્યું છે કે બધાં કૂતરાં ચેપી રોગવાળાં હોય છે. અને આ તો ખરેખર માંદો છે."

"બહુ સારી વાત છે, તો ભાગી જાઓ," તોલિકે થોડાંક ચીઢાતાં કહ્યું. "અહીંથી નીકળી જાઓ... 'ચેપી રોગ'... કૂતરાંઓને પકડનારા દર માંદા કૂતરાને પકડીને લઈ જાય છે, પણ જરા આ નામપટ્ટા પર જુઓ, જે તેના ગળામાં છે!"

આ તર્ક પ્રભાવશાળી રહ્યો અને છોકરાં ફરીથી બીમની ફરતે એકઠાં થઈ ગયાં. તોલિકે બીમનો પટ્ટો થોડો ઉપર ખેંચ્યો. બીમ બેસી ગયો. છોકરાએ તેનાં હોઠનો મુલાયમ ભાગ ઉપરની તરફ પલટયો અને પેલાં થોડાંક ખુલેલાં ભાગને શોધી કાઢ્યો જ્યાં દાંત પૂરાં થાય છે પછી તેણે સલામીનો ટુકડો તોડ્યો અને તેને બીમનાં મોંમાં ઠૂંસી દીધો. બીમ તેને ગળી ગયો. ત્યારબાદ બીજો ટુકડો આવ્યો, બીમ તે પણ ગળી ગયો. આ પ્રમાણે તેણે તેમણે બધાંની સામાન્ય સ્વીકૃતિ સાથે સલામી પૂરી કરી. તેઓ ખૂબ જ ધ્યાનપૂર્વક તેને જોઈ રહ્યાં હતાં. જ્યારે જ્યારે કૂતરો ગળતો હતો ત્યારે ત્યારે પેલો ગોળમટોળ પણ સાચેસાચ જ ગળવાની ક્રિયા કરતો હતો, જોકે તેના મોંમાં

ગળવા માટે કંઈ નહોતું. આ પ્રમાણે તે બીમની મદદ કરી રહ્યો હતો. માંસના સમોસાને આ પ્રમાણે ખવડાવી ન શકાયું કારણ કે તેનો ભૂકો થઈ ગયો પણ છેવટે બીમે તેને જાતે જ ઉઠાવી લઈ સૂઈ ગયો અને તેને પોતાનાં પંજાની વચ્ચે રાખી થોડીક વાર તેને જોયું. પછી ખાઈ ગયો. જાહેર હતું કે તેણે આ કામ તોલિકના પ્રત્યે સમ્માનવશ થઈને કર્યું હતું. છોકરાનાં હાથોમાં એટલો લાડ, આંખોમાં એટલી મૃદુતા તથા થોડી થોડી ઉદાસી તથા બીમને માટે તેના મનમાં એટલું દુઃખ હતું કે કૂતરો ભાવાત્મક ઉષ્માનો પ્રતિરોધ ન કરી શક્યો. બાળકો પ્રત્યે બીમનું વલણ હંમેશાં વિશિષ્ટ રહ્યું હતું. અને હવે તેને પાકો વિશ્વાસ થઈ ગયો હતો કે બધાં નાનાં ભૂલકાંઓ સારાં હોય છે અને મોટાઓમાં વિવિધતા હોય છે. તેઓ કાંતો સારા હોય છે કાંતો ખરાબ. એ સાચું છે કે તેને એ વાતની જરાપણ જાણકારી નહોતી કે નાનાં ભૂલકાંઓ જ વખત વીતતાં મોટાં થઈ જાય છે. અને તેમનામાંથી થોડાંક ભલાં અને કેટલાંક ખરાબ બની જાય છે. પણ આ વાતનું પૂર્વાનુમાન લગાડવું કૂતરાનું કામ નથી કે ભલાં ભોળાં નાનાં ભૂલકાં કદી કદી કાકી અને નાકચઢેલાની જેમ ખરાબ મોટાં લોકોમાં કેવી રીતે પરિવર્તિત થઈ જાય છે. તેણે સમોસું માત્ર તોલિકને ખાતર ખાઈ લીધું અને માત્ર આ જ કારણે ખાધું. આનાથી તેને સારી અનુભૂતિ થઈ કારણ કે ત્યારબાદ તેણે મેંદાનાં પૂલ્લાં ખાવાનો ઇનકાર ન કર્યો. આ સિવાય અઠવાડિયાની સંપૂર્ણ અવધિમાં આ બીજી વાર તેણે ખાધું હતું.

બીમનું ભોજન પૂરું થતાં બોલનારાંઓમાંથી પહેલો તોલિક હતો:

"ચાલો, જાણીએ કે આ શું શું કરી શકે છે."

સૂકલકડી બોલ્યો:

"જ્યારે સરકસમાં તેઓ તેને કૂદાવવા ઇચ્છતા હોય તો 'ઉપર' કહે છે."

બીમ ઊઠયો અને ધ્યાનથી તે છોકરા તરફ જોવા લાગ્યો જાણે પૂછી રહ્યો હોય: "હું કઈ વસ્તુની 'ઉપર'થી જાઉં?"

તેનામાંથી બે છોકરાંઓએ એક પટ્ટાને બે છેડેથી પકડી લીધો અને તોલિકે આદેશ આપ્યો:

"બીમ! ઉપર!"

બીમ આ નજીવી સીમાને સહેલાઈથી પાર કરી ગયો, બધાં આનંદિત થઈ ગયાં. ગોળમટોળે સ્પષ્ટ આદેશ આપ્યો:

"નીચે!"

બીમ નીચે સૂઈ ગયો (તારા માટે? હા, તારું કામ કરવું પ્રસન્નતાની વાત છે!)

"બેસી જા!" તેલિકે નિવેદન કર્યું (બીમ બેસી ગયો). "લઈ આવ!" અને તેણે પોતાની ટોપી ફેંકી.

બીમ ટોપી લઈને આવ્યો. તોલિક ખુશીને માર્યે તેને બાઝી પડ્યો. બીમે પ્રશંસાની આ અભિવ્યક્તિનાં પ્રત્યુત્તરમાં સીધાં તેનાં ગાલ ચાટી લીધાં.

એમાં કોઈ શંકા નહોતી કે આ નાનાં બાળકોની સંગતિમાં બીમને પોતાનું જીવન ખૂબ સુખપૂર્ણ લાગતું હતું. પણ ત્યાં જ હાથમાં લાકડી લઈને એક માણસ ત્યાં આવી પહોંચ્યો. તે એટલો ચૂપચાપ આવ્યો કે તેની ઉપસ્થિતિની ખબર માત્ર ત્યારે જ તેમને પડી જ્યારે તેણે એક સવાલ પૂછ્યો:

"આ કોનો કૂતરો છે?"

તે સિલેટી રંગ તથા પાતળી કિનારીવાળી ટોપ, સિલેટી બો-ટાઈ, સિલેટી કોટ, સિલેટીયું સફેદ પેન્ટ, નાનકડી સિલેટી દાઢી અને પોતાનાં ચશ્માં સમેત ઘણો મહત્ત્વપૂર્ણ દેખાતો હતો. પોતાની નજર બીમ પર ફેરવતાં તેણે ફરી પૂછ્યું:

"હા, તો બાળકો, તમારાં કોઈનો કૂતરો છે કે શું?"

મોટી ઉમ્મરવાળાં છોકરાંઓએ અને તોલિકે એક સાથે જુદા જુદા જવાબ આપ્યા.

"કોઈનો નહીં," એકે નિર્દોષતાથી કહ્યું.

"મારો," તોલિકે સાવધનીથી કહ્યું. "આ સમયે આ મારો છે."

તોલિકે આ સિલેટી માણસને ઘણીવાર જોયો હતો. તે આ બગીચામાં એકલો ફરવા ટેવાયેલો હતો. એક દિવસ તેણે તેને એક કૂતરાને ઘસેડતાં જોયો હતો. કૂતરો વારંવાર પાછળ ખસી રહ્યો હતો અને તેની સાથે જવા નહોતો ઇચ્છતો. એક બીજા પ્રસંગ પર તો તે છોકરાંઓની પાસે આવ્યો હતો અને બીવડાવતાં કહેવા લાગ્યો હતો કે તેઓ પહેલાંનાં છોકરાંઓની જેમ રમી જ નથી શકતાં, તેઓ

એટલાં વિનીત નથી રહ્યાં, તેમનું પાલનપોષણ યોગ્ય રીતે નથી થતું અને એ કે ઘણા સમય પહેલાં ગૃહયુદ્ધમાં લોકો તેમને ખાતર, પેલા સડેલાં ગંદાં છોકરાંઓને ખાતર લડયાં હતાં અને તેઓ તેનું મહત્ત્વ નથી સમજતાં અને કંઈ કામ કરી શકતાં નથી. અને તેમણે શરમ અનુભવવી જોઈએ.

તે સમયે તોલિક માત્ર નવ વર્ષનો હતો. અત્યારે તે બાર વર્ષનો થવા આવ્યો હતો. પણ તેને આ માણસ બહુ સારી રીતે યાદ હતો. તોલિક બીમને બાથોમાં સમાવી બેઠો હતો અને કહી રહ્યો હતો, "આ મારો છે."

તે માણસે તોલિકની તરફ ઈશારો કરતાં પૂંછયું: "હંઅઅ... કઈ વાત સાચી છે: કોઈનો નહીં એ કે તેનો એ?"

"તેના પટ્ટામાં એક બિલ્લો લાગેલો છે," ગોળમટોળ દુર્ભાગ્યવશ કહી બેઠો.

સિલેટી માણસ બીમની પાસે આવ્યો, તેના કાનમાં થપકી આપી અને તેના પટ્ટામાં અંકિત લખાણ વાંચ્યું.

બીમને બિલકુલ સ્પષ્ટપણે ખબર પડી ગઈ હતી કે એ માણસમાંથી કૂતરાની ગંધ આવી રહી હતી. તે હળવી ગંધ હતી, કદાચ ઘણા દિવસો જૂની, પણ હતી જરૂર. તેણે નજર ઊઠાવીને તેની આંખોમાં ઝાંક્યું અને ઝાંકતાં જ તેનાં ઉપર શંકા કરવા લાગ્યો. તેનાં અવાજ, તેની આંખો અને તેની ગંધ બધાં પર અવિશ્વાસ થવા લાગ્યો. કોઈ વિશેષ કારણ વિના વ્યક્તિમાં આટલાં કૂતરાંઓની હળવી હળવી અને જૂની જૂની એવી ગંધ હોઈ શકતી નહોતી.

બીમ સંકોડાઈને તોલિકની સોડમાં લપાઈ ગયો અને પેલાં સિલેટી માણસથી દૂર હટવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ તે માણસ તેને છોડતો જ નહોતો.

"તારે જૂઠું ન બોલવું જોઈએ, છોકરાં," તેણે તોલિકને કળી જતાં કહ્યું. "હું આ પટ્ટાને જોઈને સમજી ગયો છું કે આ કૂતરો તારો નથી. છોકરા, તને પોતાના પર શરમ આવવી જોઈએ. શું તારા માબાપે તને આ જ શીખવાડયું છે—જૂઠું બોલવાનું? મોટાં થતાં તું બનશે શું? ચ-ચ-ચ-ચ!" તેણે પોતાના ખિસ્સામાંથી એક સાંકળ કાઢી અને બીમના પટ્ટામાં ફસાવી દીધી.

તોલિકે સાંકળ પકડી લીધી અને બરાડયો:

"ખબરદાર, તેને હાથ ન લગાડતાં, હું આ નહીં થવા દઉં!"

સિલેટી માણસે છોકરાના હાથને ઝાટકો મારી દૂર કરી દીધો.

"આ મારું કર્તવ્ય છે કે કૂતરાને તેના સમુચિત સ્થાને પહોંચાડું. સંભવ છે મારે અહેવાલ રજૂ કરવો પડે (હા, તેણે સાચે જ 'અહેવાલ' શબ્દનો ઉપયોગ કર્યો હતો). હોઈ શકે છે કે તેના માલિકે વધારે પડતો દારૂ પી લીધો હોય (તેણે પહેલાં વાક્યાંશ પર અપેક્ષાકૃત નાટકીય ઢંગે સ્વરાઘાત કર્યો.) જો એવું છે તો કૂતરાને તેની પાસેથી હટાવવો પડશે. હું ઈમાનદારી, ન્યાયપ્રિયતા અને માનવીયતાનો સમર્થક છું. હું તેના ઘરને શોધવા અને તપાસ કરવા જઈ રહ્યો છું.

"તેનાં પટ્ટામાં જે લખ્યું છે તેની ઉપર તમે વિશ્વાસ નથી કરતાં?" તોલિકે ફરિયાદ કરતો હોય તેમ લગભગ રડતાં રડતાં પૂછયું.

"હું કરું છું, છોકરો. પૂરેપૂરો વિશ્વાસ કરું છું. પણ..." તેણે પોતાની એક આંગળી ઊઠાવી અને ઉપદેશાત્મક સ્વરે લગભગ ગંભીરતાપૂર્વક કહ્યું. "વિશ્વાસ કરો પણ ચકાસણી કરી પાકો પણ કરી તો!" અને તે બીમને લઈ ગયો.

બીમ પાછળ રોકાયો અને વળીને તોલિક તરફ જોવા લાગ્યો. તેણે જોયું કે તેની આંખોમાંથી નિરાશનાં આંસુની ધાર વહેવા લાગી હતી. પણ અંતમાં તો પોતાની પૂંછડી દબાવી જમીન તરફ તાકતો પેલા સિલેટી માણસની પાછળ ચાલ્યો. તેનો આ ઢંગ પહેલાં જેવો નહતો, પણ તેનાથી નિતાંત ભિન્ન હતો. તેની સંપૂર્ણ મુદ્રા જોઈને એમ લાગતું હતું કે જાણે તે કહી રહ્યો હતો કે "આ છે તે જીવન, જે કૂતરાંઓને પોતાનો માલિક ગુમાવતાં વિતાવવું પડે છે." તેને ખરેખર તો માત્ર એટલું કરવાની જ જરૂર હતી કે પેલા માણસને પગે કરડીને ભાગી જવું. પણ બીમ એક બૌદ્ધિક કૂતરો હતો: રસ્તો બતાવો અને હું અનુસરણ કરીશ.

તેઓ એક એવા રસ્તા પરથી પસાર થયાં જેની બંને બાજુ નવા મકાનોની કતારો હતી. તે બધા સિલેટી રંગનાં હતાં અને બધાં એકબીજાં સાથે એટલાં બધાં હળતાં મળતાં હતાં કે બીમ પણ તેમની વચ્ચે રસ્તો ભૂલી જઈ શકતો હતો. એક જેવાં દેખાતાં આ

મકાનોમાંથી એકમાં તેઓ બીજા માળે ચઢ્યાં. બીમે જોયું કે તેમનાં બધાં બારણા પણ એક જેવાં છે.

સિલેટી કપડાં પહેરેલી એક સ્ત્રીએ બારણું ખોલ્યું:

"આ શું છે, એક બીજો કૂતરો? હે ભગવાન, શા માટે?"

"બક બક ન કર!" સિલેટીએ કડક અવાજે તેની વાત કાપતાં કહ્યું. તેણે બીમનો પટ્ટો ઉતાર્યો અને એ સ્ત્રીને બતાવીને બોલ્યો, "આ જો." સ્ત્રીએ પોતાનાં ચશ્માં પહેર્યાં અને પટ્ટાને જોયા લાગી. આ દરમિયાન એ માણસ આગળ બોલતો ગયો: "તું આ વાત જરા. પણ નથી સમજતી, જરા પણ નહીં કે આ આખા જનતંત્રમાં હું જ એક એકલો એવો સંગ્રહકર્તા છું જે કૂતરાઓનાં પટ્ટાઓમાં લાગેલાં બિલ્લાઓને એકઠાં કરું છું. અને આ—આ અસલ ચીજ છે! મારો પાંચસોમો!"

બીમ ન સમજી શક્યો. એક પણ પરિચિત શબ્દ અને મુદ્રા નહોતાં.

પેલો સિલેટી માણસ પટ્ટો હાથમાં લઈને ગલિયારામાંથી ઓરડાની અંદર પ્રવેશ્યો અને તેણે બીમને અંદર બોલાવ્યો: "બીમ, અહીં આવ!"

બીમે આ પર થોડી વાર વિચાર કર્યો, પછી સાવધાનીપૂર્વક તેની પાછળ ચાલ્યો. તેણે ચોતરફ જોયું અને પછી એ માણસથી દૂર બારણા પાસે બેસી ગયો. ઓરડાની એક સાફ દીવાલ પર મખમલથી ઢાંકેલાં તકતાં લટકતાં હતાં. તેમાં કૂતરાઓનાં પટ્ટાઓ પર લાગતાં દરેક જાતનાં ચિહ્ન હતાં. ખિલ્લાં, ચકતીઓ, સિલેટી, ભૂરાં અને સોનેરી પદક, કૂતરાંઓને બાંધવાની ઘણી સુંદર સાંકળો, પટ્ટા, તથા કૂતરાંઓમાં અન્ય ઉપકરણો એક નાયલોનની ગળું ઘોંટવાની દોરી પણ રાખેલી હતી. જાહેર હતું કે બીમને આ દોરીના ઉદ્દેશ્યની કંઈ ખબર નહોતી; આ તો મનુષ્યો માટે પણ એક રહસ્ય હોત કે તે માણસ આ દોરીને ક્યાંથી મેળવી આવ્યો, પણ બીમને માટે તે દોરીનો એક સામાન્ય ટુકડો માત્ર હતો.

બીમે જોયું કે તે માણસે પકડ વડે તેના પટ્ટામાં લાગેલા બિલ્લાને ઉખાડ્યો અને તેને મખમલથી ઢાંકેલાં એક તખ્તા નીચે વચ્ચોવચ લગાવી દીધો. તેણે નંબરની ચકતી પણ આવી જ રીતે ઉખાડીને

સંભાળપૂર્વક રાખી લીધી. ત્યારબાદ તેણે બીમના પટ્ટાને પાછો તેના ગળામાં પહેરાવી દીધો અને કહ્યું: "તું બહુ સારો કૂતરો છે."

બીમનો માલિક પણ બિલકુલ આ જ શબ્દો કહેતો હતો પણ આ સમયે બીમે તેની ઉપર વિશ્વાસ ન કર્યો. તે બહાર ગલિયારામાં ચાલ્યો ગયો અને મુખ્ય બારણા સામે એ કહેતો ઊભો રહી ગયો: "મને બહાર જવા દો! અહીં મારે કરવા લાયક કંઈ નથી."

"અરે તેને જવા દો," પેલી સ્ત્રીએ કહ્યું. "તમે એને અહીં શા માટે લઈ આવ્યા છો! તમે એનો પટ્ટો ત્યાં જ રસ્તા પર કાઢી શકતાં હતાં."

"ના, હું નહોતો કાઢી શકતો. ત્યાં કેટલાંક છોકરાં હતાં જેમણે મુસીબત ઊભી કરેલી હતી. અને હું તેને અત્યારે પણ બહાર નહીં કાઢી શકું. જો પેલાં જોશે કે તેના નામનો બિલ્લો ગૂમ થઈ ગયો છે તો તેઓ તેની ફરિયાદ પણ કરી શકે છે... એટલા માટે વધારે સારું એ છે કે તે સવાર પડવા સુધી અહીં જ રહે. નીચે!" તેણે બીમને આદેશ આપ્યો.

બીમ દરવાજા પાસે સૂઈ ગયો; તે બીજું કંઈ કરી પણ શું શકતો હતો? આ વખતે પણ તેને માત્ર એટલું કરવાની જરૂર હતી કે તે પોતાની સમગ્ર તાકાત એકઠી કરી ભસતો, ફ્લેટમાં આમતેમ ભાગતો અને સિલેટીયા માણસ પર હુમલો કરી દેતો અને આખો મામલો ગોઠવાઈ જતો. તે એને તરત જ બહાર જવા દેતો. પણ બીમ રાહ સારી રીતે જોઈ શકતો હતો. આ ઉપરાંત તે થાકી ગયો હતો અને એટલો અશક્ત થઈ ગયો હતો કે આ અપરિચિતનાં બારણા પર તેને એક બેચેનીભર્યું ઝોકું પણ આવી ગયું.

આ એવી પહેલી રાત હતી જ્યારે બીમ પોતાના ઘેર પાછો ન ફર્યો. તેને આ વાતનો અનુભવ માત્ર ત્યારે જ થયો જ્યારે તેની ઊંઘ ઊઘડી અને તે એ સમજી ન શક્યો કે તે છે ક્યાં. પણ જેવું તેણે સમજ્યું ત્યારે એને લાગ્યું કે તે ઘોર અભાગો છે. તેણે સ્વપ્નમાં ઇવાન ઇવાનિચને ફરીથી જોયો; જ્યારે જ્યારે પણ તે ઊંઘતો ત્યારે ત્યારે સ્વપનોમાં તેને જોતો અને જાગતાં પેલાં હાથોની હાર્દિકતાને અનુભવતો જેને તે નાનપણથી જ જાણતો હતો. તે ક્યાં છે તેનો સારો, દયાળુ, દોસ્ત? ક્યાં છે? આ અસહ્ય હતું. આ એક એવી

એકલતા હતી જેનાથી બચવાનો કોઈ ઉપાય નહોતો. અને પેલી બાજુ પેલો સિલેટીયો એવાં નસકોરાં પર નસકોરાં ભરી રહ્યો હતો જાણે ઘોડા વેચીને ઊંઘતો હોય. અને મખમલથી ઢાંકેલાં પેલાં બધાં તખ્તા? તેમનામાંથી મરેલાં કૂતરાઓની ગંધ આવે છે. હાય રે હતભાગ્ય! બીમે ધીમે ધીમે રડવાનું શરૂ કર્યું. પછી બે વાર તે ભસ્યો અને સાંજનો ખોરાક શોધવા નીકળેલ સસલાંની પાછળ ભાગતાં કૂતરાંઓની જેમ કિકિયારી પાડી અને છેવટે ઉંહાકારા ભણવા લાગ્યો.

"હોઆં, હોઆં, હોઆં ઓય! ઓય ઓય, લો-કો, બચાવો!" તેણે ઊંચા સ્વરે આક્રંદ કર્યું. "હું હવે મારા દોસ્તના વિના નથી રહી શકતો. મને જવા દો. મને તેને શોધવા જવા દો. ઓય-ઓય-ઓય, લો-કો-ઓ-ઓ, ઓઈ!"

સિલેટીયોએ ઊંચા થઈ બત્તી સળગાવી અને એક લાકડીથી બીમને મારવાનું શરૂ કર્યું.

"ચૂપ કૂતરા સાલા!" તેણે ફૂંફાડો મારતાં કહ્યું, "પાડોશી સાંભળી જશે. આ લે તું! આ લે તને!"

બીમે સહજબુદ્ધિથી પોતાનું માથું બચાવતા તેના ઘાને વ્યર્થ કરવાનો પ્રયત્ન કર્યો અને માણસની જેમ કણસવા લાગ્યો: "ઓહ... આહ-હાય-રે... ઓહ..."

પણ પેલા દુષ્ટ માણસે એક વાર તેના માથા પર ઘા કરી જ દીધો. કેટલીક ઘડીઓ માટે બીમની ચેતના લુપ્ત થઈ ગઈ અને થરથર કાંપતાં પંજે નીચે સૂઈ ગયો. પણ તેણે જલદી જ પોતાની જાતને સંભાળી લીધી, બારણા પાસેથી ઊછળીને એક ખૂણામાં દબાઈ ગયો અને ઘૂરકિયાં કરતો દાંતિયા કરવા લાગ્યો. તે તેનો પહેલો ક્રોધપૂર્ણ ઘૂરકાટ હતો.

સિલેટી માણસ ગભરાઈને પાછળ હટી ગયો.

"ઓહ, તું કરડશે, મને કરડશે, રાક્ષસ!" અને તેણે એક ઝાટકે બારણું ખોલી નાંખ્યું.

પણ બીમે એ વાત પર પણ વિશ્વાસ ન કર્યો કે બારણું ખૂલી ગયું છે. તેણે સિલેટી માણસનો ત્યારે પણ વિશ્વાસ ન કર્યો જ્યારે તેણે કહ્યું: "તો પછી નીકળી જા જા, બીમ, ચાલ્યો જા, સારા કૂતરા!"

તેને મારની પીડા પછી કૃપાભર્યા અવાજમાં જરાપણ વિશ્વાસ રહ્યો નહોતો. માર માર્યા પછી ખુશામત બીમના માટે નવો અનુભવ હતો. કાકી અને નાકચઢયો માત્ર અપ્રિય લોકો હતાં. પણ આ માણસ તો... બીમને તેનાથી વાસ્તવિક ઘૃણા થઈ ગઈ! બીમ મનુષ્ય પર પોતાનો વિશ્વાસ ગુમાવવા લાગ્યો હતો. હા એવું જ હતું.

બીમે પોતાની ગરદન લંબાવી દાંત ઉઘાડયાં અને... તે પેલાં સિલેટી માણસની તરફ આગળ વધ્યો—ધીમે ધીમે પણ દૃઢતાથી, ધીમે ધીમે પણ આત્મવિશ્વાસથી. સિલેટી માણસ પાછળ દીવાલ તરફ હટયો:

"ઓય! તારી મંછા શી છે?!"

રાતનો પોશાક પહેરેલી સ્ત્રીએ બરાડીને પોતાના પતિને કહ્યુ: "લો, તમે જ આ મુસીબતને બોલાવી રહ્યાં હતાં! હવે તે તમને જ કરડશે!"

બીમે જોયું કે તે આતંકકારી માણસ ભયાક્રાંત થઈ ગયો હતો, તે ખરેખર તેને જ જોઈને ભયભીત થઈ ગયો હતો. આથી બીમનો સંકલ્પ વધારે દૃઢ થઈ ગયો. તે ઊછળીને ઝપટયો, તેણે શત્રુના કુલા પર દાંત ઘોંચ્યા અને બારણામાંથી બહાર નીકળી ગયો. બીમ દોડતો ગયો, દોડતો ગયો, તેના મોંમાં એ માણસના માનવીય માંસનો સ્વાદ ભરેલો હતો, જેને તે પોતાનાં અંગેઅંગ દ્વારા તિરસ્કારવા લાગ્યો હતો. ના, બીમે પોતાને કમભાગી કે દુ:ખદ ન માન્યો; તે ક્ષણે તેને વીરત્વની અનુભૂતિ થઈ રહી હતી અને વીરત્વની સાથે હંમેશાં ગર્વ અને પ્રતિષ્ઠાની ભાવના હોય છે—ગંદી દુર્ગંધ છોડતું ગંધાતુ શિકારી જાનવાર પણ તેનાથી અપવાદરૂપે નથી.

પરોઢના ધૂંધળા પ્રકાશમાં બીમ પોતાના સમેત ભાગતો જઈ રહ્યો હતો, પણ હવે એ પટ્ટામાં પેલો "નંબર ૨૪" નહોતો જે પહેલાં હંમેશાં તેના ગળામાં લટકતો રહેતો હતો. શરૂઆતમાં જલદી જલદી જવાની લાયને કારણે તે ખોટી દિશા તરફ નીકળી ગયો અને નગરની બહાર પહોંચી ગયો (ત્યાં એક પણ મકાન નહોતું દેખાતું). તે સીધો પાછો ફર્યો અને એક જેવાં દેખાતાં આવાસ ગૃહોની એ જ ભૂલભૂલામણીમાં ફરીથી આવી પહોંચ્યો. તે ગોળ વર્તુળો અને અંગ્રેજી આઠની આકૃતિનાં ચક્રોમાં ફર્યો અને છેવટે જ્યાંથી તે ભાગ્યો

હતો કે તે મકાનની પાસે આવી પહોંચ્યો. અહીંથી તે તીવ્ર ઝડપે સાચી દિશા તરફ નીકળી પડયો. આમાં તેને એક એવી પૂર્ણ પ્રાકૃતિક વસ્તુથી મદદ મળી જેની જાણકારી બહુ ઓછાં લોકોને હોય છે. ગઈકાલે જ્યારે તેને બાંધીને લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે તેને એક ખૂણામાં પોતાનાં કોઈ બંધુના "હસ્તાક્ષરો"ની ગંધ મળી હતી અને આગલા ખૂણા ઉપર બીજા એકની, આ જ પ્રમાણે બીજા પણ ઘણે ઠેકાણે. હવે બીજી ગંધથી પહેલીની તરફ પાછાં જતાં તેને સાચી ગંધવાળું સ્થાન મળી ગયું. આ ભુલભુલામણીમાં માત્ર મકાનને શોધવા માટે જ નહીં પણ બહાર નીકળવા માટે પણ ઉત્તમ કોટિના ગંધ સંવેદનની જરૂર હતી. બીમમાં આવું ગંધસંવેદન તો હતું જ સાથોસાથ ઉચ્ચ કોટિની પશુબુદ્ધિ પણ હતી.

જ્યારે તે પોતાના ઘેર પહોંચ્યો ત્યારે અજવાળું થઈ ગયું હતું. તે પોતાના ફ્લેટનાં બારણાં સુધી ચઢયો અને તેને ખોતર્યું. કોઈ જવાબ નહીં. તેણે ફરી એક વાર ખોતર્યું તો પણ કોઈ જવાબ ન મળ્યો. બારણાની આસપાસ ઈવાન ઈવાનિચનું કોઈ ચિહ્ન નહોતું અને પોતાની પ્રાત:કાળની નિંદ્રામાં બેખબર સ્તેપોનોવ્ના માટે બીમના આ પોકારને સાંભળીને ઊઠવા હજી દિવસ ચઢયો નહોતો. તે વિચારશીલ મુદ્રામાં બારણા પાસે બેસી ગયો.

લાકડીના મારથી તેના આખા શરીરમાં કળતરાં થતી હતી. તેને માથાની અંદર કંઈક ધડકતું હોય તેવું લાગ્યું. તેને ઊલટી થવા લાગી અને રહીસહી બધી શક્તિ ખલાસ થઈ ગઈ. પણ તેમ છતાં તે ફરીથી રસ્તા પર જઈ પહોંચ્યો પોતાના દોસ્તને શોધવા માટે. બીમના સિવાય તેને બીજું કોણ શોધી શકતું હતું?

તે કૂતરો, જે હવે નગરમાં ભટકતો હતો, જોવામાં તો દુ:ખી દેખાતો હશે પણ તે વફાદાર, નિષ્ઠાવાન અને સાહસી હતો.



પ્રકરણ આઠમું

રેલ્વે માર્ગની દુર્ઘટના

દિવસ વીતતા ગયા. બીમે હવે તેમની પર ધ્યાન આપવાનું બંધ કરી દીધું હતું. તે રોજ નગરમાં ભ્રમણ કરતો હતો અને તેનાં ખૂણાંખાંચરાથી પરિચિત થઈ ગયો હતો.

હવે તે એક નિશ્ચિત માર્ગ પર ચાલતો હતો. જો લોકો આ વાતને સમજી ગયાં હોત તો તેઓ બીમને જોઈને પોતાની ઘડિયાળ મેળવી શકતાં હતાં. જો તે બગીચામાં હોય તો સવારના પાંચ વાગ્યા હોય, સ્ટેશન પર છ, કારખાનાના દરવાજા પર સાડા સાત, તરુવીથિ પર બાર, નદીનાં ડાબા તટ પર સાંજનાં ચાર વગેરે વગેરે.

તેણે કેટલાંક નવા લોકોનો પરિચય મેળવ્યો. બીમે જાણી લીધું કે અધિકાંશ લોકો દયાળુ હતાં. આ લોકો રસ્તા પર સામાન્યપણે શાંત રહેતાં હતાં પણ દુષ્ટ લોકો હંમેશાં ખૂબ ઘોંઘાટ મચાવતાં હતાં. તેણે કેટલાંક એવાં લોકોને પણ ઓળખી કાઢયાં જેમનામાંથી તેલ અને

લોખંડની ગંધ આવતી હતી. (તે તેમને કદી કદી જ મળતો હતો) દરરોજ સવારે આઠ વાગ્યે આ લોકો એક ફાટકમાંથી લગાતાર એક પ્રવાહની જેમ નીકળતાં અને એક બારણામાંથી બહાર આવતાં હતાં.

અહીં તેઓ કાળાં કાગડા જેમ કાંઉ કાંઉ કરે છે તેવી રીતે જ જોર જોરથી ઘોંઘાટ કરતાં વાતો કરતાં હતાં અને તેમની એક પણ વાત સમજાતી નહોતી. પણ જે કંઈ હોય બીમને તેમની વાતોમાં કોઈ બહુ રસ નહોતો. તે આ જનપ્રવાહથી થોડે દૂર બેસીને રાહ જોતો.

મજુરોનાં ભૂરાં કપડાં પહેરેલ એક યુવક દર સવારે તેની સાથે વાતો કરતો હતો.

"એય! કાળા કાન! કેમ છે, શું હાલ ચાલ છે!" તે પોતાની સાથે લાવેલ ખાવાનાંના પડીકાને ખોલતા કહેતો. "હજી જીવે છે, હરી ફરી રહ્યો છે? કેમ છે?" અને તે બીમની તરફ પોતાનો સૌહાર્દપૂર્ણ માનવીય પંજો આગળ લંબાવતો જે બરછટ તો હતો પણ સહૃદયતાપૂર્ણ.

બીજાં લોકો ચૂપચાપ પોતાનો હાથ તેની તરફ લંબાવતા, કેટલાંક અભિવાદનનાં શબ્દો કહેતા અને જલદી જલદી આગળ વધી જતાં. અહીં બીમને કોઈએ કદી ઈજા ન પહોંચાડી.

હવે બીમ ધીરે ધીરે વિભિન્ન પ્રકારનાં લોકોને ઓળખવાનું શીખી રહ્યો હતો. ઉદાહરણ માટે તેને ઘણું કરીને એક ભારે ભરખમ બોટલ જેવાં પગવાળી સ્ત્રીનો સામનો થતો હતો. તેના ચહેરા પર ખુશમિજાજી અને સાથે સાથે આત્મતુષ્ટિનાં ભાવ દેખાતાં હતાં, પણ તે જ્યારે જ્યારે બીમને જોતી ત્યારે ત્યારે તેને કોસવા લાગતી, બિલાડીની જેમ ફૂંફકાર કરતી, બજારમાંથી ખરીદેલા સામાનથી ભરેલો થેલો છાતી સુધી ઉઠાવતી અને એક જ વાત કહ્યા કરતી:

"કેવો ભયાનક જીવ છે! અમારી માનસિકતાને બરબાદ થતી બચાવવા માટે શું આ બધાં કૂતરાંઓને સાફ કરી શકાય એમ નથી? કહેવાય છે 'તમારા મિલિશીયા તમારી દેખભાળ કરે છે.' કોઈ સંભાવના નથી! અહીંનાં કૂતરાં કોઈપણ દિવસે તમારો સ્કર્ટ પકડીને ફાડી શકે છે અને મિલિશીયા તેનું શું કરશે! તેમના માટે આપણે કૂતરાના પાંચમા પગ સિવાય બીજું કંઈ નથી."

તે પોતાની આ વાતને એટલી વાર ફરી ફરીને કહી ચૂકી હતી કે બીમે પોતાની નિર્દોષતાથી એ નિષ્કર્ષ કાઢયો હતો કે તે સ્રીનું નામ પાંચમો પગ હશે. પણ તે નિશ્ચિતપણે એ જાણતો હતો કે તેની નજીક નથી જવાનું. તે તેના નામના સિવાય તેની કહેલી વાતોમાંથી ભલે ને ગમે તેટલું ઓછું સમજ્યો હોય પણ તેણે મનમાં એક પાકો નિયમ બનાવવા માટે પૂરતું જોઈ સાંભળી લીધું હતું. આ નિયમ હતો આવાં લોકોની નજીક નથી જવાનું, તેમની સાથે કોઈ નિસ્બત નથી રાખવાની. પાછળથી (સંભવત: અન્તર્જાત બુદ્ધિથી) તે એ શીખી ગયો હતો કે શરૂઆતથી જ કેવાં લોકોથી બચવું જોઈએ. લોકોનો વધારે પડતો બહુમત દયામય હતો અને કેટલાંક જ લોકો દુષ્ટ હતાં પણ બધાં ભલાં લોકો દુષ્ટોથી ડરે છે. બીમ પોતે તેમનાથી ડરતો નહોતો પણ તેની પાસે એવાં લોકો માટે સમય નહોતો. માનવજાતિ વિષેનું તેનું જ્ઞાન વધી રહ્યું હતું અને એક કૂતરાનાં દૃષ્ટિકોણે હવે તે નજીકથી પસાર થનાર કોઈપણ વ્યક્તિ માટે પૂંછડી હલાવવા તૈયાર નહોતો, બનેલો-ઠનેલો અપરિપક્વ તથા આદર્શવાદી કૂતરો નહોતો દેખાતો. થોડા જ સમયમાં બીમ એક અત્યંત દુર્બળ પણ ગંભીર તથા સાચી જાતનો કૂતરો બની ગયો હતો અને તેણે પોતાના જીવનમાં એક ઉદ્દેશ્ય બનાવી લીધો હતો—શોધવું અને રાહ જોવી.

એક દિવસ વહેલી સવારે ફૂટપાથની ગંધોની તપાસ કરતી વખતે તે અચાનક ખુશીને મારે ઊછળી પડયો. તે ત્યાં રોકાયો, છીંકોટો કર્યો અને પછી ગાંડાતુર કૂતરાની જેમ પોતાના રસ્તાની દરેક વસ્તુથી બેખબર એવો દોડયો. પણ આ ઠીક તેવું જ હતું જેવું કે કોઈ અપરિચિતને લાગતું હતું. હકીકતમાં તે એક તાજી ગંધનું અનુસરણ કરી રહ્યો હતો, જ્યાંથી દાશા પસાર થઈ હતી! તે થોડી વાર પહેલાં ત્યાં હતી.

તે ગંધે તેને સ્ટેશન પહોંચાડી દીધો. તે મકાનમાં પ્રવેશી ન શક્યો કારણ કે ત્યાં બહુ લોકો હતાં, લોકોની ભીડ જ ભીડ હતી. રસ્તા પર પણ એક નાની બારી પાસે લોકો ધક્કામુક્કી કરી રહ્યાં હતાં અને એક સસલાને ફાડી ખાવા માટે તૈયાર એવા શિકારી કૂતરાની જેમ શોર બકોર મચાવી રહ્યાં હતાં જેમને શિકારીની ચાબુક કે તુરાઈના અવાજની પણ પરવા નહોતી. દાશાની ગંધને પામવા

માટે આ સ્થાન ઉપયુક્ત નહોતું. એટલા માટે બીમે સ્ટેશનનો એક આંટો માર્યો અને પ્લેટફોર્મ પર પહોંચી ગયો. અહીં લોકો પૈડાઓ પર ઊભેલાં નાના નાના મકાનોનાં બારણા પર સમૂહમાં ઊભાં હતાં. અહીં શોરબકોર તથા ધક્કામુક્કી નહોતાં થઈ રહ્યાં. પરંતુ આનાથી ઊલટું તેઓ એકબીજાને ગળે વળગી રહ્યાં હતાં, ચૂમી રહ્યાં હતાં અને એક બારણાની સામે તો નાચી પણ રહ્યાં હતાં. બીમની તરફ કોઈએ લક્ષ્ય ન આપ્યું, તેણે શિકારની શોધ કરવાના ભાવ સાથે તેમનાં પગોની વચ્ચેથી નીકળીને આમતેમ ફરવાનું શરૂ કર્યું અને પ્લેટફોર્મને સારી રીતે "વાંચ્યું".

અને અચાનક એક બારણા પાસે તેને દાશાની ગંધ મળી. બીમે અંદર ઘૂસવાનો પ્રયત્ન કર્યો પણ પોતાની છાતી પર મોટો બિલ્લો લગાડેલ એક સ્રીએ તેને દૂર કર્યો. પણ બીમ હિમ્મત હારવાવાળો નહોતો. તેણે બારીઓ સૂંઘવાનું અને અંદર ડોકિયાં કરવાનું શરૂ કરી દીધું. ત્યાં જ તેણે જોયું કે પૈડાંવાળાં પેલાં મકાનોની અંદર ઘૂસનાર છેલ્લી બે વ્યક્તિ સફેદ ડગલો પહેરેલ બે સ્રીઓ હતી. તે તેમની પાછળ દોડયો. પણ એ જ ક્ષણે બધાં જ મકાનોએ એક સાથે ચાલવાનું શરૂ કરી દીધું. બીમ બારીઓ તરફ ઝપટયો. પોતાના શ્વાન મસ્તિષ્કમાં તો એવા નિર્ણય ઉપર પહોંચ્યો જે તેને તદ્દન સાચો લાગી રહ્યો હતો. ત્યાં દાશા હતી, સફેદ ડગલાં પહેરેલાં કેટલાંક લોકો હતાં, એટલા માટે ઈવાન ઈવાનિચ પણ ત્યાં હોઈ શકતો હતો. હા, તે હોઈ શકતો હતો. તેને સફેદ ડગલાં પહેરેલ લોકો જ ઉઠાવીને લઈ ગયાં હતાં.

અને બીમ, બિચારો બીમ હવે બહુ ખરાબ રીતે હતાશ થઈ ગયો. તે બારીઓની તરફ જોતો પેલાં મકાનોની સાથે સાથે દોડવા લાગ્યો. અને ત્યાં જ દાશાએ તેને જોયો.

"બીમ! બીમ!" તેણે બૂમ પાડી. "પ્યારા બીમ! તું મને વિદાય કરવા આવ્યો! સારા પ્યારા બીમ! બીમ!.."

તેનો અવાજ ધીમો પડવા લાગ્યો. પૈડાંવાળાં મકાન વધારે ને વધારે ઝડપથી ચાલવા લાગ્યાં. બીમ હજાર પ્રયસો કરવા છતાં પણ પાછળ પડવા લાગ્યો.

તે અંતિમ પૈડાવાળા મકાનની પાછળ દોડતો ગયો. પરંતુ તે પણ

થોડી જ વારમાં તેની આંખોથી ઓઝલ થઈ ગયું. તે ક્યાંય ન વળતા આ રસ્તા પર દોડતો ગયો, દોડતો જ ગયો. અંતમાં જ્યારે તે થાકીને ચૂર થઈ ગયો અને શરીરમાં નામમાત્રની શક્તિ શેષ રહી ગઈ હતી ત્યારે તે ચારે પંજા ફેલાવીને પાટાની વચ્ચે ધરાશયી થઈ ગયો અને ચૂપચાપ રોવા લાગ્યો. હવે તેને કોઈ આશા નહોતી. તે ક્યાંય જવા નહોતો ઈચ્છતો અને તેનામાં એટલી શક્તિ પણ બચી નહોતી. હવે તે જીવવા પણ નહોતો ઈચ્છતો.

જ્યારે કૂતરા આશા છોડી દે છે ત્યારે જરા પણ શોર મચાવ્યા વગર ચૂપચાપ કુદરતી મોતે મરી જાય છે. તે દુ:ખને પોતાની અંદર સમાવીને પરલોક સિધાવી જાય છે જેના વિષે બાકી સંસાર કંઈ જ નથી જાણી શકતો. એ બીમના જાણવા કે સમજવાની વાત નહોતી કે જો દુનિયામાં કોઈ પણ આશા બાકી ન બચે, જો આશાનો અંતિમ આધાર પણ તૂટી જાય તો સમસ્ત લોકજાત પણ નિરાશાથી મૃત્યુ પામશે. બીમને માટે આ વાત આનાથી ઘણી વધારે સરળ હતી; તેના અંત:કરણમાં અપાર વેદના હતી અને તેનો દોસ્ત ત્યાં નહોતો—આનાથી વધારે બીજું કંઈ નહોતું. જેવી રીતે એક રાજહંસ પોતાની પ્રિયાના મૃત્યુ પછી દૂર દૂર આકાશની ઊંચાઈઓ પર જઈ પથ્થરની જેમ નીચે પડીને મૃત્યુ પામે છે, જેવી રીતે ક્રૌંચ પક્ષી પોતાની એકમાત્ર સહચારિણીના મૃત્યુ પર પોતાની પાંખો ફેલાવીને જમીન પર પડ્યું પડ્યું ચંદ્રમાં પાસે ચીસો પાડી પાડીને પોતાના પ્રાણ લેવાની ભીખ માંગે છે; એવી જ દશા બીમની પણ હતી: તે ત્યાં પડ્યો હતો અને પોતાની બેભાનાવસ્થામાં પોતાના એકમાત્ર અને જેની ખોટ ન પૂરી શકાય તેવા દોસ્તને જોઈ રહ્યો હતો અને કોઈપણ સ્થિતિ માટે તત્પર હતો, જોકે તેને પોતાની આ તત્પરતાનું જાતે કોઈ ભાન નહોતું. તે શાંત હતો. દુનિયામાં કોઈએ પણ કોઈ કૂતરાને મરતો નથી સાંભળ્યો. કૂતરાં નિ:શબ્દ મરી જાય છે.

અરે, તેને પાણીનાં બેચાર ટીપાં જ મળી જતાં. બીમ તો ફરી કદી ન ઊઠ્યો હોત જો...

એક સ્ત્રી તેની પાસે આવી, તે રૂવાળું જાકીટ અને તેવું જ પેંટ પહેરેલી હતી અને તેને માથે શૉલ ઓઢેલી હતી. તે મોટી અને તાકાતવર સ્ત્રી હતી. પહેલી નજરે તેણે એ જ વિચાર્યું હશે કે બીમ

મરી ગયો છે. તે નમી અને તેની તરફ કાન લગાડી સાંભળવા લાગી, બીમનો શ્વાસ ચાલી રહ્યો હતો. તે પોતાના મિત્રના ખોવાઈ ગયા પછી એટલો તો અશક્ત થઈ ગયો હતો કે તેના માટે જેવી તેણે રેલગાડી સાથે કરી હતી તેવી દોડહરીફાઈમાં પ્રવેશવું તદ્દન મૂર્ખામીભર્યું દુ:સાહસ હતું. પણ શું આવી પરિસ્થિતિઓમાં ઉચિત અનુચિતનું ધ્યાન રહે છે! મનુષ્ય પણ આવું નથી કરી શકતો.

તે સ્ત્રીએ બીમને માથું હાથમાં લઈને ઉઠાવ્યું.

"શી વાત છે, પ્યારા કૂતરા? શું થયું, કાળા કાન? તું કોની પાછળ દોડી રહ્યો હતો, બિચારો બાપડો?"

આ અપેક્ષાકૃત કઠોર દેખાતી સ્ત્રીનો અવાજ શાંત અને સૌહાર્દપૂર્ણ હતો. તે બંધથી નીચે ઊતરી, એક તાડપત્રીનાં બનેલાં દસ્તાનામાં પાણી લઈ આવી, તેણે બીમનું માથું ઉઠાવ્યું અને દસ્તાનાને પકડીને તેનું નાક ભીનું કર્યું. બીમે જીભથી પાણી ચાટયું અને ધીમેથી ગરદન સીધી કરીને ફરી થોડું પાણી ચાટયું, ત્યારબાદ તે જીભ વડે એ પાણી ચાટવા લાગ્યો. તે સ્ત્રીએ તેની પીઠ થબથબાવી. તે સમજી ગઈ હતી કે એક પ્રિય વ્યક્તિ હંમેશાં હંમેશાં માટે ચાલી ગઈ હતી અને આ ભયાવહ વાત હતી હંમેશાં માટે અલવિદા કહેવામાં સૌથી ખરાબ વાત એ છે કે આ પ્રકારની જુદાઈ જીવિતને દફનાવવા સમાન હોય છે.

તેણે બીમની સામે પોતાની ફરિયાદ રજૂ કરી:

"હું પણ આ બધાંમાંથી પસાર થઈ ચૂકી છું... મેં પણ મારા પિતા અને પતિને યુદ્ધમાં જવા માટે વિદાય આપી હતી... જો કાળા કાન, હવે હું કેટલી ઘરડી થઈ ગઈ છું... પણ તેમ છતાંય હું તે બધું હજી સુધી પણ ભૂલી નથી શકતી... હું રેલગાડીની પાછળ દોડી, બિલકુલ તારી જેમ... અને પડી ગઈ... મેં મોતની ભીખ માંગી... પી, પ્રિય લાચાર પ્રાણી પી..."

બીમે દસ્તાનામાં ભરેલ લગભગ બધું જ પાણી પી લીધું, પછી પછી સ્ત્રીની આંખોમાં જોયું અને તરત જ તેની પર વિશ્વાસ કરવા લાગ્યો. હા, આ એક સારી વ્યક્તિ છે. તે તેનાં ખરબચડાં હાથને ચાટવા લાગ્યો અને તેની આંખોમાંથી ઢળી રહેલાં આંસુનાં ટીપાંઓને પણ ચાટતો રહ્યો. માનવીય આંસુઓનો સ્વાદ પામવાનો આ બીજો પ્રસંગ હતો. પહેલી વાર તે તેના માલિકનાં આંસુ હતાં અને અત્યારે

આ સૂર્યનાં કિરણોમાં ચળકતાં ટીપાં હતાં જે દુ:ખના લાવણ્યથી કડવાશની સીમા સુધી ખરાં થઈ ગયાં હતાં.

તે સ્ત્રીએ બીમને ઉઠાવ્યો અને તેને પાટા પાસેથી હટાવીને બંધ નીચે લઈ આવી:

"તું અહીં સૂઈ રહે, કાળા કાન, હું જલદી પાછી આવી જઈશ," અને તે ચાલીને તે જગ્યાએ રવાના થઈ ગઈ જ્યાં ઘણી સ્ત્રીઓ રેલપથમાં ખોદાઈ કરી રહી હતી.

બીમે ધૂંધળી નજરે તેને જતી જોઈ. પછી ભારે પ્રયત્નપૂર્વક તે ઊઠયો અને ધીરે ધીરે લંગડાતો તેની પાછળ ચાલી પડયો. તે સ્ત્રીએ વળીને પાછળ જોયું અને તેના માટે રોકાઈ ગઈ. તે નજીક આવ્યો અને તેની સામે જમીન પર સૂઈ ગયો.

"શું તારા માલિકે તેને ત્યજી દીધો છે?" તેણે પૂછયું. "શું તે તને છોડીને ચાલ્યો ગયો?"

તેઓ કામમાં લાગેલાં લોકોના સમૂહ પાસે પહોંચી ગયાં. તેમનામાં બધી સ્ત્રીઓ જ હતી અને તેમણે આ ભલી વ્યક્તિની જેમ જ કપડાં પહેરેલાં હતાં. એક બાજુ પોતાના માથા પર પાછળની તરફ ત્રિકોણ ટોપી નાંખી તથા દાંત વચ્ચે પાઇપ દબાવી એક માણસ ઊભો હતો. તેણે ચીડાઈને કહ્યું:

"તેં પોતાની પૂંઠે એક કૂતરો વળગાડી લીધો કે શું માત્ર્યોના? અને હવે કામ કોણ કરશે? કેવી સ્ત્રી છો. માત્ર્યોના નામ તારા માટે તદ્દન યોગ્ય છે," તેણે મજાક ઉડાવતાં તેની તરફ ઈશારો કર્યો.

બીમ સમજી ગયો કે પેલી ભલી વ્યક્તિને માત્ર્યોના કહે છે. તેણે બીમને કિનારા પર ઊગેલ ઘાસમાં સૂવા માટે કહ્યું અને પોતે એક વિશાળ સાણસો ઉઠાવીને રેલનાં પાટાંનાં એક સ્લીપરને બીજી સ્ત્રીઓ કરી રહી હતી બિલકુલ તેવી જ રીતે જકડયો.

"એક-બે, ઉપર ઊઠાવો!" તે માણસ કર્કશ અવાજે બોલ્યો, "ઉપર, હજી વધારે ઉપર! ફરીથી વધારે ઉપર!" તે પોતાનાં હાથ કમર પર રાખી બરાડયો.

તે સ્ત્રીઓ તેની દરેક બૂમની સાથે લાકડીનાં સ્લીપરોમાં ફસાયેલ સાણસીઓને એક સાથે ઉપર ખેંચતી હતી. દર ખેંચાણની સાથે એકના સિવાય બધી સ્ત્રીઓનાં ચહેરા લાલ થઈ જતાં હતાં. તે એકલી

સ્ત્રી દૂબળી પાતળી ક્ષીણકાય હતી અને તેનો ચહેરો દરેક ખેંચાણની સાથે સાથે પીળો નહીં પણ લગભગ નીલો પડી જતો હતો. માત્ર્યોનાએ તેને દૂર હટી જવાનો ઈશારો કર્યો અને જેવી રીતે બીમનો માલિક બીમને દૂર મોકલતી વખતે બોલતો હતો તેવી જ રીતે બોલી:

"જા! આરામ કર, નહીં તો તું જલદી જ પોતાનાં પ્રાણ ત્યજી દેશ," અને પછી પેલાં માણસને તેણે કહ્યું, "બિલકુલ બરોબર છે, બૂમો પાડતો જા, ભગવાન ઈશુ ખ્રિસ્તનો વેરી ક્યાંકનો!"

"એક-બે, ઉપર તરફ!" તે ગરજ્યો અને પોતાની ટોપીને સીધી કરવા ધકેલતાં એક પ્રકારનું ગીત જેવું એવી રીતે ગાવા લાગ્યો જાણે તેની પર બહુ મોટો બોજ આવી પડયો હોય. "ચલો ડોશીઓ આગળ આવો, ફરીથી પૂરું જોર લગાડો! પતિ ગયો કાકેશસે! પહોંચ્યો નથી હજી કાકેશસ સુધી! પરણ્યો ત્યાં રોગી સ્ત્રીને! બસ રોકાઈ જાઓ! ઓજારો મૂકી દો!

બીમે 'રોગી' શબ્દ નાકચઢયાની જીભે સાભળ્યો હતો. તે બહુ ખરાબ શબ્દ હતો. બીજા શબ્દોમાંથી તે એક પણ ન સમજી શક્યો.

સ્ત્રીઓએ પોતાના સાણસાઓ એક બાજુ મૂકી દીધા, લોખંડનાં મોટાં ભારે ટુકડાં ઉઠાવ્યાં અને તેમને લાંબાં વજનદાર હથોડા વડે ઠોકવાનું શરૂ કરી દીધું. માત્ર્યોનાએ પોતાનાં ટુકડાને ત્રણ સરળ પ્રહારો વડે યોગ્ય સ્થાને ઠોકી દીધો, પણ પેલી ક્ષીણકાય સ્ત્રી દરેક પ્રહારની સાથે હાંફતી અને કણસતી હતી: "ઓય! ઓય!"

"ચલો ઠીક રીતે કરો!" આવારાએ પોતાની પાઇપ ભરતાં બરાડીને કહ્યું. "અનીસ્યા, ચલ ઘા કર!" તે એ સ્ત્રીની પાસે આવ્યો. "હાથોડાને યોગ્ય પ્રકારનો ઝોક આપો ત્યારે આ તારા માટે સહેલું થઈ જશે.

હા, તે ક્ષીણકાય સ્ત્રી અનીસ્યા હતી. તેને પોતાનાં ટુકડાં ઠોકવામાં બીજાં બધાં કરતાં પણ વધારે સમય લાગ્યો અને છેવટે તે પાછળ રહી ગઈ. ત્યારે કંઈક એવું બન્યું જે બધી જ સ્ત્રીઓને વિચિત્ર અને લગભગ અબોધ કોયડા જેવું લાગ્યું. બીમ લંગડાતો લંગડાતો અનીસ્યાની પાસે પહોંચ્યો અને તેણે જેમ માત્ર્યોનાની સાથે કર્યું હતું તેમ જ કર્યું—તેણે કડવાં સ્વાદવાળાં તાડપત્રીનાં બનેલાં

દસ્તાનાને ચાટયાં. તેઓ બધાંએ કામ બંધ કરી દીધું અને આશ્ચર્યમાં ગરકાવ થઈ બીમને નિહાળવા લાગ્યાં.

ત્યારબાદ તેઓ પેલાં રખડેલનાં આદેશ પર ઝાડીઓની છાયામાં બેઠાં, દરેકે પોત પોતાનાં પોટકાંમાંથી ખાવાનું કાઢીને ખાધું. તેમણે બીમને ખવડાવ્યું અને જે કંઈપણ તેઓએ આપ્યું બીમે ખાધું. અત્યારે તે ભલા માણસોનું આપેલું ખાવાનું ખાઈ રહ્યો હતો અને આ જ માત્ર એ વસ્તુ હતી જેણે તેની રક્ષા કરી.

સાંજ પડતાં સુધી તે બેચેન થવા લાગ્યો. તે માત્ર્યોની પાસે ગયો, નીચે બેઠો અને તેના ચહેરાને જોતાં પોતાનાં પંજા ઉપરનીચે કર્યાં. પછી તે પાછો ફર્યો અને દૂર જઈને સૂઈ ગયો. થોડી વાર પછી તે ફરીથી આવ્યો અને એક વાર ફરી પાછળ હટી ગયો.

"કાળા કાન, શું તું જવા ઇચ્છે છે?" માત્ર્યોનાએ વાત સમજતાં કહ્યું. "સારું તો જા, કાળા કાન. હું તારું કંઈ કરી શકું તેમ નથી. મારી પાસે તને રાખવા માટે જગ્યા જ નથી, જા ચાલ્યો જા."

બીમે અલવિદા કરી અને લંગડાતે પગે નીકળી પડયો. તેની આ ચાલ કૂતરાઓ જેવી હતી જ નહીં. તે રેલમાર્ગ પર પાછો ઊલટી તરફ ચાલવા લાગ્યો. એક માર્ગ જ એવો માર્ગ છે કે જો તમે તેની ઉપર ચાલો તો ખોટી જગ્યાએ કદી નથી જઈ શકતાં, એટલું ખરું કે શરૂઆતમાં જો તમે સાચી દિશા પકડી હોય તો. પણ તેને એક દિવસ પહેલાં જે ચોટો લાગી હતી તેનાથી તેનું આખું શરીર દુ:ખતું હતું અને ચાલતી વખતે તે માંડમાંડ શ્વાસ લઈ શકતો હતો. તો પણ બીજો કોઈ ઉપાય નહોતો. સારું થયું કે પેલી સ્ત્રીઓએ તેને ખવડાવ્યું અને રેલમાર્ગના કિનારાનો રસ્તો સુગમ અને સરળ હતો. તે ધીરે ધીરે પોતાની સાચી ચાલમાં આવી ગયો અને જલદી જ હળવા ડગલે દોડવા લાગ્યો. આ કેવી જીવંતતા છે, એક કૂતરામાં પોતાની શક્તિ પુન: પ્રાપ્ત કરવાની કેવી ક્ષમતા હોય છે!

એક અપરિચિતને આ દૃશ્યમાં કોઈ ખાસ વાત નજરે નથી આવી શકતી: એક માંદો કૂતરો રેલમાર્ગના કિનારે કિનારે ધીમી ચાલે ભાગતો ચાલ્યો જઈ રહ્યો હતો, બસ મત્ર એટલું જ.

નગરની નજીક રેલમાર્ગ બે ભાગમાં ફંટાઈ ગયો. લોખંડી

પાટાઓની એક જોડમાંથી બીજી જોડની શાખા નીકળેલી હતી. પછી ત્રણ પાટાં દેખાવા લાગ્યાં. અચાનક એક સિગ્નલ બોક્સથી થોડે જ દૂર બે લાલ આંખો ઝબૂકવા લાગી. તે ઝડપથી આજુ બાજુ તરફ જઈ રહી હતી. ડાબીથી જમણી, જમણીથી ડાબી તરફ. કોઈપણ જાનવર લાલ રંગ પસંદ નથી કરતું. એટલે કે એક વરુ લાલ રંગની ઝંડીઓના ઘેરાને પસાર નથી કરી શકતું અને આવી ઝંડીઓના ઘેરામાં ફસાયેલી લોંકડી બે કે ત્રણ દિવસ સુધી કે તેનાથી પણ વધારે સમય સુધી ત્યાં જ ફસાયેલી રહેશે. તે પાટાઓની ત્રીજી જોડની તરફ હટયો, રોકાયો અને ખચકાતાં પેલી ઝબૂકતી લાલ રોશનીઓ તરફ જોવા લાગ્યો. અને અચાનક બિલકુલ તેનાં પગની પાસે કડકડાટ કરતો અવાજ થયો.

બીમ દર્દથી ચીસ પાડી ઊઠયો પણ પોતાના પગને ખેંચીને બહાર ન કાઢી શક્યો. લાઈન બદલવા માટે રેલનાં પાટાઓનાં પૉઈંટ સરક્યાં અને તેની સાણસી જેવી પકડમાં બીમનો પંજો ફસાઈ ગયો. બીમની ચીસ એક દીર્ઘ ક્રંદનમાં બદલાઈ ગઈ જેનો અર્થ માત્ર એક જ હતો: "તમે મને ચોટ પહોંચાડી રહ્યાં છો! બચાવો!"

આસપાસ કોઈ નહોતું. કોઈના પર દોષ નાખી શકાય તેમ નહોતું. એક કૂતરો, ક્યારેક ક્યારેક ફસાયેલો વરુ કરી શકે છે તેમ પોતાના પગને પોતે જ કાપીને દૂર કરી નથી શકતો; કૂતરો મદદની રાહ **જુએ છે** તે માનવીય સહાયની **આશા રાખે છે**.

પણ આ શું? બે વિશાળ ચમકતાં સફેદ નેત્રોનો પ્રકાશ બીમ પર પડયો, તેની આંખો અંજાઈ ગઈ. પેલાં બંને નેત્રો ધીરે ધીરે અને ક્રૂરતાપૂર્વક તેની તરફ વધવા લાગ્યાં. બીમ વેદના અને ભયની વ્યાકુળતાથી જમીનની તરફ સંકોડાઈ ગયો. તે આવી પડેલી વિપત્તિની અસંદિગ્ધ અનુભૂતિથી સ્તબ્ધ થઈ ગયો હતો. પણ ચમકતાં નેત્રોવાળો ધડધડ કરતો આવતો તે દૈત્ય લગભગ ત્રીસ મીટરની દૂરી પર આવીને રોકાઈ ગયો અને એક માણસ કૂદીને પ્રકાશક્ષેત્રમાં આવ્યો અને બીમની તરફ દોડયો. તેની લગભગ તરત પછી જ એક બીજો માણસ આવતો દેખાયો.

"અરર, આ ગરીબ બિચારો આવી રીતે કેમ કરતાં ફસાઈ ગયો?" પહેલા માણસે પૂછ્યું.

"આપણે શું કરીશું?" બીજાએ પૂછ્યું.

તેમનાં શરીરોમાંથી જેવી કોઈ ગેરાજના ડ્રાયવરોમાંથી આવે તેવી જ વાસ આવી રહી હતી; તેઓ બંનેએ ચકોર ટોપી પહેરેલી હતી અને તેમની ટોપીઓમાં મોટાં મોટાં બિલ્લાં લાગેલાં હતાં.

"આપણે ગાડી રોકવાથી મુશ્કેલીમાં પડી જઈશું, પછી ભલેને આપણે સ્ટેશનથી ગમે તેટલા પાસે જ કેમ ન હોઈએ," પહેલાં માણસે કહ્યું.

"તેનાથી હવે ફેર નથી પડી શકવાનો," બીજાએ જવાબ આપ્યો અને તે સિગ્નલ બોક્સ તરફ નીકળી પડ્યો.

આપણો ગરીબડો બીમ અવાજોમાં સ્વરથી (શબ્દોથી નહીં) એ સમજી ગયો કે તે લોકો તેને બચાવનારાં છે. તેણે બોક્સની અંદર એક ઘંટડીનો તીવ્ર કડકડાટ સાંભળ્યો અને એક મિનિટ પછી તેનાં પંજા પર કસાયેલ ધાતુની પકડ ઢીલી થઈ ગઈ. પણ તે ત્યારે પણ હાલી ન શક્યો. તે સ્તંભિત થઈ ગયો હતો. એક માણસે તેને ઉઠાવ્યો અને પાટાથી દૂર એક કિનારે મૂકી દીધો. ત્યાં તે સંકોરાઈને દડા જેવો બની ગયો અને પોતાના ચગદાયેલા પંજાને ચાટવા લાગ્યો. પણ આટલું થવા પર પણ (કૂતરા બહુ સારાં પ્રેક્ષકો હોય છે) તેણે રેલગાડીનાં ડબ્બાઓની બારીઓ અને બારણાંઓમાંથી લોકોનાં બોલવાનાં અવાજો સાંભળ્યાં. હવે તેનો તરફડાટ ખલાસ થઈ ગયો હતો અને તે અંધકારમાં રેલગાડીને જોઈ શકતો હતો, એવાં અનેક અવાજો સાંભળી શકાતાં હતાં જે તેનાં પરિચિત શબ્દોને વારંવાર ઉચ્ચારી રહ્યાં હતાં, "કૂતરો" અને "શિકારી કૂતરો".

બીમ આ ભલાં લોકોનો આભારી હતો. બીમ જે રેલમાર્ગ ઉપર આટલા વિશ્વાસથી ચાલી રહ્યો હતો તેનાં પોઈંટોને કોઈકે ક્યાંકથી બદલી નાંખ્યા. જો આ પ્રક્રિયામાં એક કૂતરાનો પગ ફસાઈ ગયો હતો અને તેના કારણે તે બાકીની જિંદગી માટે લંગડો બનવા જઈ રહ્યો હતો તો હવે એ કોઈનું કામ નહોતું. તેમ છતાં તે રેલમાર્ગ પર ફરી કદી નહીં ભાગે, તે એ તથ્યને બિલકુલ તેવી જ રીતે સમજી ગયો જેવી રીતે પોતાના ગલુડિયાપણામાં તે એ તથ્યને સમજ્યો હતો કે જે રસ્તા પર ગાડીઓનું આવાગમન ચાલુ છે તેની ઉપર તેને ચાલવાનું સંભવ નથી.

થોકલો પોકલો માંદલો બીમ ત્રણ પગોથી લંગડાતો ચાલ્યો. તે વચ્ચે વચ્ચે પોતાની સૂજેલી આંગળીઓને ચાટવા માટે રોકાઈ જતો હતો અને જ્યાં સુધી તેની વિકૃત થયેલી આંગળીઓ તદ્દન સાફ સુથરી થઈ ગઈ ત્યાં સુધી આમ કરતો રહેતો. આ દર્દનાક હતું પણ તે સિવાય બીજો કોઈ ચારો નહોતો. આ નિયમને દરેક કૂતરો જાણે છે; જો દર્દ થાય છે તો પણ તેને ભોગવો, કષ્ટદાયી છે તો પણ ચાટો અને શાંત રહો.

...જ્યારે તે લંગડાતો પોતાના ઘરના બારણે પહોંચ્યો ત્યારે અડધી રાત વીતી ગઈ હતી. ઈવાન ઈવાનિચનું ક્યાંય કોઈ નામોનિશાન નહોતું. બીમ હંમેશાંની જેમ બારણું ખોતરવા ઈચ્છતો હતો. પણ તેણે જોયું કે તે પોતાનાં પાછલાં પગ પર ન તો બેસી શકતો હતો કે ન તો ઊભો રહી શકતો હતો. એટલા માટે તેણે બારણાનાં ચોખટાના ખૂણામાં પોતાનું નાક ઘાલીને ગંધનું પરીક્ષણ કર્યું: ના, તેનો માલિક ત્યાં નહોતો, તે હંમેશાં માટે ચાલ્યો ગયો હશે. બીમ થોડીવાર સુધી એ જ સ્થિતિમાં ઊભો રહ્યો, જાણે પોતાના શિથિલ થતા શરીરને માથાથી ટેકો આપી રહ્યો હોય. પછી તે સ્તેપાનોવ્નાના બારણા પાસે ગયો અને માત્ર એક વાર હતાશા ભર્યા સ્વરમાં જોરથી ભસ્યો.

"ભોં!" (આ હું છું!)

સ્તેપાનોવ્ના ગભરાઈ ગઈ:

"હે ભગવાન! આ ક્યાં થયું?" તેણે બારણું ખોલ્યું અને તેને તેના માલિકના ફ્લેટમાં જવા દઈને પોતે પણ તેની પાછળ પાછળ ગઈ. "અરેરે ઓ લાચાર અભાગી કૂતરા, હવે હું તારું શું કરું? ઈવાન ઈવાનિચ શું કહેશે? આમ થયું ક્યાં?"

સ્તેપાનોવ્નાને કૂતરાંઓ સાથે કેવી રીતે વર્તવું તેની જરાપણ જાણકારી નહોતી. તેને તેમની ખવડાવવા પીવડાવવા તથા તેમની દેખભાળ વિષે કંઈ જ ખબર નહોતી. પણ તે સ્નેહપૂર્વક સહાનુભૂતિનું પ્રદર્શન કરવાનું જાણતી હતી. કદાચ આ જ સહાનુભૂતિથી આ સમયે તે બીમને સમજી શકી હતી અને જાણી ગઈ હતી કે "ઈવાન ઈવાનિચ" કહેવાથી માંદા કૂતરામાં આશાની એક ચિનગારી ઝબૂકી ઊઠી હતી.

"હા, ઈવાન ઈવાનિચ," તેણે ફરીથી કહ્યું. "જરા રોકા, હું

હમણાં જ આવી." તે એકદમ જલદી બહાર નીકળી અને થોડી જ વારમાં એક ચિઠ્ઠી લઈને પાછી આવી. તેણે તે બીમના નાક પાસે રાખી, "આ છે તે! ઈવાન ઈવાનિચની ચીઠ્ઠી."

બિચારો બીમ જે મરી ગયો હતો પણ જીવિત થઈ ગયો, જે ચગદાઈ ગયો હતો પણ બચાવી લેવામાં આવ્યો હતો, જે માંદો અને ઘોર નિરાશાથી પીડિત હતો અચાનક કાંપવા લાગ્યો. તેણે ચિઠ્ઠીમાં પોતાનું નાક ઘોંચ્યું અને તેનાં ખૂણે ખૂણાં સૂંઘ્યાં... જ્યારે સ્તેપાનોવ્નાએ ચિઠ્ઠી કાઢવા માટે કવરને ફર્શ પરથી ઊઠાવ્યું ત્યારે તે ઘસડાતો ઊઠયો અને તેની તરફ વધ્યો. તેણે તે જ કવરમાંથી એક બિલકુલ ખાલી કાગળ કાઢ્યો અને તેને બીમની સામે મૂકી દીધો, તેને જોઈને બીમ સાચેસાચ પૂંછ હલાવવા લાગ્યો. ઈવાન ઈવાનિચે પોતાની આંગળીઓની ગંધથી તે પત્ર લખ્યો હતો અને જાણીબૂઝીને એવું કર્યું હતું.

"આ જ છે, તેણે જે તારા માટે મોકલ્યો," સ્તેપાનોવ્નાએ કહ્યું. "તેણે લખ્યું છે કે બીમને આ કોરો કાગળ આપી દેજો." તેણે કોરા કાગળને "ઈવાન ઈવાનિચ... ઈવાન ઈવાનિચ..." કહેતાં કહેતાં બીમની સામે કર્યો.

અચાનક બીમ ફર્શ પર ગબડી ગયો અને તેણે પોતાનું માથું તે કાગળ પર પડવા દીધું. તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. બીમ પોતાનાં જીવનમાં પહેલી વાર રડી રહ્યો હતો. તે આશાનાં, સુખનાં આંસુ હતાં, દુનિયાનાં સર્વોતમ આંસુ હતાં, મિલનની ખુશીમાં આપણે વહેવડાવીએ છીએ તેવાં આંસુઓ હતાં.

...હા, પ્રિય વાચકો, મારી ઉપર વિશ્વાસ કરો, સેટર કૂતરો હસી પણ શકે છે અને રડી પણ શકે છે.

...સ્તેપાનોવ્ના કૂતરાને સમજવા લાગી હતી, પણ તે અનુભવ કરતી હતી કે તે એકલી આ કામ નહીં કરી શકે. તે બહુ વાર સુધી બીમની સાથે બેસી રહી અને સ્વયં પોતાનાં જીવત પર વિચાર કરતી રહી. તે જ્યાં જન્મી હતી, ઊછરી હતી અને મોટી થઈ હતી તે ગામની યાદમાં વ્યાકુળ થઈ ગઈ. તેને ઈંટનાં બનેલાં આ પાંજરાંઓમાં એકલપણાંની પ્રબળ અનુભૂતિ થવા લાગી. લોકો આ પિંજરાઓમાં એક જ ઘર અને એક જ દાદરો હોવા છતાં પણ



એકબીજાને ઓળખ્યાં પારખ્યાં વગર વરસો સુધી રહે છે. ખેર તેણે ઓછામાં ઓછું એ તો અનુભવ્યું કે બીમને પાણી પીવડાવવું જોઈએ.

તેને તેની કેટલી બધી જરૂર હતી! તેણે જેમ તેમ કરીને ઊઠીને એકદમ તરસ્યાની જેમ પાણી પીધું અને ઘણું બધું પાણી ફર્શ પર છલકાવી દીધું ત્યારબાદ તે પોતાની જૂની સ્થિતિમાં જઈ પડ્યો, તેણે આંખો મીંચી દીધી અને એવું પ્રતીત થયું કે તે બેભાન થઈ ગયો છે.

જ્યારે સ્તેપાનોવ્ના ફ્લેટ છોડીને ગઈ ત્યારે પોહ ફાટવાની તૈયારી હતી. તે અત્યંત ધીમેથી એવી રીતે બહાર નીકળી જાણે તેને કોઈ માંદી વ્યક્તિના આરામમાં ખલેલ પહોંચાડવાનો ભય હોય.

કેવળ એક એકલો કૂતરો ફર્શ પર સૂતો હતો.

તેને કદી પણ ખબર ન પડી કે તે કેટલી વાર સુધી સૂતો રહ્યો. કેટલાંક કલાકો કે કદાચ કેટલાંક દિવસો સુધી તે પોતાનાં પગમાં થનારી તીવ્ર વેદનાથી જાગ્યો હતો. તે દિવસોનો સમય હતો કારણ કે સૂરજ ચમકતો હતો. દર્દ હોવા છતાં પણ તેણે પેલાં કોરા કાગળને ફરીથી સૂંઘ્યો. તેના માલિકની ગંધ આછી અને પહેલાંથી વધારે દૂરસ્થ થઈ ગઈ હતી. પણ તેનું કોઈ મહત્તવ નહોતું. મુખ્ય વાત એ હતી કે તે હજી વર્તમાન હતો અને ક્યાંકને ક્યાંક મોજૂદ હતો અને તેને શોધી કાઢવાનો હતો. બીમ ઊઠી ગયો, તેણે પોતાના કટોરામાંથી પાણી પીધું અને પોતાનાં ત્રણ પગો વડે ફ્લેટમાં આમતેમ લંગડાતો ચાલવા લાગ્યો. તેણે થોડી જ વારમાં ચાલવાની એવી રીત કાઢી લીધી જેનાથી તેનાં કચડાયેલાં પંજામાં દર્દ નહોતું થતું, તેને પોતાનાં એ પંજાને હરઘડી જમીનથી દૂર રાખવો પડતો હતો. જ્યારે સ્તેપાનોવ્ના કંઈ ખાવાનું લઈને અંદર આવી ત્યારે તેણે તેનું સામૈયું કરીને તેને પ્રસન્ન કરી દીધી અને તેણે આપેલું ખાવાનું પણ સાચેસાચ ખાઈ લીધું.

જ્યારે હજી આશા બચી છે ત્યારે તે ખાવાનું શા માટે ન ખાય. તેનું મસ્તિષ્ક પેલાં બે જાદુઈ શબ્દો: "શોધો" અને "રાહ જો"થી સક્રિય હતું.

પણ તે સ્તેપાનોવ્નાને ભલેને ગમે તેટલું કહેતો, તેને ભલે ને ગમે તેટલું હેરાન કરતો તેમ છતાં તે તેને બહાર જવા જ નહોતી

હતી (તું ઘરમાં જ રહે તું માંદો છે). પણ અંતમાં તે સમજી ગઈ કે બીમ એક જીવિત પ્રાણી છે અને બહાર જવાની તેની ઇચ્છાનું સમુચિત કારણ છે. જો તેને એ ખબર હોત કે કૂતરાંઓને ત્રણ દિવસથી વધારે સમય સુધી બહાર ન જવા દેવાથી તેઓ મૂત્રાશયનાં ફાટી જવાથી અથવા તો કબજિયાતની અધિકતાથી મરી પણ જાય છે તો તે આશ્ચર્યાન્વિત પણ થઈ હોત અને ભયભીત પણ.

સ્તેપાનોવ્ના પોતાનાં સંપૂર્ણ જીવનમાં સહાનુભૂતિ અને સહૃદયતાથી નિર્દેશિત થતી રહી હતી. તેનાથી વધારે કંઈ નહીં. તેણે બીમનાં પટ્ટામાં એક સાંકળ બાંધી અને તેને બહાર લાવી. બીમ લંગડાતો લંગડાતો તેની પાછળ પાછળ ચાલ્યો. ત્યાં કંપાઉન્ડમાં ખૂણામાં તેઓ બંને ઊભાં હતાં: ગૂંચવાયેલા વાળવાળી વૃદ્ધા અને એક કૃશકાય લંગડો કૂતરો.

પોતપોતાની સ્કૂલે જવા માટે વિભિન્ન બારણાઓમાંથી બાળકો દોડતાં આવ્યાં, પણ તેમનામાંથી કેટલાંક જ એ પૂછવા માટે રોકાઈ ગયાં:

"દાદીમા, બીમ માત્ર ત્રણ પગ પર કેમ ચાલી રહ્યો છે?"

કે પછી: "કેમ છે બીમુ બેટા, શું તને ચોટ લાગી છે!"

પણ તેમને તો હમણાં સ્કૂલે જવાનું હતું. તે તેમની બહુ મોટી જવાબદારી હતી; પોતાનાં પરિવાર, અધ્યાપક અને દોસ્તો પ્રત્યે તેમની પ્રમુખ જવાબદારી હતી. એટલા માટે તેઓ વધારે વાર સુધી ત્યાં ન રોકાયાં. આ એક એવું તથ્ય હતું જે સ્તેપાનોવ્ના અને બીમ બંનેને માટે બહુ મોટા મહત્ત્વનું હતું, પણ તે સમયે તેમણે તે ન સમજ્યું અને જ્યારે તેઓ તૈયાર થઈ ગયાં ત્યારે ચૂપચાપ ઘેર પાછા આવ્યાં.

પોતાના જીનાના પ્રવેશદ્વાર પાસે તેમની ભેટો પત્લીતિચ (પાવેલ તીતિચ રીદાયેવ) સાથે થઈ ગયો:

"હવે સાંભળો, વાત એમ છે કે આ કૂતરો સારો કૂતરો છે અને દેખભાળ કરવા યોગ્ય છે. તેના માલિકે તેને આ કામ સોંપ્યું છે એટલે મારી સલાહ છે કે તું તેને સાંકળે બાંધીને રાખ. તારે એમ કરવું જ પડશે. નહીં તો આ ભાગી જશે. તું તેની પર હરઘડી

નજર નથી રાખી શકવાની. તે તો બે ઝાટકામાં દરવાજો પાર કરી જશે અને ત્યારે તે ગયો ગુજર્યો કૂતરો બની જશે."

"પણ શું આવા હોશિયાર કૂતરાને સાંકળે બાંધવો એ યોગ્ય છે?" સ્તેપાનોવ્નાએ અવિશ્વાસપૂર્વક પૂછ્યું.

"તમે નાદાન છો, એ વાતને ગાંઠે બાંધી લોકે ખૂનખાર થાય કે ન થાય તે જીવતો રહેશે. તેને સાંકળે બાંધીને રાખો—આ તારે માટે મારો નિર્દેશ છે. સાંકળે બાંધીને તારે આ કરવાનું જ છે તેની પોતાની ભલાઈ માટે."

સ્તેપાનોવ્ના અધ્યક્ષની ઇચ્છાઓની અવગણના ન કરી શકી, એટલા માટે તેણે એક રૂબલ દસ કોપેકમાં કૂતરાને બાંધવાની સાંકળ ખરીદી અને બીમને એ જ સાંકળે બાંધીને કંપાઉન્ડમાં લઈ આવી. પણ ઘેર આવીને તે સાંકળ ખોલી નાંખતી અને એક ખૂણામાં ફેંકી દેતી. ચતુર વૃદ્ધ દાદી સ્તેપાનોવ્ના તે જાણતી હતી કે કોઈની વાત રાખવા છતાં પણ તેનું ઉલ્લંઘન કેવી રીતે કરવામાં આવે છે. પણ બન્યું એવું કે તે બીમને માત્ર બે કે ત્રણ વાર જ ફેરવવા માટે લઈ ગઈ અને તેનું કારણ સ્વયં બીમ સાથે સંબંધિત એક અસાધારણ ઘટના હતી.

પ્રકરણ નવમું

એક નાનો દોસ્ત, બીમ પર ગુપ્ત દોષારોપણ અને લેખકનું વિષયાંતરણ

બાળકોનાં સ્કૂલે પહોંચતાં જ વાત ચાલુ થઈ ગઈ કે તેમના કંપાઉન્ડમાં એક કૂતરો જે પહેલાં ચારે પગે ચાલતો હતો તે હવે ત્રણ પગે લંગડાતો ચાલી રહ્યો છે. પહેલાં તે ખૂબ સુંદર અને સુઘડ રહેતો હતો અને હવે સાઠા જેવો પાતળો થઈ ગયો છે. તેનાં વાળ ગૂંચવાઈ ગયાં છે અને તેમાં મેલનાં થર જામી ગયાં છે, પહેલાં તે ખુશ રહેતો હતો અને હવે તદ્દન ઉદાસ છે અને તેનું નામ બીમ છે. તેના માલિકને ઓપરેશન માટે મોસ્કો મોકલી દેવામાં આવ્યા છે અને સ્તેપાનોવ્ના દાદી તે કૂતરાને ફરવા લઈ જાય છે.

સ્કૂલના કર્મચારીઓમાંથી એક અધ્યાપકનાં કાને પણ આ વાત પહોંચી. બીજા દિવસે તેણે જિલ્લાનાં શિક્ષાવિદોની સભામાં એક રસપ્રદ ચર્ચા કરી. તેનો સંક્ષિપ્ત સાર લગભગ આ પ્રમાણે હતો.

આપણી ઉદયમાન પેઢી અતિ ઉત્તમ છે, આ પેઢી "કરુણાના વિચારને ગ્રહણ કરી રહી છે, આ એક એવી અવધારણા છે જેમાં પૃથ્વી પરનાં જીવજંતુઓ પ્રત્યે સહાનુભૂતિની ભાવના પણ સમાવિષ્ટ છે." તેણે કહ્યું કે આ વાત એક ખાસ સ્કૂલમાં કાળા કાનવાળાં અજ્ઞાત કૂતરો જેના માલિકને એક ઓપરેશન માટે લાંબા ગાળા સુધી દૂર રહેવાનું હતું તેના પ્રત્યે ઊંડા (હા, ધ્યાનમાં લેશો, ઊંડા) રસથી સિદ્ધ થાય છે.

જિલ્લાની બધી સ્કૂલોનાં અધ્યાપકોએ લગાતાર ત્રણ દિવસ સુધી બાળકો સાથે એક ઉદ્દેશ્ય સંબંધિત વાતો કરી કે જાનવરો પ્રત્યે કરુણા હોવી જોઈએ અને તેમને જણાવ્યું કે ફલાણા નંબરની સ્કૂલવાળાં એક લંગડા કૂતરાની સાથે કેવો સ્નેહપૂર્ણ વર્તાવ કરી રહ્યાં છે. પણ તેમનામાંથી કેટલાંક વધારે શંકાશીલ અધ્યાપકોએ એ ચેતવણી પણ આપી કે એ જોવાની અને સાવધાની વર્તવાની જરૂર છે કે તે વિચારાધીન કૂતરો ક્યાંક ગાંડો તો નથી. જે સ્કૂલમાં તોલિક ભણતો હતો તેની અધ્યાપિકાએ પણ આ ઘટના વિષે જણાવ્યું. પણ તેના જણાવવાનો ઢંગ સરળ અને અનૌપચારિક હતો.

"જરા વિચારો બાળકો," અધ્યાપિકાએ કહ્યું. "કોઈ નિર્દયીએ એક કૂતરાનો પગ કાપી નાંખ્યો." (જ્યારથી આ કહાણી અધ્યાપકોના હાથમાં પડી હતી ત્યારથી તેમાં થોડાંક બદલાવો થઈ ગયાં હતાં—છેવટે અફવા તો અફવા જ હોય છે!) "એક સોવિયેત વ્યક્તિ માટે આ કામ કરવું કેટલું ધૃણાસ્પદ છે! આ ગરીબ શ્યામકર્ણી કૂતરો હવે જીવનભર માટે અપંગ થઈ જશે." તેણે પોતાની નોટબુકમાં જેની તેને જરૂર હતી તે પાનું શોધી કાઢ્યું અને આગળ કહ્યું, "હા, તો બાળકો હું ઇચ્છું છું તમે એક નિબંધ લખો, નિબંધ નાનકડો જ હશે અને એમાં તમે 'મને જાનવરો સાથે પ્રેમ છે,' એ વિષય પર જે કંઈ અનુભવ કરો છો તે લખશો. તમે મુક્ત ભાવે, કોઈ પણ મૂંઝવણમાં પડ્યા વગર લખી શકો એટલા માટે હું તમને પ્રશ્નોના રૂપમાં એક તેની યોજના આપું છું."

પોતાની નોટબુકમાં જોઈને તેણે પાટિયા પર લખ્યું:

૧. તમારા કૂતરાનું નામ શું છે?

૨. તે સફેદ છે કે કાળો છે કે પછી કોઈ બીજા રંગનો છે?

૩. તેનાં કાન ઊભાં છે કે નીચે તરફ લટકેલાં છે?

૪. તેની પૂંછડી છે કે માત્ર ઠૂંઠું જ છે?

૫. તેની જાતિ કઈ છે, જો ઘરમાં કોઈ જાણતું હોય તો?

૬. તે સ્નેહશીલ છે કે હડકાયો?

૭. શું તમે તેની સાથે રમો છો, હા, તો કેવી રીતે?

૮. શું તે કરડે છે? જો એમ છે તો કોને?

૯. શું માબાપ તેને પ્યાર કરે છે?

૧૦. તમને તમારા કૂતરા સાથે પ્યાર કેમ છે?

૧૧. બીજાં જાનવરોના (મુર્ઘીઓ, બતકો, વરુઓ, ઉંદરો, ઘરાણો, વગેરે વગેરે!) પ્રત્યે તમારો શો દૃષ્ટિકોણ છે?

૧૨. શું તમે સાબરને જોયું છે?

૧૩. લોકો ગાયોને શા માટે દોહે છે અને સાબરને કેમ નહીં (પાળતું અને જંગલી જાનવર)?

૧૪. શું જાનવરોને પ્યાર કરવો જોઈએ?

તોલિક એટલો બધો ઉત્તેજિત હતો કે તે લખવાનું તો દૂર શાંતિથી બેસી રહી પણ ન શક્યો. સામાન્ય ખામોશીની વચ્ચે તે અચાનક બોલ્યો:

"આન્ના પાવ્લોવ્ના, આ કાળા કાનવાળા કૂતરાનું નામ શું છે?"

અધ્યાપિકાએ પોતાની નોટબુક જોઈને જવાબ આપ્યો:

"બેમ!"

"બીમ!" તે આખા ક્લાસને ચોંકાવતાં બરાડ્યો. "આન્ના પાવલોવ્ના, કૃપા કરીને મને જવા દો. બીમને શોધવા દો, હું તેને જાણું છું, તે આવો જ કૂતરો છે. કૃપા કરીને?" તેણે અત્યંત કરુણ સ્વરે કહ્યું. અને તે કૃતજ્ઞતાવશ તેનાં હાથ પણ ચૂમવા માટે તૈયાર હતો.

"તોલિક!" તેણે કઠોર સ્વરે તેને સંબોધતાં કહ્યું. "તું બીજાં આખા કલાસને કામ નથી કરવા દઈ રહ્યો. ધ્યાન લગાવીને પોતાનો નિબંધ લખ."

તોલિક ફરી બેસી ગયો. જ્યારે તેણે પોતાના કોરા કાગળને જોયો ત્યારે તેને ત્યાં બીમના સિવાય બીજું કંઈ ન દેખાયું. તે બીમ છોકરાઓ સાથે કામ કરતો દેખાતો હતો. પણ તેણે જે કંઈ લખ્યું

હતું તે માત્ર શીર્ષક જ હતું: "મને જાનવરોથી પ્યાર છે". પણ ઘંટ વાગતાંની થોડી જ વાર પહેલાં તેણે જલદી જલદી જવાબ લખવાના શરૂ કરી દીધા. તે ઘંટ વાગ્યા પછી પણ રોકાઈ રહ્યો અને આન્ના પાવ્લોવ્ના આવી બાબતોમાં સામાન્ય રીતે કરતી હતી તેમ પોતાના ઢાળિયા પાસે ધૈર્યપૂર્વક બેઠી પ્રતીક્ષા કરતી રહી. છેવટે દેખીતી રીતે અકારણ જ મોં ફૂલાયેલ અને અસંતુષ્ટ દેખાતાં તોલિકે પોતાનો નિબંધ તેને આપ્યો અને ઓરડામાંથી બહાર નીકળી ગયો.

તેનો નિબંધ છેક છેલ્લો મળ્યો હતો એટલા માટે આન્ના પાવ્લોવ્નાએ સૌથી પહેલાં તેને જ વાંચ્યો (કારણ કે ઢગલામાં સૌથી ઉપર હતો).

તોલિકે સવાલોનાં માત્ર સાચાં જવાબ જ નહીં પણ તેનાથી વધારે જ લાખી નાંખ્યું હતું. તેના નિબંધમાં કવિતા લખવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જો કે એ વાત સાચી હતી કે તેનો એક અંશ સ્પષ્ટત: એક લોકપ્રિય ગીતમાંથી લેવામાં આવ્યો હતો, જેને બધાં જ સ્કૂલનાં બાળકો જાણે છે. તેનો નિબંધ આ પ્રમાણે હતો:

"મને જાનવરોથી પ્યાર છે."

"તેનું નામ બીમ છે. તે સફેદ છે અને તેનો એક કાન કાળો છે. તેનાં કાન મુલાયમ તથા લટકતાં છે. તેની એક પ્રમાણસરની પૂંછડી છે. તે સામાન્ય નહીં પણ શિકારી જાતિનો કૂતરો છે. તે સ્નેહશીલ છે, હું એક વાર તેની સાથે રમ્યો હતો પણ એક ચીડચીડિયો માણસ આવ્યો અને તેને બાંધીને લઈ ગયો. તે દુષ્ટ વૃદ્ધ અને ધૂની હતો. બીમ કરડતો નથી. મા અને પિતાને તે નથી ગમતો. તેમને ગમી પણ નહીં શકે. તે કોઈ બીજાનો છે. તેના ગળાના પટ્ટામાં એક પિત્તળની ચકતી છે. હું નથી જાણતો કે મને શા માટે તે ગમે છે; હું સમજું છું કે મને, બસ તે ગમે છે. મને મુર્ઘીઓ, બતકો, બકરીઓ, હરણ અને ઉંદર સારાં લાગે છે પણ ઉંદરોથી બીઉં છું. મેં સાબર હજી સુધી નથી જોયું. તેઓ શહેરમાં નથી રહેતાં. લોકો ગાયોને દોહે છે કારણ કે દુકાનોમાં દૂધ મળે અને યોજનાની પૂર્તિ થાય." ("તે ખરેખર થોડી થોડી અવિકસિત બુદ્ધિનો છે," આન્ના પાવ્લોવ્નાએ મનમાં ને મનમાં વિચાર્યું.) "તેઓ

સાબરને કદી નથી દોહતાં કારણ કે દુકાનોમાં તેનું દૂધ નથી હોતું અને તેની કોઈને જરૂર નથી. જાનવરોને પ્યાર કરવો જોઈએ અને કૂતરો માણસનો સૌથી સારો દોસ્ત હોય છે. મેં હમણાં હમણાં જ એક ગીત રચ્યું છે:

સારો છે સાબર
ઉંદર પણ નથી ખરાબ,
સારું હોત હરણ પણ
સૌથી સારો છે કૂતરો જ.

હું ગિનીપિગ પણ પાળતો હતો. પણ માએ કહ્યું કે તે ફ્લેટમાં બહુ દુર્ગંધ ફેલાવે છે અને તે એક એવી છોકરીને આપી દીધાં જેને હું જાણતો નહોતો. પણ ભલેને ગમે તે થાય, હું બીમને શોધવા જઈ રહ્યો છું. મને ક્લાસમાંથી બહાર જવાની અનુમતિ આપવામાં નથી આવી તેમ છતાં પણ જઈ રહ્યો હું. મેં કહ્યું છે હું તેને શોધી લઈશ અને અવશ્ય શોધી લઈશ. આન્ના પાવ્લોવ્ના, તમે પણ મને નહીં રોકી શકો."

આન્ના પાવ્લોવ્નાનાં ભવાં ચઢી ગયાં. આ છોકરો તો બધી મર્યાદાઓ તોડી ગયો. ભગવાન જાણે હવે તેનો શો ઈરાદો છે. આ "સ્થિર જળમાં..." પણ તે એક સામાન્ય અધ્યાપિકા માત્ર હતી એટલા માટે તેણે આ અંતિમ વિચારને આગળ ન વધાર્યો, તેના બદલે તેણે તોલિકને ખરાબ માર્ક આપી દીધા.

હા, કદી કદી આવું પણ બને છે. આન્ના પાવ્લોવ્ના પોતાના વ્યવસાયની સમ્માનિત સદસ્યા હતી. તેનાં શિક્ષાર્થીઓ તેને પસંદ કરતાં હતાં અને તેની આજ્ઞાનું પાલન કરતાં દેખાતાં હતાં. તેનાં એક બે એવાં અપવાદો જરૂર હતાં જેમને બધી સ્કૂલોએ સહન કરવા જ પડે છે. શિક્ષા બહુ મોટો ગૂંચવણ ભર્યો મામલો છે, બહુ જ મોટો. એટલા માટે હું સમજું છું કે તોલિકે આ જ કારણે પોતાનો નિબંધ જે તેનો પહેલો નિબંધ હતો આ પ્રમાણે લખ્યો; આ કામ જાણીબૂઝીને નહીં પણ માત્ર અજાણ અબોધ ભાવનાથી કરવામાં આવ્યું હતું. કારણ કે જાહેર હતું કે પ્રશ્નોની એ યાદીમાં ગિની પિગ અથવા આન્ના પાવ્લોવ્ના વિષે કંઈ પણ નહોતું. સંભવ છે કે જ્યારે તે મોટો

થશે ત્યારે પોતાનાં બાળપણની આ ભૂલ સમજશે, પણ હમણાં નહીં. તે તો અડધી રજા પછી ક્લાસમાં પાછો પણ ન આવ્યો અને આ એક અદ્ભુત ચમત્કાર હતો.

તોલિક પોતાના નવા જિલ્લામાંથી પેલા જૂના જિલ્લાની તરફ ગયો જ્યાં તે સ્કૂલ નંબર... સ્થિત હતો, ત્યાં તેણે બાળકોને બધી વાતો પૂછી: તેમણે બીમને ક્યારે જોયો, તે ક્યાં રહેતો હતો. તેને એ જાણીને પ્રસન્નતા થઈ કે તેનો પગ કપાયો નથી પણ માત્ર લંગડો જ થયો છે. તેઓ જોડે ઘેર ગયાં.

તેણે ઘંટડી વગાડી. બીમે એક પ્રશ્નથી જવાબ આપ્યો: "ભોં! (કોણ છે?)"

"એ હું છું—તોલિક!" તેણે સાંભળ્યું કે બીમે બારણામાં નાક લગાડી જોરથી સૂંઘ્યું. "બીમ, હું છું—તોલિક."

બીમે કૂં-કૂં અવાજ કર્યો અને ભસવા લાગ્યો: "કેમ છે તોલિક!"

છોકરો તે સમજી ગયો, શ્વાન ભાષાનું પોતાનું પહેલું વાક્ય તે સમજી ગયો.

કૂતરા અને છોકરા વચ્ચે થઈ રહેલી આ વાતચીતનો અવાજ સાંભળીને સ્તેપાનોવ્ના આવી ગઈ.

"છોકરા, શું છે?"

"હું બીમને જોવા આવ્યો છું."

સ્પષ્ટીકરણોમાં જરા પણ વાર ન લાગી અને તેઓ એક સાથે અંદર ગયાં.

તોલિક મહામુશ્કેલીએ બીમને ઓળખી શક્યો. તેની પાંસળીઓ સ્પષ્ટ દેખાતી હતી, વાળ માટીથી ખરડાયેલાં અને ગૂંચવાયેલાં હતાં. તે ત્રણ પગ પર લંગડાઈ રહ્યો હતો. શું આ બીમ હોઈ શકે છે? પણ તેની આંખોએ, પેલી ચતુર સ્નેહમયી આંખોએ કહ્યું: "હું બીમ છું." તોલિક નીચે બેસી ગયો. તેણે કૂતરાને પોતાની ઇચ્છાનુસાર આચરણ કરવા દીધું. બીમે તેને સારી રીતે સૂંઘ્યો, તેનું જાકીટ, ચિબુક અને હાથને ચાટ્યાં અને અંતમાં પોતાનો ચહેરો તેનાં બૂટ પર ટેકવી દીધો. લાગતું હતું કે તે આશ્વસ્ત થઈ ગયો છે.

સ્તેપાનોવ્નાએ આ છોકરાને તે બીમ અને ઈવાન ઈવાનિચ વિષે જાણતી હતી તે બધી વાતો જણાવી પણ તે એ ન જણાવી

શકી કે તેનો પંજો કેવી રીતે અને કોના દ્વારા ચગદાઈ ગયો.

"આ નસીબની વાત હતી," તેણે કહ્યું. "એક કૂતરાનું પણ નસીબ પહેલેથી જ નિશ્ચિત હોય છે."

તે પેલા છોકરા સાથે સાથે પોતાની ઉંમરની ડંફાસ માર્યા વગર તથા જીવન વિષે પોતાના વિરાટ અનુભવથી બેખબર શાંતિપૂર્વક ઉદાસીથી વાતો કરતી રહી. તેણે બરાબરીના સ્તરે વાતો કરી.

"તેના નાચૉ બિલ્લો ક્યાં ગયો?" તોલિકે પૂછ્યું. "તેના ગળામાં રહેતો હતો. મેં તે વાંચ્યો છે."

"હા, તેના ગળામાં હતો. તારું નામ શું છે?"

"તોલિક."

"આ તો બહુ સરસ નામ છે... હા, તેના નામનો બિલ્લો હતો. તેને કોઈએ કાઢી લીધો હશે."

તોલિકે ક્ષણવાર વિચાર કર્યો. "હું જાણું છું તે કોણ હતું," તેણે વિચાર્યું. "આ કરતૂત પેલા સિલેટી માણસનું જ હતું." પણ તેણે આ વાત પ્રગટપણે ન કહી કારણ કે તેને હજી પાકો વિશ્વાસ નહોતો. "હે ભગવાન, હું આનું શું કરું?" સ્તેપાનોવ્નાએ બીમની તરફ જોતાં કહ્યું. "આ કેવા દુ:ખની વાત છે, પણ હું નથી જાણતી કે કરું શું. તેને ડૉક્ટરને બતાવવો જ જોઈએ."

"તેને જાનવરોનાં ડૉક્ટરને બતાવવો જોઈએ," તોલિકે શ્રેષ્ઠતાનો અનુભવ કર્યા વગર તેના કથનમાં સુધારો કર્યો અને પછી તેના પ્રશ્નનો જવાબ રજૂ કર્યો, "હું સ્કૂલેથી છૂટ્યા પછી રોજ આવીશ અને તેને ફેરવવા લઈ જઈશ. શું હું એમ કરી શકું છું?"

આમ બીમને એક નવો નાનો દોસ્ત મળી ગયો. સાંજનું ખાવાનું ખાધા પછી તોલિક દર દિવસે નગરની આરપાર ચાલીને બીમને જોવા આવતો, તેને કંપાઉન્ડમાં ફેરવવા લઈ જતો, રસ્તાઓ અને બગીચાઓની સેર કરાવતો તથા બીજાં બાળકોની સામે પૂર્ણ સંતોષથી ઘોષણા કરતો:

"કૂતરો મનુષ્યનો સૌથી સારો દોસ્ત છે."

અને આનો અર્થ તેનાથી તદ્દન જૂદો હતો જેને તે પોતાની અણજાણ ભાવના સાથે લખેલ નિબંધમાં કહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

પણ તોલિકે એક કામ કરવાનો ફેંસલો કરી લીધો હતો. તે પેલા સિલેટી માણસને જરૂર શોધી કાઢશે અને તેની સાથે વાતચીત કરશે. તે પોતાના જિલ્લામાં એ માણસની શોધમાં લાગેલો રહ્યો અને એક દિવસ બંનેને આમનો સામનો થઈ જ ગયો.

"કાકા," તોલિકે પોતાની ટોપીની ધારને પાછળ ધકેલતાં તથા પોતાનાં હાથ પીઠ તરફ કરતાં કહ્યું: "પણ તમે બીમના નામનો બિલ્લો શા માટે લઈ લીધો?"

"આ શું કહે છે? તું ગાંડો તો નથી ને, છોકરા?" તે માણસે વિરોધ કરતાં કહ્યું.

"જ્યારે તમે તેને બાંધીને લઈ ગયાં ત્યારે તેના પટ્ટામાં એક બિલ્લો હતો. તે ઘટનાને જોનારો હું એકલો જ નથી."

"અને જ્યારે મેં તેને જવા દીધો ત્યારે તે બિલ્લો ત્યાં જ હતો. તે મને કરડયો હતો! તેને કોણ નહીં જવા દે—તે તો વરુની જેમ કરડે છે."

"તમે સાચું નથી બોલી રહ્યા. બીમ સ્નેહશીલ કૂતરો છે."

"સાચું નથી બોલી રહ્યો? અરે દુષ્ટ છોકરા. તારાં માબાપ ક્યાં છે? બોલ ક્યાં છે?"

પેલા સિલેટીએ સત્યનો અંશ માત્ર જ જણાવ્યો હતો અને માત્ર એક અંશ, અને આ મુદ્દાની વાત હતી. જ્યારે તેણે એમ કહ્યું હતું કે બીમ તેને કરડયો હતો ત્યારે તે સાચું કહી રહ્યો હતો. એટલાં માટે અનુમાનત: તેને ક્રોધે ભરાવાનો પૂરો હક્ક હતો. પણ જ્યારે તેણે કહ્યું કે તેણે બીમનાં નામનો બિલ્લો નથી કાઢયો ત્યારે તે જૂઠું બોલી રહ્યો હતો. તે એ તથ્યને મુસીબતનું કારણ નહોતો માનતો હતો કે તેણે તેના નામના બિલ્લાને કાઢા લીધો હતો પણ બીમના કરડવાનું તેનું કારણ માનતો હતો. અને પોતાની વાતને સિદ્ધ કરવાની ચેષ્ટામાં કારણ એ પરિણામના સંબંધને ઊલટો સીધો કરી દેવો એક ઉપયોગી ચાલ છે. તેને પાકો વિશ્વાસ હતો કે તે સાચું બોલી રહ્યો છે અને એ તથ્ય સાથે તેને કોઈ નિસ્બત નહોતી કે તે સંપૂર્ણ સત્ય નહોતું. કોણ ક્યારે જાણી શકવાનું હતું કે કોણ કારણ હતું અને કોણ પરિણામ? તે બધાંને માટે રહસ્ય જ બન્યું રહેશે. પણ તોલિકને દૃઢ વિશ્વાસ હતો કે બીમ પેલા સિલેટી માણસને કરડી નહોતો શકતો કારણ કે

તે સિલેટી માણસ પણ છેવટે તો મનુષ્ય જ હતો, કોઈ સસલું, લોંકડી કે બીજું કંઈ તો નહોતો જ. એટલા માટે તેણે પોતાના આરોપને બમણો કરતાં કહ્યું:

"તમે મને બેવકૂફ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છો. તમને શરમ આવી જોઈએ."

"નીકળી જા," તે માણસ ગરજ્યો અને આગળની તરફ ઝૂકીને લંગડાતો જતો રહ્યો (બીમે ઊંડાં દાંત ઘૂસાડયાં હશે.)

તદ્દન આશ્ચર્યની વાત છે કે જ્યારે એક પક્ષ માત્ર અડધું સત્ય બતાવે છે અને બાકીના શેષ અડધા વિષે નથી જાણતો ત્યારે બંને પક્ષો કેટલાં સાચાં હોઈ શકે છે.

સિલેટી માણસ ચાલ્યો ગયો. તે વિચારી રહ્યો હતો કે પેલો તથા બીજાં ચાલક છોકરાંઓ મિલિશિયા જઈને ફરિયાદ કરી દેશે અને તેઓ આવીને મારો સંગ્રહ જોઈ લેશે... ના, હું મારા પાંચસોમાને, મારા પંચશતીયને નહીં છોડું. તે બીજાં પ્રકારનાં વીસ બિલ્લાઓની બરાબર છે. ત્યારે તેણે ફેંસલો કર્યો કે બચાવની સૌથી સારી રીત આક્રમણ છે.

ઘેર પહોંચતાં જ તેણે એક હેવાલ લખ્યો અને તે જાનવરના ડૉક્ટર પાસે લઈ ગયો.

"એક કૂતરો (સંકર જાતિનો સેટર, જેનો એક કાન કાળો હતો) ભાગતો જઈ રહ્યો હતો અને મારી પાસેથી પસાર થતી વખતે મને કરડી ગયો અને મારા શરીરના વિશિષ્ટ અંગનું માંસ ઉઝરડી ગયો... તેની પૂંછડી અને મોં જમીન તરફ હતાં અને તે લાલચોળ આંખે ગાંડા કૂતરાની જેમ દોડી રહ્યો હતો... કાં તો તેને પકડીને ખલાસ કરવામાં આવે તથા આ ઉદ્દેશ્ય માટે રખડતાં કૂતરાઓને પકડવા માટે નિયુક્ત કરાયેલા લોકોને સૂચિત કરવામાં આવે નહીં તો પછી હું તમારી નોકરશાહીની રીતો અને આળસુપણા વિષે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ફરિયાદ કરીશ..." વગેરે વગેરે.

જાનવરોનો ડૉક્ટર શંકિત થઈ ગયો.

"તમને ક્યાં કરડયો? ક્યારે? ક્યાં? કેવી પરિસ્થિતિઓમાં?"

સિલેટી માણસે કુશળ કથા વાચકની જેમ પોતાની કહાણી સંભળાવી પણ તેમાં કલ્પનાશીલતા વધારે નહોતી. ડૉક્ટરને જ કંઈ જાણવું હતું તે બધું પેલા માણસના હેવાલમાં મોજૂદ હતું. તેને રસ્તા

પર રખડતાં કૂતરાંએ કરડી લીધો હતો! તેણે ટેલિફોન ઊઠાવ્યો અને રસી લગાડવામાં આવવાના ઠેકાણે હાજર ફરજી ડૉક્ટર સાથે સંપર્ક કર્યો.

થોડી જ ક્ષણોમાં એક મહિલા ડૉક્ટર કારમાં ત્યાં આવી પહોંચી તેણે સિલેટી માણસને પોતાનું પેંટ ઉતારવા કહ્યું અને કરડાયેલા ભાગ પર નજર નાંખીને પૂછ્યું:

"આને કેટલા દિવસ થઈ ગયા?"

"લગભગ દસ દિવસ," તે અનિચ્છુક રોગીએ જવાબ આપ્યો.

"તમે ચાર દિવસની અંદર ગાંડા થઈ જશો," ડૉક્ટરે ખાતરીપૂર્વક એલાન કર્યું, પણ જ્યારે આ વાક્યને સાંભળીને રોગીએ આશંકિત થવાનાં કોઈ ચિહ્ન પ્રગટ ન કર્યાં ત્યારે તે અચાનક સંદેહમાં પડી ગઈ. "તમને નહાયે કેટલાં મહિના થઈ ગયાં?"

"કરડાયાનાં ત્રણ શનિવાર પહેલાં હું નહાયો હતો. મને નહાવાના પાણીથી ઝેર થઈ જવાની બીક હતી... આ એક ખુલ્લો ઘાવ છે."

આ ક્ષણે જાનવરોના ડૉક્ટરે હસ્તક્ષેપ કર્યો.

"હા, આ નિશ્ચિતપણે જ એક ટેલિવિઝનના પડદાની જેમ તમારી તરફ તાકે છે." (જાનવરોનો ડૉક્ટર જરા મજાકિયો અને ખુશમિજાજ હતો.)

કરડાયેલા ઘાવ પર એક બીજી વાર નજર નાંખ્યા પછી મહિલા ડૉક્ટર બોલી:

"તમે આવી લાપરવાહી કરી કેવી રીતે? ચાલો, તરત જ રસી લગાડવાની જગ્યાએ ચલો! અમે તમને ગાંડપણથી બચાવવા માટે હમણાં જ, અબઘડી ઈંજેક્શન લગાડીશું... ઈંજેક્શન પેટમાં લાગશે અને છ મહિનાના ગાળામાં લગાડવામાં આવશે."

"તમે જરૂર ધૂની હશો," સિલેટી માણસે કહ્યું.

"અરે, ના, એવું નથી," જાનવરોનાં ડૉક્ટરે શાંતિપૂર્વક કહ્યું. "જો તમે ચૂપચાપ નહીં ચાલો તો અમારે બળપ્રયોગ કરવો પડશે. જો તમે પોતાના અજ્ઞાન પર અડયા રહેશો તો તમને ઘેરથી પકડીને લાવવા માટે અમે પોલીસને બોલાવીશું."

"હું અને અજ્ઞાની?!" સિલેટીએ ભેંસ જેવા અવાજે કહ્યું. "તમે જાણો છો હું કામ કરતો હતો?!"

"તેની સાથે અમારે કોઈ નિસ્બત નથી," ડૉક્ટરે જવાબ આપ્યો. "તમને ઈંજેક્શન જરૂર લાગશે," તેણે પહેલાં કરતાં પણ વધારે સખતાઈથી કહ્યું.

તો ભાઈ, આ ફરિયાદ કરવાવાળાને નિયમિત દિવસોએ અને નિયમિત સમયે ઈંજેક્શન લગાડવવા જવું પડ્યું અને તે ઈંજેક્શન હંસીરમત નહોતાં. હાય રે કમનસીબી—પાછળ કૂતરાનાં દાંત અને પેટમાં ડૉક્ટરની સોય!

હવે આના પછી શું થયું, તે પણ સાંભળો.

એ અમે નથી કહી શકતા કે કાકી સાથે તેમનો ભેટો કેવી રીતે થયો. (સંભવ છે કે તેઓ લાંબા વખતથી એક બીજાંને જાણતાં હોય—એવું હોઈ શકે છે.) તે દિવસે તેઓ રસ્તામાં મળ્યાં. જેવી રીતે એક માછીમાર બીજા માછીમારની તરફ, એક મૂરખ બીજા મૂરખ તરફ અને એક નિંદક બીજા નિંદક તરફ આકૃષ્ટ થાય છે બિલકુલ તેવી જ રીતે આવાં લોકો પણ સહજબુદ્ધિથી એક બીજા પ્રતિ આકૃષ્ટ થઈ જાય છે. તેઓ મળ્યાં અને વાતો કરવા લાગ્યાં. વાત વાતમાં જ એ વાત બહાર આવી કે તે એક કાળા કાનવાળા કૂતરાએ તેને કરડી લીધો હતો તેના કારણે આટલી વિચિત્ર રીતે લંગડાતો હતો.

"હું એ કૂતરાને જાણું છું! વિશ્વાસ કરો, હું જાણું છું!" કાકીએ જોર જોરથી કહ્યું, "તે મને પણ કરડયો હતો."

સિલેટી માણસ જાણતો હતો કે તે જૂઠું બોલી રહી છે તેમ છતાં પણ તે બોલ્યો:

"મેં તે જાનવરને પકડીને ખલાસ કરવા માટે એક વ્યક્તિગત ફરિયાદ કરી. મેં આને પોતાનું કર્તવ્ય માન્યું."

"તમે બિલકુલ સાચું કામ કર્યું!" કાકીએ તત્પરતાપૂર્વક તેનો ઉત્સાહ વધાર્યો.

"વધારે સારું થશે કે તમે પણ એક ફરિયાદ લખો, જો તમે એક જવાબદાર વ્યક્તિ હોવ તો."

"બેશક, હું લખીશ. તેઓ મને ટાળી નહીં શકે."

તે દિવસે તે પોતાની ફરિયાદ લઈને જાનવરોની એ જ હૉસ્પિટલમાં પહોંચી. પેલી બાજુ પેલો સિલેટી માણસ વિચારી

રહ્યો હતો (મનમાં ને મનમાં): "તું જૂઠું બોલી રહી છે એટલા માટે તારા પેટમાં પણ ડૉકટરી ખોરાક પહોંચે તો સારું રહેશે." જ્યારે બીજાં લોકો જૂઠું બોલતાં હતાં ત્યારે તેને સારું નહોતું લાગતું અને તેને આ તથ્ય પર ઘમંડ હતો. અને હા, કાકી પણ ખૂબ પકડાઈ ગઈ. તેણે ચીસો પાડી બરાડી, ગાળો ભાંડતી રહી અને જ્યાં યોગ્ય સમજ્યું જુઠું બોલતી ગઈ. ખાસ કરીને કૂતરાનાં કરડવાનાં ઘાવનાં બહુ મોટા ન હોવાનાં તથા તેનાં ઠીક થવાના વિષયમાં તેણે પોતાનાં હાથમાં એક જૂનાં ઘાનું ચિહ્ન દેખાડયું અને ઢંઢેરો પીટયો કે તે એક ઈમાનદાર સોવિયેત નારી છે, તેણે સમુદાયના હિતમાં પોતાની જુબાની આપી છે અને હવે તેને પેટમાં ભોંકીને તેના માટે દંડ આપવામાં આવશે.

કોઈ વિચિત્ર કારણસર તેમણે તેનું સરનામું લઈને તેને જવા દીધી અને કહ્યું કે તેઓ તપાસ કરવા માટે તે સ્થળે આવશે. આ બધી ઘટનાઓથી કાકીને બીમના પ્રત્તિ ખૂબ જ તિરસ્કાર થઈ ગયો. અને પેલાં સિલેટિયા માણસથી પણ. પણ તેની બાબતમાં તેને સંકટમાં ફસાવનાર તે જ હતો તથ્ય હોવા છતાં પણ તેનો તિરસ્કાર એટલો તીવ્ર નહોતો.

બે દિવસ પછી આ બે ફરિયાદોનાં સંદર્ભમાં ક્ષેત્રીય સમાચારપત્રમાં એક સૂચના પ્રકાશિત થઈ.

"આ વિશ્વાસ કરવાનું કારણ છે કે સંકર જાતિનો એક કૂતરો જેનો એક કાન કાળો છે રસ્તામાં લોકોને કરડી રહ્યો છે. જે કોઈ પણ એ કૂતરાનું ઠામ ઠેકાણું જાણતું હોય કે જે લોકોને તેણે કરડયાં હોય તેમને નિવેદન કરવામાં આવે છે કે તેઓ નિમ્નાંકિત સરનામે ખબર આપે... જેથી વિશ્લેષણ તથા સંભવ પરિણામોની શોધતપાસ માટે એ કૂતરાને પકડી શકાય. નાગરિકો! પોતાની તથા અન્ય લોકોની તંદુરસ્તીની રક્ષા કરો. ચૂપ ન રહો..." વગેરે વગેરે.

જલદી જ વાચકોનાં પત્રો આવવાનાં શરૂ થઈ ગયાં. તેમાંથી એક પત્ર આ પ્રમાણે હતો:

"...(તારીખ, મહીનો)... એક કૂતરો સ્ટેશનની દિશામાં દોડી રહ્યો હતો (સંકર જાતિનો સેટર, એક કાન કાળો). તે સ્પષ્ટપણે એ નહોતો જાણતો કે તે શું કરી રહ્યો છે, બસ આગળ તરફ દોડતો

ને દોડતો જઈ રહ્યો હતો, સ્વસ્થ કૂતરાં આવી રીતે નથી દોડતાં—સીધા કે પછી એક ચોકની આરપાર ત્રાંસા, તેઓ રસ્તાની અડચણો કે પડેલી વસ્તુઓની ફરતે ચક્કર મારીને ફરતાં જાય છે. તે કૂતરાની પૂંછડી નીચે હતી અને માથું પણ સીધું નીચે તરફ ઝુકેલું હતું. ઉપર ચર્ચવામાં આવેલ કૂતરો (સંકર જાતિનો સેટર, એક કાન કાળો) અત્યંત ખતરનાક છે અને સોવિયેત સંઘનાં કોઈપણ નાગરિકને અથવા પેલાં વિદેશી પર્યટકોને પણ કરડી શકે છે, જેઓ અહીં મોટી સંખ્યામાં છે. તેને પકડવામાં આવે અને જેનું અમે બહુ સન્માન કરીએ છીએ તેવાં આપનાં સમાચાર પત્રમાં પ્રકાશિત સૂચનાઓમાં જણાવેલ કોઈ પણ જાતની શોધતપાસ વગર તેને પકડીને ખલાસ કરી નાખવો જોઈએ."

આ અરજીની નીચે બાર સહીઓ હતી.

આ સિવાય બીજાં પણ પત્રો હતાં (એટલી બધાં કે તે સર્વની ચર્ચા કરી શકાય તેમ નથી). એટલે કે "...જેવો આપે લખ્યો છે બિલકુલ તેવો જ કૂતરો પણ કાળા કાન વગરનો, બિલકુલ તેવી જ રીતે... સીધો દોડી રહ્યો હતો." કે પછી: "શહેર કૂતરાંઓથી ભરેલું છે અને એ કહેવું અસંભવ છે કે તેમનામાંથી કોને ગાંડપણનો રોગ છે." કે પછી: "તે કૂતરો કોઈ રોગથી ગ્રસ્ત નથી, તમે જાનવરોનાં ડૉક્ટર પોતે જ ગાંડપણના રોગથી ગ્રસ્ત છો." કે પછી: "જો ક્ષેત્રીય કાર્યકારી સમિતિ આવનારાં ઘણાં વર્ષો માટે યોગ્ય સ્તર પર કૂતરાંઓનાં ઉન્મૂલનની વ્યવસ્થા નથી કરી શકતી તો ત્યાં દેશનું શું થશે, સાથી સંપાદક? ક્યાં ગયી પેલી યોજના? ક્યાં ગઈ અસરકારક આલોચના અને તમે આ વાત પર લક્ષ કેમ નથી આપતાં? આપણે જાણીએ છીએ કે રોટી કેવી રીતે આવે છે, પણ જ્યારે શ્રમજીવી લોકોનાં સ્વાસ્થ્યની રક્ષાની વાત આવે છે ત્યારે આપણામાં ઊણપો જ ઊણપો દેખાય છે. હું એક ઈમાનદાર વ્યક્તિ છું અને હું હંમેશાં લોકોનાં મોં પર સાચું કહી દઉં છું. હું કોઈનાથી બીતો પણ નથી. એટલા માટે મેં જે કહ્યું છે તેની ઉપર ધ્યાન આપશો. મારું ધૈર્ય ખૂટી ગયું છે, હું લખતો જાઉં છું પણ પરિણામ હોય છે શૂન્ય."

ખેર, પત્રો એટલાં બધાં હતાં કે એક વાદવિવાદ છેડાઈ ગયો અને આ વાદવિવાદના ફલસ્વરૂપે એક સંપાદકીય છપાઈને સામે

આવ્યું—'ઘરમાં કૂતરો' શીર્ષક હઠેળ લખાયેલ આ સંપાદકીયમાં શિક્ષા સિદ્ધાંતના એક પ્રવક્તાના પત્રનો ઊલેખ કરવામાં આવ્યો હતો. આ પ્રવક્તા મહાશય, સ્પષ્ટપણે કૂતરાંઓને તિરસ્કારતા હતા. તે કૂતરાંઓને તિરસ્કારવા કેમ લાગ્યા એ સમજવું એટલું સહેલું નહોતું, પણ તેમણે આપેલા કોઈ પણ વક્તવ્યની યુવા પેઢી પર જબરજસ્ત અસર પડવાની સંભાવના હતી. જો યુવા પેઢી તેના સંદેશને બિલકુલ તેના આશય પ્રમાણે જ સમજતી તો તે શ્રમજીવી લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે બાળપણથી બધાં કૂતરાંઓની કતલ કરતી જતી અને જ્યાં સુધી કૂતરાંઓને પાળનારાંઓને સંબંધિત હતું તેઓ બધાં એકઠાં થઈ જતાં અને સામૂહિક રૂપે બૂમો પાડી કહેતાં કે તે "નકામો!" છે (પ્રવક્તાની શબ્દાવલિમાં આ શબ્દ શ્વાન પ્રેમીનો પર્યાય હતો) અને "મલ નિર્માતા!" (પ્રવક્તાએ ઘડેલો એક બીજો શબ્દ) છે.

પહેલાં હું કહી ચૂક્યો છું તે પ્રમાણે પત્રો એટલાં બધાં હતાં કે તે બધાંનો ઉલ્લેખ કરી નહીં શકાય; પણ સમાપન અર્થે એક બીજાના વિષે કહી શકાય તેમ છે. તે માત્ર બે લીટીઓમાં અને એક સવાલના રૂપમાં હતો. "જો તેનાં બંને કાન કાળા હોત તો શું તેની ઉપર પ્રહાર કરવો જોઈએ?" આ પત્ર એવા વ્યાવહારિક વિચારો વાળા વાચકનો હતો જેને દુનિયાની અમૂર્ત સંકલ્પનાઓ સાથે દૂર દૂર સુધી પણ નિસ્બત નહોતી. પણ તેમ છતાં સંપાદકીયમાં કે કોઈ બીજા પૃષ્ઠમાં તેનું ઉદ્ધરણ આપવામાં નહોતું આવ્યું. હકીકતમાં તેનો જવાબ આપવામાં જ ન આવ્યો. એક વ્યક્તિ જેણે પોતાની સેવાઓ પ્રદાન કરવાની પહેલ કરી છે તેની ભાવનાઓ પ્રત્યે સમ્માનનો આવો અભાવ!

હા, જવાબદાર વાચક હજી પણ છે, ભલું થાય નસીબનું કે તેની જાતિ હજી લુપ્ત નથી થઈ. આ પ્રકારના વાચક પોતાના વિચારોને રજૂ કરવા અને કોઈ અન્યના વિચારોની નિંદા કરવાનો અવસર કદી નથી ચૂકતા. એવું જ આપણી બાબતમાં પણ હતું. બીમને આખા નગરમાં શોધવામાં આવી રહ્યો હતો, એક સારા કૂતરાને બદનામ કરી મૂકવામાં આવ્યો હતો. શા માટે? હા એ સાચું હતું કે એક માણસને કરડ્યો હતો પણ તે પરિસ્થિતિઓનું વર્ણન અને એ ખ્યાલ કે તેને ગાંડપણનો રોગ હતો તદ્દન જૂઠાં હતાં. આખી

વાતને ગૂંચવી કાઢવા માટે ચિંતાતુંર વાચકનો દોષ આપી શકાય તેમ નહોતું કારણ કે તેને બદનામીની શંકા નહોતી અને બદનામીનાં પગ નાનાં પણ મજબૂત હોય છે.

પણ સંપાદકે સમય પર એ તથ્ય સમજી લીધું કે આ વાદવિવાદ જે સ્વયંસ્ફૂર્ત હતો તથા જેને કદાચ એ વ્યક્તિએ શરૂ કર્યો હતો જેને કરડવામાં આવી હતી, તે સીમાઓ વટાવવા લાગ્યો છે. તેણે છાપવાના નાના અક્ષરોમાં (એવા અક્ષર જેને ધ્યાનપૂર્વક વાંચવાવાળા વાચકો કદી નથી છોડતાં) એક સૂચના છાપવાનું બુદ્ધિમતાભર્યું પગલું ઉઠાવ્યું: "કાળા કાનવાળો કૂતરો પકડી લેવામાં આવ્યો છે. એટલા માટે સંપાદક ગણ આ વિષય પર ચર્ચા બંધ કરી રહ્યો છે. પાંડુલિપિઓ પાછી નહીં મોકલવામાં આવે."

આ સંપાદક થોડો ઘણો વિનોદી હતો, એવા પ્રકરનો હતો જેને "લડાયક વાચક" સહન નથી કરી શકતાં.

પણ તેણે જે કંઈ લખ્યું હતું તે અસત્ય હતું. બીમને કોઈએ પકડ્યો નહોતો. હકીકતમાં બન્યું એમ હતું કે સ્કૂલમાં છાપાઓનાં છપાયેલી વાતો સાંભળીને તોલિક એક સાંજે જાનવરોના ડૉક્ટરને મળવા તેને ઘેર ગયો. તેણે ઘંટડી વગાડી અને જ્યારે બારણું ખૂલ્યું ત્યારે તેણે કહ્યું:

"હું કાળા કાનવાળા બીમની પાસેથી આવ્યો છું."

આખી વાત તરત જ નિશ્ચિત થઈ ગઈ. બીજા દિવસે તોલિક બીમના ફ્લેટમાં ગયો અને તેને ત્રણ પગે ચલાવતો જાનવરોના ડૉક્ટરને પાસે તેના ચિકિત્સાલયમાં મળવા ગયો. ડૉક્ટરે કૂતરાને તપાસ્યો અને કહ્યું:

"એ વિચારવિમર્શ તદ્દન જૂઠો અને બેહૂદાઈથી ભરેલો છે. કૂતરામાં ગાંડપણનું કોઈ પણ લક્ષણ નથી, પણ તે માંદો છે. તેને માર મારવામાં આવ્યો છે તથા અંગભંગ કરવામાં આવ્યું છે," તે રોકાયો અને તેણે એક અસ્પષ્ટપણે નિસાસો નાખ્યો. "ઓહ, લોકો!" તે બબડ્યો.

તેણે બીમનાં ઘાયલ પંજાને પણ તપાસ્યો, તેના પેટને પણ ઠોકીને જોયું. પગ માટે એક મલમ અને પેટના માટે કંઈ દવા આપી પછી જ્યારે તે આ બે દોસ્તોને વિદાય કરવા લાગ્યો ત્યારે તેણે પૂછ્યું:

"નાનકડા વીર, તારું નામ શું છે?"

"તોલિક."

"તું બહુ સારો છોકરો છે, તોલિક. શાબાશ!"

જતાં જતાં બીમે ડૉક્ટરને ધન્યવાદ આપ્યો. તેનામાંથી દવાઓની ગંધ તો આવી રહી હતી પણ તે માંદો જરા પણ નહોતો. માંદગીની વાત તો રહી દૂર તે હૃષ્ટપુષ્ટ દેખાતો લાંબો માણસ હતો અને તેના નયનોમાંથી દયા છલકી રહી હતી.

"સારો માણસ," બીમે પોતાની હાલતી પૂંછડી અને નજરોથી કહ્યું: "તમે એક બહુ સારા માણસ છો."

* * *

...વાચકો અને દોસ્તો! તે વાચક નથી જે એ વિચારે છે કે તેમનાં નિંદાભર્યાં પત્રો વગર કૂતરાં આ દેશનાં પ્રત્યેક નાગરિક, નર અને નારીને ખાઈ જશે. હું તેમનાથી નહીં પણ બીજાં પ્રકારવાળાંઓને અપિલ કરું છું. ક્ષમા કરશો કે આ કૂતરાની આ ગીતમય તથા આશાવાદી કથામાં હું ક્યારે ક્યારેક થોડાંક પૃષ્ઠો વ્યંગને સમર્પિત કરું છું. મારી પર કલાના નિયમોને તોડવાનો આરોપ ન લગાવશો, કારણ કે પ્રત્યેક લેખકના પોતાના જ "નિયમ" હોય છે. મારી પર વિભિન્ન શૈલીઓના મિશ્રણનો આરોપ ન લગાવશો કારણ કે જીવન પોતે જ એક મિશ્રણ છે: ભલાઈ અને બુરાઈ, સુખ તથા દુ:ખ, હાસ્ય તથા દુ:ખ, સત્ય તથા જૂઠ હંમેશાં સાથે સાથે રહે છે અને એટલાં ઘનિષ્ટતાથી રહે છે કે ક્યારેક તેમની વચ્ચે તફાવત કરવો મુશ્કેલ બની જાય છે. જો આપ અચાનક એ જૂઓ કે હું માત્ર અર્ધસત્ય કહી રહ્યો છું તો મારી હાલત વધારે ખરાબ થઈ જશે. અર્ધ સત્ય અડધા ખાલી પીપની જેમ હોય છે અને અડધા ખાલી તથા અડધા ભર્યા પીપની વચ્ચેના અંતરને સાબિત કરવાનો પ્રયત્ન વ્યર્થ હોય છે.

હકીકતમાં હું એ કહેવા ઇચ્છું છું કે લખવાવાળાંએ હરઘડી એક જ વસ્તુના વિષયમાં નહીં પણ દરેક વસ્તુ વિષે લખવું જોઈએ. ત્રુટિ છે તે આમાં જ છે. જરા એક ક્ષણ આ વિષયમાં વિચારો! જો તમે

માત્ર ભલાઈના વિષે જ લખતાં રહો તો આ જ એ વસ્તુ છે, જેને બુરાઈ ઇચ્છે છે, એ ઉત્તમ છે; જો તમે માત્ર સુખના વિષયમાં લખો છો તો લોકો દુ:ખી લોકોને જોવાનું બંધ કરી દેશે અને અંતમાં તેમની ઉપર લેશમાત્ર પણ ધ્યાન નહિ આપે, જો તમે માત્ર ઈમાનદારી અને સુંદરતા વિષે લખો છો તો જે કદરૂપું છે તેના પર હસવાનું બંધ કરી દેશે.

પણ આ બધી કહેણી-કરણી છતાં હું તો માત્ર એક કૂતરા વિષે લખી રહ્યો છું. આગળનાં પ્રકરણોમાં આ તથ્યની પૂર્તિ થઈ જશે. તેમાં આપણા દોસ્ત બીમની સાથે જે કંઈપણ ઘટનું તેની એક અત્યંત રસપ્રદ કહાણી હશે. પણ તે મારે તમને અગાઉથી જણાવી જ દેવું જોઈએ કે અંત સુખદ નથી.

પ્રકરણ દસમું

ધનને ખાતર

તોલિક અને સ્તેપાનોવ્નાનાં પ્રયત્નોના ફળસ્વરૂપે બીમ સારો થઈ ગયો. બે અઠવાડિયાની અંદર તેના પંજાના ઘા ભરાવા લાગ્યા. જોકે તે હજી પણ ફેલાયેલા જેવો તથા બીજાની સરખામણીમાં વધારે પહોળો હતો. બીમે તે પંજા પર ચાલવાનો પ્રયત્ન કર્યો પણ તેને ખબર પડી કે આ કામમાં તેણે સાવધાની વર્તવી પડશે. તે પગની આંગળીઓ પર જરા પણ ભાર ન નાંખી શક્યો. તોલિક હવે તેનાં વાળ નિયમિત રૂપે ઓળતો હતો એટલા માટે તેનાં વાળનું આવરણ ઘણું સમ્માનજનક દેખાવા લાગ્યું હતું. પણ તેને હંમેશાં માથાનાં દુ:ખાવાની ફરિયાદ રહેતી હતી. પેલા સિલેટિયા માણસે તેને જે દંડા માર્યાં હતાં તેનાથી કોઈ વસ્તુ સ્થાનચ્યુત થઈ ગઈ હતી. ક્યારેક ક્યારેક તેને ચક્કર આવવા લાગતાં અને તે રોકાઈને એ વિચારતો રાહ જોવા લાગતો

હતો કે શું બનવાનું છે. પણ ત્યાં જ ભલું થાય તેનું બીજા ફેરા સુધી તેનું માથું ચકરાવાનું બંધ થઈ જતું હતું. જે માણસને કોઈ ખરાબ ચોટ લાગી ગઈ હોય કે કોઈ પ્રકારના અન્યાયથી આઘાત લાગ્યો હોય તો તેને પણ આવું જ લાગે છે. તરત જ નહિ પણ થોડા સમય પછી તદ્દન અનપેક્ષિત રૂપે તેના કાનોમાં ભણભણાટનો અવાજ આવવા લાગે છે. કે પછી માથું ભમવા લાગે છે. અથવા હૃદયનું ખોટી દિશામાં ઊછળવા જેવું લાગે છે અને તે માણસ જ્યાંનો ત્યાં જ ઊભો રહીને ડગમગતો દુ:ખી મને વિચારે છે કે તેને શું થવા જઈ રહ્યું છે, ત્યારે થોડીવારમાં સંકટ ટળી જાય છે અને બધું જ પસાર થઈ જાય છે. મનુષ્ય પણ એક જાનવર છે પણ બીજાં બધાં જાનવરોમાં વધારે સંવેદનશીલ છે.

...શરદનાં અંતિમ દિવસોમાં જ્યારે હિમ પડવા લાગ્યો હતો ત્યારે જ બીમે પોતાના ચારે પગે ચાલવાનું શરૂ કરી દીધું. પણ તે વખતેય તે થોડોક લંગડાતો હતો. એમ લાગતું હતું કે તે પગ થોડોક નાનો થઈ ગયો છે. હા, બીમ અપંગ હતો પણ તેના માથાની તકલીફ ઠીક થઈ ગઈ લાગતી હતી. સાચું છે, દરેક વાત થાય છે અને વીતી જાય છે.

જો તેનો માલિક ઘેર આવી જતો તો એ બધાંની કોઈ ચિંતા નહોતી પણ તે ન આવ્યો. હવે એ પત્રમાં પણ કોઈ ગંધ બચી નહોતી. તે નકામા પડેલા કોઈપણ બીજા કાગળની જેમ એક ખૂણામાં પડયો હતો. બીમે પોતાના દોસ્તની શોધ ફરીથી શરૂ કરી દીધી હોત પણ તોલિકે તેને બંધનમુક્ત ન કર્યો. તેને સમાચારપત્રની એ સૂચના તથા પેલા સિલેટિયા માણસ તથા રાહ ચાલનાર પેલાં લોકોની બીક હતી જેઓ કદી કદી તેને પૂછતાં હતાં: "આ કાળા કાનવાળો ગાંડો કૂતરો તો નથી ને, હે?" તોલિક જવાબ આપ્યા વિના ચૂપચાપ આગળ વધી જતો અને પછી પાછળ વળીને પણ જોતો હતો. તે કહી શકતો હતો: "ના, આ તે કૂતરો નથી!" અને આટલેથી જ વાત ખલાસ થઈ જતી. પણ તે જુઠું બોલવામાં અને પોતાની ભય, આશંકાઓ, સંદેહો વગેરેની ભાવનાઓને છુપાવવામાં કુશળ નહોતો. તેનાથી ઊલટું આ બધી ભાવનાએ ખુલે આમ બહાર નીકળી આવતી હતી. જૂઠાણું જૂઠાણું હતું અને સત્ય સત્ય હતું. એટલું

જ નહિ તેનામાં સત્યની અભિવ્યક્તિના એક સાધન રૂપમાં એવા વાસ્તવિક વ્યંગવિનોદની ભાવના જાગવા લાગી હતી જેનો ધારક લેશમાત્ર પણ હસ્યા વિના બોલે છે અને એ પણ સંભવ છે કે બોલતી વખતે તેનું અન્ત:મન આંસુ વહેવડાવાની અવસ્થામાં હોય. તેની પહેલી અભિવ્યક્તિ તેનો તે નિબંધ હતો જેનાં પરિણામોને તે સમયે તે પોતે સંપૂર્ણપણે નહોતો સમજી શક્યો. તે હજી પણ કોઈ વસ્તુ પૂરી રીતે સમજી શકતો નહોતો. તેણે એક કે બે વાતોને હજી હમણાં સમજવાની માત્ર શરૂઆત જ કરી હતી.

તો હવે એક છોકરો શરદ્કાળની રમતોનું પેંટ અને પીળાં બૂટ, ઝાંખા ભૂરા રંગનું જાકીટ અને શરદ્કાળની ગરમ ટોપી પહેરીને દરરોજ સાંજે એક લંગડા કૂતરાને લઈને બહાર નીકળતો અને હંમેશાં એક જ રસ્તોથી જતો હતો. તે હંમેશાં એટલો સાફ સુથરો દેખાતો હતો કે જે કોઈને પણ તે મળતો તે એ જ વિચારતું હશે: "આ છોકરો કોઈ સુસંસ્કૃત કુટુંબનો છે." આસપાસ રહેનારાં લોકો જોવા ટેવાઈ ગયાં હતાં અને તેમનામાંથી કેટલાંક પૂછતાં રહેતાં: "આ સારો સુસંસ્કૃત વ્યવહારવાળો છોકરો ક્યાંથી આવે છે?"

તોલિક અત્યાર સુધીમાં પોતાની જ ઉંમરની સોનેરી વાળવાળી છોકરી લ્યૂસ્યાનો ઘનિષ્ઠ મિત્ર બની ગયો હતો. તે અત્યંત શાંત અને શરમાળ છોકરી સ્તેપાનોવ્નાની પૌત્રી હતી. કોઈ કારણવશ તે ફરતી વખતે તેને પોતાની સાથે લઈ જવામાં શરમાતો હતો. પણ ઈવાન ઈવાનિચના ફ્લેટમાં તેઓ ક્યારેક ક્યારેક બીમની સાથે રમતાં હતાં અને બીમ નિષ્ઠાભર્યા પ્રેમ તથા અતૂટ મનોયોગ સાથે તેમને સાથ આપતો હતો. સ્તેપાનોવ્ના પણ પોતાનું ગૂંથણ કામ લઈને આવતી અને ત્યાં બેસીને બાળકોને જોવાનું સુખ માણતી.

એક દિવસ જ્યારે તેઓ બીમના પગનાં લાંબા વાળ અને પૂંછડીની ઝાલરને ઓળી રહ્યાં હતાં ત્યારે લ્યૂસ્યાએ પૂછ્યું:

"તારા પિતા અહીં નગરમાં જ છે?"

"હા, સવારે એક ગાડી તેમને કામ પર લઈ જવા માટે આવે છે અને મોડી રાત પહેલા પાછી નથી લાવતી. તેઓ અત્યંત થાકી જાય છે. 'મારી બધી નસો જાણે તૂટી રહી છે' તેઓ કહે છે."

"અને તારી મા?"

11*

"માની પાસે સમય જ નથી હોતો. ક્યારેક ધોબણ આવી જાય છે તો ક્યારેક દરજણ. ક્યારેક ફર્શ ચમકાવનાર આવી જાય છે તો ક્યારેક ટેલીફોનની ઘંટડી જ વાગતી રહે છે. તેમને તો શાળામાં માબાપની સભામાં આવવા સુદ્ધાંનો સમય નથી મળતો."

"હા, તો તેમના માટે કેટલું મુશ્કેલ થતું હશે," લ્યૂસ્યાએ એક અબોધ હાય સાથે આ વાત કહી, તેની આંખોમાં ઉદાસીની છાયા હતી. તેણે તોલિકને આ પ્રશ્ન માત્ર એટલા માટે પૂછ્યો હતો કે તે હંમેશાં પોતાની માબાપ વિષે વિચાર્યાં કરતી હતી. "મારી મા અને પિતા હંમેશા આટલી દૂર રહે છે. તેઓ વિમાનમાં ગયાં હતાં. એટલા માટે હું અને મારી નાની તદ્દન એકલાં છીએ..." પછી તેણે એકદમ પ્રસન્નતાથી આગળ કહ્યું, "અને અમે બે રૂબલ રોજ પર રહીએ છીએ!"

"અને ઈશ્વરના આભારે, આ બિલકુલ પૂરતાં છે," સ્તેપાનોવ્નાએ એલાન કર્યું. તેમાંથી દસ મોટી પાઉંરોટી ખરીદી શકાય છે. તેનાથી વધારે શું જોઈએ! પણ મને એ જમાનો યાદ આવે છે—અને આજે મને તેના વિષે વિચારતાં શરીરમાં કંપકંપી ચઢી જાય છે. જ્યારે મને પાઉંરોટીના બદલામાં મારા પતિનાં બૂટ આપવા પડતાં હતાં—લ્યૂસ્યા, તારા નાનાના બૂટ આપવા પડ્યાં હતાં..."

"આ ક્યારની વાત છે?" તોલિકે ભવાં ચઢાવતાં પૂછ્યું.

"ગૃહયુદ્ધના દિવસોની. તારા જન્મ થયાના ઘણા સમય પહેલાં. અને હું કદી નહિ ઇચ્છું કે તમારે આવી કોઈ દશામાંથી પસાર થવું પડે."

તોલિક, લ્યૂસ્યા અને સ્તેપાનોવ્નાની તરફ તાકતો રહ્યો. તેને એ વાત રહસ્યમય લાગી કે માબાપ પોતાનાં બાળકો સાથે નથી રહેતાં અને એક એવો પણ જમાનો હતો જ્યારે રોટીના બદલામાં બૂટ આપવા પડતાં હતાં.

સ્તેપાનોવ્ના તેની આંખો જોઈને સમજી ગઈ હતી કે તે શું વિચારી રહ્યો છે.

"અમે જઈ નથી શકતાં. અમારે ફ્લેટની દેખભાળ કરવાની હોય છે... નહિ તો આ અમારી પાસેથી લઈ લેવામાં આવશે... અને જ્યાં સુધી ઈવાન ઈવાનિચ પાછા નથી આવતા ત્યાં સુધી આ ફ્લેટની પણ

દેખભાળ કરતાં રહેવાનું છે. સ્પષ્ટ છે કે એમ કરવું જ પડશે. ઈવાન ઈવાનિચ અને અમે પાડોશી છીએ."

બીમે સ્તેપાનોવ્નાની તરફ જોયું અને સમજી ગયો કે ઈવાન ઈવાનિચ હજી પણ આસપાસ જ ક્યાંક છે. પણ ક્યાં? તેણે જઈને તેની શોધ કરવી જ જોઈએ. એટલા માટે તેણે બહાર જવા દેવા માટે આગ્રહ કરવાનો શરૂ કર્યો. પણ તેની ઇચ્છા પૂરી કરવામાં ન આવી. તે બારણા પાસે સૂઈને રાહ જોવા લાગ્યો. જો તે પોતાના માલિકને નથી મેળવી શકતો તો તેને બીજા કોઈની જરૂર નથી. તેના જીવનનો ઉદ્દેશ્ય પોતાના માલિક માટે રોકાઈ રહેવાનો છે. શોધવાનો અને રાહ જોવાનો છે.

તોલિકે ધ્યાન આપ્યું કે સ્તેપાનોવ્ના દાદીનું વ્યાકરણ તદ્દન શુદ્ધ નથી પણ આ વખતે તેણે કંઈ કહ્યું નહિ કારણ કે તે તે વૃદ્ધ સ્ત્રીનું સન્માન કરવા લાગ્યો હતો. પણ જો કોઈ તેને પૂછે કે તે તેનું સન્માન શા માટે કરે છે તો તે તેનો જવાબ આપી નહોતો શકતો. સીધી સાદી વાત એ હતી કે લ્યૂસ્યાની એક સારી ભલી નાની હતી. છેવટે બીમ પણ તો સ્તેપાનોવ્નાને સારી માનતો હતો.

"બીમ, તું સ્તેપાનોવ્નાને પસંદ કરે છે?" તોલિકે પૂછ્યું.

બીમ હર કોઈને તેમના નામથી તો જાણતો જ હતો સાથે સાથે અને એ પણ ખબર હતી કે પૃથ્વીમાં એક પણ જીવંત પ્રાણી પછી ભલે ને ગંદામાં ગંદો કૂતરો જ કેમ ન હોય, નામ વગરનું નથી હોતું. પણ તે એ પણ બરાબર જાણતો હતો કે બાળકોના કહેવા પર કોની સ્લીપર લઈ આવવી જોઈએ! અને આ સમયે પણ તોલિક તથા સ્તેપાનોવ્નાની નજરો, તેની હંસીથી તે એ જણાવી શકતો હતો કે તેઓ સ્ત્રી વિષે જ વાતો કરી રહ્યાં છે એટલા માટે તે ઊઠ્યો, તેની પાસે ગયો અને પોતાનું માથું તેનાં ખોળામાં મૂકી દીધું.

એક સમય હતો જ્યારે સ્તેપાનોવ્ના કૂતરાંઓ પ્રત્યે તદ્દન ઉદાસ હતી (શું તેમનામાં કોઈ વિશિષ્ટતા હતી), પણ બીમે તેને શ્વાન પ્રેમી બનાવી દીધી; તેણે આ કામ પોતાના સારા સ્વભાવથી, પોતાની વિશ્વસનીયતાથી તથા દોસ્ત પ્રત્યે પોતાની વફાદારીથી કર્યું હતું.

આ પ્રમાણે તેઓ ચાર સ્નેહશીલ પ્રાણી ત્રણ મનુષ્ય અને એક

કૂતરો એક ફ્લેટમાં એક સાથે બેઠાં હતાં. સ્તેપાનોવ્નાને એક આંતરિક સુખ અને શાંતિમયતાની અનુભૂતિ થઈ રહી હતી. ઘડપણમાં આનાથી વધારે બીજું જોઈએ પણ શું!

સમય વીતતાં ઘણા વર્ષો બાદ તોલિક પેલાં સંધ્યાકાળનાં કલાકોને યાદ કરશે જ્યારે તેઓ બારીમાંથી ચળાઈને આવતાં પેલા ઝાંખા જાંબલી પ્રકાશમાં બેસતાં હતાં. એ સાચું છે કે તે ત્યારે જ યાદ કરશે જ્યારે તેનું હૃદય બીજાં લોકો માટે ખુલ્લું રહે અને અવિશ્વાસનાં કીડા તેને ચોંટીને તેનું લોહી ન ચૂસતાં હોય... પણ તેણે ઠીક એ જ ક્ષણે કંઈક યાદ આવી ગયું:

"મારે નવ વાગે ઘેર પહોંચવાનું છે. બરાબર નવ વાગે મારે પથારીમાં હોવું જોઈએ. લ્યૂસ્યા, હું કાલે તારા માટે એક સ્કેચબુક અને કેટલાંક ચેકોસ્લાવાકિયાની રંગીત પેન્સીલો લઈને આવીશ. તને એ પેન્સીલો કોઈ દુકાનમાં નહિ મળે, તું બૂટની એક જોડીથી પણ તે નહિ ખરીદી શકે. તે વિદેશથી આવેલી છે!"

"શું તું સાચેસાચ લાવશે?" લ્યૂસ્યાએ પ્રસન્ન થતાં પૂછ્યું.

"તેં તારા પિતાજીને જણાવી દીધું છે કે તું રોજ ક્યાં જાય છે?" સ્તેપાનોવ્નાએ પૂછ્યું.

"ન-ન-ના. હું શા માટે જણાવું?"

"તારે જણાવી દેવું જોઈએ, તોલિક, તારે ચોક્કસ એમ કરવું જ જોઈએ."

"તેઓ કદી પૂછતાં જ નથી. ન તો મા પૂછે છે. હું નવ વાગ્યા સુધી હંમેશાં ઘેર પહોંચી જાઉં છું."

જ્યારે તોલિક ચાલ્યો ગયો ત્યારે બીમે એક વાર ફરી બહાર જવા દેવા માટે જોરદાર અપિલ કરી પણ તેની અપીલ નામંજૂર કરવામાં આવી. તેની દેખભાળ અને રક્ષા કરવામાં આવી રહી હતી, તે પોતાનાં રક્ષકોને ચાહતો હતો પણ પોતાના દોસ્તની યાદથી તેનું દિલ કોચવાતું હતું.

બીજા દિવસે તોલિક ન આવ્યો. લ્યૂસ્યાને આશા હતી કે તે સ્કેચબુક અને પેલી પેન્સીલો લાવશે જેને કોઈ પણ દુકાનમાં ખરીદી નથી શકતી. તેને તેની કેટલી ચાહના હતી! તે બીમને વારંવાર પૂછતી:

"તોલિક કેમ નથી આવી રહ્યો? તેણે અત્યાર સુધી તો અહીં આવી જવું જોઈતું હતું."

બીમ તેની ચિંતાતુરતાને અસંદિગ્ધપણે સમજી ગયો. એટલા માટે તે લ્યૂસ્યાની સાથે બેસીને બારીની બહાર જોવા લાગ્યો અને અધીરાઈથી રાહ જોવા લાગ્યો. પણ ત્યાં તોલિકનું કોઈ ચિહ્ન નહોતું.

"તેણે પોતાના પિતાને જણાવી દીધું હશે," સ્તેપાનોવ્ના એ મનમાં ને મનમાં વિચાર્યું. પણ પ્રગટ રૂપે કહ્યું. "એક કૂતરાની સાથે આમ જ બને છે... તોલિક વિના આપણે મુશ્કેલીમાં પડી જઈશું. બીમને ફેરવવા કોણ લઈ જશે?"

લ્યૂસ્યાના દિલે કહી દીધું કે ક્યાંક કોઈ ગરબડ છે.

"હા, આપણે મુશ્કેલીમાં પડી જઈશું," તેણે સંમતિ જાહેર કરી. તેના અવાજમાં એક કંપન હતું.

બીમ તેની પાસે આવ્યો અને ચહેરો ઢાંકેલાં તેનાં નાનાં નાનાં હાથોની જોઈને કૂં-કૂં કરવા લાગ્યો (હેરાન ન થા, લ્યૂસ્યા). તેને યાદ આવ્યું ઈવાન ઈવાનિચ પણ ક્યારેક ક્યારેક પોતાના ઢાળિયા પર કોણી ટેકવીને હાથ વડે મોં ઢાંકી આ જ પ્રમાણે બેસી રહેતો હતો. બીમ જાણતો હતો—આ એક અશુભ સંકેત હતો. આવા મોકા પર બીમ હંમેશાં પોતાના માલિકની પાસે ચાલ્યો જતો અને તેનો માલિક તેને માથા પર થાબડતાં કહેતો: "ધન્યવાદ, બીમ, ધન્યવાદ." અને એવું જ લ્યૂસ્યાએ પણ કર્યું. તેણે પોતાના ચહેરા પરથી એક હાથ હટાવીને બીમના માથે પંપોળ્યું.

"બસ, બસ લ્યૂસ્યા. આટલું પૂરતું છે. રડવાની જરૂર નથી. તોલિક આવશે. તે જરૂર આવશે મારી દીકરી. તે જરૂર આવશે," તેની નાનીએ તેને સાંત્વના આપી.

બીમ લંગડાતો લંગડાતો બારણા સુધી ગયો, જાણે કહી રહ્યો હોય: "તોલિક આવશે. ચાલો આપણે તેને શોધીએ."

"તે બહાર જવા ઈચ્છે છે," સ્તેપાનોવ્નાએ કહ્યું. "મને હવે એ સમજાણ પડવા લાગી છે કે તે શું કહે છે. તું ના પણ નહિ કહી શકે—તું જાણે છે એ એક જીવંત પ્રાણી છે."

લ્યૂસ્યાએ પોતાનું મોં ઊંચું કર્યું અને પોતાના સ્વભાવથી તદ્દન ભિન્ન સ્વરે દૃઢતાપૂર્વક કહ્યું:

"હું તેને પોતે ફેરવવા લઈ જઈશ."

સ્તેપાનોવ્નાએ અચાનક જોયું કે છોકરી ખૂબ જ ઝડપથી મોટી થઈ રહી છે. અને તે પણ એ વાતથી નિરાશા અનુભવવા લાગી કે તોલિક ન આવ્યો.

...અને ત્યારે, એક છોકરી અને એક કૂતરો રસ્તા પર ફરતાં જઈ રહ્યાં હતાં. ત્રણ છોકરાં તેની તરફ આગળ વધી રહ્યાં હતાં.

"કેમ છે, એ સુંદરી," તેમનામાંથી એક લાલાશ પડતાં રંગનાં વાળવાળાં છોકરાએ લવારો કરવાનો શરૂ કર્યો. "તારો કૂતરો એક નાનકડો મરદ છે કે સુંદરી?"

"મૂરખ!" લ્યૂસ્યાએ ટૂંકો જવાબ આપ્યો.

ત્રણે છોકરાઓએ લ્યૂસ્યા અને બીમને ઘેરી લીધાં. લ્યૂસ્યા સાથે કોઈએ આવો વર્તાવ કર્યો હોય તેવો આ પહેલો પ્રસંગ હતો. તે ધોળી પૂણી જેવી થઈ ગઈ. પણ ત્યાં જ એણે જોયું કે બીમનાં રૂંવાં ઊભાં થઈ ગયાં છે અને તેણે પોતાનું માથું નીચું કરી લીધું છે ત્યારે તે અચાનક સાહસ અનુભવવા લાગી અને કઠોર અવાજે બોલી:

"ચાલ્યા જાઓ અહીંથી!"

બીમ એટલા જોરથી ભસ્યો તથા એવી આક્રમક રીતે આગળ આવ્યો કે ત્રણે છોકરાં તરત જ રફુચક્કર થઈ ગયાં. થોડી દૂર પર પહોંચીને ભયભીત થયાંની ગ્લાનિથી પીડાતાં પેલાં લાલાશ પડતાં રંગવાળા વાળવાળાં છોકરાએ તીણા અવાજે બૂમ પાડી:

"આના જેવા ઘરડાં કૂતરાની સાથે જતી છોકરીને જુઓ! ઓ બેશરમ!"

લ્યૂસ્યા ઊભે પગે ઘેર ભાગી ગઈ અને બીમ બેશક તેની પાછળ પાછળ ભાગ્યો. આ ખરાબ પ્રકારનાં નાના માનવી સાથોની, પેલાં લાલ વાળવાળાં છોકરાં સાથેની, તેની પહેલી મુલાકત હતી.

આ ઘટના બાદ તેમણે પહેલાંની જેમ જ બીમને એકલા જ બહાર જવા દેવાનું શરૂ કર્યું. શરૂઆતમાં લ્યૂસ્યા તેની પાછળ પાછળ જતી અને એક ખૂણામાં ઊભી રહેતી તથા ત્યાંથી જ તેને જોતી અને છોકરાઓની જેમ સીસોટી વગાડતી રહેતી જેથી તે વધારે દૂર દૂર ન જાય. ત્યાર બાદ સ્તેપાનોવ્નાએ તેને વહેલી સવારે બહાર

જવા દીધો. પછી તે એકલો જ ફરવા ચાલ્યો જતો. સાંજે પાછો આવતો અને સારી રીતે પેટભરીને ભોજન કરતો.

પણ બનવાકાળ હોય તે તો બનીને જ રહેવાનું હતું! એક વાર રસ્તા પર જ્યાં કેટલીક ટ્રામ લાઈનોની આસપાસ પગપાળા ચાલવા માટે રસ્તો હતો, ત્યાં કોઈએ બૂમ પાડી.

"બીમ!"

તેણે પાછળ ફરીને જોયું. એક ટ્રામ ડ્રાયવરના કક્ષામાંથી એક પરિચિત ચહેરો ડોકું કાઢી રહ્યો હતો.

"બીમ, કેમ છે?"

બીમ દોડીને ગયો અને પોતાનો પંજો સામે ધરતો બેસી ગયો. આ પેલી ભલી સ્ત્રી હતી જે બીમ અને તેના માલિકને તેમને શિકાર પર જતી વખતે બસ અડ્ડા સુધી લઈ ગઈ હતી.

"તારા માલિકને ઘણા સમયથી નથી જોયો. શું ઈવાન ઈવાનિચ માંદો છે?"

બીમ ચોંક્યો, તો આ જાણે છે! કદાચ તે તેને મળવા જઈ રહી હતી!

જ્યારે ટ્રામ ચાલુ થઈ ત્યારે તે પણ અંદર ઘૂસી ગયો. એક મહિલા યાત્રી પૂરા જોરથી ચીસ પાડી ઊઠી. એક માણસ ઘૂરક્યો: "નીકળી જા!" કેટલાંક બીજાં યાત્રીઓ બીમની સાથે સહાનુભૂતિમાં હસ્યા. ડ્રાયવરે ટ્રામ રોકી અને પોતાના કક્ષામાંથી બહાર નીકળી યાત્રીઓને શાંત કર્યાં. (બીમે આ વાત પર ધ્યાન આપ્યું) અને બીમને કહ્યું:

"બીમ તું જા. તારે પોતાના માલિક વગર ન આવવું જોઈએ. ના, ઈવાન ઈવાનિચ વગર નહિ."

આ સ્થિતિમાં તે શું કરી શકતો હતો? 'ના'નો અર્થ હતો 'ના'. બીમ થોડીક વાર ફૂટપાથ પર બેસી રહ્યો અને પછી જે તરફ ટ્રામ ગઈ હતી તે જ દિશામાં દોડવા લાગ્યો. આ જ તે રસ્તો હતો જ્યાંથી તે તથા તેનો માલિક ગયાં હતાં. હા, પેલો રહ્યો મીનારા પાસેનો ખૂણો અને ત્યાં મિલીશિયા છે.

બીમ ટ્રામ લાઈનોના કિનારે કિનારે દોડતો રહ્યો. પણ તે કદી તેમને પાર ન કરી શક્યો, ખૂણાઓ પર પણ નહિ. મિલીશિયાએ

સીટી વગાડી, બીમે રોકાયા વગર પાછળ જોયું અને પોતાના રસ્તે ચાલતો રહ્યો. તે મિલીશિયાનું સન્માન કરતો હતો. તેમણે કદી તેને નુકસાન નહોતું પહોંચાડયું. મિલીશિયામાં પહેલી વાર ગયાની ઘટના તેને યાદ હતી. હા, તે ચતુર કૂતરાને તે દિવસની આખી ઘટના યાદ હતી. ત્યાંથી તે તથા દાશા ઘેર ગયાં હતાં અને બધું સારું થયું હતું. આ સિવાય તેણે એક મિલીશિયાને ઘણી વાર એક કૂતરાની સાથે જોયો હતો. એક મોટો કાળો કૂતરો જે પહેલી નજરે જ અત્યંત ગંભીર દેખાતો હતો. એક દિવસ ફૂટપાથ પર તેણે તેની સાથે ઓળખાણ પણ કરી લીધું હતું. ઈવાન ઈવાનિચ અને મિલીશિયાએ તેમને એક બીજાને મળવા અને મન ભરીને વાત કરવાની અનુમતિ આપી હતી.

"તેનામાંથી જંગલની ગંધ આવે છે," કાળા કૂતરાએ મિલીશિયાની તરફ જોતાં કહ્યું હતું.

"ગઈકાલે અમે શિકાર રમવા ગયા હતાં," ઈવાન ઈવાનિચે તેની પૂર્તિ કરી.

"તું કેટલો સાફ સુથરો છે!" બીમે સારી રીતે સૂંઘી કરીને કાળા કૂતરાને કહ્યું.

"બેશક, હું છું. મારા કામમાં તેની જરૂર પડે છે," કાળા કૂતરાએ પોતાની ઠૂંઠા જેવી પૂંછડી હલાવતાં કહ્યું.

સંભવત: મૈત્રીના ચિહ્નરૂપમાં બંનેએ એક જ વૃક્ષ પર પોતાનાં "હસ્તાક્ષર" કર્યાં.

હા, મિલીશિયાઓ સારાં લોકો હોય છે, તેઓને કૂતરાં ગમે છે, બીમને આ વાતનો પાકો વિશ્વાસ હતો.

તે ટ્રામ લાઈનનાં કિનારે કિનારે દોડતો રહ્યો, પણ માત્ર એક જ તરફથી કારણ કે તેને યાદ હતું કે લોખંડના પાટાઓ પર કદી પગ મૂકવો ન જોઈએ. તે પગને દબાવી શકે છે.

છેલ્લા સ્ટેશન પર તે એક વર્તુળમાં ફરીને અડ્ડા પર જઈ પહોંચ્યો. ત્યાં તે થોડી વાર બેસી રહ્યો. હા, આસપાસનાં બધાં લોકો સારાં લાગતાં હતાં. આ એક સારી વસ્તુ હતી. અહીંથી ઈવાન ઈવાનિચ અને તે સડક પાર કરીને એ સ્થાને જતાં હતાં જ્યાં થાંભલા પર એક નાનકડું પાટિયું લાગેલું હતું. બીમ લપાઈને ત્યાં પહોંચ્યો

અને બસની રાહમાં ઊભેલાં લોકોની નાનકડી કતારમાં છેલ્લે જઈને નીચે બેસી ગયો. તેણે એકવાર ફરી નજર દોડાવી જેનાથી તે આશ્વસ્ત થઈ ગયો કે ત્યાં દુષ્ટ લોકો નથી.

જ્યારે બસ આવી ત્યારે કતારમાં ઊભેલાં લોકો તેમાં ચઢવા લાગ્યાં. પોતાનો વારો આવતાં બીમ પણ એક કુલીન કૂતરાની જેમ બસમાં ચઢવા લાગ્યો.

"એય, તું ક્યાં જઈ રહ્યો છે?" ડ્રાયવરે પૂછ્યું. અચાનક તેણે બીમને એક નજરે ફરી જોયો. પછી બોલ્યો: "અરે એક મિનિટ થોભ! હું તને ઓળખું છું!"

બીમને સારી રીતે યાદ આવ્યું કે આ તે દોસ્ત હતો જેણે તેના માલિકનાં હાથમાંથી કાગળ લીધો હતો. તેણે પોતાની પૂંછડી હલાવી.

"સારું તો તું પણ મને ઓળખે છે, આ છે સારો કૂતરો!" ડ્રાયવરે પોતાનાં ઉદ્‌ગાર પ્રગટ કર્યાં. એક ક્ષણ વિચાર્યા પછી તેણે જોરથી કહ્યું. "સારી વાત છે! અંદર આવ!"

બીમ પોતાના સ્થાને બેસી ગયો. લોકોના રસ્તામાં અવરોધ ન નાંખવાની દૃષ્ટિથી તે એક દીવાલ સાથે લગોલગ બેસી ગયો અને ભાવાવેશ સાથે રાહ જોવા લાગ્યો. છેવટે આ જ તો તે માણસ હતો જે તેમને શિકારે જવા માટે જંગલ સુધી લાવ્યો હતો.

બસ ઘરઘરાટ કરતી ચાલતી રહી, ચાલતી જ રહી અને અંતમાં એ અડ્ડા પર આવીને શાંત થઈ ગઈ જ્યાં બીમ જંગલમાં પ્રવેશવા માટે ઈવાન ઈવાચિની સાથે ઊતરતો હતો.

ત્યારે બીમ સાચે સાચ રોમાંચિત થઈ ગયો હતો. તેણે બારણું ખોતર્યું, કૂં-કૂં કરી અને બહાર જવા માટે યાચના કરી. "આ જ છે તે જગ્યા જ્યાં મારે અવશ્ય ઊતરવું જોઈએ."

"બેસ," ડ્રાયવરે કઠોર અવાજે હુકમ આપ્યો.

બીમે આજ્ઞાનું પાલન કર્યું. બસ ફરીથી ઘરઘરાટ કરવા લાગી. એક યાત્રી ડ્રાયવર પાસે આવ્યો. તેણે બીમની તરફ ઈશારો કર્યો.

"તે તમારો કૂતરો છે?"

"હા," ડ્રાયવરે જવાબ આપ્યો.

"તે કેળવાયેલો છે?"

"કોઈ ખાસ વધારે નહિ... પણ તે ચતુર છે. જુઓ: નીચે!"

બીમ નીચે સૂઈ ગયો.

"તમે તેને વેચવા ઈચ્છો છો? મારો કૂતરો હાલમાં જ મરી ગયો છે અને મારી પાસે ચરાવવા માટે ઘેટાંઓનું એક ધણ છે."

"સારી વાત છે."

"કેટલા?"

"પચીસ."

"ઓહો!" યાત્રીએ કહ્યું અને બીમના કાન પંપોળ્યા પછી બડબડતો પોતાની બેઠક પર બેસી ગયો, "તે કૂતરો સારો છે. બહુ સારો કૂતરો છે તે."

બીમ આ જાતના શબ્દો સારી રીતે જાણતો હતો, આ તે શબ્દો હતા જેને તેનો માલિક વાપરતો હતો. તેણે એ અપરિચિત માટે પોતાની પૂંછડી હલાવી.

બીમને કંઈ ખબર નહોતી કે તે ક્યાં જઈ રહ્યો છે, પણ તેણે બસના કાચમાંથી બહાર નજર રાખેલી હતી અને રસ્તાને એવા ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો જેવી રીતે નવી જગ્યાએ પહેલી વાર જનાર કોઈ પણ કૂતરો જુએ છે. વીતેલી શતાબ્દીઓની લાંબી અવધિમાં લોકોનો આ અન્તર્જાત ગુણ લોપ કે લગભગ લોપ થઈ ગયો છે. અને આ દુઃખની વાત છે. પાછા જવાનો રસ્તો યાદ રાખવો હંમેશાં સારી વાત હોય છે.

એક અડ્ડામાં જેનામાંથી ઘાસની ગંધ આવી રહી હતી તે સારો માણસ બસમાંથી ઊતરી ગયો. ડ્રાયવર પણ બીમને બસમાં જ છોડીને નીચે ઊતરી ગયો. બીમ તેમને અત્યંત ધ્યાનપૂર્વક જોતો રહ્યો. ડ્રાયવરે બીમની તરફ ઈશારો કર્યો પછી પેલા માણસનાં ખભે હાથ મૂક્યો. સારો માણસ હસ્યો. તેણે કાગળના કેટલાક ટુકડા કાઢ્યા, તેને ડ્રાયવરના હાથમાં પકડાવ્યાં, પછી પોતાનો થેલો ખભે ચઢાવ્યો, બસની અંદર ઘૂસ્યો અને પોતાની પેટી ખોલીને તેને બીમના પટ્ટાથી બાંધી દીધો.

"સારું તો ચાલ," બસથી બે ચાર ડગલાં દૂર ગયાં પછી તે પાછો વળ્યો અને તેણે પૂછ્યું, "તેનું નામ શું છે?"

ડ્રાયવરે પ્રશ્નસૂચક નજરે બીમની તરફ જોયું અને પછી ગ્રાહક તરફ જોઈને વિશ્વાસપૂર્વક બોલ્યો:

"કાળો કાન."

"આ તમારો કૂતરો નથી, કેમ ખરુંને? કહો, સાચે સાચ કહો."

"આ મારો છે, તેનું નામ કાળો કાન છે. તમને તેનો વિશ્વાસ હોવો જોઈએ," અને તે બસ લઈને ચાલતો થયો.

આ પ્રમાણે બીમને ધનને ખાતર વેચી દીધો.

તેણે એ અનુભવ કરી લીધો કે વાત કંઈક ગરબડ છે પણ તે માણસ, જેનામાંથી ઘાસની વાસ આવતી હતી સ્પષ્ટપણે એક દયાળુ માણસ હતો અને બીમ દુઃખી તથા કિંકર્તવ્યમૂઢ જેવો તેની પાછળ પાછળ ચાલી રહ્યો હતો.

તેઓ ચૂપચાપ ચાલતાં જઈ રહ્યાં હતાં. અચાનક તે માણસે સીધા બીમને સંબોધતાં એક વાત કહી:

"ના, તારું નામ કાળો કાન નથી, લોકો કૂતરાંઓને આ પ્રમાણે નામ નથી આપતાં જો તારો માલિક આવી ટપકે તો તે મને મારા પંદર રૂબલ પાછા આપી શકે છે. આ વિષયમાં કોઈ શંકા નથી ઉદ્ભવી શકતી.

બીમે પોતાનું માથું એક તરફ કરીને ઉપર તેની તરફ જોયું, માનો કહી રહ્યો હોય: ભલા માણસ, હું ન સમજ્યો.

"પ્યારે, તું એક **સારો કૂતરો**, એક ચતુર કૂતરો લાગે છે."

તેણે ફરીથી પેલા જ શબ્દોનો ઉપયોગ કર્યો જેને બીમનો માલિક એટલી વાર બોલ્યો કરતો હતો. બીમે આ પ્રેમ માટે કૃતજ્ઞતા દર્શાવવા પોતાની પૂંછડી હલાવી.

"સારું, જો આ વાત છે તો તારું મારી સાથે રહેવું વધારે સારું રહેશે," તે માણસે નિષ્કર્ષ કાઢતાં વાત ખલાસ કરી.

અને તેઓ ચાલતાં રહ્યાં. બીમે એક કે બે વાર ઊંચા ઊઠીને જોતાં એવી રીતે પાછાં હટવાનો પ્રયત્ન કર્યો જાણે કહી રહ્યો હોય (મને જવા દો, આ મારા માટે ખોટી દિશા છે).

તે માણસ રોકાઈ જતો અને તેને થાબડતો.

"કંઈ વાંધો નહિ... કંઈ વાંધો નહિ," તેણે કહ્યું.

આ કેટલું સહેલું હોત. એ પેટીમાં જલદી જલદી એક બે દાંત મારવામાં આવતાં અને તે આઝાદ થઈ જતો. પણ બીમ જાણતો હતો કે ગળામાં બાંધેલું બંધન બાંધીને લઈ જવા માટે હોય છે,

એક કૂતરાને પોતાની પાછળ બરાબર એટલા દૂર કે નજીક ચલાવવા માટે હોય છે જેટલા દૂર કે નજીક તેણે ચાલવું જોઈએ. એટલા માટે તેણે વિનંતી કરવી બંધ કરી દીધી.

પહેલાં તેઓ એક જંગલમાં થઈને પસાર થયાં. વૃક્ષો નિઃશબ્દ અને વિચારમગ્ન હતાં. તેઓ 'પહેલાં પહેલાં હિમથી ઠંડા થયેલાં, સ્તબ્ધ તથા પર્ણહીન ઊભાં હતાં. ઘાસ ઝૂકી ગયું હતું, તે રંગહીન અને ગૂંચવાયેલું હતું. આ બધું બીમને માટે ઘોર ઉદાસીનતા હતી—માત્ર ઉદાસીનતા.

ત્યારબાદ ઠંડા મોસમના ઘઉંનાં ખેતર આવ્યાં. ધરતી પર લીલીછમ, મુલાયમ, ખુશખુશાલ જાજમ પથરાયેલી હતી. બીમને થોડી થોડી પ્રસન્નતા થવા લાગી. દૂર દૂર સુધી ખુલ્લાં મેદાનો, આકાશનો અનંત વિસ્તાર, તેની બાજુમાં ચાલી રહેલ માણસની ઉલ્લાસભરી સિસોટી આ બધું ઈવાન ઈવાનિચની સાથે હંમેશાં આહલાદભર્યું લાગતું હતું. પણ જ્યારે તેમનો રસ્તો જોતાયેલાં ખેતરોમાં પહોંચ્યો ત્યાર પછી ખુશ થવા માટે કંઈ ખાસ નહોતું રહ્યું. માટી કાળી કાળી સિલેટી હતી અને આમ તેમ ચોકના કેટલાંક અંશ દેખાતાં હતાં, ઢેફ઼ દેખાતાં જ નહોતાં, તે મૃત અથવા અર્ધમૃત દેખાતી હતી. માત્ર ધૂળમાં રગદોળેલ કલાંત ધરતી.

તે માણસ રસ્તા પરથી હટીને ગયો અને તેણે પોતાના પગ જોતાયેલી જમીનમાં અડાવીને એક નિસાસો નાખ્યો.

"બહુ ખરાબ છે, ભાઈ," તેણે બીમને કહ્યું. "બેચાર **કાળાં તોફાન** બીજાં આવી જાય તો અમારી માટી ખલાસ જ થઈ જશે. આ બહુ **જ ખરાબ છે, ભાઈ મારા.**"

"બહુ ખરાબ છે, ભાઈ" આવા શબ્દો બીમે ઈવાન ઈવાનિચને ઘણીવાર બોલતાં સાંભળ્યો હતો અને જાણતો હતો કે તેનો અર્થ ઉદાસી અને દુઃખ છે. અથવા "કંઈક ગરબડ છે" અને જ્યાં સુધી "કાળા તોફાન" શબ્દોની વાત હતી ત્યાં સુધી તે બીમને માટે "કાળા કાન" જેવાં હતાં, માટી માટે તેનો ઉપયોગ બીમની સમજથી ઘણે દૂરની વસ્તુ હતી અને તે માણસ આ વાત સમજી ગયો હતો.

"હા, તું માત્ર એક કૂતરો છે. તારી પાસેથી આ બધી વાતો સમજવાની આશા ન કરી શકાય. પણ હું આ વાતો બીજાં કોને કહી

શકું છું. હું તો માત્ર ફરિયાદ કરી રહ્યો છું, તારી સામે ફરિયાદ કરી રહ્યો છું, કાળુ... એય, જરા શંકા, એક મિનિટ..." તેણે બીમને જોયો. "હા તો આ જ બરાબર છે, અમે તને કાળુ જ કહીશું. આ નામ કૂતરાઓનાં જેવું છે—હા, કાળુ. આ મોંમાંથી આમ જ નીકળી પડ્યું ત્યારે અમે તેને એમ જ રહેવું દઈશું."

તો હવે શું? ગામમાં પહોંચતાં પહેલાં જ બીમ એ જાણી ગયો હતો કે હવે તેનું નામ કાળુ છે કારણ કે તે માણસે સ્નેહપૂર્વક કેટલી વાર તે ઉચ્ચાર્યું હતું.

આ પ્રમાણે બીમનું સારું નામ ધનને ખાતર વેચાઈ ગયું. સૌભાગ્યવશ બીમને પોતાને જેવી રીતે એ ખબર નહોતી કે કેટલાંક લોકો કાગળના પેલા થોડા ટુકડાઓને ખાતર પોતાની આબરૂ, પોતાની આસ્થા અને પોતાનું હૃદય પણ વેચી શકે છે તેવી જ રીતે એ વિષે પણ કંઈ ખબર નહોતી. આ એક કૂતરાનું સૌભાગ્ય છે કે તેને આ વિષે કંઈપણ ખબર હોતી નથી!

પણ હવે બીમનું કર્તવ્ય હતું કે તે પોતાનું અસલી નામ ભૂલી જાય. જો તેને કરવાનું જ હશે તો તે એમ કરશે, પણ તે પોતાના દોસ્ત ઈવાન ઈવાનિચને નહિ ભૂલે. હવે તે તદ્દન જ જુદા પ્રકારનું જીવન જીવવા જઈ રહ્યો હતો પણ તે તેને કદી નહિ ભૂલે.

પ્રકરણ અગિયારમું

ગ્રામીણ જીવન

જે ગામમાં બીમને લઈ જવામાં આવ્યો તેને જોઈને તે છોકરો આશ્ચર્યમાં પડી ગયો. લોકો અહીં પણ રહેતાં હતાં, તેમ છતાં અહીંની દરેક વસ્તુ તે જે જગ્યાએ જન્મ્યો હતો અને ઊછર્યો તથા મોટો થયો હતો તે જગ્યા કરતાં જુદી હતી. બધાં મકાન નાનાં નાનાં હતાં, જમીનથી થોડાક ઉપરની તરફ ડોકિયાં કરતાં હતાં, તેમાં પેલાં જીના, ઊતરવાચઢવા માટેની જગ્યાઓ અને દાદરાઓ કશું જ નહોતું. અને બારણાંઓનાં તાળાઓનાં ખડખડાટનો અવાજ પણ નહોતો આવતો. રાતના સમયે તેઓ અંદરની તરફથી સાંકળ જરૂર ચઢાવી દેતાં હતાં. બધાં મકાનો નાળીદાર સિલેટી-સફેદ ચાદરોથી ઢંકાયેલાં હતાં. દરરોજ સવારે એક જ સમયે દરેક મકાનમાંથી ધૂમાડો ઊઠતો હતો પણ મકાન ન તો કદી ચાલતાં હતાં કે ન તો કદી ઊડતાં

હતાં. તે સાફ સુથરી હરોળોમાં ચૂપચાપ ધૂમાડો કાઢતાં શાંતિપૂર્વક આમ જ ઊભાં રહેતાં હતાં, તેમનામાંથી ન તો ઘરઘરાટનો અવાજ થતો હતો કે ન તો ખડખડાટનો.

પણ બીમ (જે હવે કાળુ થઈ ગયો હતો)ને માટે સૌથી વધુ આશ્ચર્યની વાત એ હતી કે ત્યાં લોકોની સાથે જ વિભિન્ન પ્રકારનાં જાનવરો તથા પક્ષી—ગાયો, મુરઘાં-મુરઘીઓ, બતકો, ડુક્કર, અને ઘેટાં પણ રહેતાં હતાં. તેમની સાથે ઓળખાણપીછાણ કરવામાં થોડો સમય લાગી ગયો. દરેક માણસનાં મકાનની પાછળ જાનવરોનાં પોતાનાં જ નાનાં નાનાં મકાનો હતાં. જે ઘણું કરીને પરાળ કે નેતરથી છવાયેલાં હતાં અને તેમની ચારે બાજુ એકબીજા સાથે ગૂંથેલી લાકડીઓ અને પાતળી પાતળી ડાળીઓથી બનેલી એવી નીચી વાડ હતી જેની આરપાર જોઈ શકાતું હતું. કોઈ કોઈને હેરાન કરતું નહોતું. લોકો જાનવરો ને પક્ષીઓને હાનિ નહોતાં પહોંચાડતાં અને ન તો તેઓ લોકોને. કોઈ કોઈની પર કદાપિ બંદૂક નહોતું તાકતું.

પહેલાં દિવસે તેમણે બીમને માટે અંદર ડેલીના એક ખૂણામાં સૂકા ઘાસની પથારી તૈયાર કરી. તે માણસે એક દોરડાથી તેને બાંધી દીધો, તેને બહુ સારું ખાવાનું આપ્યું અને પછી એક લાંબો રેઈનકોટ પહેરીને ક્યાંક ચાલ્યો ગયો. બીમે દિવસનો બાકીનો સમય પૂર્ણ નિસ્તબ્ધતા તથા એકાંતમાં વીતાવ્યો. સાંજે જમીન પર ઘેટાંની ખરીઓનો અવાજ સાંભળ્યો, તેમને કંપાઉંડમાં પ્રવેશતાં સાંભળ્યાં અને ગાયને પોતાની છાપરી પર રાંભતી સાંભળી (તે જરૂર કોઈ વસ્તુ માંગી રહી હશે). હવે પાછો તે જ માણસ આવ્યો, પણ આ વખતે તેની સાથે એક છોકરો હતો. તેણે પણ લાંબો રેઈનકોટ, જૂતાં અને માથા પર ગોળ ટોપી પહેરેલાં હતાં અને હાથમાં લાંબી લાકડી પકડેલી હતી. છોકરાનો ચહેરો પણ પેલા સારા માણસના ચહેરા જેટલો જ ઘઉંવર્ણો હતો. અને તેનામાંથી ઘેટાંઓની વાસ આવતી હતી.

"આલ્યોશા, આવ અને આપણા નવા મિત્રને મળ," તે માણસે છોકરાને કહ્યું.

તેઓ સીધાં બીમની પાસે આવ્યાં.

"પાપા, તે કરડશે તો નહિ?"

"ના, આલ્યોશા, આ જાતિનાં કૂતરાં કરડતાં નથી... અરે તું, કાળુ... કાળુ સારો કૂતરો છે," અને તેણે બીમને હળવેથી થાબડયો.

બીમ પડયો પડયો છોકરાને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો. છોકરાએ પણ તેને થાબડયો.

"કાળુ... કાળુ-ઉ-ઉ..." અને તેણે મોટા માણસની તરફ ફરીને કહ્યું. "પાપા, જો આપણે તેને છોડી દઈશું તો શું તે ભાગી જશે?"

"હજી આપણે થોડો સમય રોકાઈશું," અને પાપા બારણામાં થઈને ઘરમાં ચાલ્યા ગયા.

બીમ ઊઠીને બેઠો અને તેણે છોકરાને પોતાનો પંજો આપ્યો:

"કેમ છે, તું... સારો છે."

"પાપા," છોકરાએ બૂમ પાડી. "પાપા! અહીં આવો તો!"

તે માણસ પાછો આવ્યો.

"કેમ છે, કાળુ!" છોકરાએ પોતાનો હાથ લંબાવ્યો.

બીમે ફરીથી પંજો લંબાવ્યો. માણસે અને છોકરાએ સ્પષ્ટ રૂપે બીમની હોશિયારીનાં વખાણ કર્યાં. તેમની ઓળખાણની આ પ્રારંભિક ક્ષણો બીમને માટે મહત્ત્વપૂર્ણ હતી. તેને ખબર પડી ગઈ હતી કે જે માણસ તેને અહીં લાવ્યો હતો તેનું નામ પાપા અને છોકરાનું નામ આલ્યોશા છે. સાધારણમાં સાધારણ કૂતરો પણ લોકોનાં નામ જલદી જ શીખી જાય છે અને જ્યાં સુધી બીમની વાત છે... હા, તેના વિષે તો કહેવાનું જ શું! આપણે હવે જાણીએ જ છીએ કે તે કૂતરાઓમાં સર્વશ્રેષ્ઠ છે.

જ્યારે સાંજ ઢળવા લાગી ત્યારે એક સ્ત્રીનું આગમન થયું. તેણે વિચિત્ર પ્રકારનાં કપડાં પહેરેલાં હતાં: તેના માથા પર બે શાલો લપેટેલી હતી અને રૂવાંવાળું જાકીટ તેની ચારે બાજુ પીપની જેમ કસીને લપેટાયેલું હતું. તેનું પેટ તેને રેલ માર્ગ ઉપર પેલી જે દયાળુ સ્ત્રી મળી હતી અને જે લોખંડના ટુકડા ઠોકી રહી હતી તેના જેવું જ હતું. પણ આ સ્ત્રીના શરીરમાંથી માટી અને બીટ (પેલાં મીઠાં મૂળ જેને ક્યારેક ક્યારેક ચૂસવામાં બીમને કોઈ વાંધો નહોતો)ની ગંધ આવી રહી હતી. તે ઘરમાં ગઈ, પુરુષો સાથે કોઈ વસ્તુ વિષે વાતચીત કરી અને પછી ડેલીમાં થઈને લગભગ તરત બહાર ગઈ. હવે

તેના હાથમાં એક ડોલ હતી. બીમે પોતાની જગ્યા પર બેઠાં બેઠાં એ વાત જાણી લીધી કે ડેલીમાંથી એક બારણું રસ્તા તરફ ઊઘડે છે અને બીજું જાનવરો તરફ તથા ત્રીજું ઘરની અંદર પણ તે તેમાંથી એક પણ બારણા સુધી નહોતો પહોંચી શકતો કારણ કે તે દોરડાથી બંધાયેલો હતો. હજી સુધી બીમને આટલી જ માહિતી પ્રાપ્ત થઈ હતી.

તે ફરીથી સૂઈ ગયો.

કંપાઉન્ડ તરફથી ઘેટાઓની ગંધ એકદમ તીવ્રપણે આવી. બીમ ઘણાં લાંબા સમયથી જાણતો હતો કે ઘેટાં શું હોય છે. તે વિચારતો રહેતો હતો તે પ્રમાણે ઘેટાં દૂર મેદાનોમાં ઝુંડ બનાવીને રહે છે અને ખાય અને મેં મેં કરવા સિવાય કશું જ નથી કરતાં. તેમની નજીક હંમેશાં એવાં લોકો હોય છે જેઓએ તાડપત્રીનાં કપડાંનો બનેલો રેઈનકોટ પહેરેલ હોય છે અને હાથમાં એવાં લાંબાં દંડા પકડેલાં હોય છે જેનો એક છેડો વળેલો હોય છે. એકવાર જ્યારે બીમ અને ઇવાન ઇવાનિચ સૂકા ઘાસના એક ઢગલામાં આરામ કરી રહ્યાં હતાં ત્યારે આ પ્રકારનો એક માણસ તેમની નજીક આવ્યો. તેણે બીમના માલિક અને બીમની સાથે હસ્તધૂનન કર્યું. તેની સાથે એક મોટો લાંબા વાળવાળો કૂતરો પણ હતો. તે કૂતરો બીમ સાથે ઝઘડો કરવાના ભાવમાં મળ્યો હતો. તે ખૂનખાર રીતે ભસતો ઝાપટ મારતો તેની તરફ આવ્યો પણ બીમ તરત ચત્તો થઈ ગબડયો અને પોતાનાં પંજા ઉપર ઉઠાવી દીધાં. "શી વાત છે? શું મેં કોઈ ભૂલ કરી છે?"

જાહેર છે ધૃષ્ટતા પર સૌજન્યતાની જીત થઈ અને પેલો લાંબા વાળવાળો કૂતરો બીમને પગથી માથા સુધી સૂંઘવા અને તેના પેટને ચાટ્યા પછી થોડો પાછળ હટયો. અને તેણે એક પત્થર ઉપર પોતાનાં "હસ્તાક્ષર" કરી દીધાં. બીમે પણ આમ જ કર્યું. જેનો અર્થ હતો દુનિયાભર માટે શાંતિ. જ્યાં સુધી બીમનો માલિક અને લાંબા વાળવાળાંનો માલિક એક બીજા સાથે વાતો કરતાં રહ્યાં ત્યાં સુધી તેઓ બંને એક બીજાને પકડવાની અને કાન કરડવાની રમત રમતાં રહ્યાં. આમાં બીમ એટલો વધારે હોશિયાર અને સ્ફૂર્તીલો સાબિત થયો કે તેનો નવ પરિચિત પણ તેનો અસંદિગ્ધપણે આદર કરવા લાગ્યો હતો. જ્યારે તેઓ વિદાય થયાં (કારણ કે તેમને પોતાના માલિકોનું

અનુસરણ કરવાનું જ હતું) ત્યારે તેમણે એ પથ્થરને સૂંઘ્યો અને એકબીજાની તરફ એવી રીતે જોયું જેનો ઉદ્દેશ્ય હતો:

"ફરી કદી અહીં આવજે," બીમે કહ્યું અને ઊછળતો કૂદતો છલાંગો મારતો દૂર નીકળી ગયો.

"બહુ કામ બાકી છે," લાંબા વાળવાળો બોલ્યો અને ઘેટાંના ઝુંડની તરફ છલાંગો મારતો નીકળી ગયો.

આ વાત ઘણા વખત પહેલાંની હતી. અને અત્યારે ફરીથી એ જ ઘેટાંઓની ગંધ. બીમને એકાએક ઇવાન ઇવાનિચની યાદ આવી ગઈ. એક અજાણી ડેલી, અજાણ્યાં ઘરની અંદર, સાંજના વધતા જતા અંધકારમાં અલગ-થલગ એકલા પડેલા બીમને અપાર દુ:ખ-દીનતાની અનુભૂતિ થવા લાગી.

ત્યાર બાદ તેણે ધાતુની સાથે અથડાતી કોઈ વસ્તુનો તાલબદ્ધ અવાજ સાંભળ્યો. પર્ર! પર્ર! ન જાણે કેવો અવાજ હતો, બીમ સમજી ન શક્યો. તે વિચિત્ર અવાજો આવતાં બંધ થયાં ત્યારે લગભગ એ જ સમયે તે સ્ત્રી હાથમાં ડોલ લઈ કંપાઉન્ડ તરફથી અંદર આવી અને તેની ડોલમાંથી દૂધની ગંધ આવી રહી હતી. આહ, કેટલી સરસ ગંધ છે! બીમે શહેરમાં આવી ગંધવાળું દૂધ કદી નહોતું સૂંઘ્યું. આ જરૂર કોઈ બીજા પ્રકારનું દૂધ હશે પણ હતું તે દૂધ જ. શહેરના દૂધમાં માનવીય હાથો અને ભિન્ન ભિન્ન પ્રકારનાં ઘાસોની ગંધ નથી આવતી અને તેમાં ગાયની ગંધ તો ચોક્કસ જ નથી આવતી—આ એક આશ્ચર્યની વાત હતી. અહીં આ બધું ભેગું મળીને એક એવી ચિત્તને પ્રસન્ન કરનાર સુગંધમાં પરિવર્તિત થઈ ગયું હતું. હવે આ બાબતમાં કોણ તર્ક કરે? જો એક મનુષ્ય પણ ક્યારેક ક્યારેક દૂધ અને "દૂધ"માં તફાવત કરે છે તો એક અતિ દીર્ઘ પરિસરવાળી ઘ્રાણશક્તિ સમ્પન્ન બીમ તે તફાવતને કેમ ન જુએ અને એ સુગંધથી આશ્ચર્યાન્વિત કેમ ન થાય જેમાં માનવીય હાથોની ગંધ ફૂલો અને ઘાસોની ગંધમાં હળી મળી ગઈ હતી. તે સ્વાભાવિક શીઘ્રતાથી ઊછળ્યો અને ડોલવાળી પેલી સ્ત્રીના સ્વાગતમાં પોતાની પૂંછડી હલાવવા લાગ્યો. પણ તે સ્ત્રી બીમની પ્રસન્નતાનું વાસ્તવિક કારણ ન સમજી શકી.

પોતાના જીવનના લાંબા ચાર વર્ષમાં તેણે દુર્ભાગ્યવશ ગાયને દોહાતી જોઈ નહોતી અને દૂધમાં ગાયની ગંધ હોય છે તે પણ

નહોતો જાણતો. બીમ હજી પણ થોડો અંધકારમાં હતો, હજી પણ કોઈ એવી વસ્તુ બાકી હતી જેને તે નહોતો જાણતો. પણ એવી ઘણી બધી વસ્તુઓ છે જેના વિષયમાં કૂતરાઓ પાસેથી આશા ન રાખી શકાય કે તે તેમને જાણે. આ કંઈ શરમજનક વાત નથી. જો કોઈ કૂતરો એ ઘોષણા કરે છે કે તે દરેક વસ્તુ જાણે છે અને તે પાકો વિશ્વાસ છે કે તે બીજાને તેઓ શું કરે, કેવી રીતે કરે અને ક્યાં દોડે, ક્યાં ભાગે એ શીખવાડી શકે છે તો એક ઉંદર પણ તેનો વિશ્વાસ નહિ કરે. પણ તેમ છતાં આવા કૂતરાં હોય છે. હા, હું કહી રહ્યો છું કે હોય છે. ઉદાહરણ માટે સ્કોચ ટેરિયરને જ લો. તે એવો પ્રભાવ પાડવાનો પ્રયત્ન કરે છે કે તેનું ઈંટ જેવું ભેજું વિચારોથી ઠસાયેલું પડ્યું છે (પેલી દાઢી! પેલી લાંબી લાંબી મૂંછો અને ભમરો! એકદમ અસલ દાર્શનિક!). પણ હકીકતમાં તેના ભેજામાં બુદ્ધિનો છાંટો સુદ્ધાં નથી હોતો. તે દિન પ્રતિદિન હુકમ ચલાવે છે અને પોતાના માલિક પર ભસતો રહે છે તથા માનસિક રોગીઓની જેમ કોઈને કોઈ પ્રકારની ઉછળકૂદ કરતો રહે છે. પણ તેનાથી શું ભલું થાય છે? કંઈ પણ નહિ. માત્ર દેખાડો. અંદર કંઈ પણ નહિ, માત્ર ભૂસું જ ભર્યું છે કે પછી કંઈ પણ નથી.

ના, બીમ આનાથી તદ્દન ભિન્ન હતો. તે નિષ્કપટ અને ઈમાનદાર દિલનો કૂતરો હતો. જો તે કોઈ વાત ન જાણતો હોતો તો તે સ્પષ્ટપણે જાહેર કરી દેતો હતો: જે હું નથી જાણતો તે નથી જાણતો. જો તે કોઈને નાપસંદ કરતો તો સ્પષ્ટપણે કહી દેતો: "તું સારો નથી. અહીંથી જા. ભોં!" અને ક્યારેક ક્યારેક તો તે એવો ભસતો, એવો ભસતો કે બસ—ભગવાન બચાવે!

હા, તો જે સ્ત્રી ક્યાંકથી આવું અદ્દ્ભુત દૂધ લઈ આવી તે તેના પ્રત્યે સન્માન પ્રદર્શિત કર્યા વિના રહી શકતો નહોતો એટલા માટે તે પેલા બારણા તરફ તાકતો રહ્યો જ્યાં થઈને પેલી સ્ત્રી ડોલ સમેત ગુમ થઈ ગઈ હતી.

પણ ત્યાં જ રસ્તા તરફથી કોઈ આવ્યું અને તેણે પૂરા વિશ્વાસ સાથે બારણું ધકેલીને ખોલી નાંખ્યું.

"કોણ છે?" બીમે કોઈ લાગ-લપેટ વગર પૂછ્યું. "ભોં ભોં!"

નવાંગતુક તરત જ દરવાજેથી પાછો હટી ગયો. પાપા ઘરમાંથી બહાર નીકળ્યા અને તેણે ડેલીની બત્તી જલાવીને પૂછ્યું:

"કોણ છે ત્યાં?"

"હું છું ટોળીનેતા," અપરિચિતે જવાબ આપ્યો.

તે ડેલીમાં પ્રવેશ્યો અને તેમણે હસ્તધૂનન કર્યું (એમ તો તે દોસ્ત હતો, ભસવાની કોઈ જરૂર નથી) અને બીમની પાસે આવી ગયાં.

પાપા ઉભડક બેઠાં અને બીમને પંપોળવા લાગ્યા.

"તું બહુ સારો છે, કાળુ, બહુ સારો—તું પોતાનું કામ જાણે છે. તું સારો કૂતરો છે." તેણે દોરડું ખોલીને બીમને ઓરડામાં આવવા દીધો.

ત્યાં મુખ્ય વસ્તુમાં એક લંગડી મુરઘી હતી. બીમે તરત શિકારી સંકેત કર્યો અને તરત પોતાનો આગલો પંજો ઉઠાવી લીધો. પણ તેણે આ કામ થોડીક દુવિધામાં કર્યું જેનો અર્થ એ હતો કે તે પોતાની આસપાસનાં લોકોને એ કહી રહ્યો હતો: "આ કેવા પ્રકારનું પક્ષી છે? આ જાતનાં પક્ષીઓને મેં પહેલાં કદી જોયાં નથી..."

"ટોળીનેતા, આને જુઓ!" પાપાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. "વાહ, આ તો બહુ ઉત્તમ કૂતરો છે. કાળુ—તને તો પોતાના કામની બધી યુક્તિઓ ખબર છે."

પણ તે મુરઘીએ બીમની તરફ કોઈ ધ્યાન ન આપ્યું એટલા માટે તે નીચે બેસી ગયો. અને ત્રાંસી નજરે તેને જોતો રહ્યો. શ્વાન ભાષામાં આ તે સંક્ષિપ્ત અને અભિવ્યંજનાપૂર્ણ વાક્યોનું દ્યોતક હતું: "ભલે, ભલે, હું, હું તો... તમે તમારી જાતને સમજો છો શું?.. મને જણાવો, જણાવોને!" પછી તેણે પ્રશ્નસૂચક નજરે લોકો તરફ જોયું.

"અને તે મુરઘીઓને અડતો પણ નથી?" આલ્યોશાએ ખુશ થઈને બૂમ પાડી.

બીમે તેના ચહેરા પર નજર ટેકવીને તેને ધ્યાનપૂર્વક જોયો.

"કેવી આંખો છે! મા, તેની આંખો તો જો! તે લગભગ માણસો જેવી છે." આલ્યોશા ખુશ થતાં થતાં કહેતો રહ્યો. "કાળુ, આમ આવ, બેટા!"

બીમ આવી નિશ્ચ્છલ પ્રસન્નતાનો જવાબ આપ્યા વિના કેવી રીતે

રહી શકતો હતો? તે આલ્યોશાની પાસે ગયો અને તેની બાજુમાં બેસી ગયો.

ટેબલ પાસે બેસીને તેઓ વાતો કરવા લાગ્યાં. પાપાએ એક શીશી ખોલી, મા કંઈક ખાવા લઈ આવી. ટોળીનેતાએ પોતાનો ગ્લાસ ખાલી કર્યો, પાપાએ પણ એમ કર્યું અને માએ પણ. આલ્યોશાએ કોઈ કારણવશ કંઈપણ ન પીધું, માત્ર થોડી સલામી અને પાઉંરોટી ખાધા. તેણે પાઉંરોટીનો ટુકડો ફર્શ પર વચ્ચોવચ ફેંક્યો પણ બીમ પોતાની જગ્યાએથી હાલ્યો પણ નહિ (તેને ખાવા માટે કહેવું જરૂરી હતું).

"બહુ ચાલાક લાગે છે," ટોળીનેતાએ કહ્યું. "તે પાઉંરોટી નહિ ખાય."

પેલી મુરઘી લંગડાતી આવી અને બીમને માટે ફેંકેલા ટુકડાને ઉઠાવીને ચાલી ગઈ. બધાં હસ્યા. પણ બીમ પહેલાં કરતાં પણ ધ્યાનથી આલ્યોશાને જોતો રહ્યો, જ્યારે દોસ્તો વચ્ચે પણ આપસી સમજ ન હોય તો આ હસવાની વાત નહોતી.

"એક મિનિટ, આલ્યોશા," પાપાએ કહ્યું. તેણે ફર્શ પર પાઉંરોટીનો એક ટુકડો ફેંક્યો, મુરઘીને ભગાવી અને બીમની તરફ વળીને કહ્યું, "આ ખાઈ લે કાળુ! ખાઈ લે આ!"

બીમ ભૂખ્યો તો નહોતો તેમ છતાં પણ તેણે પાઉંરોટીનો તે સ્વાદિષ્ટ ટુકડો પ્રસન્નતાપૂર્વક ખાઈ લીધો.

પછી ટોળીનેતાએ હેમનો ટૂકડો નીચે મૂક્યો.

"નહિ!" તેણે ચેતવણી આપી.

બીમ પોતાની જગ્યાએ બેસી રહ્યો. મુરઘી હેમના ટુકડા તરફ ધીરે ધીરે આગળ વધી અને જેવી તે ટુકડો લઈને ભાગવા જ જઈ રહી હતી ત્યાં જ બીમે તેને ફુંફકારતાં પોતાની નાક વડે લગભગ ભગાવી જ કરી દીધી. તે ડગમગતી ખાટલા નીચે જઈ ઘૂસી ગઈ. આ સાચેસાચ જ હસવું આવે તેવું દૃશ્ય હતું.

"ખાઈ લે, કાળુ, ખાઈ લે!" ટોળીનેતાએ અનુમતિ આવી. બીમે નમ્રતાપૂર્વક એ ટુકડો પણ ખાઈ લીધો.

"લો હવે, જોયો એને!" પાપાએ કહ્યું. તે જોરથી બોલ્યો હતો અને તેનો ચહેરો રાતો થઈ ગયો હતો અને પહેલાં કરતાં પણ વધારે

દયાળુ લાગવા લાગ્યો. "કાળુ પ્રકૃતિનો એક ચમત્કાર છે!" અને તેણે કૂતરાને સાચેસાચ ગળે વળગાડી લીધો.

"આ લોકો સારાં માણસો છે," બીમે વિચાર્યું. પેલા પાપાની મૂંછો પણ તેને ગમી ગઈ. તે મુલાયમ ઊન જેવી હતી, આ વાત પર તેણે ગળે લગાડવામાં આવ્યો તે સમયે ધ્યાન આવ્યું હતું.

ત્યાર બાદ કંઈક વાતચીત થઈ, જેમાં બીમ માત્ર "ઘેટા" શબ્દ જ સમજી શક્યો. પણ તેણે એ વાત સમજી લીધી કે વાતચીતની શરૂઆતમાં તે બે વ્યક્તિઓ એક બીજા સાથે સંમત નહોતી.

"સારું, ખ્રિસાન આંદ્રેયેવિચ, આપણે કામની વાત શરૂ કરીએ," ટોળીનેતાએ પાપાના ખભા ઉપર હાથ મૂકતાં કહ્યું. "ઘેટાં ચરવા ઇચ્છે છે કે નહિ?"

"તેઓ ચરવા તો જરૂર ઇચ્છે છે," પાપાએ જવાબ આપ્યો. "પણ મારો સમય પૂરો થઈ ગયો. હું સેંટ મેરીના દિવસ સુધી માટે જ હતો અને સેંટ મેરીનો દિવસ વીતી ગયો છે."

"આ બધાં ઘેટાં આપણાં સામૂહિક ખેતરોનાં સદસ્યોની વ્યક્તિગત સંપતિ છે. તેમને પણ ખવડાવવું જોઈએ. આપણાં સદસ્ય પહેલાં જ મારી પાસે આવી ચૂક્યાં છે. બરફ હજી પડયો નથી. તેમનું કહેવું છે હજી ચરાવવાની ખૂબ ગુંજાઈશ છે. ઘેટાંઓને બરફ પડવા સુધી ચરાવવા જોઈએ. અને તેમની વાત પણ સોળ આના સાચી છે."

"'જ્યાં સુધી બરફ નથી પડતો ત્યાં સુધી...' તેઓ મને સમજે છે શું—શું હું અને આલ્યોશા પણ કંઈ લોખંડનાં બનેલાં છીએ?"

"જ્યાં સુધી બરફ નથી પડતો, ખ્રિસાન આંદ્રેયેવિચ," ટોળીનેતાએ કહ્યું, "અમે તમને બમણાં આપીશું સમજ્યા?"

"ના, હું નથી કરી શકતો," પાપાએ જોરપૂર્વક કહ્યું, "પત્ની પેલાં બીટની પાછળ ખપી રહી છે. અમારે તેને મદદ કરવાની છે અને તમે પોતાનાં 'બરફ પડવા સુધી'ની રટ લગાવી રહ્યાં છો."

પણ આમ છતાં તેમણે સૌજન્યતાપૂર્વક જોરથી હસ્તધૂનન કર્યાં. અને બરફ વિષે તે વાક્ય વારંવાર બોલવાનું બંધ કરી દીધું. પછી તે ત્રણેએ ટોળીનેતાએ આંગણા બહાર વિદાય આપી. તેઓ ભૂલી ગયાં કે બીમ પણ ત્યાં જ છે.

એટલા માટે તે પણ આંગણમાંથી બહાર નીકળી આવ્યો,

કંપાઉન્ડમાં દોડી ગયો અને વાડાની પાસે ઊભો રહી ગયો. તેણે ઘેટાંઓની તે ગંધ લીધી જેના એ માણસની યાદો સમાયેલી હતી, જેને તે આખા સંસારમાં સૌથી વધુ પ્યાર કરતો હતો. તે અનિશ્ચયની સ્થિતિમાં બેસી ગયો.

તે રાતનો સમય હતો. ગ્રામીણ વિસ્તારની અંધારી નિ:શબ્દ શરદ્કાળની રાત, શિશિરને મળવા માટે તત્પર તેમ છતાં પણ તેનાથી આશંકિત રાતનો સમય બીમને માટે આ બધું એક રહસ્ય હતું. જે કંઈ પણ હોય કૂતરાં રાત્રે યાત્રા કરવી પસંદ નથી કરતાં (માત્ર પેલાં રખડતાં કૂતરાંઓને બાદ કરતાં, જેઓ મનુષ્યથી બચવા ઇચ્છે છે, જેઓ માનવતા પરથી આસ્થા ખોઈ ચૂક્યાં છે). પણ બીમ—તે રખડેલ કૂતરો નહોતો. એટલા માટે તે ખચકાયો. એ સિવાય ત્યાં આલ્યોશા પણ હતો—આટલો સરસ નાનો માણસ.

આલ્યોશાની એક બૂમથી તેનાં સંદેહોમાં અડચણ પડી. તેનો ચિંતિત અવાજ કંપાઉન્ડમાં આરપાર ગૂંજ્યો.

"કાળુ-ઉ!"

બીમ દોડતો દોડતો તેની પાસે પહોંચ્યો અને તેની પાછળ પાછળ ડોલીમાં આવી ગયો. આલ્યોશાએ તેને તેની જગ્યાએ સુવાડયો અને તેની ચોતરફ બીજું થોડુંક સૂકું ઘાસ પાથરી દીધું, તેને લાડથી પંપોળ્યો અને પછી પોતે પણ સૂવા ચાલ્યો ગયો.

ચોમર શાંતિ છવાયેલી હતી. ન કોઈ ટ્રામનો અવાજ, ન કોઈ ટ્રોલીબસનો ખડખડાટ, ન ભૂંગળા વાગવાનો ઘોંઘાટ—એવાં કોઈપણ અવાજો નહોતાં જેનાથી બીમ ટેવાયેલો હતો.

એક નવા જીવનનો પ્રારંભ થઈ ગયો હતો.

આજે બીમે શીખ્યું કે પાપા ખ્રિસાન આન્દ્રેયેવિચ પણ છે. અને મા પેત્રોવ્ના છે. આલ્યોશા જરૂર હજી પણ આલ્યોશા જ હતો. આ સિવાય તેને મુરઘી પ્રત્યે ઘૃણા જેવું તો કંઈ નહોતું થયું પણ તેના મનમાં એ મુરઘી માટે સન્માન પણ નહોતું. એક કૂતરાના ખ્યાલથી પક્ષી ઊડવામાં સક્ષમ હોવું જોઈએ. પણ આ તો માત્ર ચાલી જ શકતું હતું એટલા માટે તે સન્માન કરવા લાયક હતી જ નહિ. પાંખો ન હોવા સિવાય તે લંગડાતી પણ હતી. પણ ઘેટાં, તેમણે તેને ઈવાન ઈવાનિચની યાદ અપાવડાવી, અને આલ્યોશામાંથી પણ ઘેટાની ગંધ

આવે છે... પણ બીજી બાજુ પેત્રોવ્નામાંથી માટી અને બીટની ગંધ આવે છે... અને આ પાર્થિવ ગંધો બીમને હંમેશાં આકૃષ્ટ કરતી રહી છે. હોઈ શકે છે કે કોઈક દિવસ ઈવાન ઈવાનિચ અહીં જ પ્રગટ થઈ જાય...

મધુર ગંધયુક્ત સૂકા ઘાસમાં આરામદાયી સુખદ ઉષ્માનો અનુભવ કરતો બીમ સૂઈ ગયો. જેની ગંધ હંમેશાં હસવા માટે પ્રેરિત કરતી હોય તેવા પ્રકારના ઘાસમાં માણસ પણ તરત નિંદ્રામગ્ન થઈ જાય છે. અને ઊંઘ પહેલાં ઘાસની ગંધ તેની આંખોમાં નીલો પ્રકાશ ભરી દે છે. બીમની ઘ્રાણશક્તિ કોઈપણ મનુષ્યની તુલનામાં ખૂબ જ તીવ્ર હતી. એટલા માટે આ સુવાસની દરેક ઊંડી તથા ફિક્કી અનુભૂતિ તેને સંતુષ્ટિ આપતી હતી અને તેની ઉત્કટ લાલસાની વ્યાકુળતાનું દર્દ ઘટાડતી હતી.

આમ મુરઘાની બાંગથી બીમની આંખ ઊઘડી ગઈ. તેણે આ અવાજ પહેલાં પણ સાંભળ્યો હતો પણ આટલી નજીકથી કદી નહિ. આ અવાજ તો સીધેસીધો દીવાલની બીજી બાજુથી આવ્યો. જે એટલો તો ગર્વીલો અને લાંબો હતો: "કૂકડે-કૂં!" ગામનાં બધાં કૂકડાંઓએ તેનો જવાબ આપ્યો. (થોડી વાર પછી બીમને એ ખબર પડવાની હતી કે આ મુરઘો વૃંદગાનનો નેતા હતો અને આવા નેતા મુરઘા સામાન્ય રીતે દુષ્ટ સ્વભાવના હોય છે). બીમ બેઠો બેઠો આ અદ્‌ભુત સંગીત સાંભળતો રહ્યો. આ ગામની અંદર લહેરોની જેમ પસાર થતું રહ્યું, પાસે અને દૂર—એ વાત પર નિર્ભર રહેતું હતું કે આગલો વારો કોનો છે. છેલ્લે કૂકડે-કૂંનો પોકાર એક અશક્ત જેવા ઘરડા મુરઘાએ એવાં ભરાયેલાં અવાજમાં કર્યો જે ઈજ્જતદાર મુરઘાની પ્રતિષ્ઠાને અનુરૂપ બિલકુલ નહોતો. સમય વીતતાં બીમને એ ખબર પડશે કે આ મુરઘા કાયર હોય છે, તેઓ પોતાના વાડામાં આવેલા એક અપરિચિત મુરઘાને જોઈને પણ ભાગી જશે. જ્યારે મુરઘા જકાતનાં બધા નિયમો અનુસાર આ કાયરનું કર્તવ્ય છે કે તે પેલી મુરઘીઓની શાંતિની રક્ષા કરે જે તેના અધિકૃત ક્ષેત્રમાં રહે છે. પણ તે ભૂસાનું પૂતળું ભાગી જશે. બીજી બાજુ, આ પ્રકારના મુરઘા અપરિચિત બચ્ચાં પર જરા પણ દયા નથી રાખતા અને હંમેશાં તેમની ઉપર ચાંચ મારી દે છે, ગંદો હલકટ ક્યાંકનો. જ્યારે

વાસ્તવિકતા એ છે કે થોડું ઘણું પણ આત્મસન્માન રાખવાવાળો મુરઘો તેના ક્ષેત્રમાં આવી પડેલાં કોઈપણ બચ્ચાં ઉપર કદી ચાંચ નહિ મારે. આ, છેલ્લી વાર બાંગ મારનાર મુરઘો આવા પ્રકારનો જ હતો. સ્પષ્ટ હતું કે તે માત્ર ત્યારે જ બોલ્યો જ્યારે તેને પાકો વિશ્વાસ થઈ ગયો કે તેણે સમયની બાબતમાં કોઈ ભૂલ નહોતી કરી. લોકો આવા મુરઘાને અવસરવાદી કહેતાં પણ બીમને માટે તે માત્ર હંસીની વાત હતી. પ્રસંગોવશાત્, તેને અનુભવતી ઊણપને કારણે એ વાતની જાણકારી નહોતી કે લોકો આ પ્રકારની કમજોર બાંગ લગાવનારા અનાડી મુરઘાઓની બાંગ પરથી સમય નથી બતાવતાં.

બીમ સૂઈ ગયો. તેને ફરીથી એક ઝોકું આવી ગયું. અચાનક મુરઘાઓની બાંગની એક બીજી લહેર ઊઠીને એક છેડેથી બીજા છેડા સુધી આખા ગામમાં ફેલાઈ ગઈ. બીમ ઊઠીને બેસી ગયો અને એક વાર ફરીથી આનંદપૂર્વક તેને સાંભળવા લાગ્યો. ત્યાર બાદ એક ત્રીજી લહેર ઊઠી જે પહેલાં કરતાં પણ વધારે તીવ્ર હતી, અધિક સમૃદ્ધ અને પ્રેરિત લહેર હતી. તેમણે કેટલું સરસ ગાયું! આ હતી કોઈ વાત! ત્યાં દૂર તેઓ શું કરતા હતા તે કલ્પનાથી પર હતું. હજી સુધી બીમને એ વાતની જાણ નહોતી કે આ કામચલાઉ સંગીત સભાનું આયોજન પેલા સુંદર, ઘમંડી, સફેદ મુરઘાઓએ કર્યું હતું જેઓ સામૂહિક ખેતરનાં પોલ્ટ્રી વિભાગમાં ઉછરી રહ્યાં હતાં. જો તે ડેલીમાં બંધ ન હોત તો ચોક્કસપણે જ તે શોધતપાસ કરવા જતો અને અવાજના આ ચમત્કારને વધારે પાસેથી સાંભળતો. પણ તે ડેલી તેનું પીંજરું હતું.

ધીમે ધીમે શરદનો સૂર્યોદય બારણાની તડમાંથી અંદર સરકી આવ્યો. બીમ ઊઠયો અને તેણે ડેલીનું નિરીક્ષણ કર્યું, ત્યાં અનાજથી ભરેલું ટબ હતું, એક ખૂણામાં એક પીપ પડયું હતું. જેમાં થોડાં મકાઈનાં ઠૂંડાં હતાં અને બીજાં ખૂણામાં કોબીજો હતી. આ સિવાય કંઈ નહોતું.

પેત્રોવ્ના પોતાની ડોલ લઈને આવી. બીમે તેનું સ્વાગત કર્યું. તે કંપાઉન્ડમાં ગઈ તો બીમ પણ તેની પાછળ થઈ ગયો. તે એક ગાયનાં પગોની પાસે બેસી ગઈ. ડોલમાં દૂધની પીચકારીઓ છૂટવા લાગી અને બીમ અચંબામાં પડીને પોતાનાં પંજા ઉપર નીચે ચલાવવા

લાગ્યો. દૂધ! ગાય સામે ઊભી હતી અને કંઈક ચાવી રહી હતી. તેને સાંભળીને એમ લાગતું હતું કે જાણે તે દૂધની જીવતી જાગતી ટાંકી હોય અને તેનાં ખુલ્લાં નળોમાંથી દૂધના વહેવવાનો આવજ આવી રહ્યો હોય.

પેત્રોવ્ના દૂધ દોહવાનું પૂરું કરીને બીમને બોલાવ્યો ("કાળુ!") એક કટોરામાં થોડું દૂધ રેડ્યું અને કહ્યું: "નહિ." પછી પળવાર રોકાઈને બોલી "પી લે?" અને સહૃદયતાપૂર્વક હસતી હસતી ઘરમાં ચાલી ગઈ.

અરે બાપરે, શું દૂધ હતું તે! ગરમ અને સુવાસિત, ઘાસ તથા ફૂલોની દરેક ગંધથી પરિપૂર્ણ એક સંપૂર્ણ મેદાનની જેમ અને એ સિવાય (હા, તેને હવે પાકો વિશ્વાસ થઈ ગયો હતો) પેત્રોવ્નાનાં હાથોની ગંધ પણ. એ હાથ બીમે પહેલી રાત્રે વિચાર્યું હતું તેમ કોઈપણ બીજા હાથ જેવા નહોતા. બીમે લપલપ કરીને બધું દૂધ પી લીધું અને શીઘ્રતાપૂર્વક કંપાઉન્ડમાં એક ચક્કર લગાવ્યું. ગાયે સંપૂર્ણ વિશ્વાસ સાથે તેનો અંગીકાર કર્યો અને તેના માથાને પણ ચાટયું. આના પ્રત્યુતરમાં બીમે પોતાની જીભ તેની ખરબચડી અને દૂધિયા ગંધવાળા નાકને અડકાડી. વાડાની બીજી બાજુ ઊભેલાં ઘેટાંઓને જોઈને ઘુરકવાના અંદાજમાં પગ પટક્યાં, પણ જ્યારે તેમણે જોયું કે બીમનો કોઈ આક્રમક ઈરાદો નથી ત્યારે તેઓ જલ્દી શાંત થઈ ગયાં. એક ડુક્કરણી અને તેનાં બે બચ્ચાંઓએ પહેલાં તો બીમની ઉપસ્થિતિ પર ધ્યાન જ ન આપ્યું. તેઓ એક બીજાં પર વ્યંગ્ય જેવું કરતાં માત્ર ઘરઘરાટ કરતાં રહ્યાં. આમ તો તેઓ એક જાળીની પાછળથી બીમની તરફ મોં કરીને પડયાં હતાં. આ હતું ચોપગાંઓ તરફથી બીમનું સ્વાગત. પણ મુરઘીઓ—એ હતો હાલચાલ પૂછવાનો અસલ ઢંગ. મુરઘીઓનો નહિ પણ લાલ મુરઘાનો. જેવો તે પોતાના ઊડવાની જગ્યાએથી નીચે ઊડયો તેમ જ તેણે પોતાની પાંખો ક્રોધોન્મત્ત થઈને ફફડાવવાનું શરૂ હરી દીધું: "કુકગુક-કુક-કુક!" પછી તેણે સમડીની જેમ બીમ પર ઝપટ્ટો માર્યો અને પોતાનાં પંજા તથા છાતીથી તેની ઉપર હુમલો કર્યો. (આવા પણ મુરઘા હોય છે!) બીમ ઘૂરક્યો અને પોતાનાં પંજા વડે એક જોરદાર તમાચો ચોડયો, આ પર મુરઘાએ પોતાની પાંખો સમેટી અને

મુરઘીઓ તરફ રફુચક્કર થઈ ગયો. મુરઘીઓ કંપાઉન્ડના એક ખૂણામાં સમદર્દ દર્શકોની જેમ એકઠી થઈ ગઈ હતી. તેની લડાઈ સારી એવી અપકીર્તિકર હતી પણ મુરઘીઓની વચ્ચે પહોંચતા સુધીમાં તે શૂરવીર નાયક બની ગયો હતો. એટલું જ નહિ, તે જોરથી બરાડયો પણ: "જુઓ, મેં કેવી હાલત કરી તેની! કેવી હાલત?" સાફ સ્પષ્ટ હતું કે મુરઘીઓ ખુલ્લા દિલે તેની પ્રશંસા કરી રહી હતી. અને આપ શું વિચારો છો? બીમે પેલા મુરઘાને એક પ્રકારના સન્માનની દૃષ્ટિએ જોયો. તમે ભલે કંઈપણ કહો પણ બીમે હજી સુધી કોઈ એવું પક્ષી નહોતું જોયું કે જે એક કૂતરા પર આટલા સાહસપૂર્વક હુમલો કરે. આ હતી કોઈ વાત!

"શું ધાંધલ ધમાલ ચાલી રહી છે?" ખ્રિસાન આન્દ્રેયેવિચે ઓરડીમાંથી બહાર આવતાં પૂછ્યું. પછી મુરઘીઓને કહ્યું. "હુશ! એક કૂતરાને જોઈને બી ગઈ, મૂરખ પ્રાણી?" તે બીમનો પટ્ટો પકડીને તેને મુરઘીઓ પાસે લઈ આવ્યો. તેની સાથે એક પળ ઊભો રહ્યો અને પછી તેને છોડી દીધો.

બીમ પાછો હટયો અને પછી વળીને દૂર ચાલ્યો ગયો. નિપટવા હો તેમને જેમ નિપટતાં હોય તેમ. ત્યાર બાદ ન તો કદી મુરઘો તેની નજીક આવ્યો કે ન તો મુરઘીઓ. એમ નહોતું કે તેઓ તેનાથી કોઈપણ પ્રકારે બીતાં હતાં; તેની નજીક આવતાં તેના રસ્તામાંથી બચીને નીકળી જતાં સમયે કંઈક ચટરપટર કરવા સિવાય તેમને તેનાથી કોઈ બીક નહોતી. તેને શી પરવા હતી. મુરઘીઓ ન તો ઊડતી હતી, ન તો તરતી હતી અને ન તો કદી કોઈએ તેની ઉપર બોલી ચલાવી હતી. એટલા માટે જ્યાં સુધી તેની વાત હતી તેઓ પક્ષી નહિ પણ કંઈક વિચિત્ર પ્રાણી માત્ર જ હતાં. મુરઘો જરૂર કંઈક ભિન્ન હતો. તે ઊડીને છત પર જઈ શકતો હતો અને અપરિચિતોના આવવાની ચેતવણી લગભગ બીમ કરતાં પહેલાં જ આપી દઈ શકતો હતો. આ સિવાય તે પોતાના કુટુંબને સારી રીતે ચલાવતો હતો, જો તેને કોઈ કીડો મળી જાય તો તે પોતે ન ખાતો પણ પોતાના આધિનોને બોલાવતો હતો અને કદી કદી તેમની વચ્ચે હિસ્સાવહેંચ પણ કરતો હતો. આ પ્રમાણે મુરઘો પોતાના પદ માટે સર્વથા યોગ્ય હતો.

બીમને એક અઠવાડિયા સુધી કંપાઉન્ડમાંથી બહાર નીકળવા દેવામાં ન આવ્યો. આ તથ્યને જોતાં તે વાસ્તવિક રીતે આ હિસ્સાનો મોટો મુખી બની ગયો. તે કંપાઉન્ડની વચ્ચે પડયો રહેતો અને તેની આંખો ચોક્સાઈથી આમ તેમ જોતી રહેતી. ચોથા દિવસ સુધીમાં તે બધી મુરઘીઓને જુદી જુદી ઓળખી ગયો. જો કોઈ અજાણી મુરઘી વાડામાં આવી જતી તો તે તેને એવાં જોરશોરથી ભાગડતો કે પાછળથી તે કૂકડે કૂક કરતી અને ભય તથા કુતૂહલ વચ્ચે વિચિત્ર અનિશ્ચિયમાં મૂંઝાયેલી આગળ પાછળ ડગમગતી ભાગતી. જોવા જેવો તમાશો થતો!

પણ એક ડુક્કરનાં બચ્ચાંએ બરાબરીના સ્તર પર પોતાનો પરિચય રજૂ કર્યો. તે બીમની પાસે આવ્યો, એક વાર ઘૂરક્યો, તેણે પોતાની મુલાયમ થૂથની વડે તેની ગરદનમાં હળવો ધક્કો આપ્યો અને પોતાની સફેદ ભ્રમરોવાળી આંખો વડે તેને તાક્યો. બીમે તેની મુલાયમ થૂથનીને ચાટી, આનાથી તે ડુક્કર એટલું ખુશ થયું કે ઊછળવા લાગ્યું. તેણે બીમની ફરતે માટી સૂંઘવાનું શરૂ કરી દીધું અને તેની નીચેની જમીન ખોદવા લાગ્યો. બીમ કૃપાપૂર્વક હટયો અને બીજી જગ્યાએ ચાલ્યો ગયો, પણ તે ઘૂરકિયો તેની પાછળ પાછળ ચાલતો આવ્યો અને સમજી ન શકાય તેવી વાતો બડબડતો રહ્યો (ડુક્કર અને કૂતરાં એકબીજાની વાતો એટલી જ સારી રીતે સમજી શકે છે જેટલી બે વિદેશીઓ એકબીજાની વાતને સમજે) ત્યાર બાદ તે બીમની વાળવાળી ગરમ ગરમ પીઠ સાથે ટેક લગાવીને સૂઈ ગયું. પછી એક દિવસ જ્યારે બહુ ઠંડી હતી અને બીમ સાચેસાચ ઉદાસ હતો (દિવસના સમયે ઉંબરાનો દરવાજો બંધ રહેતો હતો) ત્યારે તે ઊઠયો અને મુલાયમ ઘાસ પર ડુક્કરનાં બચ્ચાંઓની વચ્ચે સૂઈ ગયો. તેને આ પ્રમાણે સૂતો જોઈ કોઈને કંઈ આશ્ચર્ય ન થયું. એટલું જ નહિ પણ ડુક્કરની માને પણ આ દોસ્તી ઉપર કોઈ આપત્તિ નહોતી. એનાથી ઊલટું બીમ જ્યારે પણ તેમના ઘરમાં ઘૂસતો ત્યારે તે જોર જોરથી વિલાપ જેવું કરતી પણ તે દર્દથી નહિ સદ્‌ભાવનાથી. બીમે ડુક્કર ભાષાની આ ખાસિયત તરત સમજી લીધી. પણ ભાષા ક્ષેત્રમાં તે આનાથી વધારે પ્રગતિ ન કરી શક્યો. કદાચ ભાષા જાણવી એટલી મહત્ત્વપૂર્ણ નહોતી. છેવટે દરેક બાબતમાં ભિન્ન



હોવા છતાં પણ કૂતરા અને ડુક્કર શાંતિ તથા સહમતિથી સાથે રહેવામાં સમર્થ છે.

બીમને બહુ સારી રીતે ખવડાવવા પીવડાવવામાં આવતું હતું. આ સિવાય જો તે કદી નાનાં ડુક્કરો જેઓ હવે બીમ કરતાં અડધાં થઈ ગયાં હતાં, તેમનાં વાડામાંથી પણ એકાદ વસ્તુ ચાખી લેતો તો તેમને વાંધો નહોતો આવતો. બીમને રોજ સવારે એક લીટર દૂધ આપવામાં આવતું હતું, અહીં આટલા દૂધને બહુ થોડું માનવામાં આવતું હતું. હવે તમે જ કહો કૂતરાને આના સિવાય બીજું શું જોઈએ? એક કંપાઉન્ડ તો કંપાઉન્ડ જ છે, ચારે બાજુ વાડથી ઘેરાયેલું અને જેલના પાંજરાની જેમ, ફાટક હંમેશાં બંધ. આ શિકારી કૂતરા માટે ઉપયુક્ત જગ્યા નથી, જ્યાં મુરઘીઓ ઉપર નજર રાખવી અને ડુક્કરોને રસ્તે લાવવા સિવાય બીજું કોઈ કામ ન હોય. અને અસાધારણ ઘ્રાણશક્તિવાળા બીમ જેવા કૂતરા માટે તો આ ચોક્કસપણે ઉચિત નથી.

તે કંપાઉન્ડ તથા તેમાં રહેનારાંઓથી ટેવાઈ ગયો અને તે વિવિધતાના એ જીવન પર આશ્ચર્ય કરવાનું બંધ કરી દીધું જે તેને સુલભ થઈ ગયું હતું. પણ જ્યારે ગોચરોમાંથી હવા આવતી ત્યારે બીમ ચિંતિત થઈને વાડની બીજી બાજુ સુધી આંટા મારતો અથવા પોતાનાં આગલાં પંજા વાડમાં ટેકવીને ઊભો થઈ જતો. જાણે આકાશની કિંચિત નજીક આવવાનો પ્રયત્ન કરી રહ્યો હોય. આ પ્રમાણે ઊભેલો તે આકાશમાં મુક્તપણે વિહરતાં કબૂતરોને જોતો. કોઈક વસ્તુ તેના અંતરાત્માને કોચવતી હતી અને તેણે અસ્પષ્ટ અહેસાસ થઈ રહ્યો હતો કે તે વિવિધતા અને સદ્વ્યવહારમાં કોઈ મુખ્ય વસ્તુની ખોટ હતી.

...ઓ મુક્તપણે વિહરતાં કબૂતરો, તમે ખૂબ ખાધેલ-પીધેલ એ કૂતરા વિષે કેટલું ઓછું જાણો છો જેની પાસે બધું જ છે પણ સ્વતંત્રતા નથી!

બીમે એ પણ અનુભવ્યું કે તેને બહાર નથી જવા દેવામાં આવતો તો તેની ઉપર વિશ્વાસ પણ નહિ કરવામાં આવતો હોય. ખ્રિસાન આન્દ્રેયેવિચ અને આલ્યોશા પોતાનાં ઘેટાંઓને કંપાઉન્ડમાંથી હાંકીને બહાર લઈ જતાં અને પોતાની લાકડીઓ લઈને, લાંબાં

ઓવરકોટ પહેરીને આખા દિવસ માટે ઘેટાંઓની સાથે બહાર ચાલ્યાં જતાં. પણ બીમને, તેના નિવેદન કરવા છતાં કંપાઉન્ડમાં જ છોડી દેવામાં આવતો.

એક દિવસ બીમ વાડની નીચે નાક ઘાલી સૂતો હતો કે ત્યાં જ હવા સમાચાર લઈ આવી કે પાસે જ એક ચરગાહ અને એક જંગલ છે. સ્વતંત્રતા આટલી નજીક હતી! એક છિદ્રમાંથી તેણે જોયું કે એક કૂતરો ભાગતો જઈ રહ્યો છે. આ તેની સહનશક્તિની બહાર હતું. તેણે પોતાના એક પંજાથી વાડની નીચેની માટી દૂર કરી, પછી જમીન ખોતરી અને બીજી જ ક્ષણે તે પોતાના પૂરા સામર્થ્યથી જમીન ખોદવામાં લાગી ગયો. તેણે પોતાનાં બે પંજા વડે પોતાની નીચેની માટી બહાર કાઢી. પછી પોતાનાં પાછલાં પગ વડે તેને પાછળની તરફ ફેંકી દીધી, પેલો લંગડો પગ પણ હવે કામ કરવા લાગ્યો હતો. તે અન્ય પગોની જેમ મુશ્કેલ કામ નહોતો કરી શકતો પણ કામ જરૂર કરી રહ્યો હતો.

બીમનું ખોદાણ પૂરું થયું કે તરત જ ઘેટાં ઘેર પાછાં આવી ગયાં. જો આમ ન થયું હોત તો કોઈ નહોતું જાણતું કે શું થઈ ગયું હોત. ઘેટાંઓએ વાડની નીચેથી માટી ઊછળતી જોઈ તો તેઓ વળતાં પગે ફાટક તરફ ભાગ્યાં. ત્યાં આલ્યોશા ઊભો હતો અને ઘેટાંઓને અંદર બોલાવી રહ્યો હતો. હજી તે એ જાણતો કે શું થયું તે પહેલાં જ છોકરો પછડાટ ખાઈને પડયો. અને ઘેટાંઓએ જંગલી જાનવરોની જેમ ઝપાટાથી ફાટક પાર કરીને રસ્તા તરફ ભાગવાનું શરૂ કર્યું. આલ્યોશા ઘેટાંઓની પાછળ દોડયો અને આ બાજુ બીમ કોઈપણ વસ્તુની ચિંતા કર્યા વિના ખોદવામાં વ્યસ્ત રહ્યો.

પણ ત્યાં જ ખ્રિસાન આન્દ્રેયેવિચ આવ્યો અને તેણે તેની પૂંછડી પકડી લીધી. બીમ પોતાની બખોલમાં જ્યાંનો ત્યાં જ ઊભો રહી ગયો.

"કંટાળી ગયો છે ને, કેમ કાળુ?" ખ્રિસાન આન્દ્રેયેવિચે બીમને બહાર કાઢવા માટે ધીમેથી તેની પૂંછડી ખેંચતાં પૂછ્યું.

બીમ બહાર નીકળી આવ્યો. જ્યારે કોઈએ પૂંછડી જ પકડી લીધી હોય તો બીજું શું કરી શકાય!

"શી વાત છે, કાળુ?" ખ્રિસાન આન્દ્રેયેવિચે કહ્યું અને પછી

આશ્ચર્ય પામી પાછળ હટી ગયા. "તને ક્યાંક ગાંડપણનો રોગ તો નથી લાગી ગયો ને?"

બીમની આંખો લાલચોળ થઈ ગઈ હતી અને તે ઉત્તેજનાથી કાંપી રહ્યો હતો. તે પોતાનું નાક આજુબાજુથી આગળ કરતો એવી રીતે હાંફી રહ્યો હતો જાણે તે એક શિકાર અભિયાનમાં વ્યસ્ત રહ્યો હોય. તે ચિંતાતુર કંપાઉન્ડમાં આમ તેમ દોડયો અને અંતમાં ઊભો રહ્યો અને વળીને ખ્રિસાન આન્દ્રેયેવિચની તરફ જોતાં ફાટક ખોતરવા લાગ્યો.

તે કંપાઉન્ડની વચ્ચે ઊભો રહી વિચારમગ્ન થઈ ગયો. બીમ તેની પાસે ગયો, નીચે બેઠો અને પોતાની આંખો વડે અસંદિગ્ધ રૂપે બોલ્યો: "હું બહાર ખુલ્લામાં જવા ઇચ્છું છું, મને જવા દો!" તે નિવેદન કરતો પેટ પર સૂઈ સાષ્ટાંગ દંડવત કરતો ધીમે ધીમે કરુણાસભર સ્વરે કૂં-કૂં કરવા લાગ્યો. ખ્રિસાન આંદ્રેવિચ નીચે ઝૂક્યો અને તેણે તેને લાડથી પંપોળવાનું શરૂ કર્યું.

"અરે કાળુ બેટા... એક કૂતરાને પણ સ્વતંત્રતા જોઈએ. હા, તને પણ જોઈએ." પછી તેણે બીમને ડેલીમાં બોલાવ્યો સૂકા ઘાસમાં સૂવાડયો અને એક દોરડાથી બાંધી દીધો. પછી તે માંસ ભરેલો એક કટોરો લઈને આવ્યો.

અને બસ. આગળ ન પૂછો, ખરાબ, બહુ જ ખરાબ હાલ હતો. બીમ સ્વતંત્રારહિત સારા જીવનથી થાકીને કંટાળી ગયો હતો.

તે માંસને અડયો પણ નહિ.

પ્રકરણ બારમું

મેદાનોનાં વિસ્તાર. એક સામાન્ય શિકાર સંકેત. બચી નીકળવું

ખ્રિસાન આન્દ્રેયેવિચના ઘરમાં દરેક સવારની જેમ બીજી સવારે પણ એ જ દિનચર્યા રહી. મુરઘાંઓની ત્રીજી બાંગ પછી તરત જ કાર્યકારી દિવસનું ચક્ર ચાલવા લાગ્યું. ગાય રંભી અને પેત્રોવ્નાએ તેને દોહી અને ચૂલો સળગાવ્યો. આલ્યોશા બહાર નીકળ્યો અને કાળુ જે હવે તેનો વહાલો બની ગયો તેને લાડથી પંપોળ્યો. પાપાએ ગાય અને ડુક્કરોને ચારો નાંખ્યો અને મુરઘીઓને દાણાં આપ્યાં. ત્યાર બાદ તેઓ બધાં મેજ પાસે બેઠાં અને નાશ્તો કર્યો. તે દિવસે સવારે બીમે આલ્યોશાની હજાર વિનવણીઓ કરવા છતાં પણ પેલાં સુવાસિત દૂધનું ટીપું પણ ન પીધું.

જ્યારે આલ્યોશાનાં માતા પિતા ઘરમાં વ્યસ્ત હતાં ત્યારે તે પાણી ભરીને આવ્યો અને તેણે ગૌશાળાને ધોઈ અને એક વાર ફરી બીમને

ખાવા માટે આગ્રહ કર્યો. તેણે તેનું નાક ધીમેથી કટોરા તરફ ધકેલ્યું પણ કાળુ અચાનક તદ્દન અજાણ્યો બની ગયો. ખ્રિસાન આન્દ્રેયેવિચે એક મોટા ચપ્પુની ધાર કાઢીને તેને બારણા પર મૂકીને પોતાની તૈયારીઓ પૂરી કરી લીધી.

જ્યારે સૂર્યોદય થઈ ગયો ત્યારે પેત્રોવ્નાએ પોતાનાં જાડાં કપડાં અને શોલ પહેરીને એક થેલો તથા પાપાએ જેની ધાર કાઢેલી તે ચપ્પુ લીધાં અને બહાર ચાલી ગઈ. આલ્યોશા અને તેના પિતાએ પોતપોતાનાં રેઈનકોટ પહેર્યાં અને તેની પાછળ નીકળી પડયાં. ઘેટાંઓને વાડામાંથી કાઢીને રસ્તા તરફ લઈ જતાં તેમનાં અવાજો સંભળી શકાતાં હતાં.

શું તેઓ પેલી અંધારી ડેલી બીમને એકલો અને દોરડા વડે બંધાયેલો છોડીને જઈ રહ્યાં હતાં! આ તો બહુ વધારે પડતી અતિશયતા થઈ ગઈ! બીમે કડવાશ ભરી નિરાશાના સ્વરમાં આર્તનાદ કરવો શરૂ કર્યો.

બહારનું બારણું ખુલ્યું અને ખ્રિસાન આદ્રેયેવિચ અંદર આવ્યો. તેણે બીમનું દોરડું છોડયું, દોરડું પકડીને તેને બહાર લાવ્યો, પછી બારણું બંધ કર્યું. અને ઘેટાંના ઝુંડની તરફ ચાલતો જ્યાં આલ્યોશા ઊભો હતો. તે જગ્યાએ જઈને તે દોરડું તેને સોંપી દીધું. તે પોતે ઝુંડની સૌથી આગળ ઊભો રહીને બૂમ પાડી બોલ્યો:

"અમે જઈ રહ્યાં છીએ."

ઘેટાં રસ્તા પર તેની પાછળ પાછળ ચાલ્યાં. રસ્તામાં દરેક કંપાઉન્ડમાંથી પાંચ કે દસ ઘેટાં તે ઝુંડમાં શામેલ થતાં જતાં હતાં. જ્યારે તેઓ ગામને પાદરે પહોંચ્યા ત્યારે ત્યાં સુધીમાં સારું એવું મોટું ધણ તૈયાર થઈ ગયું હતું. સૌથી આગળ ખ્રિસાન આન્દ્રેયેવિચ અને સૌથી પાછળ આલ્યોશા અને કૂતરો.

તે બહુ જ શુષ્ક, હિમનો દિવસ હતો અને પગ નીચેની જમીન શહેરોમાં ડામરની સડકો હોય તેટલી સખત હતી, પણ આ રસ્તો ડામરની સડક કરતાં ઘણો વધારે ભયાનક હતો. વચ્ચે વચ્ચે હિમ વર્ષા થવા લાગતી હતી જેનાથી ઉષ્માહીન સૂર્ય અસ્થાયીપણે છુપાઈ જતો હતો, પણ આ બધું જલદી વીતી ગયું. શરદ્ઋતુ પૂરી થઈ ગઈ. પણ શિશિર હજી શરૂ નહોતી થઈ. તે આ બંને વચ્ચેની ચિંતાથી

આકુળ તે અવધિ હતી જ્યારે હિમ ધવલ શિશિર આવવામાં જ હોય છે, જેની દરેકે દરેકને અપેક્ષા તો હોય છે પણ તેને જોઈને હંમેશાં આશ્ચર્ય પણ થાય છે.

ઘેટાં પોતાની ભાષામાં બેં બેં બોલતા ખુશી ખુશી ચાલતાં જઈ રહ્યાં હતાં, તેમની ભાષા સમજવી તદ્દન અસંભવ હતી. આમ તેમ સારી રીતે જોવા પછી બીમે ધ્યાન આપ્યું કે ગોળાકાર શીંગડાવાળું એક ઘેટું ખ્રિસાન આન્દ્રેયેવિચનાં ડગલાં સાથે તાલ મેળવીને ચાલી રહ્યું હતું અને એકદમ પાછળ આલ્યોશાની બિલકુલ સામે એક નાની લંગડી ઘેટી ચાલી રહી હતી. તેને આગળ વધારતાં રહેવા માટે આલ્યોશા પોતાની લાકડીના વળેલા ભાગના હાથા વડે થોડી તેને ધકેલતો જતો હતો અને ત્યારે જોરથી કહેતો હતો:

"પાપા, થોડા ધીમા ચાલો, લંગડી બધાંની સાથે સાથે નથી ચાલી શકતી!"

તેના પિતાએ પોતાનું માથું પણ પાછળ ન ફેરવ્યું અને ઝડપ ઓછી કરી લીધી. તેની સાથે જ આખા ધણની ઝડપ ઓછી થઈ ગઈ.

બીમ દોરડેથી બંધાયેલો સાથે સાથે ચાલી રહ્યો હતો. તેણે જોયું કે પાપા કેટલી પ્રભાવશાળી રીતે ઘેટાંઓની આગળ ચાલી રહ્યાં છે અને તેઓ તેની ઓછામાં ઓછી ગતિને અનુરૂપ કેટલી તત્પરતાથી આજ્ઞાનું પાલન કરી રહ્યાં છે. આલ્યોશા ઝુંડની પાછળ તથા બાજુઓનાં કેટલી કુશળતાપૂર્વક દેખરેખ રાખી રહ્યો છે. જ્યારે ઝુંડનું એક ઘેટું પીળાં પડેલાં ઘાસને કોતરવા માટે અલગ નીકળી આવ્યું ત્યારે આલ્યોશા બીમને લઈને તેની પાછળ દોડયો અને જોરથી બોલ્યો:

"તું ક્યાં ભાગી જાય છે?!" અને તેણે પોતાની વળેલી લાકડી તે ભગોડી ઘેટાં સામે ફેંકી દીધી.

તે ઘેટું પાછું ઝુંડમાં આવી ગયું, પણ બીજી બાજુ ત્રણ બીજાં ઘેટાંઓએ એક સાથે પોતાની સ્વતંત્રતા દેખાડવો ફેંસલો કર્યો અને તેઓ એક લીલા ખંડ તરફ સરક્યાં. આલ્યોશા ફરી તેમની પાછળ ભાગ્યો અને તેમને પાછા લઈ આવ્યો. બીમ તરત સમજી ગયો કે કોઈપણ ઘેટાંને સમૂહમાંથી છૂટાં પડવાની અનુમતિ નથી. બીજી વાર તેણે પણ નિયમ ભંગ કરનારાં ઘેટા પર ભસવાનું શરૂ કરી દીધું.

"ભોં-ભોં-ભોં!" તે પણ જેવી રીતે દોડયો હતો તેવી જ દુર્ભાવના રહિત રીતે દોડયો અને નિયમ તોડનાર ઘેટાંઓને છોકરાએ જેવી રીતે ચેતવણી આવી હતી બિલકુલ તેવી જ રીતે ચેતવણી આપી: "તું ક્યાં ભાગી જાય છે?"

"પાપા, તમે સાંભળી રહ્યાં છો?" આલ્યોશાએ બૂમ પાડીને કહ્યું.

ખ્રિસાન આન્દ્રેયેવિચ પાછળ ફર્યો અને અનુમોદન કરતાં બૂમ પાડી: "સારો બેટો છે, કાળુ!"

એક ઘાટીના ઢોળાવ ઉપર તેણે પોતાની લાકડી ખભે ઉઠાવીને એટલાં જ જોરથી બૂમ પાડી:

"જવા દે તેમને?" પછી તેણે પોતાની ચાલ ધીમી કરી દીધી અને ધણની સામેથી આરપાર જવાનું શરૂ કરી દીધું.

આલ્યોશાએ પણ આ જ કર્યું, પણ તે પાછળ હતો એટલા માટે તેને ઘેટાંઓને પોતાના પિતાની નજીક રાખવાની ઉતાવળ કરવાની હતી. ધીમે ધીમે આખું ધણ એક એવી પંક્તિમાં ફેલાઈ ગયું જેની અલગ અલગ કતારોમાં ત્રણ કે ચારથી વધારે ઘેટાં નહોતાં. હવે ખ્રિસાન આન્દ્રેયેવિચ ધણની સામે ઊભો હતો અને તેમની હરોળોનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તેની બાજુમાં ધણનો મુખિયો ઘેટો ઊભો હતો. તેણે પોતાના થેલામાંથી એક પાઉંરોટી કાઢી, તેની એક પપડી કાળીને કોઈ કારણવશ મુખિયા ઘેટાને આપી દીધી. બીમને એ જાણકારી નહોતી હોઈ શકતી કે ધણના મુખિયાને ભરવાડનો ભય તો ન જ હોવો જોઈએ, પણ સાથે તેની સાથે પ્રેમ પણ હોવો જોઈએ. એટલા માટે પોતાના અજ્ઞાનને કારણે બીમે એ ઘટનાને એ તથ્યની પૂર્તિ માત્ર માની કે પાપા એક દયાળુ માણસ હતો. પણ ઈમાનદારીથી કહીએ તો પાપા એક ચાલાક માણસ પણ હતો. એ કારણે જ તે ઘેટો કૂતરાની જેમ તેની પાછળ ચાલતો હતો અને તેના અવાજ પર હંમેશાં બરાબર સાચું આચરણ કરતો હતો. સ્પષ્ટ છે કે ઘેટાં ચરાવનારાની બધી ચાલાકીઓને સમજવી બીમનું કામ નહોતું. પણ ખ્રિસાન આન્દ્રેયેવિચ બહુ સારી રીતે જાણતો હતો કે વગર કૂતરાવાળા કોઈ બહુ મોટા નહીં તેવા ધણનો મૂરખ તથા અડિયલ મુખિયો તેમને બહુ ખરાબ રીતે રખડાવી શકતો હતો. એટલા માટે

પળવાર માટે પણ પોતાનું ધ્યાન ભટકવા દેવાની કે થકાવટ અથવા બપોરની ગરમીથી એક ઝોકું માત્ર ખાવાની પણ જરૂર પડશે. પણ આ ધણનો મુખિયો એક વિશેષ અને સમુચિત પ્રશિક્ષિત ઘેટો હતો એટલા માટે તેને બીમને જોઈને સારી એવી પ્રસન્નતા થઈ.

ખ્રિસાન આન્દ્રેયેવિચે ચિલમ સળગાવી અને આલ્યોશાને કહ્યું: "તેમને હાંક નહિ — અહીં ઘણો સારો ચારો છે."

...હા, વાચક મહાશય, શરદના અંતિમ દિવસોનાં ઘેટાંઓનાં ધણને ચરાવવાનો ધંધો ખૂબ જ ગૂંચવણ ભર્યો છે. અકુશળ હાથોમાં સારાં ગોચરો હોવા છતાં પણ અઠવાડિયાભરમાં અડધાથી વધારે ઘેટા ભૂખમરાનો શિકાર બની જાય — તેઓ સારામાં સારા ચારાને થોડી જ વારમાં મસળીને જમીન ભેગો કરી દેશે. પણ જો સાવધાની અને સમજદારીથી ધણનું સંચાલન કરવામાં આવે તો એક ધણ મધ્યમસરનાં ચારાવાળાં ચરગાહો હોવા છતાં પણ ફાલીફૂલીને હૃષ્ટ પુષ્ટ થઈ શકે છે. ખ્રિસાન આન્દ્રેયેવિચ જાણતો હતો કે એક ધણને લગભગ ઊસર જમીનમાં અહીં તહીં કિનારાઓ ખૂણાઓમાં લાગેલ ઘાસ તથા પોતાના દાંતાઓથી જમીન ખોદતાં ટ્રેક્ટરોની બિલકુલ સામે કેવી રીતે ચરાવવું જોઈએ. આના માટે એક નિશ્ચિત પ્રતિભાની, ધંધા પ્રત્યે લગાવની ભાવનાની અને જાનવરો પ્રત્યે પ્રેમની આવશ્યકતા હોય છે. એક ધણને ચરાવવું એ બહુ મોટું કામ હોય છે. અને આ કામનું પોતાનું જ એક આગવું સૌંદર્ય હોય છે કારણ કે ભરવાડ ક્યારેક ક્યારેક અજાણે જ એ અનુભવ કરે છે કે તે કુદરતનું એક અંગ છે, તેનો રક્ષક અને હિતકારક છે. આ તેનો સાર છે. પણ વાચક, આપ મને આ ક્ષણે બીમને ભૂલીને મનુષ્ય વિષે, શરદના અંતિમ દિવસોમાં ખુલ્લાં મેદાનોમાં કાર્યરત મનુષ્ય વિષે વાતો કરવા માટે ક્ષમા કરશો.

હા, તો ઘેટાં નાનાં નાનાં ટૂંકા ટૂંકાં ઘાસને દાંત વડે કાપીને ખાવામાં જોડાઈ ગયાં. તેમના ખાવાને ચબડ-ચબડ તથા કરડ કરડનો અવિરત અવાજ એકાકાર થઈને માત્ર એક જ શાંત અને વિશ્વાસવર્ધક અવાજમાં પરિવર્તિત થઈ ગયો. હવે પાપા અને આલ્યોશા એકબીજાની નજીક હતાં અને ધીમે ધીમે વાતો કરી રહ્યાં હતાં. હવે તેમને પહેલાંની જેમ દૂરથી બૂમો પાડીને બોલવાની જરૂર નહોતી. આલ્યોશાએ પૂછ્યું:

"પાપા, હું કાળુને ખુલ્લો છોડી દઉં."

"પરીક્ષણ કરી લો. હવે તેને ભાગવું ન જોઈએ. કૂતરાં સ્વતંત્રતાથી ભાગતાં નથી. તેને છોડી દો. પણ ધણથી પોતાની દૂરી જાળવી રાખજે, થોડી વાર તેની સાથે રમજે. અને ઘેટાંઓને ચિંતામાં ન નાંખતો."

આલ્યોશાએ ઘેટાંના ટોળાને દૂર જવા દીધું, પછી તેણે દોરડું ખોલીને પ્રસન્નતાપૂર્વક કહ્યું:

"ચાલ આવ, કાળુ. દોડ લગાવીએ?" આટલું કહીને તે ઢોળાવ પરથી નીચે ઘાટીની તરફ દોડયો. તેનાં દોડતાં અને કુદકવાના સમયે ત્યાંની સખત જમીન સાથે જૂતાંના અથડાવાનો ધબ ધબ આવાજ થઈ રહ્યો હતો.

બીમની પ્રસન્નતાનો પારાવાર ન રહ્યો. તે પણ કૂદ્યો અને આલ્યોશાના ગાલ ચાટવાના પ્રયત્નમાં ઊછળકૂદ મચાવી, પછી દોડતો દૂર નીકળો અને તીરની જેમ પાછો ફર્યો. તે સંપૂર્ણ સ્વતંત્રતામાં ઉત્સવ મનાવી રહ્યો હતો. પછી તેણે એક લાકડી ઊઠાવી અને તેને લઈને વેગથી દોડતો આલ્યોશા પાસે પહોંચ્યો. આલ્યોશાએ લાકડી લીધી અને તેના જ માટે તે દૂર ફેંકી દીધી.

"કાળુ, લઈ આવ!"

બીમ તેને લઈને પાછો આવ્યો. અને તેણે તે લાકડી આલ્યોશાને ભેટ કરી. આલ્યોશાએ તેને ફરીથી ફેંકી દીધી. પણ આ વખતે તેને લેવાને બદલે આલ્યોશા ઢોળાવ ઉપર ધણ તરફ ચઢવા લાગ્યો.

"આ લઈને ચાલ, કાળુ! લઈને ચલ!"

બીમ પોતાના બોજને લઈને તેની પાછળ પાછળ આવ્યો. જ્યારે તેઓ ચોટી પર પહોંચી ગયાં ત્યારે આલ્યોશાએ લાકડીના બદલે પોતાની ટોપી બીમના મોંમાં આપી દીધી. બીમ તેને પ્રસન્નતાપૂર્વક લઈને ચાલ્યો. આલ્યોશા ઊછળતો કૂદતો તેની સાથે સાથે ચાલ્યો અને સાથે જ બોલતો રહ્યો:

"લઈને ચાલ કાળુ, સારા છોકરાં, લઈને ચાલ. સારો બેટો કાળુ, સારો બચ્ચો."

પણ તેઓ ધણની નજીક ચૂપકીદીથી આવ્યાં ("ઘેટાંઓને ચિંતામાં ન નાંખતો").

"આ પાપાને આપ." આલ્યોશાએ કોમળ સ્વરે હુકમ આપ્યો.

ખ્રિસાન આન્દ્રેયેવિચે પોતાનો હાથ લંબાવ્યો અને બીમે ટોપી તેને આપી દીધી. બંને ભરવાડોએ તેનામાં એક નવી ક્ષમતા શોધી કાઢી અને તેઓ ત્રણે પ્રફુલ્લિત થઈ ગયાં.

એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં બીમે જાતે જાણી લીધુ કે તેને એક નવું કર્તવ્ય પૂરું કરવાનું છે: આમતેમ ભટકી ગયેલાં ઘેટાંઓને પાછાં ઝુંડમાં પહોંચાડવાના અને જ્યારે તેમને એક પંક્તિમાં કરવામાં આવે છે ત્યારે તેમની પર નજર રાખવાની. પણ જ્યારે સાંજે ગામના રસ્તામાં નાના નાના સમૂહોમાં વહેંચાઈને પોતપોતાનાં ઘેર જાય છે ત્યારે કોઈ પ્રકારનો હસ્તક્ષેપ ન કરવો.

બીમ પેલાં બે કૂતરાંઓને ઓળખવા લાગ્યો જે સામૂહિક ખેતરના વિશાળ ધણની પહેરેગીરી કરતાં હતાં. તે ધણની દેખરેખ ત્રણ વયસ્ક ભરવાડ કરતાં હતાં અને તેઓ ત્રણે એક જેવો લાંબો રેઈનકોટ પહેરતાં હતાં. જોકે તેઓ બંને ધણ ન તો કદી એકબીજાની નજીક આવતાં હતાં કે ન તો એક બીજા સાથે ભળી જતાં હતાં તેમ છતાં પણ આલ્યોશા શરદ્‌કાળના અલ્પકાળના અવકાશો દરમિયાન સામૂહિક ખેતરના ભરવાડોને મળવા દોડતો દોડતો ચાલ્યો જતો હતો. તેમની ઓલાદ સારી હતી: ઝાંખો પીળો રંગ, લાંબા વાળ, વિશાળ કદ પણ શાંત અને આજ્ઞાકારી, તેઓ બીમ સાથે પણ હવાપૂર્વક અને શાંત સાથે રમતાં હતાં. અને ધણનો પહેરો બીમની જેમ ઊછળતાં કૂદતાં કે પૂર ઝડપે ચોકડીઓ મારતાં નહિ પણ પગપાળા ચાલવાની ઝડપે ભરતાં હતાં. તેઓ પોતે પોતાની પ્રતિષ્ઠાનું ખૂબ ધ્યાન રાખતાં હતાં. બીમને તેઓ ગમતાં હતાં અને ઘેટાં પણ.

આમ બીમને માટે પણ એક સ્વતંત્ર કાર્યકારી જીવન શરૂ થઈ ગયું. બે માણસ અને કૂતરો થાકીને ઘેર પહોંચતાં અને તેમની પાસે કહેવા માટે કોઈ ખાસ વાત ન રહેતી. પણ અહીં સ્વતંત્રતા હતી અને એકબીજાં પર વિશ્વાસ હતો. એક કૂતરો પણ આવા જીવનને છોડીને ન ભાગતો.

પણ એક દિવસ અચાનક બરફ પડવા લાગ્યો. જોરદાર હવા વાતી અને તેને વમળની જેમ ઘૂમરાતાં ઝોકાંઓ વડે મેદાનોની આરપાર ઉડાડવા લાગી. ખ્રિસાન આન્દ્રેયેવિચ, આલ્યોશા અને બીમે

ઘેટાંઓને એક ઘરોમાં એકઠાં કર્યાં અને થોડી વાર રાહ જોયા પછી તેમણે દિવસ આથમવાના બહુ પહેલાં જ પાછાં ગામની તરફ હાક્યાં. ઘેટાંઓનાં શરીર બરફથી ઢંકાઈ ગયાં, મનુષ્યોનાં ખભાં અને જમીન પર દરેક ઠેકાણે બરફ જ બરફ હતો. મેદાનોમાં બરફ સિવાય બીજું કંઈ દેખાતું જ નહોતું. શિશિરનું આગમન થઈ ગયું હતું, તે આકાશમાંથી નીચે ધરતીમાં આવી ટપકી હતી.

ખ્રિસાન આન્દ્રેયેવિચે જરૂર એ નક્કી કર્યું હશે કે ડેલીમાં બંધાયેલાં કે ડુક્કરો સાથે સૂતાં રહેવું બીમ જેવાં કૂતરાં માટે ઉચિત નથી કારણ કે હવે તેને રાત્રે એક ગરમ અને આરામદાયક કૂતરાઘરમાં રાખવામાં આવતો હતો. તેમણે આ કૂતરાઘર ડેલીના એક ખૂણામાં બનાવ્યું હતું અને તેને નરમ સૂકાં ઘાસથી ભરી દીધું હતું. સાંજે તે પરિવારના સદસ્ય રૂપે ઘરમાં અંદર આવતો અને રાતનું વાળું કર્યા પછી સુધી ત્યાં રહેતો.

"આ શિશિર ન હોઈ શકે, હજી તેનો સમય નથી આવ્યો," ખ્રિસાન આન્દ્રેયેવિચે એક દિવસ પોતાની પત્નીને કહ્યું.

વાતચીતમાં "શિશિર" શબ્દનો ઘણી વાર ઉલ્લેખ થતો હતો. અને એમ લાગતું હતું કે તેઓ તેનાથી ચિંતિત છે. પણ જે કંઈ હોય બીમ તો માત્ર એ જાણતો હતો કે શિશિરનો અર્થ સફેદ ઠંડો બરફ હોય છે.

તે સાંજે પેત્રોવ્ના બરફ ભર્યા ગાલો સાથે આવી. તેનો ચહેરો ભીનો અને ઠંડોગાર થઈ ગયો હતો. બીમે જોયું કે કપડાં ઉતારતી વખતે તેના હાથ ધ્રૂજી રહ્યા હતા અને તે દર્દથી તીણો કણસાટ કરી રહી હતી. તેના હાથ લાલ લાલ છાલાંઓ અને બીમનાં પગની ગાદીઓની જેમ સખત કરેલાં ચામડાથી ભરેલાં હતાં. તેને તેણે ગરમ પાણીથી ધોયાં અને તેમાં મલમ ચોપડયું અને આમ કરતી વખતે તેના મોંમાંથી દર્દભરી ચીસ નીકળી રહી હતી. ખ્રિસાન આન્દ્રેયેવિચ તેને જોઈ રહ્યો હતો અને કોઈ કારણસર પરેશાન દેખાતો હતો. (બીમ તેના ચહેરાને જોઈને આમ સમજ્યો હતો)

તે દિવસે સવારે કેટલાંક ચપ્પાંની ધાર કાઢી અને તેઓ ચારે એક સાથે ઘરમાંથી રવાના થયાં. શરૂઆતમાં તેઓ એક એક જેવા થયેલાં સફેદ મેદાનમાંથી પસાર થઈને નીકળ્યાં જે થોડાં થોડાં બરફથી ઢંકાયેલું

હતું અને તે બરફ અડધા પંજાથી વધારે ઊંડો નહોતો. એટલા માટે તેની ઉપર ચાલવું સહેલું હતું. હવા શાંત પણ ઠંડી હતી. ત્યાર બાદ તેઓ એક ખેતરમાં પહોંચ્યાં જ્યાં બીટનાં ઢગલાંઓની કરતારો લાગેલી હતી. બીટની ટોચો ઉપર તરફ હતી અને તેમની ઉપર પાંદડાઓનું એક થર રાખ્યું હતું. દરેક ઢગલાની પાસે બિલકુલ પેત્રોવ્ના જેવાં કપડાં પહેરેલ એક સ્ત્રી બેઠી હતી અને ચુપચાપ કામમાં વ્યસ્ત હતી.

તેઓ ચારેય એક ઢગલાની ફરતે બેઠાં અને બીમે જોયું કે આગળ શું થયું. પેત્રોવ્નાએ એક બીટનો પાંદડાવાળા ભાગને પકડયો અને બીટને ઢગલામાંથી બહાર ખેંચી કાઢયું. તેને નિપુણતાપૂર્વક પોતાની તરફ ઘુમાવ્યું અને ચપ્પાના એક જ ઝાટકે તેનાં પાંદડાં કાપી નાંખ્યાં. ચપ્પાના બેચાર ઝાટકા બીજા લાગતાં તે બીટ તેની બાજુના બીજા ઢગલામાં રાખવા લાયક બની ગયું. ખ્રિસાન આન્દ્રેયેવિચે અને આલ્યોશાએ પણ બિલકુલ આ પ્રમાણે જ કર્યું. આલ્યોશાએ આ કામ પોતાના પિતા કરતાં પણ વધારે કુશળતાપૂર્વક કર્યું. તેમનું આ કામ ચાલુ રહ્યું! ખચ — પાંદડાં ગાયબ. ખચ-ખચ-ખચ ઉપરનો ભાગ સાફ! એ ટપ — અને બીટ નવા ઢગલામાં, જે તેમની સામે વધતો ચાલ્યો જતો હતો.

તેનાથી થોડે જ દૂર એક બીજા ઢગલાની સામે એક સ્ત્રી એકલી બેઠી હતી અને આ જ કામ કરી રહી હતી. આજ પ્રમાણે આગલા ઢગલા પર પણ ત્યાં બે કે ત્રણ સ્ત્રીઓ સાથે સાથે કામ કરી રહી હતી. અને આખા ખેતરમાં આ જ થઈ રહ્યું હતું — બીટના ઢગલાં, છાલાંથી ફાટેલ હાથવાળી અને ઠંડીથી સૂજેલાં ચહેરાવાળી સ્ત્રીઓ. તેઓ બધાં કાં તો તાડપત્રીના કપડાંથી બનેલ દસ્તાના પહેરીને કે પછી ઉઘાડા હાથે કામ કરી રહ્યાં હતાં. ખચ-ખચ-ટોચનો ભાગ સાફ! ખચ-ખચ પાંદડા ગાયબ! ઘડિયાળની જેમ એકધાર્યું આ જ કામ ચાલુ રહ્યું.

ઠંડી ખૂબ હતી. ચપ્પાંઓને ચાલતાં જોતો ચુપચાપ બેઠેલો બીમ થરથર ધ્રૂજવા લાગ્યો. તેણે પોતાનું શરીર ઝાડયું અને તે ક્ષેત્રનું અવલોકન કરવા ચાલ્યો. પણ તે વધારે દૂર ન ગયો. શરીરની ગરમી પાછી આવતાં તે બીજી સ્ત્રીઓનાં બોલાવવાં છતાં પણ પોતાના

પરિવાર પાસે પાછો આવ્યો. (અત્યાર સુધીમાં આખું ગામ કાળુને જાણી ગયું હતું).

પાછળથી જે સ્ત્રી એકલી બેસીને કામ કરી રહી હતી તે તેમની પાસે આવી. તે જુવાન પણ અત્યંત દૂબળી હતી. તેણે કોઈ વસ્તુની ફરિયાદ કરી, પોતાના નાકથી સૈડકો ભરી પેત્રોવ્નાની પાસે બેસીને પોતાના હાથ બતાવવા લાગી. પેત્રોવ્નાએ પણ પોતાના હાથ બતાવ્યા. દુઃખી થઈને તે સ્ત્રીએ તાડપત્રીના કપડામાંથી બનેલ પોતાના આંગળી વિનાનાં દસ્તાનાને પોતાની છાતી સરસાં દબાવ્યા અને ચૂપ થઈ ગઈ. તેનું નામ નાતાલ્યા હતું.

પેત્રોવ્ના ખચ ખચ! ખ્રિસાન આન્દ્રેયેવિચ ખચ ખચ! આલ્યોશા—ખચ ખચ! પછી તેમને પોતાના હાથમાં ફૂંક મારી ગાલ ઘસ્યાં. પેત્રોવ્ના ખચ-ખચ... અને અચાનક પચ!.. પેલી દુઃખી સ્ત્રીની આંખોમાંથી આંસુનું એક ટીપું બીટના પાંદડા પર જઈ પડયું. તેણે પોતાની બાંયથી પોતાનો ચહેરો ઢાંક્યો અને પાછી પોતાના ઢગલા પર ચાલી ગઈ.

"ઈશ્વર આપણી રક્ષા કરે, તને ક્યાંક શરદી ન લાગી જાય," પેત્રોવ્નાએ આલ્યોશાને કહ્યું. અને તેની પાસે આવીને ટોપીની નીચેના ગરમ સ્કાર્ફને ઠીક કર્યો, તેને તેના ગળા પર વીંટાળ્યો, પોતાની કમર પર વીંટાળેલા કેનવાસના કમરબંધને આલ્યોશાના ચામડાનાં કોટની ફરને વીંટાળી દીધો.

બીમે પણ પેત્રોવ્નાની સહાયતા માટે પોતાનું નાક આલ્યોશાના ચામડાના કોટમાં ઘોંચ્યું. પણ તેણે જોયું કે આલ્યોશા જેટલો દેખાઈ રહ્યો હતો તેનાથી અડધો પણ ઠંડો નથી, અને ઠંડા હોવાની વાત તો ક્યાંય દૂર રહી તે બંને વયસ્કો કરતાં ઘણો વધારે ગરમ છે (બીમ આ વાતનો ફેંસલો લોકોના મુકાબલે ઘણી સારી રીતે કરી શકતો હતો).

ખ્રિસાન આન્દ્રેયેવિચ જે પોતાનું ચપ્પું બમણી ઝડપથી ચલાવી રહ્યો હતો તેણે કહ્યું:

"હું કહું છું કે તારે શું કરવું જોઈએ," (બીમનાં કાન ઊભાં થઈ ગયાં). "તું જા, કાળુની સાથે દોડ અને પોતાને ગરમાવો આપ."

આમ બીમ છોકરાની સાથે બીટનું ખેતર પાર કરીને નીકળી

પડ્યો. ખેતર ઠંડીથી જામીને સખત થઈ ગયું હતું. ખેતર પાર કરવા સુધીમાં આલ્યોશામાં સારી એવી ગરમી આવી ગઈ. તેણે પોતાની ટોપી ઉતારી, સ્કાર્ફ ખોલ્યો, તેને પોતાના જાકીટની આગળ નીચે ખોસી દીધો, પોતાની ટોપી ફરીથી પહેરી અને કાન ઢાંકવા માટેની કનપટ્ટીઓ ઉપર બાંધી દીધી. જંગલના કિનારે કોઈ ઘીચ ઘાસ પર બીમ પળવાર માટે રોકાઈ ગયો. તેણે હવા સૂંઘી, આગળ પાછળ જોઈને શિકારનું ચિહ્ન ચકાસ્યું અને અચાનક આલ્યોશાને આશ્ચર્યમાં નાખતો શિકાર સંકેતની મુદ્રામાં ઊભો થઈ ગયો.

આલ્યોશા દોડતો તેની પાસે આવ્યો.

"શું વાત છે, કાળુ?"

બીમ આદેશની પ્રતીક્ષામાં સ્થિર ઊભો હતો. આલ્યોશાએ અનુમાન લગાવી લીધું કે બન્યું શું હતું.

"તેમને બીવડાવ! બીવડાવ તેમને!" તેણે બૂમ પાડી.

બીમ જાદુઈ શબ્દ "આગળ વધ?"ની રાહ જોઈ રહ્યો હતો. પણ આલ્યોશાએ પહેલાં કરતાં પણ વધારે જોરથી બૂમ પાડી:

"બીવડાવ તેમને!"

સાંભળતાં જ બીમ ધમધમાટ કરતો આગળ વધ્યો અને તેતરોનાં એક ઝુંડને ઉડાવી મૂક્યું.

બીજી પળે આલ્યોશા બીમની સાથે દોડતો પાછો જઈ રહ્યો હતો. બીમ સમજી ગયો કે તેઓ એક બીજાને સારી રીતે સમજી ન શક્યાં. આલ્યોશા ઈવાન ઈવાનિચના શબ્દો નહોતો જાણતો પણ તે તેની સાથે પાછો દોડયો અને છોકરાનો ચહેરો રાતોચોળ થઈ ગયો હતો. તેણે પોતાનાં મા-બાપને જણાવ્યું કે બીમે કેવી રીતે કેટલાંક તેતરોને શોધ્યાં અને તેમને બીવડાવીને ઉડાવી દીધાં.

"તે શિકારી કૂતરો છે, કાળુ સમુચિત પ્રશિક્ષણ પ્રાપ્ત કૂતરો છે," ખ્રિસાન આન્દ્રેયેવિચે પ્રશંસાનાં સ્વરમાં કહ્યું. "આલ્યોશા જો આપણી પાસે બંદૂક હોત તો શિકાર માટે જઈ શકત, કેમ ખરું ને?"

એક બંદૂક, શિકાર? આ એવા શબ્દો હતા જેમને બીમ જાણતો હતો અને તેમને ચાહતો હતો! તેને બીજી વાર કહેવાની જરૂર નથી.

તેણે પોતાની પૂંછડી હલાવી અને વારાફરતી આલ્યોશા, ખ્રિસાન

આન્દ્રેયેવિચ અને પેત્રોવ્ના પાસે જઈને તેમને પોતાની નાકથી ગલપચિયાં કર્યાં. તે તેમની સાથે શ્વાન ભાષામાં સ્પષ્ટતાથી બોલી રહ્યો હતો પણ કોઈ સમજ્યું નહિ. ક્યાંય કોઈ બંદૂક ન દેખાઈ અને બંદૂક વિના તેને શિકાર માટે કોઈ લઈ પણ ન ગયું. બીમ આલ્યોશાની પાછળ તેનાં ચામડાના કોટ સાથે અડોઅડ બેસી ગયો અને મનનચિંતન કરવા લાગ્યો—ઓછામાં ઓછું આવું દેખાતું જરૂર હતું.

જ્યારે તેઓ ઘેર પહોંચ્યા ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. તેઓ થાકેલાં હતાં અને ઠંડથી સુન પડી ગયાં હતાં. થોડાં દિવસ પછી તેમણે બીટ કાપવા માટે જવાનું બંધ કરી દીધું—તેમણે પોતાના ભાગનું કામ પૂરું કરી લીધું હતું.

હવે પેત્રોવ્નાને ક્યાંય જવાનું નહોતું. તે સ્પષ્ટપણે પ્રસન્ન હતી. તે આખો દિવસ વ્યસ્ત રહેતી હતી. ગૌશાળાની સફાઈ, ધુલાઈ, ફર્શની ઘસાઈ, કૂબીની કાપણી, માખણ વલોવવું, ચૂલો સળગાવવો, ખાવાનું બનાવવું, સિલાઈ મશીન ચલાવવું, સમારકામ કરવું, ચારાનું નિંદણ ગાયો માટે લઈ જવું—તેના કામોનો કોઈ અંત નહોતો. બીમ હરઘડી તેને જોતો રહેતો.

એક વાર પોતાના હાથમાં પુસ્તકો દબાવીને એક સાફસુથરી સ્ત્રી આલ્યોશા માટે આવી અને તે પેત્રોવ્નાને લઢી. (પણ જેમ બીમે ધ્યાન આપ્યું હતું તે પ્રમાણે ક્રોધિત થઈને નહિ) તેઓ "આલ્યોશા", "ઘેટાં", "બીટ" શબ્દો વારંવાર બોલતાં રહ્યાં. બીજા દિવસે સવારે આલ્યોશા થોડાં પુસ્તક લઈને ચાલ્યો ગયો. ત્યારથી દરેક દિવસ અને આખો દિવસ તે ઘરમાંથી બહાર જ રહેતો. ખ્રિસાન આન્દ્રેયેવિચ પણ એક મોટો કાંટો લઈને રોજ નિયમિત રૂપે જતો અને જ્યારે પાછો આવતો ત્યારે તેનામાંથી ખાતરની ગંધ આવતી હતી.

એક તદ્દન સામાન્ય એવી સાંજે જ્યારે તેઓ બધાં રાતનું વાળુ કરી રહ્યાં હતાં ત્યારે એક માણસ અંદર આવ્યો. તે મોટા, પહોળાં ચહેરાવાળો, મજબૂત કાઠા તથા પહોળા ખભાવાળો એક લાંબો માણસ હતો પણ તેની આંખો ઝીણી ઝીણી શિયાળના જેવી હતી અને તેણે શિયાળની ખાલની બનેલી ટોપી પહેરેલી હતી. બીમે જોયું કે ખ્રિસાન આન્દ્રેયેવિચે તે નવાંગતુક સામે વગર હસ્યે જોયું, તે સામાન્યપણે જેમ

કરતો હતો તેનાથી ઊલટું ન તો મેજ પાસેથી ઊઠ્યો કે ન તો પેલી વ્યક્તિ સાથે હસ્તધૂનન કર્યાં.

"કેમ છો!" આગંતુકે પોતાની ટોપી ઉતાર્યા વગર આમ જ કહ્યું.

"સારું. કેમ છે, ક્લીમ," ખ્રિસાન આન્દ્રેયેવિચે જવાબ આપ્યો. "બેસ."

તે માણસ એક બાંકડા પર બેસી ગયો, તેણે પોતાને માટે એક મોટી સિગારેટ બનાવી, બીમને ધ્યાનપૂર્વક જોવો અને બોલ્યો:

"તો આ છે કાળુ?" (બીમના કાન તરત ઊભા થઈ ગયા). "જો તેને શિકાર રમવા નહિ મળે તો આ કૂતરો ખરાબ થઈ જશે અથવા તો તે ભાગી જશે. આને મને વેચી દો—હું તમને આના માટે પચીસ રૂબલ આપીશ."

"તે વેચવા માટે નથી," ખ્રિસાન આન્દ્રેયેવિચે જવાબ આપ્યો અને મેજ પાસેથી ઊઠી ગયો કારણ કે તેણે ખાવાનું પૂરું કરી લીધું હતું.

બાર ડગલાંની દૂરી પરથી બીમ એ કહી શકતો હતો કે આગંતુકમાંથી સસલાંની ગંધ આવી રહી છે. તે નજીક આવ્યો અને તેને સૂંઘ્યો, પોતાની પૂંછડી હલાવી અને ચામડાંની ટોપી નીચે તેના ચહેરા તરફ જોયું, બીમની ભાષામાં આ બધાનો અર્થ હતો: "હું સમજું છું—તું એક શિકારી છે."

"જાણો આને?" ક્લીમે કહ્યું. "કાળુ જાણે છે કે તેનો સંબંધ કોની સાથે છે. તેને મને વેચી દો, હું કહું છું વેચી દો."

"ના, હું નહિ વેચું. હું અત્યારે એ વાત કહી શકું છું જેને આલ્યોશા પણ પહેલાં નહોતો જાણતો. મેં ક્ષેત્રીય છાપાને ત્રણ રૂબલ અને એક જાહેરાત મોકલી હતી. 'એક શિકારી કૂતરો, સફેદ પણ એક કાન કાળો મારી પાસે છે.' અને મને એક જવાબ મળ્યો. 'કૃપા કરીને હવે પછી કોઈ જાહેરાત ન આપશો, યોગ્ય સમય આવવા સુધી તેને પોતાની પાસે રહેવા દો.' હું નથી જાણતો આ બધું શું છે પણ મારું અનુમાન છે કે આ ખાસ્સો મહત્ત્વપૂર્ણ કૂતરો છે અને તેની દેખભાળ થવી જોઈએ."

"પણ તમે તેને બરબાદ કરી મૂકશો. તેને મને વેચી દો."

ક્લીમે ભાર મૂકતાં કહ્યું, તેના અવાજમાં ક્રોધ ઝલકવા લાગ્યો હતો.

"ના, તે વેચવા માટે નથી," ખ્રિસાન આન્દ્રેયેવિચે તેની વાત કાપીને કહ્યું. "જો તું ઇચ્છે તો તેને શિકાર માટે લઈ જઈ શકે છે પણ તેને તે જ દિવસે પાછો લઈ આવજે. કાળુને પોતાની જાતીને અનુરૂપ જે તેને અનુમાનતઃ કરવાનું છે, કરવા દે."

"પણ તે વેચવા માટે નથી," આલ્યોશાએ પણ પોતાની વાત કહી દીધી.

"સારી વાત છે, તમે જેમ કહો છો તેમ જ થશે," ક્લીમે કર્કશ સ્વરે કહ્યું અને બીમને ગરદન પર થાબડીને જતો રહ્યો.

જમ્યા પછી ખ્રિસાન આન્દ્રેયેવિચ એક ફાનસ લઈને બહાર ગયો. તેણે એક ઘેટું કાપ્યું, તેને પાછલાં પગે લટકાવી ખાલ કાઢી અને આંતરડા વગેરે કાઢીને તેને સાફ કર્યાં અને બાકીના ભાગને ધોઈને તેને સવાર સુધી માટે ખળામાં છોડી દીધાં.

પેત્રોવ્ના આખી સાંજ એક છાબડીમાં ઈંડા રાખવા, બરણીઓમાં માખણ તથા ઘી રાખવામાં વ્યસ્ત રહી. તેણે આ બધી વસ્તુઓને સફેદ તણખલાંની બનેલી બજારની છાબડીઓમાં પણ ભરી.

આ બધાંમાંથી (ખાલ વિનાનું ઘેટું, ઈંડા, માખણ અને છાબડીઓમાંથી) બીમને શહેરી બજારની ગંધ આવી. અને જો આ વાત કોઈ જાણતું હતું તો માત્ર તે જ જાણતો હતો. તે ઈવાન ઈવાનિચની શોધમાં પોતાના નગરના ખુણેખાંચરે ઘૂમ્યો છે. આથી તે ભાવાવેશિત થઈ ગયો. બજાર, નગર, છાબડીઓ, તેનો જૂનો ફ્લેટ, આ બધું એકબીજા સાથે સંબંધિત લાગ્યું. ઈવાન ઈવાનિચ અવશ્ય ત્યાં હશે. તે રાત્રે તે પળવાર માટે પણ ન સૂતો.

બીજા દિવસે વહેલી પરોઢે ખ્રિસાન આન્દ્રેયેવિચે અકડાઈ ગયેલાં ઘેટાંના લોથાને એક સાફ થેલામાં નાંખ્યો, તેને દોરી વડે બાંધ્યો અને ખભે ઉઠાવી લીધો. પેત્રોવ્નાએ બે છાબડીઓને દંડે લટકાવીને પોતાના ખભે ટેકવી લીધી. બીમે તેમની સાથે જવા માટે હજારવાનાં કર્યાં. બિલકુલ સ્પષ્ટતાપૂર્વક એ વાત સમજાવી દીધી: "મને તમારી સાથે જવાની જરૂર છે. કૃપયા મને લઈ ચાલો."

તેની ભાવનાંઓ કોઈ ન સમજ્યું. એટલું જ નહિ જ્યારે ખ્રિસાન આન્દ્રેયેવિચે પોતાના ખભાનો બોજ ઠીક રીતે સંભાળી લીધો ત્યારે

તે બોલ્યો: "ધ્યાન રાખજે, આલ્યોશા, કાળુને મજબૂતીથી પકડી રાખજે. તે અમારી પાછળ ભાગી આવવાનો પ્રયત્ન કરી શકે છે."

આલ્યોશાએ બીમના પટ્ટાને પકડી લીધો અને તેને આંગણામાં રોકી રાખ્યો. મા અને પિતાએ ભારે ભરખમ બોજો લઈને ધીમે ધીમે મુખ્ય રસ્તા તરફ બસના અડ્ડે જવા ચાલવાનું શરૂ કર્યું. બીમ તેમને આંખોથી ઓઝલ થતાં સુધી જોતો રહ્યો. તેણે આલ્યોશાનાં લાડ પંપાળ પર લેશ માત્ર ધ્યાન ન આપ્યું.

તે જ સમયે પોતાની બંદૂક અને પીઠ પર લટકાવવાનો થેલો લઈને ક્લીમ આવી ગયો. તેની પાસે મારેલા શિકારને રાખવાનો થેલો અને કારતૂસની પેટી નહોતી (ઉપકરણોના આ દોષને બીમે તરત જ જોઈ લીધો). પણ તેની પાસે બંદૂક જરૂર હતી! આનું મહત્ત્વ હતું. બીમ વિશ્વાસ સાથે આ શિકારીની પાસે આવ્યો અને તેણે તરત જાણી લીધું કે કારતૂસ ખિસ્સામાં છે. તદ્દન યોગ્ય વસ્તુ આ પણ નહોતી, ખેર બંદૂક તો હતી જ. તે એક બંદૂકધારી વ્યક્તિની સાથે સાથ પણ જશે. હોઈ શકે છે કે બહુ લાંબા સમય માટે નહીં પણ તેમ છતાં થોડા સમય માટે તો જશે જ. આ અંતર્જાત પ્રેરણા સેટર જાતિનાં બધાં કૂતરાંઓનાં લોહીમાં હોય છે. અને બીમ આમાંથી અપવાદ નહોતો. આનાથી ઘરની યાદનું તે દર્દ પણ ઓછું થઈ ગયું જે એક દિવસ પહેલાં તેને હેરાન કરી રહ્યું હતું. બંદૂક પ્રત્યે પોતાના વલણમાં બીમ એક સામાન્ય શિકારી કૂતરો હતો. તેના પર [illegible]તાનો દોષ લગાડી નહોતો શકાતો. જોકે તે એક અતિ ચતુર કૂતરો હતો તેમ છતાં પણ તેણે સત્યની જાણ વ્યાવહારિક અનુભવથી જ કરી અને તેણે માત્ર કૂતરા હોવાને કારણે હજી ઘણું ભોગવવાનું હતું એટલાં માટે આપણે તેની ઉપર દોષ ન લગાવવો જોઈએ.

"આવ, કાળુ આવ, શિકાર રમવા માટે," ક્લીમે કહ્યું.

બીમ ઊછળીને તેની સામે જઈ પહોંચ્યો: "શિકાર!"

ક્લીમે તેને એક ચામડાની દોરીથી બાંધી લીધો અને ત્યાં જ આલ્યોશાએ તેને માહિતગાર કર્યો:

"બીમ કાકા, જ્યારે કાળુ રોકાય છે અને એક નિશ્ચિત રીતે ઊભો થઈ જાય છે ત્યારે તેનો અર્થ છે કે પાસે જ તેતર છે. ત્યારે

તમારે જોરથી કહેવું પડે છે, 'તેમને બીવડાવ!' નહીં તો તે આગળ વધશે જ નહીં."

"તને પાકી ખબર છે?"

"હા, હું જાણું છું," આલ્યોશાએ ગર્વથી કહ્યું. "મારે સ્કૂલનું કામ કરવાનું છે. નહીં તો હું તમારી સાથે આવીને બતાવી શકત."

"બે ચાર વાતો તો હું જાણું જ છું," ક્લીમે તેને આશ્વસ્ત કરતાં કહ્યું. "આ મારું પહેલું શિકાર અભિયાન નથી."

આમ એક લાંબા કાળ અને ઘણાં અનુભવો પછી બીમ ફરી એકવાર શિકારે ચાલ્યો. શરૂઆતમાં એક દુર્ગંધયુક્ત પૉલકેટનાં ચિહ્નો સિવાય કોઈ તેના રસ્તામાં ન આવ્યું.

"શરૂ થઈ જા," ક્લીમે કહ્યું.

બીમ કંઈ સમજ્યો નહીં, તે દૂર હટી ગયો અને મૂંઝવણમાં પડીને બેસી ગયો.

બપોર સુધીમાં પહેલાં કરતાં વધારે ગરમી થઈ ગઈ. બરફના પાતળાં થર સૂર્યનાં કિરણોની ગરમીથી પીગળી ગયાં હતાં અને બીમનાં પંજા કાદવકીચડમાં ધસી રહ્યાં હતાં. થોડી જ વારમાં તેનાં પગનાં લાંબા મુલાયમ વાળ પલળીને ચોંટી ગયાં જેવાં થઈ ગયાં અને બીમ એટલો પાતળો અને અસ્તવ્યસ્ત દેખાવા લાગ્યો કે કોઈપણ પલળેલો કૂતરો સેટર દેખાતો. પણ તે યોગ્ય નિયમો અનુસાર શિકારની શોધ કરતો રહ્યો—ક્લીમની સામે ક્યારેક આમ જતો તો ક્યારેક તેમ અને પછી કદી તપાસ માટે તેની પાછળ ચાલતો જતો. એક ઝાડીના કિનારે બીમ કેટલાંક તેતર તરફ શિકાર સંકેતની મુદ્રામાં ઊભો રહી ગયો.

ક્લીમે બૂમ પાડી:

"બીવડાવ તેમને!"

તેના ગૂંજતા અવાજથી બીમ ચોંકી પડ્યો અને તેણે પોતાની ઘ્રાણ શક્તિથી તેમની પીછો કર્યા વિના તેમને એક જ ઝાપટે ઉડાવી દીધાં (એક ખરાબ ભૂલ), પણ ગોળી તાકવાનો અવાજ ન થયો. બીમ પાછળ વળ્યો. શિકારી પોતાની બંદુકમાં કારતૂસ ભરવાનો અસફળ પ્રયત્ન કરી રહ્યો હતો. પછી તેને કાઢવાનો—તે પણ અસફળ. બીમ તે જગ્યાએ બેસી ગયો જ્યાંથી તેણે તેતરોને ઉડાવ્યાં

હતાં. બેઠો બેઠો બીમ તે શિકારીને જોવા લાગ્યો. ક્લીમે રસ્તા પર દારૂડિયાની જેમ લથડિયાં ખાતાં ચાલતાં લોકો પોતાનાં કોઈ સાથી કે કાળી રાત્રિને ગાળો આપતાં જાય તેવી રીતે ભાંડવાનું અને ગાળો આપવાનું શરૂ કર્યું. ક્લીમ લથડાઈ નહોતો રહ્યો પણ તેનું ભાંડવાનું ચાલુ હતું.

જોકે ક્લીમે અંતમાં કારતૂસ કાઢવામાં તથા બંદૂકમાં બીજો કારતૂસ ભરવા અને બંદૂકને બંધ કરવામાં સફળતા પ્રાપ્ત કરી લીધી. તેમ છતાં પણ તે ક્રોધથી ગાંડા જેવો થઈ રહ્યો હતો. તેનામાં કોઈ એવી વાત હતી જેને જોઈને બીમને પેલા સિલેટી માણસની યાદ આવી ગઈ હતી.

"શોધો!" તેણે આદેશ આપ્યો, "શોધો, કાળુ!"

બીમ પાછો ફર્યો અને પછી વહેતી હવાની વિપરીત શિકારની શોધ કરવા લાગ્યો પણ હવે તેનામાં ઉત્સાહ રહ્યો નહોતો: "સારી વાત છે, હું શોધીશ."

પણ તેની લંગડાતી દોડમાં એક ઉદાસીનતા જેવું છવાઈ ગયું હતું. તેનામાં એ ઉત્સુકતાનાં કોઈપણ ચિહ્ન નહોતાં જે તેણે તેતરોને ઉડાવતાં પહેલાં બતાવી હતી. ક્લીમ આને શારીરિક થકાવટનું ચિહ્ન સમજ્યો. તે એ ન સમજી શક્યો કે આનો સાચો અર્થ શો હતો, એ કે બીમને આ બંદૂકધારી પર અવિશ્વાસ થવા લાગ્યો હતો. તે તેને ત્રાંસી નજરે જોતો અને રોકાયા વિના પાછળ ફરીને તેના પર નજર નાખતો અને તેનાથી અલગ, સુરક્ષિત અંતર જાળવી રાખતો. ક્યારેક ક્યારેક એવું લાગતું હતું કે તે શોધ નહીં પણ માત્ર શિકારીનું અનુસરણ જ કરી રહ્યો છે. પણ આ એક ભ્રમ હતો. શિકારી કૂતરાંઓની અદમ્ય અંતપ્રેરણા જ્યાં સુધી આ ધરતી પર એવાં કૂતરાં હયાત છે ત્યાં સુધી મોજૂદ રહેશે. બીમ ક્લીમનું નહીં તેની બંદૂકનું અનુસરણ કરી રહ્યો હતો.

અચાનક તેને એક સસલાંની ગંધ મળી. ઈવાન ઈવાનિચ અને બીમે આ જાનવરોનો શિકાર કદી નહોતો કર્યો. જોકે એક બે વાર બીમે તેની તરફ શિકાર સંકેત અવશ્ય કર્યો હતો. સ્પષ્ટ છે કે સસલાંઓ તરફ શિકાર કરવો વ્યર્થ છે કારણ કે રોકાતાં જ તે ભાગી જશે. તે જાણતો હતો કે તેણે તેમનો પીછો ન કરવો

જોઈએ—આ તેના માલિકના આદેશોની વિરુદ્ધ હતું. એ વાત સાચી હતી કે ગ્રીષ્મમાં તેનાં સંકેત પછી તે થોડી પળ સુધી રોકાયાં હતાં, પણ ઈવાન ઈવાનિચે બીમને હંમેશાં પાછો બોલાવી લીધો હતો. અને એકવાર તેણે એક નાનાં સસલાંને બીમનાં પંજા નીચેથી કાઢીને છોડી પણ દીધો હતો. આથી સસલું પક્ષી નથી. પણ અત્યારે સસલાંની ગંધ બીમનાં નાકમાં હતી અને તે શિકાર સંકેત કરતો ઊભો થઈ ગયો—પોતાનાં લંગડા પગચર થોડી વક્રાકૃતિની જેમ ઊભેલી એક ભીની આકૃતિ. આ સામાન્યપણે જેવી હોવી જોઈએ તેવી મુદ્રા નહોતી—તેમાં એ સુંદર ક્લાસીકી અંદાજની ઊણપ હતી.

"બીવડાવ તેમને!" ક્લીમે ઝુંઝલાઈને કહ્યું:

ખાસ કરીને જ્યારે કાદવ થઈ રહ્યો હોય તેવા મોસમમાં સસલાં પોતાની સંતાવાની જગ્યા પર જ ટકી રહે છે. એટલા માટે બીમે પોતાનો શિકાર સંકેત જેમનો તેમ જ રાખ્યો જાણે કહી રહ્યો હોય કે: તું સાચો આદેશ નથી આપી રહ્યો!

"બીવડાવ તેમને, લંગડા શેતાન ક્યાંકના!" ક્લીમે ગરજીને કહ્યું.

બીમે સસલાંને ભગાડયું અને જેવી રીતે તેણે બંદૂક ચાલતાં પહેલાં સૂઈ જવું જોઈએ બિલકુલ તેવી જ રીતે સૂઈ ગયો.

ક્લીમે તોપ જેવો ધડાકો કર્યો. સસલાંએ ભાગવાનું શરૂ કર્યું. પણ તે લથડાતી ઝડપે ભાગી રહ્યું હતું. થોડી વારમાં તે બેસી ગયું. અને પછી ધોખો આપીને કોઈ એક જગ્યામાં સંતાઈ ગયું.

ક્લીમ જંગલીઓની જેમ બરાડયો.

"પકડ! પકડ! દોડ તેની પાછળ!" અને તે જ્યાંથી સસલું અદૃશ્ય થયું હતું તે જગ્યા તરફ દોડયો.

જોકે બીમ ક્લીમની બાજુમાં સાથે સાથે ઊછળતો દોડતો આવ્યો પણ તે નિશ્ચિત રૂપે જાણતો હતો કે આ વાત બધાં નિયમોની વિરુદ્ધ હતી, કોઈ પણ શિકારી કૂતરાની જેમ નથી દોડતો. જો જરૂર હોત તો બીમ શિકારને શોધી લાવતો, જો ઈવાન ઈવાનિચે તેને કહ્યું હોત તો તે એક સસલાંને પણ પકડી લાવત.

ક્લીમ હાંફતો રોકાયો અને તેના મોંમાંથી એક વાર ફરી એક જંગલી બૂમ નીકળી:

"શોધ, બેવકૂફ! લંગડા શેતાન!"

બીમ ફરીથી શોધમાં લાગી ગયો પણ અપેક્ષાકૃત ક્ષુબ્ધ થઈને. સસલાંની ગંધે તેને કોઈ પણ દિશામાં, કદી પણ વધારે આકર્ષિત નહોતો કર્યો અને અત્યારે ક્લીમ પગ પટકતો પાછળ પાછળ આવી રહ્યો છે. પણ તેમ છતાં બીમે ગંધ પારખી લીધી અને ફરીથી શિકાર સંકેત કર્યા પછી પેલાં ઘૃણિત "તેમને બીવડાવ" આદેશની રાહ જોઈ અને સસલાંને ભગાડવા ઝડપથી આગળ વધ્યો. પણ તે સસલું તે જગ્યાએથી હકીકતમાં ઘસડાતું બહાર આવ્યું અને માંદા માણસની જેમ લથડિયા ખાતું આગળ વધ્યું. ક્લીમે ગોળી તાકી પરંતુ સસલું આગળ જ રહ્યું. તેને ફરીથી ગોળી ચલાવી પણ સસલું ઊછળતું કૂદતું આગળ રહ્યું. અને વચ્ચે વચ્ચે રોકાતું પણ રહ્યું. કદાવ હોવા છતાં પણ બીમ સાચી સ્વીકૃત રીતે સૂતો હતો અને તે આદેશની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

ક્લીમ ગરજીને કહ્યું.

"પાછળ, તેની પાછળ, બેવકૂફ, તેની પાછળ દોડ!" અને તેણે સસલાં તરફ ઈશારો કર્યો.

બીમે બહુ ખરાબ રીતે ઘવાયેલ તે ભગોડાને ફરીથી શોધી કાઢયો અને ફરીથી શિકારી સંકેત કર્યો. આ એક જ શિકાર પર તેનો ત્રીજો શિકારી સંકેત હતો. સસલું એક વાર ફરી ભાગ્યું.

ક્લીમ પોતાના ક્રોધમાં તે એ સમજી જ ન શક્યો કે કાળુને ઘવાયેલાં જાનવરોને કાપવા-ફાડવાની તાલિમ આપવામાં જ નથી આવી અને એ કે તે કામ સુશિક્ષિત સેટર કૂતરાંઓની પ્રતિષ્ઠા ને પ્રતિકૂળ છે તથા એ કે એક સેટર આવા પ્રકારના શિકારીઓ પ્રત્યે ઘૃણા કરે છે. એટલા માટે જ્યારે તે સસલું ફરીથી ગૂમ થઈ ગયું (તે હવે પહેલાં કરતાં પણ વધારે ઝડપથી ભાગી રહ્યું હતું અને સ્પષ્ટ હતું કે તેનો ઘાવ માત્ર ઉપરી જ હતો.) ત્યારે ક્લીમ ફરી ક્રોધે ભરાઈ ગયો. તે બીમની પાસે આવ્યો અને તેને ખરેખરી નફરતથી ગાળો ભાંડવા લાગ્યો.

બીમ હજી પણ બેઠો હતો. તેણે પોતાનું મોં બીજી બાજું ફેરવી લીધું. ક્લીમે પોતાનાં ભારે જૂતાનાં પંજા વડે પોતાનું બધું જોર લગાવીને તેની છાતીમાં લાત મારી.

બીમનો શ્વાસ અધ્ધર જ રહી ગયો. તેની હાંફ એક મનુષ્યની

હાંફ જેવી હતી. તેના મોંમાંથી એક લાંબી તીણી ચીસ નીકળી અને તે જમીન પર ઢળી પડયો. "ઉફ્-ઓય!" હવે તેનો અવાજ સ્પષ્ટપણે માનવીય અવાજ હતો. "અરેરે... આ શા માટે?" અને તેણે એક માણસની જેમ અસહ્ય પીડાથી ગ્રસ્ત, અસમંજસભરી, ભ્રાંત અને સંત્રસ્ત નજરોથી જોયું.

ફરી તેણે કોઈ પણ રીતે જોર લગાવીને ઊઠવાનો પ્રયત્ન કર્યો, ડગમગ્યો અને જમીન પર પડી ગયો. તેના પગ હવામાં તરફડવા લાગ્યાં.

"આ મેં શું કરી નાંખ્યું!" ક્લીમે પોતાનું માથું પીટયું. "હવે મારે પચીસ રૂબલ આપવા પડશે. આ તો મારું જ ધન સ્વાહા થઈ ગયું." અને તે ત્યાંથી એવી રીતે ખસી ગયો જાણે બીમની નજરોથી બચવા ઇચ્છતો હોય.

તે દિવસે ક્લીમ રાત ઢળવા સુધી ગામમાંથી બહાર રહ્યો. અડધી રાત્રે તે પાછળની ગલીઓમાં સંતાતો-સંતાતો પોતાની ઝૂંપડીમાં પહોંચ્યો જે ગામને છેડે જ હતી.

પણ બીમનું શું થયું? તે ક્યાં હતો?

તેને તે નરમ અને ઠંડી જમીન પર જ છોડી દેવામાં આવ્યો હતો. તે ભરી દુનિયામાં એકલો પડયો હતો. આ ચોટથી તેની અંદર કંઈક તૂટી ગયા જેવું લાગતું હતું અને તે થોડું ગરમ હતું, દમ ઘોંટનારું એવું કંઈક હતું જે તેને શ્વાસ નહોતું લેવા દેતું. એટલે તે બેભાન થઈ ગયો. પણ છેવટે તે કોઈપણ પ્રકારે ખાંસવામાં સફળ થઈ ગયો પણ હજી તેને ઉબકાં આવી રહ્યાં હતાં અને શ્વાસ લેવામાં દર્દ થઈ રહ્યું હતું. તે થોડી બીજી હવા ઉતારી ખાંસ્યો અને ખૂબ પ્રયત્નથી પોતાનું માથું ઉઠાવ્યું. આખું મેદાન તેની આંખો સામે એવી રીતે ઉપર ઊડતું આવ્યું જાણે તે વસંતકાળનાં પૂરની લહેરોમાં તરી રહ્યો હોય. તે હિમ્મત ભેગી કરી ઊઠીને બેસી ગયો. મેદાન ગતિમય થઈ રહ્યું હતું અને સૂરજ એવી રીતે આગળ પાછળ ઝૂલી રહ્યો હતો જાણે કોઈ દોરડાં પર લટકતો હોય.

તે દિવસે બીમ પાસેથી જેટલું તે આપી શકતો હતો તેનાથી વધારેની માંગણી કરવામાં આવી. તેને કહેવામાં આવ્યું કે **તેણે** કરવું જ **પડશે**, આ તેનું **કર્તવ્ય** હતું કે તે કંઈ એવું કરે જે કરવામાં

તે **સમર્થ નહોતો**, જે તેની શ્વાન પ્રતિષ્ઠા તથા અન્તર્વિવેકની ભાવનાથી વિપરીત હતું. આવી અનાજ્ઞાકારિતા માટે તેને નિર્મમતાથી મારવામાં આવ્યો. પણ તેમ છતાંય બીમ એક ઘવાયેલાં જાનવરના ટુકડે ટુકડા કરવાની અનુમતિ નહીં આપે.

"કોના માટે... કોના માટે..." બીમ ચૂપચાપ રોતો રહ્યો. "ક્યાં છે તું મારા સારા દોસ્ત?.. ક્યાં... ક્યાં?.." તેના રૂદનનો સ્વર ધીમો પડતો ગયો અને અંતમાં શાંત થઈ ગયો.

એક કિનારેથી જોતાં એમ લાગતું હતું કે ત્યાં, પેલાં ખુલ્લાં કલ્પવૃક્ષ મેદાનમાં એક મૃત કૂતરો પડયો છે. પણ વાત આમ નહોતી.

છેવટે તે પોતાના પાછલા ભાગને ઉઠાવવામાં અને પડયા વગર આગળ ઘસડાઈને ચાલવામાં સફળ થઈ ગયો. તેણે એક ડગલું ભર્યું તે પડયો નહીં. તે થોડી વાર ઊભો રહ્યો. પછી તેણે એક બીજું ડગલું ભર્યું અને તે પેલી જોતેલી જમીનમાં ખાડા પાડતો લથડાતો ચાલવા લાગ્યો. તે પોતાનાં પગને ઘસડતાં અને પોતાનાં જ પગચિહ્નોને મીટાવતો આગળ વધવા લાગ્યો.

એક કૂતરામાં આવું સાહસ અને આવી સહનશક્તિ હોય છે! તે શી વસ્તુ છે જેણે તેને આટલો શક્તિશાળી અને અવધ્ય બનાવ્યો કે ગળામાં મોતનો પંજો હોવા છતાં પણ તે પોતાની કાયાને હજી પણ આગળ વધારી શકે છે, પોતાને એ સ્થાન તરફ થોડો ઘણો ઘસડતો લઈ જઈ શકે છે જ્યાં શુદ્ધ હૃદય અને અકલુષિત ચેતનાવાળા એક લાચાર પરિત્યક્ત કૂતરાને વિશ્વાસ અને સહૃદયતા મળી શકે છે.

આ પ્રમાણે બીમ ચાલતો ગયો. તેનાં પગ તેને મુશ્કેલીથી લઈ જઈ શકતાં હતાં તેમ છતાં પણ તે ચાલતો રહ્યો. તેના હોઠોમાંથી લોહી નીકળી રહ્યું હતું પણ તે ચાલતો રહ્યો. તેને લોહીની ઉધરસ આવવા લાગી તેમ છતાં પણ તે ચાલતો જ રહ્યો. તે લથડાયો અને ઘૂંટણ પર મરોડ ખાઈને ઠંડી જમીન પર પડયો. તે ઠંડી જમીન પર પડયો રહ્યો તેમ છતાં ફરીથી તે ઊઠયો અને સંઘર્ષ કરતો ફરી આગળ વધ્યો. એક વહેળામાં તેણે પોતાની તરસ છિપાવી અને તેને થોડું સારું લાગ્યું. કોઈ પણ રીતે તેને એ આભાસ થઈ ગયો કે પાણીથી વધારે દૂર ન જવું વધારે સારું થશે. એટલા માટે તે ઘસડાતો ઘાસનાં



[illegible]નાં ઢગલાં પાસે પહોંચ્યો અને ઉપરથી લટકતાં સૂકાં ઘાસની અંદર ઘૂસ્યો અને ચૂપચાપ પડ્યો રહ્યો. કૂતરાં માંદગી અને ચોટો ઈજાઓથી સારા થવા માટે આવી રીતે જ સૂઈ જાય છે જેથી તેઓ મનુષ્ય અને જાનવરોની નજરોથી બચ્યાં રહે, આ તેમને કુદરતે શીખવાડ્યું છે. એટલા માટે એ કુદરતની વ્યવસ્થાનું તેના ગૌરવભર્યાં [illegible] ગૌરવ વધે!

બીમ કદી ન જાણી શક્યો કે બેભાનીની આ દશામાં કેટલી વાર સુધી પડ્યો રહ્યો પણ જેવી તેની આંખ ઉઘડી તેને પોતાની છાતીમાં તીવ્ર વેદનાનો અનુભવ થયો, તેનું માથું ચકરાવા લાગ્યું અને તેને એવો પૂર્વાભાસ થયો કે તેને કંઈક થવા જઈ રહ્યું છે. તે સૂકાં ઘાસના ઢગલામાંથી ઘસડાતો બહાર આવ્યો અને પોતાનાં વાળ સૂકાવા સુધી ખુલ્લામાં પડ્યો રહ્યો. પછી તે ઊઠીને બેસી ગયો. [illegible] પાસે હવે ડોલવાનું બંધ કરી દીધું હતું. હવે ન તો ઘાસ [illegible] હતું કે ન તો સૂરજ—કોઈ ડોલી રહ્યું નહોતું. તે ખૂબ ચમકી રહ્યો હતો અને થોડી થોડી ગરમી આપી રહ્યો હતો. બીમ લંગડાતો [illegible] પાસે ગયો અને ફરી એકવાર ખૂબ છકીને પાણી પીધું. થોડી વાર આરામ કર્યો અને પછી થોડી થોડી ચુસકીઓ લઈને પાણી પીધું. [illegible] થોડે જ દૂર બીમે દાભ જાતનું ઘાસ ઊગેલું જોયું જે ઊંચું [illegible] પણ હજી પણ લીલું અને નરમ હતું તથા કાઉચ ઘાસ જેવું લાગતું હતું. (જે હિમ હોવાં છતાં પણ જીવિત રહે છે) બીમ દાભનું ઘાસ ખાવા લાગ્યો. આ નકામાં ઘાસફૂસને ખાવા માટે તેને કોણે પ્રેરિત કર્યો તે વાત કોઈ આપણને નથી જણાવી શકવાનું; પણ તે જાણતો હતો કે આ જ વસ્તુ છે જે તેણે ખાવી જોઈએ અને તેને ખાધી. ત્યારબાદ તેણે કેટલાંક કેમમીલ પુષ્પોનાં છોડવાં શોધી કાઢ્યાં જેના પર શરદઋતુનાં ફૂલ હજી પણ લાગેલાં હતાં. તેણે કેમમીલ પુષ્પનાં છોડવા પણ ખાઈ લીધાં. ત્યારબાદ વહેળા પાસે પાછો આવ્યો, ખૂબ પાણી પીધું અને ગામની તરફ રવાના થઈ ગયો.

જ્યારે તે ગામનાં બાહરી ક્ષેત્રમાં પહોંચ્યો ત્યારે સાંજ ઢળી ચૂકી હતી. ના, તે ગામમાં ન પ્રવેશ્યો તે આમ કેવી રીતે કરી શકતો હતો. બીમ ત્યાં જ તો ગયો હતો... ના, હવે તે તેની પાછળ

નહીં જાય. હોઈ શકે છે કે ક્લીમ ફરીથી તેનો પટ્ટો પકડી લે અને ત્યારે... ના, તે હવે ખતરો નહીં ઊઠાવે.

બીમે સૂકાં ઘાસનાં એક જૂનાં ઢગલાંનાં અવશેષો વચ્ચે શરણ લીધું અને થોડી વાર સુધી ત્યાં વિશ્રામ કર્યો. નજીકમાં જ ક્યાંક તેને બર્ડોક છોડની ગંધ આવી. તેણે તે ચાખ્યો. તે કરમાઈ ગયો હતો એટલે તેણે તેને જમીન સુધી કાપી અને પોતાનાં દાંત તેનાં મૂળિયાં પર પહોંચાડી દીધાં. હા, તે આ પણ જાણતો હતો. બર્ડોક એવી એક બીજી વસ્તુ હતી જેને તેણે ખાવી જ જોઈતી હતી.

એક કૂતરાનું આયુર્વેદીક જ્ઞાન વિવિધતા ભર્યું અને વ્યાપક હોય છે. ગાંડપણની માંદગીની શરૂઆતમાં એક કૂતરાને જંગલમાં રખડવા માટે ખુલ્લો છોડી દો તો તે થોડા સમય પછી પાછો આવશે તે વખતે બહુ ખરાબ રીતે થાકેલો પાકેલો પણ સંપૂર્ણતયા સ્વસ્થ હશે. જો કોઈ કૂતરાનું પેટ ખરાબ થઈ જાય તો તેને જંગલમાં લઈ જાઓ કે પછી ઘાસના મેદાનમાં બે કે ત્રણ દિવસ તેની સાથે રહો તે જડીબુટ્ટીઓ વડે પોતાનો ઈલાજ જાતે કરી લેશે. કૂતરાં પોતે આપણને શિક્ષા આપે છે કે કૂતરાંઓને ઈલાજ કેવી રીતે થવો જોઈએ. કુદરતે કૂતરાંઓના મસ્તિષ્કમાં "જ્ઞાન"નું એવું ભંડોળ ભરી દીધું છે કે લોકો આ ચમત્કારથી આશ્ચર્ય પામતાં રોકાતાં નથી.

...રાત વીતી ગઈ. શરદની એક લાંબી દર્દભરી રાત.

પહેલાં મુરઘાંઓએ બાંગ આપવી પૂરી કરી. બીમે પ્રભાતનાં બીજાં અને ત્રીજાં પૂર્વરંગોની રાહ ન જોઈ. તે ઊઠયો અને છાતીના દર્દને કારણે ચાલવામાં મહામુશ્કેલીએ સમર્થ હોવા છતાં બે પ્રયત્નો પછી લંગડાતો લંગડાતો આગળ વધવા યોગ્ય થઈ જ ગયો.

તે ખ્રિસાન આંદ્રેયેવિચના ઘરની તરફ ચાલ્યો, બે દાદરા ઉપર ચઢયો અને આગલા આંગણામાં સૂઈ ગયો. મકાન નિ:શબ્દ હતું.

કોણ જાણે છે, કદાચ તેણે તે મકાન કદી ન છોડયું હોત; પણ ત્યાં જ ક્લીમ આવી ગયો. તે ચોર પગલે ચૂપચાપ સરકતો આવ્યો હતો. બીમ તેને જોઈને થરથર કાંપવા લાગ્યો. તે પોતાના છેલ્લા શ્વાસ સુધી પોતાની રક્ષા કરવા માટે ઝઝૂમવા તૈયાર હતો. તે મોતની સજા પામેલ વ્યક્તિની જેમ ગર્વિષ્ઠ હતો કારણ કે તેને હવે બીજું કંઈ

ગુમાવવાનો ભય નથી હોતો પણ ક્લીમ વાડાની ઉપરથી ઝૂક્યો અને અડધા ફુસફુસાતા અવાજે બોલ્યો:

"તો તું પાછો આવી ગયો કાળું." પછી તે જલદી જલદી ત્યાંથી ખસકી ગયો તે પોતાની આ શોધથી દેખીતી રીતે પ્રસન્ન દેખાતો હતો.

બીમમાં તેનો પીછો કરવાની અને નિર્મમ તથા કાયરો જેવી આ વાતને માટે બદલો લેવાની શક્તિ નહોતી. તે ભસી પણ ન શક્યો કારણ કે તેની ક્ષતિગ્રસ્ત છાતીમાંથી માત્ર ખરખરાટ સિવાય બીજું કંઈ નીકળતું નહોતું પણ સાથે સાથે તે એ પણ નહોતો ઈચ્છતો કે ક્લીમ પાછો આવે અને તેની પર હાથ નાંખવાની ચેષ્ટા કરે. એટલા માટે તે ઊભો થયો. તેણે ચૂપચાપ વાડાનું ચક્કર કાપ્યું. વાડામાંનાં ડુક્કરનાં બચ્ચાંઓને, ગૌશાળામાં ગાયોને અને વાડામાં ઘેટાંઓને સૂંઘ્યા અને થોડી વાર માટે શાંત બેસી રહ્યો અને પછી ગામની બહાર રવાના થઈ ગયો. તેને પોતાના દોસ્તો, પેલાં ડુક્કરનાં બચ્ચાંઓ સાથે સૂવાની કેવી ઉત્કટ લાલસા હતી!

...મુરઘાંઓની ત્રીજી બાંગ પૂરી થઈ અને પ્રભાતનો પ્રકાશ ફેલાવા લાગ્યો.

એક કૂતરો મુખ્ય રસ્તા તરફ જઈ રહ્યો હતો. તેનું માથું અને પૂંછડી ગાંડા કૂતરાની જેમ નીચે તરફ ઝૂકેલાં હતાં. કોઈ અજાણી વ્યક્તિને માટે તે માંદગીની એવી અંતિમ અવસ્થામાં પહોંચેલો દેખાતો હતો જેમાં તે સામે બીજી કોઈ પણ વસ્તુ સાથે અથડાઈને ધરાશયી થઈ અને ત્યાં જ મરી જવામાં હોય. આ આપણો બીમ હતો, આપણો ભલો નિષ્ઠાવાન બીમ. તે પોતાના માલિક ઈવાન ઈવાનિચને શોધવા જઈ રહ્યો હતો. તે તેને જે રસ્તેથી ગામમાં લાવવામાં આવ્યો હતો બિલકુલ તે જ રસ્તા પર જઈ રહ્યો હતો.

બસ અડ્ડો ગામથી પાંચ કે છ કિલોમીટર દૂર હતો. પણ અડધે રસ્તે જ ક્યાંક બીમની તાકાત ફરીથી જવાબ આપી ગઈ. અને તે મહામહેનતે સૂકાં ઘાસનાં એક ઢગલા સુધી પહોંચી શક્યો. કોઈ કિસાને ચોરે એ ઢગલામાં એક મોટી બખોલ બનાવી દીધી હતી. બીમ તે જ બખોલમાં ઘૂસી ગયો. તે બહુ વાર સુધી લગભગ બેભાન થવા આવ્યો ત્યાર સુધી ત્યાં જ પડયો રહ્યો. જ્યારે તે

પોતાના આશ્રયસ્થાનમાંથી નીકળ્યો ત્યારે તેને તરસ લાગી હતી. પણ ત્યાં આસપાસ ક્યાંય પાણીનું નામોનિશાન નહોતું. તેની છાતીમાં હજી પણ રહી રહીને દરદ ઊઠતું હતું પણ હવે તે થોડી વધારે સહેલાઈથી શ્વાસ લઈ રહી શકતો હતો. જ્યારે તે ફરી આગળ વધ્યો ત્યારે તેના માથાની બેચેની દૂર થઈ ગઈ હતી. રસ્તામાં તેને બારમાસીનાં ફૂલોનો ગુચ્છો મળ્યો. તે તે પણ ખાઈ ગયો. આ નાનાં નાનાં પીળાં ફૂલ ખીલવાના સમયથી લઈને પોતાની પરિપકવતા સુધી સંપૂર્ણ શિશિરકાળથી લઈને આવતાં વસંત સુધી પોતાનો રંગ બદલતાં નથી. તેણે કેમમીલ પુષ્પની એક મંજરી પણ કાપી. આ ફૂલ વધારે પાકી ગયેલું હતું. અને તેનાં કેટલાંક નાનાં નાનાં ટુકડાં તેના ગળામાં ચોંટી ગયાં. આનાથી તેની તરસ વધારે વધી ગઈ. પણ જ્યારે તે ગાડીઓના ચાલવાથી બનેલાં નિશાનો પસાર કરી રહ્યો હતો ત્યારે તેને તેમની એક નીંકમાં પિગળેલાં બરફથી બનેલો પાણીનો એક ખાડો મળી ગયો. તેણે પોતાના પાણીને બીમ માટે સુરક્ષિત રાખ્યું હતું. બીમ પોતાની તરસ છિપાવી આગળ વધી ગયો.

મુખ્ય રસ્તે પહોંચતાં પહોંચતામાં તો અંધારું થઈ ગયું હતું. તે થોડી વાર સુધી તો આંખોને આંજી દેનારી હેડલાઈટો સાથે દોડતી મોટરો અને ખટરાંઓને જોતો રહ્યો અને તેને કોઈપણ રીતે એ આભાસ થઈ ગયો કે તેને કઈ દિશામાં જવું જોઈએ. પણ રાત્રે નહીં! તે કલીમ સાથે અથડાઈ શકે છે. કે પછી સિલેટી માણસ સાથે કે પછી કોઈ વરુ સાથે પણ.

બીમે નક્કી કર્યું કે તેણે રસ્તાથી દૂર ન જવું જોઈએ. અને રાત્રે ક્યાંક સંતાઈ રહેવું જોઈએ. તે લંગડાતો લંગડાતો બસ અડ્ડા તરફ ગયો, ત્યાં એક નાનું મકાન હતું જેની એક દીવાલ ગાયબ હતી. તે એક ખૂણા પર રાખેલ લાંકડાની નીચે ઘૂસી ગયો અને ત્યાં જ રાહ જોતો પડયો રહ્યો.

અત્યંત થાકેલો હોવા છતાં તે સૂઈ ન શક્યો. ખટારા અને મોટરો ઝડપથી ઘરઘરાટ કરતાં જઈ રહ્યાં હતાં. તે રસ્તો રાતના સમયે પણ અવરજવર વાળો હતો. એક બસ તે અડ્ડાપર રોકાવા માટે આવી જ્યાં બીમ સૂતો હતો, પણ ત્યાં કોઈ યાત્રી નહોતો. એટલા માટે તે આગળ વધી ગઈ.

તે એક માંદલા જેવી, ચિંતાકુળ રાત હતી પણ નિયતિને પ્રખવાન કે ગરમ રાત હતી. શરદે શિશિરને એક વાર ફરીથી પાછળ ખસાડી દીધો હતો.

* * *

પણ બીમની અનુપસ્થિતિમાં એ બે દિવસોમાં તે ગામમાં શું બની રહ્યું હતું?

ખ્રિસાન આંદ્રેયેવિચ અને પેત્રોવ્ના સાંજના ઝાંખા અજવાળામાં બજારમાંથી ઘેર પાછાં આવ્યાં. આલ્યોશા ઘરમાં નહોતો અને તાળુ વાસેલું હતું. તેઓ અંદર ગયા. વેચાણથી મળેલાં પૈસાની ગણતરી કરી અને બીજા દિવસે તેને બેંકમાં જમા કરવાના ઈરાદે પિટારીમાં મૂકી દીધાં. ત્યાં જ આલ્યોશાનું આગમન થયું.

"તું ક્યાં હતો?" તેના પિતાએ પૂછ્યું.

"હું કલીમના ઘેર ગયો હતો."

"તે કાળુને પાછો નથી લાવ્યો?"

"તે શિકારેથી હજી પણ પાછો નથી આવ્યો."

"આવશે, તેને પાછો લાવશે તે બીજું શું કરી શકે છે?" પેત્રોવ્નાએ એક વાર નવું સ્વેટર આલ્યોશાની છાતી પર માપતાં તેને આલિંગન કર્યો.

"એવું કોઈ શકે છે," ખ્રિસાન આંદ્રેયેવિચે સંદિગ્ધ સ્વરે કહ્યું. "પણ તું જાણે છે કલીમ ચોર છે. જો તે માત્ર તે જ ચોરતો જે સામૂહિકનું છે એટલે કે કોઈની સંપત્તિ નથી તો એટલી ખરાબ વાત નહોતી. પણ તે આપણો, આપણાં ખેડૂતોનો માલ પણ સાફ કરી જાય છે. તેની સાથે સંપર્ક રાખવો દુષ્ટ ગ્રાહક સાથે સંબંધ રાખવા બરાબર છે. તેનાથી હરકોઈ બીએ છે. આપણે કાળુને શિકાર માટે કદી કદી જ લઈ જવા દઈશું. અને આનાથી વધારે તેની સાથે કોઈ સંબંધ નહીં રાખીએ."

"તમે એમ કેવી રીતે કહી શકો કે સામૂહિકની સંપત્તિ કોઈની નથી?" આલ્યોશાએ પૂછ્યું, "તે આપણી છે. કેમ નથી શું?"

"હા, છે જ સ્તો, આ તો... આ તો મોંમાંથી ખોટી વાત

નીકળી પડી તું સાચી વાત કહી રહ્યો છે—આ આપણી જ છે. પણ હું કેવી રીતે કહું કે જેથી તું સમજી લે? જે આપણું છે તે આપણું છે, પણ અહીંયા આ જે છે આપણું પોતાનું છે. ઉદાહરણ માટે સ્કૂલને જ લો, તે આપણી છે અને બાળકો બધાં આપણાં છે પણ તું મારો છે. આ જ પ્રમાણે આપણાં ખેતરો છે, તે આપણાં છે પણ આ ભૂખંડ આપણો પોતાનો છે... આ જ વાત પશુઓ પર પણ લાગુ થાય છે: થોડાં માત્ર જ આપણાં છે અને થોડાં આપણાં પોતાનાં છે. સમજ્યો?"

"હા સમજી ગયો, પણ તમે તો કહ્યું હતું: 'સામૂહિક સંપત્તિ કોઈની નથી.'"

"હા, તું બરાબર કહે છે, એવી કોઈ વસ્તુ હોઈ ન શકે જે કોઈની પણ ન હોય."

આલ્યોશાનાં પિતા તેની સાથે હંમેશાં જાણે તે એક વયસ્ક હોય તેમ વાત કરતાં હતાં અને આલ્યોશા પણ એવી જ રીતે જવાબ આપતો હતો:

"એટલા માટે ક્લીમ માટે વધારે સારું છે કે તે જે આપણું છે તે લે પણ જે આપણું પોતાનું છે તે નહીં."

"અંહ... આ છે આખી વાતની સચ્ચાઈ," પિતાએ નિચોડ કાઢ્યો. "છેવટે આપણે પણ તો કેટલીક વસ્તુઓ ઉઠાવી જ લાવીએ છીએ ને, કેમ નથી લાવતાં શું? ક્યારેક થોડું ઘાસફૂસ, ક્યારેક ગાયને માટે બીટ. બેશક આપણે આ જ કરીએ છીએ અને ગુપચુપ અધ્યક્ષની જાણકારી વગર કરીએ છીએ. પણ આપણે વધારે માલ નથી લાવતાં. આ સિવાય અધ્યક્ષ આ વિષે જાણે છે, ટોળીનેતા પણ જાણે છે, હર કોઈ જાણે છે આનાથી બચી નથી નીકળી શકવાનું, આપણે તેમાંથી જ લઈને છીએ એ આપણું છે અને આપણે અન્તઃચેતનાની સીમાની અંદર લઈએ છીએ, માત્ર ગઈ સાલનાં જૂનાં ઘાસનાં જથ્થામાંથી, વધેલાં ઘટેલાં બીટોમાંથી, નહીં તો આપણે કામ કેવી રીતે ચલાવીએ, આપણે જાનવરોએ કોઈ કોઈ ખવડાવવાનું તો છે જ છે."

"હા, આ જ છે આ વાતની સચ્ચાઈ," તેર વર્ષનાં પેલાં નાનાં માણસે જવાબ આપ્યો. આ માણસ અત્યારથી જ ઘેટાંના ટોળાને

ચરાવી શકે છે, "તેનાં પોતાનાં" પશુઓની દેખભાળ કરી શકે છે, પોતાની માની મદદ માટે માખણ વલોવી શકે છે, માત્ર જો તેની પાસે સમય હોય તો, અને બરફમાં બહાર જઈને "આપણાં" બીટોની કાપણી છાંટણી કરી શકે છે તથા "આપણાં પોતાનાં" બટાકા ખોદી શકે છે.

પણ ખ્રિસાન આંદ્રેયેવિચ પોતાના સ્પષ્ટીકરણને એક કદમ વધારે આગળ લઈ ગયો.

"આ બધાં નિયમમાં સમાવિષ્ટ છે અને અમે બધાં એવું જ કરીએ છીએ. તે આપણું છે અને આ મારું છે. ઉદાહરણ માટે આજે હું એક ઘેટું શહેરમાં લઈ ગયો. શા માટે ન લઈ જાઉં? ઘેટાંને કોઈ પણ રીતે ખવડાવવાનું તો છે જ એટલા માટે તો આપણે અહીં છીએ. તારી મા થોડાં ઈંડા અને માખણ લઈ ગઈ. સામૂહિક ખેતરના નિયમાનુસાર માત્ર આટલું જ. આલ્યોશા, જિંદગી એમ સારી રીતે ચાલી રહી છે. આપણાં બધાંની પાસે સારાં ઉત્તમ કપડાં છે, ઉત્તમ જૂતાં છે. જે લગભગ એટલાં જ ઉત્તમ છે જેટલાં કે સ્કૂલશિક્ષક પાસે કે અધ્યક્ષ પાસે હોય છે. આપણી પાસે ટી-વી છે અને એ જાતની બધી વસ્તુઓ છે અને આપણી જરૂરિયાતો માટે પર્યાપ્ત ધન છે. અને જ્યાં સુધી આને માટે કરવામાં આવેલ કપરા કાળનો સંબંધ છે તે બધું તમને વધારે મજબૂત બનાવી શકે છે. પણ એક વસ્તુ એવી છે જે તારે કદી ન કરવી જોઈએ અને તે છે વોદ્કા પીવી," તેણે ઉપદેશાત્મક ઢંગે પોતાની વાત પૂરી કરી.

"તમે પોતે તો વોદ્કા પીઓ છો," આલ્યોશાએ ઘણો તર્કસંમત જવાબ આપ્યો. "જો ન પીવી જોઈએ તો તમે શા માટે પીઓ છો તેનાથી તમારું શું ભલું થાય છે?"

"હા, તું સાચું કહી રહ્યો છે," તેના પિતાએ પ્રગટ કરી. "પણ ટોળીનેતાને માટે તો સન્માન પ્રદર્શિત કરવાનું હોય છે, પણ તે રિવાજ અમે શરૂ નથી કર્યો... અને જ્યાં સુધી ક્લીમનો પ્રશ્ન છે? તે તો ચોર છે. પાડોશીની મુરઘી ચોરી લેવી એ પણ કંઈ કરવા જેવું કામ છે? આ બધું અંતર્વિવેકોની વિરુદ્ધ છે, તદ્દન વિરુદ્ધ. તે બહુ ખરાબ ચરિત્રવાળો માણસ છે.

આલ્યોશા અને ખ્રિસાન આંદ્રેયેવિચ રાતના અગિયાર વાગ્યા સુધી

કાળુની રાહ જોતાં આ જ પ્રમાણે વાતો કરતાં રહ્યાં. ત્યારબાદ તેમણે કંપાઉન્ડમાં આંટો માર્યો, ડુક્કરશાળામાં નજર નાખી, પોર્ચની નીચે જોયું (કાળુ ક્લીમની પાસેથી ભાગીને ત્યાં સંતાઈ ગયો હોય) અને છેવટે ખ્રિસન આંદ્રેયેવિચ પોતે ક્લીમના ઘેર ગયો.

ક્લીમની પત્ની નતાલ્યા એક તદ્દન દબાયેલી સતાવાયેલી સ્ત્રી હતી, તે જ સ્ત્રી બીટના ઢગલા પાસે રોતી રહી હતી. તેણે દુઃખપૂર્વક કહ્યું:

"તે તો હજી પાછો નથી આવ્યો, વિવેકશૂન્ય જંગલી ક્યાંનો. તેણે રાત ગાળવા માટે કોઈ જગ્યા શોધી લીધી હશે કે પછી પીને નશામાં ધુત પડ્યો હશે. હું જ જાણું છું મારે તેની સાથે કેવી રીતે મુસીબતો ઝેલવી પડી રહી છે! મને પાકો વિશ્વાસ છે કે કાલે તે લથડિયાં ખાતો આવી પહોંચશે પણ તેણે કંઈ નહીં કર્યું હોય, હું તેને જાણું છું, તે કૂતરાને પાછો આપશે."

ખ્રિસાન આંદ્રેયેવિચ ઘેર આવ્યો અને તેણે જે કંઈ સાંભળ્યું હતું તે કહી દીધું. તે અને આલ્યોશા ગુસપુસ અવાજે વાતો કરતાં પથારી પર સૂતાં જેથી પેત્રોવ્નાની ઊંઘ ન તૂટે. તેમણે કાળુને પ્રાંગણમાં આવતો કે ક્લીમને ચોરીછૂપી ઘૂસતો અને પછી ભાગતો ન સાંભળ્યો, તેમણે પોતાના સારા દોસ્તને પેલી ક્રૂર વ્યક્તિથી બચીને ભાગી નીકળતો પણ ન સાંભળ્યો.

સવારે આલ્યોશાને તેના પિતાએ જગાડ્યો:

"ઊઠ, પ્રાંગણમાં થોડાં નવાં નિશાનો છે, કાળુ જરૂર પાછો આવી ગયો હશે."

બંને બહાર નીકળી આવ્યા. તેમણે તેને શોધ્યો, બૂમ પાડી, સીટીઓ વગાડી પણ આ વખતે કાળુ બહુ દૂર જતો રહ્યો હતો, તે તેમની બૂમ સાંભળી જ શકતો નહોતો. ખ્રિસાન આંદ્રેયેવિચ લગભગ દોડતાં ક્લીમને ઘેર પહોંચ્યો અને તેણે તેને જગાડ્યો.

"હા, હું તેને પાછો લઈ આવ્યો," ક્લીમે પોતાના ભારે ભરખમ અવાજે કહ્યું, "આ અડધી રાતની વાત છે, હું તમને જગાડવા નહોતો ઈચ્છતો. જો તમે ઈચ્છતા હો તો હું તમને તેના પહોંચવાનાં નિશાન બતાવી શકું છું. પણ તમે મને જગાડી દીધો છે, મારી ઊંઘ ખરાબ કરી દીધી. શું કોઈ માણસ સાથે આવે રીતે વરતાય

છે? તમારો કૂતરો શિકાર માટે તદ્દન નકામો છે. ખબર નહીં મને તેને લઈ જવાનું સૂઝ્યું કેવી રીતે. હું તેને ફરી કદી પોતાની સાથે નહીં લઈ જાઉં."

ખ્રિસાન આંદ્રેયેવિચ જાણતો હતો કે તેની સાથે ચર્ચા કરવી વ્યર્થ છે.

તેણે અને આલ્યોશાએ બીમને આખા ગામમાં શોધ્યો, બધાં મકાનોને ખૂંદી વળ્યાં, સામૂહિક ખેતરનું કંપાઉન્ડ પણ જોયું (કાળુ કદાચ ત્યાંનાં કૂતરાંઓને મળવા ગયો હોય). પણ ના, કાળુને કોઈએ ક્યાંય જોયો નહોતો, તે ગૂમ થઈ ગયો હતો.

"ક્લીમે તેને માર્યો હશે," ખ્રિસાન આંદ્રેયેવિચ સમજી ગયો. "કાળુ ભાગી ગયો છે."

શોક અને કરુણાથી આલ્યોશાનું હૃદય ભરાઈ ગયું, તે પ્રાંગણનાં આગળના દાદરાઓ પર કાળુનાં ચિહ્નોને ઘૂરી રહ્યો હતો. નિશાન ભૂંસાઈ ગયાં હતાં પણ જે જગ્યાએ કૂતરો સૂતો હતો ત્યાં હજી પણ સ્પષ્ટ હતાં. આલ્યોશા નીચે ઝૂક્યો અને અચાનક બૂમો પાડતો ઘર તરફ દોડ્યો.

"પાપા, દાદરાઓ પર લોહી છે!"

તેના પિતા દોડતાં આવ્યા અને ધ્યાનપૂર્વક જોવા લાગ્યા. જ્યાં કૂતરાનું માથું ટેકવેલું હતું ત્યાં લાળમાં મિશ્રિત લોહીનાં સૂકાં ધબ્બાં દેખાતાં હતાં.

"ક્લીમ અસલી રાક્ષસ છે!" તેણે જોરથી કહ્યું. થોડી પળો સુધી વિચાર્યા બાદ તેણે આલ્યોશાને ચેતવ્યો, "આલ્યોશા, તે વ્યક્તિની સાથે કદી કોઈ સંબંધ ન રાખતો. મુસીબત સિવાય બીજું કંઈ હાથ નહીં આવે. હું તને કહું છું હવે શું કરવું! આપણે પ્રયત્ન કરીને કાળુની પાછળ પાછળ જઈશું. માત્ર એક જ રસ્તો છે જ્યાંથી કાળુ જઈ શકે છે." તેઓ બસઅડ્ડા તરફ નીકળી પડ્યાં. તેઓ આખા રસ્તે તેને શોધતાં બૂમો પાડતાં ગયાં, બસઅડ્ડે ઘણી વાર સુધી રોકાયાં. અને ઘરે પર પાછાં ફર્યાં: તેમણે વિચાર્યું કે જો તે એ રસ્તેથી આવ્યો હશે તો અત્યાર સુધી ઘણે દૂર નીકળી ગયો હશે. પણ તે દિવસે ખરેખર તે તેઓ ઘાસનાં એ ઢગલાની બિલકુલ નજીકથી જ પસાર થયાં હતાં જ્યાં બીમ, તેમના કાળુએ, આરામ કર્યો હતો.

તે સાંજે આલ્યોશા ઘણી વાર પ્રાંગણમાં ગયો, ત્યાં રોકાયો અને કૂતરાને બોલાવતો બૂમો પાડતો રહ્યો. પછી તે પાછો અંદર ચાલ્યો ગયો અને ઘાસનાં એ નરમ પથારીવાળાં કૂતરાઘરની પાસે બેસીને રડવા લાગ્યો. એક નાનાં બાળકની જેમ મન મૂકીને, ડૂસકાં ભરતો, બાંયની કોરથી પોતાનાં આંસું લૂછતો.

ખ્રિસાન આંદ્રેયેવિચે તેનું રૂદન સાંભળ્યું. તેણે ડેલીમાં આવીને બત્તી ચાલુ કરી.

"હવે, તું આ શું કરવા લાગ્યો, તું તો ડાહ્યો ને સમજુ છે, કેમ ખરું ને, તને શું થઈ ગયું?"

"હા, હું છું." આલ્યોશાએ કહ્યું. ડૂસકાંને કારણે તેનાં ખભા ધ્રૂજતાં હતાં.

પિતાએ પોતાનાં ખરબચડાં સખત હાથ વડે પોતાના દીકરાનાં વાળામાં હાથ ફેરવ્યો. "તું સારો છોકરો છે. આલ્યોશા બેટા... તારું દિલ દયામય છે..."

પેત્રોવ્ના પણ બહાર આવી ગઈ.

"શું તને કાળુને ખોવાનું દુ:ખ છે?" તેણે પૂછ્યું.

"હા, મા, છે!.. એટલું દુ:ખ..."

"અરે ભગવાન, કેવી મુસીબત છે." તેણે ખ્રિસાન આંદ્રેયેવિચને સૂબકા ભરતાં કહ્યું. "આલ્યોશા, બેટા, આ સારી વાત નથી, મારાં લાડલાં દીકરાં... આ થવાનું જ હતું... પણ કેવા દુ:ખની વાત છે..."

...અને જ્યારે આ બધું થઈ રહ્યું હતું ત્યારે બીમ બસ અડ્ડાના એક બાંકડા નીચે સૂતો હતો.

તે સૂતો હતો અને રાહ જોઈ રહ્યો હતો. તેને પો ફાટવાની પ્રતીક્ષા હતી.

પ્રકરણ તેરમું

વનીય ચિકિત્સાલય. મમ્મી અને પાપા. જંગલમાં ગર્જન

જેવો ક્ષિતિજમાં દિવસનો પ્રકાશ ઝળહળ્યો તેવો જ બીમે ઊઠવાનો પ્રયત્ન કર્યો. પણ આ એટલું સરળ નહોતું. ખરેખર તો લગભગ અસંભવ જ હતું. પણ જે જાતની ગોળાકાર સ્થિતિમાં તે સૂતો હતો તે સ્થિતિથી પોતાના શરીરને સીધું કરવું સૌથી મુશ્કેલ બની ગયું હતું. એમ લાગતું હતું કે તેની અંદર કોઈ વસ્તુ બહુ ખરાબ રીતે ચોંટી ગઈ છે. જેવી રીતે મુરઘી પોતાની પાંખ નીચેથી પગ બહાર કાઢે છે થોડી એવી જ રીતે તેણે પણ એક પગ બહાર કાઢ્યો, પછી બીજો અને બંને વડે દીવાલને ધક્કો મારીને જેમ તેમ ઘસડાતો બાંકડાની નીચેથી બહાર આવ્યો. પછી થોડી વાર સુધી ગતિહીન પડ્યા રહ્યા પછી તે સરકતો આશ્રય સ્થાનમાંથી બહાર નીકળ્યો અને ઊઠીને બેસી ગયો. તેનાં બહેર મારી ગયેલ પગમાં

ચેતના પાછી આવી. દર્દને સહન કરતો અને ધીમા અવાજે કૂં-કૂં કરીને રોતો તથા પોતાની જાતને સાંત્વના આપતો તે પોતાની યાત્રા પર નીકળી પડયો. શરૂઆતમાં ચાલવું બહુ કપરું હતું પણ ધીમે ધીમે તેના પગ વધારે મજબૂતીથી ઊઠવા લાગ્યા.

તેણે થોડી ઝડપી લંગડાતી ચાલે ચાલવાનો પ્રયત્ન કર્યો અને લાગ્યું કે આવી રીતે ચાલતાં છાતીનું દર્દ થોડું ઓછું જાણાય છે. જલદી જ તે તદ્દન હળવાં પગલાં ભરતો દુડકી ચાલે ચાલવા લાગ્યો. કોઈ અજાણ્યાને તેને જોતાં એવું લાગતું કે તે કૂતરો ન તો દોડી રહ્યો છે ન તો ચાલી રહ્યો છે પણ પોતાનાં પગોને એ પ્રમાણે ચલાવી રહ્યો છે જાણે તેના શરીરમાં લગભગ કોઈ પણ હિલચાલ નથી થઈ રહી. આ પ્રમાણે ચાલવામાં બીમને સરળતા લાગતી હતી અને જે જડીબુટ્ટિયો તેણે ખાધી હતી તેનાથી તે સામાન્યપણે કંઈક વધારે સ્વસ્થ અનુભવ કરી રહ્યો હતો. આ પ્રમાણે તે સડકના કિનારે કિનારે ચાલતો જઈ રહ્યો હતો.

તે યાતાયાતના પ્રવાહની તરફ મોં કરીને રસ્તાની ડાબી બાજુથી ચાલી રહ્યો હતો. તે ધોરીમાર્ગની નિયમ-સંહિતા વિષે ચોક્કસપણે જ નહોતો જાણતો અને ત્યાંથી પસાર થતાં વહાન ચાલકોને આભાસ થઈ શકતો હતો તે પ્રમાણે તેને રસ્તાની યોગ્ય બાજુથી જવા માટે પ્રેરિત કરનાર વસ્તુ ન તો તર્કબુદ્ધિ હતી કે ન તો બુદ્ધિ, તે તો માત્ર એક અંતર્જાત ભાવના હતી જેણે તેને જણાવ્યું હતું કે તે આ બાજુથી આવ્યો હતો એટલે આ જ બાજુથી પાછાં જવું જોઈએ. મોટરની બારીઓમાંથી જે લોકોની ઝલક તેને દેખાતી હતી તેઓ જરૂર એ વિચારતાં રહ્યાં હશે કે તે કેટલો ચતુર કૂતરો છે જે સડકનાં નિયમોનું પાલન કરે છે પણ તે કેટલો માંદો લાગે છે! એ જ વાત નથી કે એ વાત સમજવામાં કોઈ મોટી અક્કલની જરૂર પડતી હોય કે સામેથી આવતાં વાહનવ્યહાર તરફ મોં કરીને ચાલવાનો નિયમ સુરક્ષાની આવશ્યકતાઓને પૂરી કરે છે.

બીમ બહુ વાર સુધી ચાલતો રહ્યો — ત્રણ કે કદાચ ચાર કલાક (તેના રોકવાના અને વિશ્રામ કરવાના સમયને જોડતા ચોક્કસપણે વધારે). તેની ઝડપ સામાન્ય ચાલનારાંઓ કરતાં કદાચ થોડી જ વધારે હતી તથાપિ તે પણ વધારે સારી હતી!

અને અંતમાં જ્યારે તે ત્યાં પહોંચી ગયો ત્યારે તેને એ જાણીને આશ્ચર્ય થયું કે તેણે તે બસઅડ્ડાને ઓળખી લીધો જ્યાં તે અને ઈવાન ઈવાનિચ શિકાર અભિયાન પહેલાં હંમેશાં ઊતરતાં હતાં. હા, તેને પૂરો વિશ્વાસ હતો કે તેણે તેને ઓળખી લીધો છે!

બસ અડ્ડામાં કેટલાંક લોકો બસની રાહ જોઈ રહ્યાં હતાં. બીમ તેમની નજીક પહોંચતાં પહેલાં રોકાયો અને ડાબી બાજુ પેલી પગદંડી તરફ વળી ગયો જ્યાં થઈને તેઓ શિકાર માટે જંગલમાં જતાં હતાં. કોઈએ તેની પાછળ સીટી વગાડી, કોઈએ એય એય કહ્યું તથા કોઈ બીજાએ બૂમ પાડી કહ્યું: "આ ગાંડો છે!" બીમે કોઈ ધ્યાન ન આપ્યું. તેણે પોતાની ઝડપ વધારવાની અને ફલાંગ ભરવાનો પણ પ્રયત્ન કર્યો પણ વ્યર્થ, તેની પ્રગતિ હજી વધારે મુશ્કેલ થઈ ગઈ.

પણ મુખ્ય વસ્તુ ત્યાં જવું એ હતી. તે સ્થાને જ્યાં કદાચ ઈવાન ઈવાનિચ હાલમાં આવ્યો હોય, અથવા જ્યાં હાલમાં આવવાનો જ હોય, તેને ત્યાં જ જવાનું હતું, આગળ ને આગળ.

બીમ દુડકી ચાલે જંગલ તરફ ચાલતો ગયો. જંગલના કિનારે કિનારે તેણે ચારે બાજુ જોયું અને પછી તેનાં પ્રવેશી ગયો. થોડી જ વારમાં તેણે તે સુપરિચિત ખુલ્લી જગ્યા શોધી કાઢી અને તે વૃક્ષના ઠૂંઠા પાસે આવીને રોકાઈ ગયો. થોડીવાર સુધી સ્થિર ઊભો રહ્યો. પછી તેણે પોતાના નાક વડે દરેક વસ્તુની ઝીણવટથી તપાસ કરી અને હાલ્યા ચાલ્યા વિના હવાને સૂંઘતો રહ્યો. અને એકાએક જાણે કોઈ નિષ્કર્ષ પર પહોંચીને તે પેલા ઠૂંઠા પાસે ખરેલાં પાંદડાંઓમાં સૂઈ ગયો. આ તે જ જગ્યા હતી જ્યાં ઈવાન ઈવાનિચ શિકાર રમવાનું શરૂ કરતાં પહેલાં હંમેશાં બેસતો હતો. બીમે પોતાની થૂંથની આગળ વધી અને તેને પેલાં પીળાં પાંદડાંઓ પર ઘસી જ્યાં કદી તેના શિકારના પગ ટેકવેલાં રહેતાં હતાં, પણ તેની બધી ગંધ ઘણા વખત પહેલાં જ ઊડી ચૂકી હતી. તે દિવસે ગરમી હતી, બહુ જ ગરમી!..

* * *

ક્યારેક ક્યારેક શરદના અંતિમ દિવસો જ નહીં પણ શિશિરના પ્રથમ ભાગ પછી પણ ગ્રીષ્મઋતુ થોડા સમય માટે પાછી આવી જતી

હતી અને પોતાની અગ્નિ જ્વાળા જતાં શરદની ફરતે લપેટી લે છે. શરદ પિગળી જાય છે અને કોઈ સ્ત્રી દ્વારા લાડ લડાવાયેલ સ્નેહશીલ કૂતરાની જેમ તેની ઉષ્માનો સુખોપભોગ કરે છે. જંગલનાં ખરેલાં પાંદડાંઓની, જંગલી ગુલાબનાં લાલ ફળો અને પીળાશ પડતી લાલ બેરીનો સુખોપભોગ કરે છે. જંગલ ખરેલાં પાંદડાંઓની, જંગલી ગુલાબનાં લાલ ફળો અને પીળાશ પડતી લાલ બેરીની જંગલી આદુની... તીવ્રતાની અને એવાં ફળોની વિદાય સુરભિ પ્રસરાવે છે જે ભીનાશવાળી અને વિખંડિત હોવાં છતાં પણ ઋતુના અતીત ગૌરવની યાદ અપાવડાવવા માટે પૂરતી હોય છે; આ મનને હરી લેનારી પ્રસરાતી સુરભિ ચીડથી ભૂર્જ વૃક્ષો તરફ ભૂર્જ વૃક્ષોથી ઓકનાં વૃક્ષો તરફ પ્રવાહિત થાય છે. અને ઓક વનપ્રદેશની શક્તિ અને દૃઢતાની સંપૂર્ણ ચિરંતનતાની સુવાસથી તેનો જવાબ આપે છે. જંગલની ગંધોમાં કંઈક શાશ્વત અને અવિનાશી હોય છે, કંઈક એવું હોય છે જે જતાં શરદની વિદાયનાં સૌમ્ય અને લાડભર્યાં દિવસોમાં ખાસ કરીને અનુવભગમ્ય હોય છે; તેણે વિષાદકારક વરસાદને, આવતાં શિશિરનાં પ્રબળ આક્રમણોને અને બર્ફીલાં તીવ્ર પવનની દુરાગ્રહી એકાગ્રતાને ઝંઝોડીને ફેંકી દીધાં છે. તે ભૂતકાળની વસ્તુ બની ગઈ છે. અત્યારે તો એવું છે જાણે નિદ્રાભિભૂત થતાં શરદને ગ્રીષ્મનાં સ્વપ્નાં આવી રહ્યાં હોય અને તે આ દૈવી દૃશ્યોને, તેમના સ્વર્ગીય સૌંદર્યની બધી ભવ્યતાની સાથે શરદમય ધરતીની જીવનદાયી સુવાસોની સાથે આપણી સન્મુખ ઉદ્ઘાટિત કરે છે. ધન્ય છે જેઓ આ બધાનું રસપાન કરી શક્યું છે અને આપણાં આત્માઓની મુક્તિ માટે પ્રકૃતિ પ્રદત્તમાંથી પણ તેનું એક પણ ટીપું છલકાવ્યા વગર જીવનપર્યંત તેને વહન કરવામાં સમર્થ રહ્યું છે.

જંગલમાં આવા દિવસ હૃદયને અત્યંત ક્ષમાશીલ બનાવી દે છે પણ સાથે સાથે તેને પોતાનાથી અભિયાચના કરતાં પણ બનાવી દે છે. માનસિક શાંતિમાં તમે કુદરત સાથે એકાકાર થઈ જાઓ છો. શરદનાં સ્વપ્નોની આ ગંભીર ક્ષણોમાં તમે એ ઇચ્છવા લાગો છો કે આ પૃથ્વી પર અસત્ય કે બુરાઈ ન હોય. અને વિદાય લેતાં શરદની નિસ્તબ્ધતામાં આગમી શિશિરની વિસ્મૃતિના સુકોમળ ઘેનથી પોષાયેલ આ દિવસોમાં તમે સમજવા લાગો છો: કે અહીં કેવળ સત્ય,

કેવળ પ્રતિષ્ઠા, અને કેવળ નિષ્પાપ અન્તઃચેતના જ હોવી જોઈએ અને બધાં વિષે જણાવવું જોઈએ. પેલાં બધાં નાનકડાં ભૂલકાંઓને વચન આપવું જોઈએ જે પાછળથી વયસ્ક બનશે, પેલાં વયસ્કોને પણ વચન આપવામાં આવવું જોઈએ જે એ નથી ભૂલ્યાં કે તેઓ પણ કદી બાળક હતાં.

કદાચ એટલા માટે હું એક કૂતરાની નિયતિ, તેની વફાદારી, આત્મસન્માન અને નિષ્ઠા વિષે લખી રહ્યો છું. તે કૂતરા વિષે લખી રહ્યો છું જે શરદના પેલા ગરમ દિવસે, જંગલમાં વૃક્ષના એક ઠૂંઠા પાસે ચીરાયેલા દિલે પડયો હતો.

* * *

આ પ્રમાણે શરદના એક સુખી દિવસે આપણો દુઃખી બીમ પડયો હતો. તે દિવસ સુખદ ઉષ્માથી ભર્યોભાદર્યો કેવો અદ્‌ભુત દિવસ હતો!

પણ જમીન ઠંડી હતી, એટલા માટે બીમ ઠૂંઠા પાસે કોકડું વળીને એવી રીતે પડયો હતો જાણે પોતાના માલિકનાં પગ પર પડયો હોય. તેણે થોડી વાર આરામ કર્યો પછી ઊઠયો અને કઢંગી રીતે ચાલતો જંગલમાં કોઈ વસ્તુની શોધ કરવા લાગ્યો. તેને અચાનક ભૂખ લાગી આવી હતી. તે એક કાળા પડેલાં પોપ્લાર વૃક્ષની સામે પહોંચ્યો અને તેની સમૃદ્ધ સ્વાદિષ્ટ છાલ જે સાબરનું પ્રિય ભોજન છે તે કોતરવા લાગ્યો. શું બીમે એ અનુમાન લગાવી લીધું હતું કે આ છાલ પણ તેના માટે લાભદાયી હશે?

કદાચ આ કૂતરાનું ઘ્રાણ સંવેદન અત્યંત સૂક્ષ્મ છે જે તેને એ જણાવે છે કે તેના માટે શું સારું છે અને શું ખરાબ. પણ બધાં લોકો આ વાતને નથી સમજતાં. આખરે બીમે વિષાક્ત જંગલી આદુ ન ખાધું પણ તે વાલેરિયનના એક મૂળ પાસે રોકાયો જરૂર હતો. કૂતરા અને બિલાડીઓને આ કંદની ગંધ શા માટે ગમે છે? આપણને એ પણ ખબર નથી. પણ બીમે નરમ અને પાંદડાંભરી માટીને એક બે વાર પોતાનાં પંજા વડે કુરેદી મૂળને કાપીને કાઢયું અને થોડું ખાધું. પછી બીજું ખાધું. તેનાં મૂળ બહુ ઊંડાં નથી હોતાં એટલે તેને

કાઢવાં મુશ્કેલ નથી હોતાં. તેણે બરાબર તેટલાં જ ખાધાં જેટલાની તેને જરૂર હતી. તેનાથી વધારે એક પણ કોળિયો ન ખાધો. પછી તેણે એક જગ્યાને નરમ કરવાનો પ્રયત્ન કર્યો માનો પોતાને સૂવા માટે પથારી તૈયાર કરી રહ્યો હોય. પણ પછી તેને તે જગ્યા ગમી નહીં (કોઈ નથી જાણતું શા માટે). તે એક ગોળ વર્તુળમાં ઘૂમ્યો અને દરેક ઘુમાવની સાથે આંટા નાના બનતા ગયા અને છેવટે યુદ્ધના સમયની એક એવી જૂની ખાઈ પાસે પહોંચ્યો જે પાંદડાંઓથી ભરેલી હતી. તે ખાઈમાં ઘૂસ્યો, તેને સારી રીતે સૂંઘીને જોઈ. તેણે જલદી જ પોતાના માટે એક નરમ અને ઊંડી જગ્યા તૈયાર કરી લીધી. પણ થોડી વાર સુધી તે સૂવા નહોતો ઇચ્છતો અને ઊંઘને રોકવાનો પ્રયત્ન કરતો હોય તેમ લાગ્યું. પછી એક આકસ્મિક ઝટકે લથડાયો અને પાંદડાંઓની પથારીમાં ગબડીને પળવારમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

વાલેરિયને પોતાની અસર કરવાની શરૂ કરી દીધી હતી. તામ્બોવ ક્ષેત્રમાં લોકો તેને જંગલી ચેર્વિલ કહે છે. પણ એવું કોઈ ક્ષેત્ર કે પ્રાંત નથી જ્યાં સ્વસ્થ કૂતરાં આ ખાતા હોય. તેઓ તેને સૂંઘી તો શકે છે પણ ખાતા નથી. માંદા કૂતરાં આ ખાઈ જાય છે. આ સંદર્ભમાં બીમ સ્વભાવે બૌદ્ધિક હોવા છતાં પણ કોઈ પણ બીજાં કૂતરાં જેવો જ હતો. આમ તેણે વાલેરિયનનો પોતાનો ખોરાક ખાઈ લીધો અને હવે હું આપ સૌને નિવેદન કરીશ કે તમે બિલકુલ શાંત રહો કારણ કે આપણો સારો સુશીલ બીમ પોતાના ખાડામાં ભર ઊંઘમાં પડ્યો છે.

આ ત્રીજો દિવસ હતો જ્યારે બીમે જંગલી જડીબુટ્ટિઓ સિવાય બીજું કંઈ નહોતું ખાધું અને આ આખા સમય દરમ્યાન દર્દ અને થકાવટે તેને સૂવા નહોતો દીધો. અત્યારે તે એવો ઊંઘ્યો હતો જાણે બહુ લાંબા વખતથી ઊંઘી જ નહોતો રહ્યો. ખાઈમાં ઉષ્મા હતી અને શાંતિ હતી. જંગલ પોતાની શરદ્કાળની શાંતિમયતામાં બીમની રખેવાળી કરી રહ્યું હતું અને પોતાની બુટ્ટિઓ તથા રોગહારી હવાથી બીમનો ઇલાજ કરી રહ્યું હતું. હે જંગલ, તને ધન્યવાદ!

બીમ જાગ્યો ત્યારે સાંજ થવામાં જ હતી, તે પોતાના ખાડામાંથી બહાર આવ્યો. ચાલવાનું હજી મુશ્કેલ હતું પણ પહેલાંની તુલનામાં સહેલું હતું અને સવારની તુલનામાં ઘણું સહેલું હતું. તેની અંદર કંઈક

મૃદુતા આવી ગઈ હતી અને ખેંચાવ ખલાસ થઈ ગયો હતો. પણ શરીર હજી પણ નબળું હતું. તે ઝાડના ઠૂંઠા પાસે ગયો, થોડી વાર ત્યાં બેઠો અને પછી પોતાના ખાડામાં પાછો આવી ગયો. તે એક વાર ફરી થોડી વાર બેઠો, હવાને સૂંઘતો અને આમ તેમ નજર દોડાવતો રહ્યો. બધું જ નિ:શબ્દ હતું, શાંત હતું. તે ફરીથી પોતાના ઊંડા, ગરમ તથા આરામદાયી ખાડામાં સૂઈ ગયો. તેણે કદાચ એક સુખદ સ્વપ્ન જોયું, સાચેસાચ જ જોયું હશે કારણ કે તેની નિદ્રાવસ્થામાં તેની પૂંછડી બહુ ધીમે પરંતુ અસંદિગ્ધ રૂપે હાલી રહી હતી. તે ઠંડીનો અનુભવ કર્યા વિના આખી રાત ઊંઘતો રહ્યો.

વહેલી સવારે કોઈ સરસરાટના અવાજથી તેની ઊંઘ ઊડી ગઈ. તેણે પોતાનું માથું ઉઠાવીને સાંભળ્યું. કોઈ પાંદડા ઉથલાવી ઉવેખી રહ્યું હતું. બીમ બહાર નીકળ્યો. તેણે પ્રવાહરહિત વાયુની વિરલ સૂક્ષ્મ ધારાઓને પોતાના નાક વડે વાંચી અને નિશ્ચિતરૂપે જાણી ગયો કે તે કોણ હતું. તે એક વન-કુક્કુટ હતું!

શિકારની દુર્નિવાર પ્રેરણાએ તેના દુર્બળ થયેલા શરીરને તત્પરતા પ્રદાન કરી અને અંદરના દર્દને દબાવી દીધું. વન-કુક્કુટ વધારે નહીં માત્ર પાંચ ડગલાં દૂર હતું. તે પોતાનાં પંજા વડે પાંદડાં કુરેદી રહ્યો હતો અને પોતાની ચાંચ જમીનમાં નાંખી રહ્યો હતો જેથી ત્યાંથી આખા અળસિયાંને બહાર કાઢી શકે. તેણે અળસિયું બહાર ખેંચ્યું અને પ્રસન્નતાપૂર્વક ખાઈ ગયું. તેની એક પાંખ જમીન સાથે લગાવીને ઘસડી રહ્યું હતું (અકુશળ બંદૂકધારીઓના સતાવાયેલ આવા પક્ષી શિયાળાનો સમય આવવા સુધી બચી જાય છે પણ પાછળથી કાંતો કોઈ શિયાળનો કોળિયો બની જાય છે કે પછી જો વધારે સમય સુધી જીવી ગયું તો શિશિરકાળના હિમમાં મૃત્યું પામી જાય છે).

બીમે એક પંજો આગળ વધાર્યો—વન-કુક્કુટ બિલકુલ બેખબર પોતાના કામમાં વ્યસ્ત રહ્યું. બીમે બીજું પગલું ભર્યું—વન-કુક્કુટે તેમ છતાં પણ કંઈ ન સાંભળ્યું. અને તે પોતાના ધંધામાં વ્યસ્ત રહ્યો. તે પક્ષીની પાસે પણ બરબાદ કરવા માટે સમય નહોતો. અળસિયાં ગરમ મોસમમાં માટીના પડની એકદમ નજીક આવી જાય છે અને ક્યારેક ક્યારેક પાંદડાંઓની નીચે જ મળી જાય છે. બીમ એક વૃક્ષની આડમાંથી સરકતો આગળ વધ્યો અને શિકાર સંકેતની મુદ્રામાં સ્થિર

ઊભો રહી ગયો. "આગળ વધ!" કોઈએ ન કહ્યું. તે પોતે પોતાની ઈચ્છાથી આગળ વધ્યો. તેણે પક્ષી પર ઝાપટવાનો અને તેને પોતાના પંજા વડે દબાવવાનો પ્રયત્ન કર્યો પણ તેના શરીરમાં જોમ જ નહોતું, તે માત્ર પડી ગયો અને વન-કુક્કુટને દાંત વચ્ચે દબાવી દીધું. એક ક્ષણ સુધી તે તેને આ જ પ્રમાણે પકડીને પોતાના એક પડખે સૂતો રહ્યો પછી પાછળ ફરીને પેટના સહારે ટેકવાઈ ગયો અને તે પક્ષીને આખું ને આખું ખાઈ ગયો. બચી હતી માત્ર પાંખો જ. તેની ચાંચ સુદ્ધાં પણ બીમને ઘણી મુલાયમ હોય એમ લાગ્યું અને તેથી તે પણ પેટમાં પધરાવી દીધી.

આવું કેવી રીતે સંભવ થયું? એક અનુભવી શિકારી દ્વારા કેળવાયેલ અને શિકારના અભ્યસ્ત બીમ જેવાં કૂતરાંએ પોતાની પ્રતિષ્ઠા સાથે બેવફાઈ કરી અને શિકારને ખાઈ ગયો? હા, આથી તમે વિચારમાં પડી ગયા છો. પણ એક કૂતરોય જીવવા ઈચ્છે છે અને આ જ તેનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ છે.

ત્યારબાદ બીમને વધારે તાકાતની અનુભુતિ થઈ અને તરસ લાગી આવી. તેણે પાણીથી ભરેલું એક એવું ખાબોચિયું શોધી કાઢ્યું જેવાં કોઈપણ વનમાં ખૂબ પ્રમાણમાં હોય છે. તેણે ખૂબ પાણી પીધું. પાછાં ફરતી વખતે તેને એક ઊંદરની ગંધ મળી અને તેને પોતાના બીજા વ્યંજનના રૂપમાં પેટમાં પધરાવ્યું. ત્યારબાદ તે બુટ્ટિઓની શોધમાં નીકળી પડયો. તેની પહેલી પસંદ હતી જંગલી લસણનાં અર્ધાં સૂકાં ડંઠલ. તે તેને થૂંકી જ કાઢવાં પડયાં પણ તેણે તેની નીચેની ગાંઠ કાઢી અને મોં બનાવીને તેને ખાઈ ગયો (છેવટે તો તે હતું લસણ જ). જંગલમાં ફરતાં હરતાં તેણે બધી વસ્તુઓ શોધી કાઢી જેની તેને જરૂર હતી. તેને એ કોણે કહ્યું હતું કે લસણમાં બે કે ત્રણ દશાંશ આયોડીન હોય છે? આ પ્રશ્નનો જવાબ કોઈ નથી આપી શકવાનું. આપણે માત્ર એ માની લઈશું કે બે દિવસ પહેલાં તેની પર જે સંકટ આવી પડયું હતું તેણે તેના મસ્તિષ્કમાં શતાબ્દીઓનાં અનુભવને, એ અનુભવને ઝંઝોડીને જગાવી દીધો જે તેનાં દૂર દૂરનાં પૂર્વજોના સમયથી, મૂસાના સમયથી સંચિત અનુભવ હતો. એ અનુભવનું તત્કાળ આવું પુનઃસ્મરણ પણ કુદરતનો એક ચમત્કાર જ હતો.



બીમે બીજા પાંચ દિવસ પોતાનો ઈલાજ ચાલુ રાખ્યો. તેણે જે કંઈ ભગવાને મોકલ્યું તે જ ખાધું પણ ઈલાજ એકધાર્યો ચાલુ રાખ્યો. જે ખાડામાં તે રહેતો હતો તે તેનું અસ્થાયી ઘર બની ગયું હતું. એક દિવસ તેને ઊંઘતું સસલું મળ્યું પણ તેનો સ્વાદ ચાખવામાં તે અસફળ રહ્યો; તે ઊછળીને ફલાંગ મારતું ભાગી નીકળ્યું. બીમે તેનો પીછો કરવાનો પ્રયત્ન પણ ન કર્યો. તે એવી રીતે નાઠું કે એક સ્વસ્થ સેટર કૂતરો પણ ઊભો ને ઊભો જ રહી જતો ત્યાં બીમને માટે આ તદ્દન અસંભવ હતું. આમ તે તેને જતું તાકતો રહ્યો અને લાલસાપૂર્વક પોતાના હોઠ ચાટતો રહ્યો. પણ જંગલ તેને ખવડાવતું રહ્યું—બહુ સારી રીતે નહીં પણ ખવડાવતું જરૂર હતું. તેના દુર્બળ ભૂખે મરાયેલ શરીરમાં જંગલી જડીબુટ્ટીઓએ પોતાની અસર પાડી. બીમ ન માત્ર જીવતો જ રહ્યો પણ પોતાની શોધને ફરી શરૂ કરવામાંય સમર્થ થઈ ગયો. તેની પ્રેરણા મસ્તિષ્કમાંથી નહીં પણ હૃદયમાંથી આવી, નિષ્ઠા અને વફાદારીથી આવી.

જંગલની વચ્ચે તે ખુલ્લી જગ્યામાં પોતાની એક દૈનિક તપાસ કર્યા બાદ ફરી સૂતો, ફરી ઊઠી ગયો. અને કદાચ આજ તે ક્ષણ હતી જ્યારે તેણે એ નક્કી કર્યું કે ઈવાન ઈવાનિચને માટે અહીં રાહ જોવાથી કોઈ લાભ નથી. તે પોતાના ઘરમાં ગયો, પછી પાછો ઠૂંઠા પાસે ચાલ્યો આવ્યો. બંને જગ્યાએ તે એક મિનિટ રોકાયો અને પછી વળતે પગલે પાછો ફર્યો. તેના આગળ પાછળ જવામાં ઘોર અધીરતા ઝલકતી હતી, તેની આ અધીરતા વધતી ગઈ. અંતમાં તે ઠૂંઠા પાસે રોકાયા વગર આગળ વધી ગયો અને દુડકી ચાલે અનાયાસ ચાલતો મુખ્ય રસ્તા તરફ રવાના થઈ ગયો. આ સાંજના પ્રારંભિક કલાકોની વાત હતી; ત્યારે સૂર્ય અસ્ત થવામાં જ હતો.

* * *

બીમ મોડી રાત વીત્યે શહેરમાં પહોંચ્યો. અહીં જંગલની સરખામણીમાં બહુ અજવાળું હતું. બીમને આ અજવાળાથી અચાનક ચિંતા થવા લાગી. તેને આ જાતની અનુભૂતિ પહેલાં કદી નહોતી થઈ. એટલા માટે તે ખૂબ સતર્કતાપૂર્વક અને સાથે સાથે પોતાની

શક્તિને અનુકૂળ શીઘ્રતાથી ચાલવા લાગ્યો. તે નિ:સંદેહ ઘરની દિશામાં પોતાના માલિકની પાસે, સ્તેપાનોવ્નાની પાસે, લુસ્યા અને તોલિકની પાસે જઈ રહ્યો હતો. નિશ્ચિતપણે તે બધાં ત્યાં હશે પણ જ્યારે બીમ બાહ્ય ક્ષેત્રમાં એક સરખા મકાનોવાળા નવા જિલ્લામાં પહોંચ્યો ત્યારે તેણે પેલા ખતરનાક ઈલાકાથી બચીને નીકળવાનો ફેંસલો કર્યો જ્યાં પેલો સિલેટી માણસ રહેતો હતો. તે એક ગલી પસાર કરીને બીમ એક વાડની પાસે પહોંચ્યો. તે ગોળ ફરીને પોતાના રસ્તે પાછા વળવામાં જ હતો કે અચાનક જ્યાંનો ત્યાં જ ઊભો રહી ગયો. ત્યાં એક ફાટક હતું અને એ ફાટકમાંથી તોલિકની ગંધ આવી રહી હતી! જે છોકરો બીમને આટલો પ્રિય હતો તે આ રસ્તેથી પસાર થયો હતો અને તે પણ થોડી જ વાર પહેલાં. ફાટક પર તાળું લાગેલું હતું પણ બીમ તેની નીચેથી ઘૂસતો વળતો અંદર ઘૂસી ગયો અને તોલિકની ગંધની પાછળ ચાલવા લાગ્યો, તે ગંધ તેને એક નાનકડાં બગીચાની વચ્ચે એક બે માળના મકાનમાં લઈ ગઈ.

બીમ જલદી જ એ દ્વાર પાસે જઈ પહોંચ્યો જ્યાંથી થોડી જ મિનિટો પહેલાં તોલિક પસાર થયો હતો. બીમ જ્યારે ગલૂડિયું જ હતો ત્યારથી જ તેને દરેક બારણા પર વિશ્વાસ કરવાનું શીખવાડવામાં આવ્યું હતું. તેણે આ બારણાને ખોતરવાનું શરૂ કર્યું. કોઈ જવાબ ન મળ્યો. બીમને એ વાતની કોઈ જાણકારી નહોતી કે આ વિશેષ બારણા પ્રત્યે તેની આ કાર્યવાહી ને મૂર્ખતાભરી ધૃષ્ટતા સિવાય બીજું કંઈ નહોતું કહી શકાતું. તેણે બારણાને ફરીથી ખોતર્યું અને પહેલાં કરતાં વધારે જોરથી ખોતર્યું.

બારણાની પાછળથી એક સ્ત્રીનો અવાજ આવ્યો.

"કોણ છે?"

"હું છું!" બીમે જવાબ આપ્યો. "ભોં!"

"તોલિક, તને મળવા માટે કોઈ કૂતરું લઈને આવ્યું છે. હવે આગળ શું થવાનું છે!"

"એ હું છું, હું!" બીમે ફરીથી કહી. "ભોં! ભોં!"

"બીમ! બીમ!" તોલિક બૂમ પાડી ઊઠયો અને તેણે બારણું ખોલ્યું. "બીમ, પ્યારા બીમ, કેમ છે, બીમૂ બેટા!" અને તેણે બીમને ગળે લગાવ્યો.

બીમે છોકરાંનાં હાથ ચાટયાં, તેનું જાકીટ ચાટયું, તેનાં સ્લીપર ચાટયાં અને તેની આંખોમાં નિહાળ્યું. જે કૂતરાએ આટલું બધું સહન કર્યું હતું તેની આંખોમાં કેવો વિશ્વાસ, આશા અને પ્રેમ ભરેલાં હતાં!

"મમ્મી, મમ્મી, જરા જો તો તેની આંખો કેવી છે. તે માનવીય છે! બીમૂ, ચતુર બીમ, છેવટે તેં મને શોધી કાઢયો. મમ્મી, તેણે મને જાતે શોધી લીધો..."

પણ જે સમયે આ બંને દોસ્ત મિલનની ખુશી મનાવી રહ્યાં હતાં તે સમયે માએ એક પણ શબ્દ ન કહ્યો. પણ જ્યારે તેમની ખુશીને ઊભરો થોડો ઓસરી ગયો ત્યારે તેણે પૂછ્યું: "શું આ જ તે છે?"

"હા, આ જ છે," તોલિકે જવાબ આપ્યો. "તે હંમેશાં આવો સારો કૂતરો રહ્યો છે."

"તારે એને અબઘડી બહાર કાઢી મૂકવો જોઈએ."

"પણ મમ્મી!"

"અબઘડી!"

તોલિક બીમને વધારે મજબૂતીથી વળગી ગયો.

"ઓહ, મમ્મી નહીં, મહેરબાની કર, મમ્મી, નહીં, નહીં!" અને તે રડવા લાગ્યો.

મધુર સ્વરે બારણાની ઘંટડી વાગી. એક માણસ અંદર આવ્યો. તેણે મૃદુ પણ થાકેલાં સ્વરે પૂછ્યું:

"શું ધમાલ ચાલી રહી છે, તોલિક, શું તું રડે છે?" તેણે પોતાનાં ઓવરકોટ અને બૂટ ઉતાર્યા, સ્લીપર પહેર્યાં અને કૂતરાની સાથે બેઠેલા છોકરાની પાસે આવ્યો. "હવે કહે, શેનું રડવાનું ચાલી રહ્યું છે, બુદ્ધુ?" તેણે કહ્યું અને તોલિકને માથે પંપોળ્યો તથા બીમના કાનને પણ મૈત્રીભર્યા ભાવે ખેંચ્યો. "ઓહો, કેવો કૂતરો છે આ! અને કેટલો... દૂબળો પાતળો છે."

"પાપા! તે સારો કૂતરો છે. પાપા! તેને રહેવા દો ને."

હવે માને બૂમો પાડવાનો વારો હતો:

"હંમેશાં આમ જ થાય છે. હું તેને એક વાત કહું છું અને તું તેની ઊલટી વાત કહે છે. શું આને જ તું લાલનપોષણ કહે છે? તું તો છોકરાનું સત્યાનાશ વાળી મૂકશે." પછી તેનો અવાજ ઔપચારિક

થઈ ગયો. "સેમ્યોન પેત્રોવિચ, એક દિવસ તું પોતે પોતાને લાત મારવા ઈચ્છશે, પણ ત્યારે વાત હાથમાંથી નીકળી ગઈ હશે."

"જા, માત્ર એક મિનિટ. ઘાંટા ન પાડ, શાંતિ રાખ," અને તે તેને દૂરના એક ઓરડામાં લઈ ગયો અને જ્યારે સમજાવવાનો પ્રયત્ન કરવામાં લાગ્યો ત્યારે તે હજી વધારે જોર જોરથી ઘાંટા પાડવા લાગી.

આ બધી વાતોથી બીમે એ અર્થ કાઢયો કે મમ્મી બીમની વિરુદ્ધ છે અને પાપા તેના પક્ષમાં અને હાલ પૂરતો તે તોલિકની સાથે રોકાશે. વાત સમજવા માટે એક માણસને પણ શબ્દ સાંભળવાની કોઈ જરૂર નથી હોતી, તે પોતાના કાનોમાં રૂ નાંખેલું હોવા છતાં પણ સમજી જાય કે શું કહેવામાં આવી રહ્યું હતું. પણ આ તો કાનોવાળો તથા પહોળી ખુલ્લી આંખોવાળો બુદ્ધિમાન કૂતરો હતો. બેશક તે સમજી ગયો હતો! અને બન્યું પણ તેમ જ, તોલિક તેને અલગ પોતાના ઓરડામાં લઈ ગયો. (તેમાં માત્ર તોલિકની જ ગંધ હતી).

માબાપ વચ્ચે જે વાતચીત થઈ તે ન તો બીમે સાંભળી કે ન તો તોલિકે.

પણ દૂરના એ ઓરડામાં જે કંઈ બન્યું તે આ પ્રમાણે છે.

"તું તોલિકની હજરીમાં આવા શબ્દો શા માટે વાપરે છે કે 'તું છોકરાનું સત્યાનાશ વાળશે!' આ તેના માટે બહુ ખરાબ છે."

"અને તું એમ સમજે છે કે એક સ્પષ્ટપણે માંદા રખડેલ કૂતરાને રાખવો અને તે પણ આપણા જેવી સાફ જગ્યામાં એ ખરાબ નથી શું! તું સાવ વિવેકશૂન્ય તો નથી કાલે તેને કોઈ ભયંકર માંદગી થઈ શકે છે. હું આ હરગીજ નહીં થવા દઉં. તારે એ કૂતરાને અબઘડી કાઢવો જ પડશે?"

"જા સાંભળ!" સેમ્યોન પેત્રોવિચે લાંબો શ્વાસ લેતાં કહ્યું. "તને જરા પણ ખબર નથી કે યુક્તિ કોને કહે છે."

"સેમ્યોન પેત્રોવિચ, તારી યુક્તિ જાય ભાડમાં!"

"આ જોઈ, ફરી એ જ વાત... તારે આ કામ હોંશિયારીથી કરવાનું છે. તોલિકને આઘાત લાગવાવાળા અનુભવથી બચાવવો અને સાથે સાથે જ કૂતરાથી છુટકારો મેળવવો બિલકુલ સંભવ છે." ત્યારબાદ તેણે ગુસપુસ અવાજે કોઈ વાત કહી અને અંતમાં કહ્યું,

16 - 159

"હા! આ જ આપણે કરીશું અને તે જાનવરથી છૂટકારો પામી લઈશું."

"તારે આ વાત પહેલાં જ કરી દેવી જોઈતી હતી." માએ રાહતનો દમ લઈને બડબડાતાં કહ્યું.

"હું તોલિકની સામે આ વાત નહોતો કહી શકતો... અને તું, તું મુરખ સ્ત્રી યુક્તિઓને ભાડમાં ઝોંકવા માટે ઘાંટા પાડી રહી હતી." તેણે એ બતાવવા માટે તેના ગાલ પર હળવી ચૂંટલી ખણી કે હવે બધી ખરાબ ભાવનાઓ ખલાસ થઈ ગઈ છે.

તેઓ તોલિકના ઓરડામાં ગયા.

"સારું ઠીક છે," મમ્મીએ કહ્યું. "હું સમજું છું કે તે અહીં રહી શકે છે..."

"હા, કેમ નહીં, તે જરૂર રહી શકે છે." પાપાએ કહ્યું.

તોલિક ખુશીને માર્યે ફૂલ્યો ન સમાયો. પોતાનાં માતાપિતાની તરફ કૃતજ્ઞતાપૂર્વક જોતાં તેણે તેમને બીમના વિષે બધું જ કહ્યું અને જણાવ્યું કે તે શું શું કરી શકે છે.

તે એક સુખી પરિવાર હતું ત્યાં હરકોઈ જીવનથી સંતુષ્ટ હતું.

"પણ તોલિક, મારે એક શરત રાખવી જ પડશે: બીમ તારા ઓરડામાં નહીં, હૉલમાં સૂશે. આ જરૂરી છે." પાપાએ અંતમાં કહ્યું.

"સારી વાત છે. મને કોઈ વાંધો નથી," તોલિકે સંમતિ જાહેર કરી. "પણ બીમ બહુ સાફ કૂતરો છે. હું તેના વિષે બધું જ જાણું છું."

બીમે ધ્યાન આપ્યું કે પાપા ખરેખર સારો, શાંત, આત્મવિશ્વાસી અને દૃઢ તથા દયાળુ માણસ છે. થોડી વાર પછી જ્યારે તોલિક બીમને પોતાના ઘરની સેર કરાવવા નીકળ્યો ત્યારે બીમે જોયું કે પાપા છાપું વાંચતાં એકલા ખાવાનું ખાઈ રહ્યા છે—તે પણ શાંતિ અને આત્મવિશ્વાસથી. પાપા જે અન્યથા સેમ્યોન પેત્રોવિચ કહેવાય છે એક સારો માણસ છે.

તોલિક બીમની દેખરેખમાં મોડી રાત સુધી જાગતો રહ્યો. તેનાં વાળ ઓળ્યાં, તેને થોડું ખવડાવ્યું પિતાએ કહ્યું હતું તેને વધારે ન આપવું જોઈએ, "એક ભૂખે મરતા કૂતરાએ વધારે ન આપવું

જોઈએ, તે મરી શકે છે.") મમ્મી પાસેથી એક શેતરંજી માંગી (તદ્દન નવી), તેને હૉલનાં એક ખૂણામાં રાખી અને કહ્યું:

"બીમ, આ તારી જગ્યા છે, પોતાની જગ્યાએ જા!"

બીમે શંકારહિત થઈને આદેશનું પાલન કર્યું. તે તેની વાત સારી રીતે સમજી ગયો. તે હાલ પૂરતું અહીં જ રહેવાનો છે. તેને એક આંતરિક ઉષ્માનો અનુભવ થયો જે પેલા નાના માણસના લાડ-પ્યારથી, તેની દેખરેખથી ઉત્પન્ન થઈ હતી.

"સૂવાનો સમય થઈ ગયો છે, તોલિક, બહુ મોડું થઈ ગયું છે. સાડા દસ વાગી ચૂક્યા છે. હવે સૂઈ જા," તેના પિતાએ તેને આગ્રહ કર્યો.

તોલિક પથારી પર જઈ સૂતો અને ઊંઘ આવતાં આવતાં તેણે વિચાર્યું: "કાલે હું જઈશ, સ્તેપાનોવ્નાને મળીશ અને તેમને કહીશ કે ઇવાન ઇવાનોવિચના પાછા આવવા સુધી બીમનું મારી સાથે રહેવું એ જ વધારે સારું રહેશે..." અને બીજી વાત જે તેને યાદ આવી તે એ હતી કે જ્યારે તેણે ઘરમાં તમને કહ્યું હતું કે તે સ્તેપાનોવ્નાને ત્યાં જાય છે અને ત્યાં લૂસ્યા નામની એક છોકરી છે અને તે બીમને ફેરવવા લઈ જાય છે ત્યારે માએ બહુ શોરબકોર મચાવી દીધો અને પાપાએ કહ્યું: "તારે હવે ત્યાં બિલકુલ ન જવું જોઈએ, તોલિક," અને જ્યારે તોલિક રડવા લાગ્યો ત્યારે પાપાએ મમ્મીને કહીને વાત પૂરી કરી: "તું અને હું યુક્તિઓની વાત ભૂલી જ ગયાં છીએ!" તેણે તોલિકને માથે પંપોળતાં કહ્યું: "આ સારી વાત નથી, બેટા, તારે મોટા થઈને સારા મોટા માણસ બનવાનું છે, કૂતરાંઓનો રખવાળો કે એવો માણસ નથી બનવાનું જે ઘરડી સ્ત્રીઓના ઘેર જતો હોય. તારે એવું કંઈ કરવાનું નથી." અને હવે બીમ તેની સાથે રહેશે અને "ઘરડી સ્ત્રીઓને ત્યાં જવાની" કોઈ જરૂર નહીં રહે... પણ તે માત્ર એક વાર જઈને સ્તેપાનોવ્નાને મળશે અને તેને... તથા લૂસ્યાને—કેટલી સારી છોકરી છે લૂસ્યા—કહેશે... અને બીમ, સારો પ્યારો બીમ, હવે સૂઈ ગયો હશે."

આ વાતો વિચારતાં વિચારતાં તોલિકને ઊંઘ આવી ગઈ. શાંત અને વિશ્વાસથી પરિપૂર્ણ ઊંઘ.

...મોડી રાતે કેટલાંક પગલાંનો અવાજનો અણસાર સાંભળ્યો.

બીમે માથું ઉઠાવ્યા વગર આંખો ખોલીને જોયું. પાપા ચૂપચાપ ટેલીફોનની પાસે ગયા, તેણે થોડી વાર રોકાઈને સાંભળ્યું, પછી ટેલીફોનનું રીસીવર ઉઠાવીને બે વાક્ય ગુસપુસ અવાજે બોલ્યાં:

"મને એક કાર જોઈએ... હમણાં જ..."

સ્પષ્ટ છે કે બીમને માટે આ શબ્દોનો કોઈ અર્થ નહોતો. પણ તેણે જોયું કે પાપાએ તોલિકના ઓરડા તરફ ગભરાયેલી નજર નાખી અને પછી રસોડામાં ગયા અને એક દોરડું તથા એક પડીકું લઈને ધીમે પગલે પાછા આવ્યા. બીમ સમજી ગયો કે કંઈક ગરબડ છે, પાપામાં કોઈ વસ્તુ બદલાઈ ગઈ છે. તે તે નથી જે હતા. તેની અન્તર્જાત બુદ્ધિએ કહ્યું કે તેણે ભસવું જોઈએ અને તોલિકની પાસે દોડી જવું જોઈએ અને તે બસ એમ કરવામાં જ હતો. ત્યાં જ પાપા તેની પાસે આવ્યો અને તેને થાબડવા લાગ્યો (તો બધું બરાબર જ હતું), પછી તેણે તે દોરડું તેના ગળાના પટ્ટામાં બાંધ્યું, પોતાનો ઓવરકોટ પહેર્યો અને ચૂપચાપ દરવાજો ખોલીને દોરડું હાથમાં પકડી બહાર નીકળી ગયો.

એક જીવંત મોટર તેમના મુખ્ય બારણા પાસે ઘરઘરાટ કરતી ઊભી હતી.

અને બીજી જ ક્ષણે બીમ મોટરની પાછળ સીટ પર બેસીને ચાલ્યો જઈ રહ્યો છે. તેની આગળ ડ્રાયવર બેઠો છે અને તેની બાજુમાં સેમ્યોન પેત્રોવિચ. બીમની બાજુમાં પડેલાં પડીકામાંથી માંસની ગંધ આવી રહી છે. દોરડું હજી પણ તેના પટ્ટા સાથે બાંધેલું છે. બંને માણસો ચૂપ છે અને બીમ પણ. રાતનો સમય છે. કાળી ઘોર અંધારી રાત છે. આકાશમાં વાદળાં ઘેરાયેલાં છે, દરેક વસ્તુ કાળી છે, ખ્રિસાન આંદ્રેયેવિચના ઘરમાં લોખંડનાં વાસણ જેવી કાળી. આવી કાળી અંધારી રાતમાં કોઈપણ કૂતરો મોટરની બારીમાંથી બહાર જોઈને એવા કોઈ ચિહ્નને યાદ ન કરી શકે જે તેને પાછા આવતી વખતે રસ્તો સૂઝાડી શકે. તેને ક્યાં લઈ જવામાં આવી રહ્યો છે? એ પણ બીમને ખબર નહોતી. પણ એક કૂતરો શા માટે ચિંતા કરે? તેઓ તેને ક્યાંક લઈ જઈ રહ્યાં છે અને બસ, એટલું પૂરતું છે. પણ દોરડે બાંધીને શા માટે? બીમની ખરી ચિંતાઓ ત્યારે શરૂ થઈ જ્યારે તેઓ એક જંગલમાં પહોંચીને રોકાઈ ગયાં.

ખભા પર બંદૂક લઈને સેમ્યોન પેત્રોવિચ બીમનું દોરડું પકડીને તેને બીચ વનમાં લઈ ગયો. એક ટોર્ચના પ્રકાશમાં રસ્તો જોતાં તેઓ એક ઘાટીમાં નીચે ઊતર્યાં. જંગલની વચ્ચે એક ખુલ્લી સાફ જગ્યા જે વિશાળ ઓક વૃક્ષોથી ઘેરાયેલી હતી ત્યાં આવીને રોકાયાં. સેમ્યોન પેત્રોવિચે બીમને એક વૃક્ષ સાથે બાંધી દીધો પછી પોતાનું પડીકું ખોલ્યું, માંસનો એક કટોરો બહાર કાઢ્યો અને એક પણ શબ્દ બોલ્યા વિના તેને બીમની સામે મૂકી દીધો અને ત્યાંથી ચાલ્યો ગયો. પણ થોડાં ડગલાં દૂર ગયાં પછી ને પાછળ વળ્યો અને પોતાની ટોર્ચની રોશની બીમની આંખોમાં નાખીને બોલ્યો: "ભલે સારું, ભલું થાય તારું."

બીમ ટોર્ચની દૂર જતી રોશનીને જોતો રહ્યો અને આનાથી તે એટલો આશ્ચર્યાન્વિત થઈ ગયો હતો, એટલો ભૂલામણીમાં પડી ગયો હતો અને તેને એવો તો આઘાત લાગ્યો હતો કે તેના મોંમાંથી કોઈ અવાજ જ ન નીકળ્યો. તે તદ્દન કિંકર્તવ્યવિમૂઢ થઈ ગયો હતો અને વર્ષમાં આ સમય માટે અસામાન્ય ગરમી હોવા તથા લગભગ બફારાભર્યું વાતાવરણ હોવા છતાં પણ તે થરથર કાંપવા લાગ્યો હતો.

મોટર ચાલી ગઈ. બીમે તેના ઍન્જિનના અવાજથી જે તરફ તે ગઈ ગઈ હતી તે દિશાનું અનુમાન લગાવ્યું. મોટરના ઍન્જિનનો અવાજ ધીરે ધીરે થતો ગયો અને અંતમાં તદ્દન શમી ગયો. આ તેના માટે એક માત્ર એવો સંકેત હતો જેનાથી તે જરૂર પડવા પર એ જાણી શકતો હતો કે તેને કઈ બાજુ જવાનું છે.

જંગલ નિસ્તબ્ધ હતું.

બીમ તે ઘોર અંધારી શરદ-રાતમાં મહાકાય ઓક વૃક્ષોના કુંજમાં એક વૃક્ષ સાથે બંધાયેલો બેઠો હતો.

અને તે રાત્રે કંઈક એવું બન્યું જે શરદકાળમાં ક્યારેક ક્યારેક ભાગ્યે જ બને છે. પણ આ બન્યું. નવેમ્બરનાં અંતિમ દિવસોમાં અસાધારણ રૂપે ગરમ એવાં તે મોસમથી ઉદ્દીપ્ત દૂર ક્યાંક ભયંકર ગર્જન થવા લાગ્યું.

શરૂઆતમાં તે બેઠો બેઠો જંગલના અવાજો સાંભળતો રહ્યો અને આસપાસ જ્યાં સુધી તેની ઘ્રાણ સંવેદના પહોંચી શકતી હતી ત્યાં સુધી વાતાવરણને બારીકાઈથી તપાસતો રહ્યો. એક કૂતરાને આવું

જંગલ પારખાવામાં કોઈ મુશ્કેલી નથી થતી જ્યાં તે પહેલાં એક વાર પણ કદી આવ્યો હોય. બીમે જલ્દી જ એ જાણી લીધું કે તે એ જ જંગલમાં છે જ્યાં તે અને તેનો માલિક વરુનો શિકાર કરવા આવ્યાં હતાં. પણ અત્યારે તેને વરુની ગંધ ન મળી. બીમ વૃક્ષની એકદમ લગોલગ થઈ ગયો. હાથ ને હાથ ન સૂઝવાવાળા એ અંધારામાં વિલિન થવાનો પ્રયત્ન કરતો તે કોકડું વળવા લાગ્યો હતો. તે તદ્દન એકલો હતો, અસહાય અને તે માણસ દ્વારા પરિત્યક્ત હતો જેને તેણે કદી કોઈ નુકસાન નહોતું પહોંચાડ્યું.

અંદરથી પોતાના અંતઃકરણની ઊંડાઈમાંથી ક્યાંકથી કદાચ પોતાની અંતર્જાત પ્રેરણાથી બીમે સમજી લીધું કે તેણે તોલિકની પાસે પાછા ન જવું જોઈએ, તેણે બીજે ક્યાંય નહીં પણ માત્ર પોતાના જ ઘરના બારણે જવું જોઈએ. ત્યારે અચાનક તેના મનમાં ત્યાં જવાની એવી ઊત્કટ ચાહ જાગી કે તે દોરડાને ભૂલીને પોતાની સંપૂર્ણ શેષ શક્તિથી આગળની તરફ વૃક્ષની પેલી બાજુ કૂદ્યો. પણ છાતીમાં ઊઠતા દર્દે તેને ધરાશયી કરી દીધો. થોડી વાર સુધી તે પોતાના ચારે પગ બહારની તરફ પ્રસારી ગતિહીન પડ્યો રહ્યો. પણ થોડી જ વાર સુધી. તેણે ફરીથી હિંમત બાંધી, ઊઠ્યો અને તે વૃક્ષનાં કદમો પર દેખીતી રીતે પોતાના નસીબને સ્વીકારતો બેસી ગયો.

તે ઘોર અંધકારમાં એક વાર ફરી વીજળીનો કડાકો થયો અને આ વખતનું ઘોર ગર્જન ઘણું નજીક હતું. તેનું ગુંજન અને પડઘાંઓ ધીમી ગતિથી ચાલતી લહેરની જેમ તે પર્ણવિહીન જંગલમાં ફેલાઈ ગયાં. હવાનો એક સપાટો આવ્યો. વૃક્ષોનાં નબળાં થડ એવી રીતે ડોલવા લાગ્યાં જાણે તેમને કોઈ મહા વિપત્તિના આવવાનો આભાસ થઈ રહ્યો હોય. અને અંતમાં જંગલનાં આ બધાં અવાજો એક જ વિરાટ-વિકરાળ અવાજમાં વિલિન થઈ ગયાં. પાસે જ એસ્પનું એક વૃક્ષ જે મૂળ પાસે સહેલું હતું અને ચરમરાટ કરતું નીચે પડવામાં જ હતું. તેની દબાયેલી પીડામય આહને સાંભળીને બીમ એટલો બધો બી ગયો હતો જેટલો તો તે જંગલનાં બધાં સંમિશ્રિત અવાજોથી પણ નહોતો બીધ્યો.

પણ જંગલનું જોરથી ખળભળવાનું અને ગરજવાનું ચાલુ રહ્યું. તે ભયંકર અંધકારમાં હવાનું એકછત્રી રાજ્ય હતું અને તે એવા પ્રચંડ

વીજળી વહી રહી હતી કે ઓક વૃક્ષ પણ આહ ભરવા લાગ્યાં હતાં. બીમને એવું લાગ્યું કે કોઈ કાળું વિરાટકાય પ્રાણી તે વિશાળ વૃક્ષોમાંથી, પેલા વૃદ્ધ હતાશ તથા મૃતપ્રાય એસ્પ વૃક્ષમાંથી અને સ્વયં તેનામાંથી એક એવા ફૂતરા સાથે ચોંટી ગયું છે જે આ રાત્રિકાળનાં અંધારાઓની વચ્ચે ખોવાઈ ગયું છે. તે કાળું વિરાટ પ્રાણી પોતાનાં લાંબાં રૂવાંદાર ડગલાને વૃક્ષોની ઉપર ફફડાવી રહ્યું છે, થડોને પકડીને ઉછળતું કૂદતું, વળતું-ઝૂકતું, ઘમંડ કરતાં અને વાંકા ફંટાતા તથા નિષ્ઠુર નૃશંસતાના શત સ્વરીય વૃન્દગાનમાં હોંકારો ભણતાં બેલગામ નાચતાં તેમને ઝંઝોડી રહ્યાં છે.

બીમ એટલો આતંકિત થઈ ગયો હતો કે તે ક્ષણોમાં પોતાની શારીરિક વેદનાને પણ ભૂલી ગયો. તે વૃક્ષની છાલમાંથી નીકળેલાં બંદરની જેમ વૃક્ષના થડનું અંગ બની ગયો હતો. ઠંડી હવાનો એક સપાટો આખી ઘાટીમાં એવી બરફ જેવી ઠંડી ભરી ગયો કે બીમનાં હાડકાં પણ થીજી ગયાં. હંમેશની જેમ રશદની અંતિમ ઉષ્માએ અચાનક કડકતી ઠંડીને માટે રસ્તો ખૂલ્લો મૂકી દીધો. બીમ હવાથી બચવા માટે વૃક્ષની બીજી બાજુ સરકી ગયો. પણ વધારે દૂર નહીં જેથી તે એ ગંધોને ગ્રહણ કરી શકે જે હવાની સાથે આવી રહી હતી અને સાથે સાથે હવાનાં વહેવાની દિશા પર પણ પોતાની આંખે નજર રાખી શકે. પણ રાત એટલી અંધારી હતી કે તે કંઈ જ જોઈ શકતો નહોતો. તે ડરથી કાંપી ઊઠ્યો.

અચાનક પોતાની આગ સમાન તલવાર જેવી ધાર વડે અંધકારને ચીરતી વીજળી ચમકી અને પળવાર માટે તે ઊછાળા મારતું વનક્ષેત્ર પ્રકાશમાન થઈ ગયું. પછી માથા ઉપર એક કાન ચીરતો ધડાકો થયો અને આ ધડાકા સાથે કોઈ વસ્તુ જમીન પર આવી પડી અને તેનાં પડઘાં ચોમેર ફેલાઈ ગયાં. એવું લાગ્યું કે જાણે તે પ્રકાશ અને ગર્જનતર્જનથી તે ઊછળતો કૂદતો, વૃક્ષોને ઝંઝોડનારો દૈત્ય ડરી ગયો છે અને થોડી જ વારમાં સર્વંગ શાંતિ સ્થપાઈ ગઈ. ત્યારબાદ ટપટપ પાણીનાં ટીપાં ટપકવાં લાગ્યાં. એક નાનકડા શીત પ્રલય જેવું મચાવતો વરસાદ થોડી જ વાર પછી બંધ થઈ ગયો.

પોતાની સાથે ચૂપચાપ બબડાટ કરતાં જંગલે પોતાની શાખાઓને ફફડાવી અને જાણે યુદ્ધ પછી પોતાની પીઠ સીધી કરી. પણ

અચાનક એસ્પનું વૃક્ષ ફરીથી ચરચરાટ કરવા લાગ્યું અને વિદાયના એક આલિંગનમાં બીજાં વૃક્ષોને બાથમાં ભીડવાનો પ્રયત્ન જેવું કરતા તૂટવા લાગ્યું. તેણે છેલ્લી વાર એક વિકટ ચીત્કાર કર્યો અને તૂટેલી શાખાઓની કટુ તથા દુર્દાન્ત વેદનાની ક્ષણોમાં અકડાતું જમીનદોસ્ત થઈ ગયું. તેણે અંતિમ લડાઈને સહન કરી લીધી હતી. પણ છેવટે આમ વીરગતિ પામવા માટે એસ્પનું તે વૃક્ષ બીમથી ઘણું નજીક હતું અને જણાઈ આવતું હતું તેમ તેને સીધું પોતાની તરફ પડતું અનુભવતાં તે પોતાના ઓક વૃક્ષથી પાછળની તરફ હટયો પણ દોરડું તો દોરડું જ છે.

બીમ સવાર પડતાં સુધી થરથર કાંપતો માંદલો તથા સંત્રસ્ત બેસી રહ્યો. માંસનો કટોરો હજી પણ તેની સામે હતો—તે તેને અડયો પણ નહોતો.

સવાર પડવાની બિલકુલ પહેલાં જ એક વરુની હૂંક સાંભળાઈ. તે એક એકલું વરુ હતું, તે જંગલમાં તેની બૂમનો જવાબ આપવા વાળું બીજું કોઈ વરુ નહોતું. આ તે જ વરુ હતું જે તે શિકારના સમયે ભાગી છૂટયું હતું. તે પેલા ઝુંડનું સૌથી વધારે ચાલાક વરુ હતું. બીમનાં રૂંવાટા ઊભાં થઈ ગયાં, દાંત કડકડવા લાગ્યાં અને તે ધ્યાનથી સાંભળવા અને હવાને સૂંઘવા લાગ્યો. તે વરુ સાથે થનાર સામના માટેની તૈયારી કરી રહ્યો હતો. તેને એક પળ માટે પણ એ ભાન ન થયું કે તેનામાં પોતાની રક્ષા કરવાનું સાહસ હતું, હતાશાનું વીરત્વ (છેવટે તેણે પેલા સિલેટીયા માણસને બચકું ભર્યું હતું અને તેને લગભગ ભોંય ભેગો પછાડી દીધો હતો!) પણ આ વખતે તે વરુ ન આવ્યો. હવા બહુ સ્થિર હતી એટલા માટે તે દૂરથી તેની ગંધ ન પકડી શક્યો અને દેખીતી રીતે પણ જંગલના તે ભાગમાં તેના ભ્રમણનો તે સમય નહોતો. પણ પ્રતીક્ષાની તનાવપૂર્ણ દુવિધામાં તેણે દોરડાને એટલી તો કસીને ખેંચી રાખ્યું હતું કે તેનાથી તેનું ગળું રૂંધાવા લાગ્યું. તે પાછળ વૃક્ષ તરફ ખસ્યો, પોતાનો પાછલો ભાગ વૃક્ષ સાથે સટાવ્યો અને તે દોરડાને પોતાનાં પાછલાં દાંતોની વચ્ચે પકડીને ચપ્પુની જેમ બિલકુલ કાપી નાંખ્યું. છેવટે તેણે આ કરી જ દીધું!

બીમ તે ઘીચ જંગલમાં એકલો તો હતો પણ આઝાદ હતો.

છેવટે કોઈપણ કૂતરો આવું જ કરશે, તેવું કરવાની રીત જુદી



જુદી જાતિઓમાં જુદા જુદા પ્રકારની હોય છે. જે કૂતરાને સાંકળથી બાંધીને રાખવામાં આવે છે તેઓ દોરડાને તરત જ કાપી નાખે છે કારણ તેઓ મજબૂત સાંકળ સિવાય બીજાં કોઈ બંધનનું સન્માન નથી કરતાં. એક નાની જાતિને ખોળામાં બેસી શકનારો કૂતરો દોરડાંને કાપી નહીં શકે પણ બાંધવામાં આવતાં તે ફરશે-વળશે અને સંઘર્ષ કરશે. તે આ સંઘર્ષમાં પોતે પોતાનું ગળું પણ દબાવી દઈ શકે છે. હાઉંડ પ્રજાતિનાં કૂતરાં આના વિષે બહુ લાંબા સમય સુધી વિચારમાં રહે છે પણ અંતમાં તેઓ પણ પોતાનાં દાંતનો ઉપયોગ તો કરી જ લે છે. પણ બૌદ્ધિક જાતિનાં તે કૂતરાં જે અસલી શિકાર રમતમાં કામ કરે છે તેઓ ઘણા દિવસો સુધી પોતાના માલિકની રાહ જોતાં બેસી રહી શકે છે અને દોરડાને માત્ર ત્યારે જ કાપે છે જ્યારે ખતરાની કે હતાશાની સ્થિતિ હોય અને જ્યારે એ સ્પષ્ટપણે જાહેર થઈ જાય છે કે હવે તેની મદદ માટે કોઈ નહીં આવે. આવું જ બીમની સાથે પણ બન્યું, સમય આવ્યો અને તેણે તે કર્યું જે કરવા માટે તે વિવશ હતો.

બીમ સાવધાનીપૂર્વક તે વૃક્ષથી દૂર ખસ્યો. તે આમ તેમ જોતો તથા જંગલના અવાજો સાંભળતો જઈ રહ્યો હતો. એકાએક બિલકુલ પાસેથી જ એક મૅગપાઈ પક્ષી જોર જોરથી કૂજવા લાગ્યું: "કોઈ છે! કોઈ છે!" અને મૅગપાઈને પહેલી ચેતવણી પર બીમ એક વિશાળ સો વર્ષના વૃક્ષની ફરતે ઊગેલાં નાનાં ઓક વૃક્ષોનાં ધીર ઝાડવાંઓમાં રોકાઈ ગયો. હવે તેને પોતાના દર્દનો અનુભવ મુશ્કેલીએ જ થતો હતો. તેનું દર્દ અંદર ક્યાંક ઊંડામાં દબાઈ ગયું હતું. તે પોતાની ગર્દન બહારની તરફ ખેંચી તથા માથાને જમીનની તરફ કરી કેટલાંક પાંદડાંઓ ઉપર સૂઈ ગયો. મૅગપાઈ પક્ષી તદ્દન નજીક હતું—બીમ એક વૃક્ષની ઉપરી શાખા પર તેને બેઠેલું જોઈ શકતો હતો. તે ભાગીને ચાલ્યો ગયો હોત પણ તે પક્ષી જે દિશામાંથી ભયના આવવાની ચેતવણી આપી રહ્યું હતું બીમને તે જ દિશામાં જવાનું હતું. તે તણાવની સ્થિતિમાં પણ દૃઢતાપૂર્વક રાહ જોઈ રહ્યો હતો અને શત્રુની સ્થિતિ વિષે આ સમયસરની ચેતવણી માટે તેનો આભારી હતો. ધન્યવાદ મૅગપાઈ! આ પક્ષીને, આ ઠાઠભર્યા અગ્રદૂતને, માત્ર ખૂનખાર જાનવર જ કોસે છે. પોતાની પૂંછમાં એક ટેલિગ્રાફ

સાથે જન્મેલું આ પક્ષી જંગલનાં સમસ્ત શાંતિપ્રિય રહેવાસીઓનું શારીરિક સહાયક છે. જો આ પક્ષી ન હોત તો તેઓ જંગલના જીવન સાથે સંબંધિત જાણકારીથી પૂર્ણપણે વંચિત થઈ જતાં.

માદા વરુ જંગલની વચ્ચે તે ખુલ્લીના કિનારે આવીને રોકાઈ ગઈ. તેનો એક પંજો વાંકો હતો (તેને કોઈ વખત કોઈ મનુષ્યએ ઘાયલ કરી હશે.) તે લંગડાતી લંગડાતી કેટલાંક ડગલાં બીજાં ચાલી. પોતાનું માથું સીધું બીમની તરફ કર્યું અને—છલાંગ મારી દીધી. પણ પોતાના વાંકા પગને કારણે નિશાને ચૂકી ગઈ. બીમ અંતિમ ક્ષણે ફરીને દૂર હટી ગયો. તે ખૂનખાર જાનવર આગળ વધ્યું અને પોતાનાં આગળ પગો પર એક પ્રકારે કુદકીને બીમ પર ઝપટ્યું. પણ બીમ તીરની જેમ ઓકવૃક્ષની પાછળ ગયો અને પોતાની પીઠ વડે પાછળની તરફ એક છિદ્રની ઉપસ્થિતિને અનુભવીને વૃક્ષના થડમાં બનેલી પેલી બખોલમાં ઘસતો અંદર તરફ પ્રવેશી ગયો—બિલકુલ તે જ સમયે માદા વરુએ ફરીથી હુમલો કર્યો. બીમે પોતાનાં દાંત આગળ કાઢયાં, ઘૂરક્યો અને ભસવા લાગ્યો—તે પોતાની જિંદગીમાં પહેલાં કદી નહોતો ભસ્યો તેવું ભસ્યો. તે શિકારી કૂતરાંઓનાં ઝુંડની સાથે ભાગતાં કૂતરાની જેમ, રીંછની બખોલ પર હસ્કી કૂતરાની જેમ વગર રોકાયે ભસતો રહ્યો. બીમનો અવાજ જંગલની આરપાર ગૂંજતો માત્ર એક જ શબ્દ કહી રહ્યો હતો, જો તેને કોઈ સમજી શકે તો: "સંકટ! સંકટ! સંકટ!" અને પોતાનાં પ્રતિધ્વનિઓ વડે તેના પોકારને આગળ વધાર્યો: "સંકટ! સંકટ!"

હે જંગલ, તને ધન્યવાદ!

આ આશંકાજનક સમાચાર એક મૅગપાઈ પક્ષીથી બીજા મૅગપાઈ પક્ષી મારફત ટેલિગ્રાફથી પણ વધારે ઝડપથી ફેલાયા: "કોઈ કોઈને ખાઈ રહ્યું છે. કોઈ કોઈને ખાઈ રહ્યું છે, કોઈ કોઈને..." પોતાની ચોકીમાં જંગલના વૉર્ડને એ અનુભવ્યું કે આવી ભાવાતુરતાથી કૂતરાનું ભસવું અને મૅગપાઈ પક્ષીઓનો અસાધારણ ગભરાટ એક અશુભ ચિહ્ન છે. તેણે પોતાની બંદૂક ઉઠાવી, તેમાં છરાં ભર્યાં અને જંગલના મધ્ય ભાગની તરફ નીકળી પડ્યો. તે નિ:શંક થઈને જંગલમાંથી જઈ રહ્યો હતો કારણ કે જંગલ તેના ઘર જેવું જ હતું અને જંગલનાં રહેવાસીઓ તેને ઓળખતાં હતાં. તે પોતે તેમનામાંથી

ઘણાંને જાણતો હતો; તે માદા વરુને પણ જાણતો હતો પણ તેણે કોઈ કારણવશાત્ તેને મારી નહોતી નાખી. હોઈ શકે છે કે પેલા યુવા શિકારીઓમાંથી કોઈ માદા વરુના પોતાના ક્ષેત્રમાં તેની સાથે ટકરાઈ ગયું હોય. હોઈ શકે છે કે તે બીકનાં મારે વૃક્ષ પર ચઢી ગયું હોય અને પોતાનાં કૂતરાંને માદા વરુનો કોળિયો બનવા માટે છોડી ગયું હોય. તેણે આમ વિચારતાં વિચારતાં પોતાની ઝડપ વધારી દીધી. ભસવાનો અવાજ દૂર રહી ગયો હતો. વરુઓની ઘાટીના ઠીક અંતમાં. પણ તે અચાનક રોકાઈ ગયો. "તે માર્યો ગયો!" વૉર્ડને મનમાં ને મનમાં જ વિચાર્યું અને પહેલાં કરતાં પણ વધારે સાવધાનીથી પરંતુ તે જ દિશામાં વધતો રહ્યો. આ વાત જરાપણ યોગ્ય નહોતી. તેણે ઝડપ કરવી જોઈતી હતી.

પણ ઓક વૃક્ષના એ પુરાતન વૃક્ષની પાસે શી ઘટના ઘટી હતી?

પેલી માદા વરુ "પીઢ ઘાક" હતી. તે વૃક્ષની બખોલ પાસેથી પાછળ હટી ગઈ હતી જેથી બીમ ભસવાનું બંધ કરી દે કારણ કે તે જાણતી હતી કે સામાન્ય રીતે કૂતરાંના ભસ્યા પછી એક બંદૂકધારી માણસ પ્રગટ થઈ જાય છે. અને બીમ એટલા માટે ચૂપ થઈ ગયો હતો કે હવે માદા વરુ તેની પર હુમલો કરી રહી નહોતી. પણ થોડી વાર પછી તે વધારે નજીક આવી અને સ્થિર નજરે બીમને ઘૂરતી બેસી ગઈ હતી. બે કૂતરાં નજરોથી નજરો મેળવીને એકબીજાંને ઘૂરી રહ્યાં હતાં, એક બીજાનો દૂર દૂરનો પૂર્વજ, તે જંગલી કૂતરો અને મનુષ્યનો દુશ્મન, અને બીજો ખૂબ જ સારો કેળવાયેલ કૂતરો જે મનુષ્યની દયા વગર જીવિત નથી રહી શકતો. વરુ બધાં જ લોકોને તિરસ્કાર કરતો હતો અને બીમ તે બધાંને પ્યાર કરતો બશર્તે કે તેઓ બધાં તેના પ્રતિ સહૃદયતાથી વર્તે; એક કૂતરો જે મનુષ્યનો દોસ્ત હતો અને બીજો જે મનુષ્યનો દુશ્મન હતો એક બીજાની આંખોમાં ઘૂરતાં ઊભાં હતાં.

માદા વરુ સમજી ગઈ હતી કે તે પેલી બખોલમાં નથી પહોંચી શકવાની જ્યાં બીમે શરણ લીધું હતું. પણ તે નજીક આવી અને તેણે પોતાના જડબાને ખુલ્લા ભાગની તરફ લંબાવ્યું, બીમ પાછળ હટ્યો અને તેણે પોતાનાં દાંત બહાર કાઢ્યાં પણ તે ભસ્યો નહીં, તે પોતાના એ કિલ્લામાં સુરક્ષિત હતો.

આ સ્થિતિ ક્યાં સુધી બનેલી રહેતી તે આપણે કદી નથી જાણી શકવાનાં. એકાએક તે માદા વરુએ હવામાં જોરથી શ્વાસ ખેંચ્યો, પેલા વૃક્ષથી એવી રીતે દબાઈને પાછળ હટી જાણે તેને કોઈ ભય હોય. તે સાવધાનીથી હળવાં ડગલાં ભરતી પેલા ઓક વૃક્ષની તરફ આગળ વધી જ્યાં બીમને બાંધવામાં આવ્યો હતો. તે એક પ્રકારે આતંકિત થઈને ચાલી રહી હતી, તેની લાંબા વાળવાળી પૂંછડી દબાઈને પગની વચ્ચે જઈ અકડાઈ ગઈ હતી.

બીમને શિકાર બનાવવાની પોતાની લાલચમાં તે આ જગ્યાને ઓળખવામાંથી ચૂકી ગઈ હતી કારણ કે રાતના વરસાદને કારણે ગંધો નાશ પામી ગઈ હતી. હવે જંગલમાં થોડી થોડી હવા પ્રસરવા લાગી ત્યારે માદા વરુને તેનો આભાસ થયો—વૃક્ષ સાથે બાંધેલ દોરડું અને માંસનો ટુકડો. તે જાણતી હતી કે આનો શો અર્થ છે: ત્યાં જરૂર કોઈ માણસ રહ્યું હશે! દોરડામાંથી માણસની, ગોળ વસ્તુમાથી લોખંડની ગંધ આવતી હતી અને પગનાં નિશાન પણ તેનાં જ હતાં. અને માંસ સ્પષ્ટપણે એક જાળ હતું. તેમાંથી જાળ તથા ફંદાની અને [illegible] દુર્ગંધ આવી રહી હતી. માદા વરુ એક પળ રોકાઈ, ઉછળીને બાજુ તરફ હટી અને ભાગી, એવી રીતે ભાગી જાણે કોઈ બહુ મોટા સંકટથી બચીને ભાગી રહી હોય. કોઈ પણ વરુ અસાવધાનીથી લગાવવામાં આવેલ આવા કોઈપણ જાળને જોઈને આવી જ રીતે ભાગશે જેની ગંધ અને ઉપસ્થિતિને યોગ્ય રીતે છુપાવવામાં ન આવી હોય તો.

જંગલની અંતિમ માદા વરુ, બહાદુર અને ગર્વિલી હોવા છતાં પણ બીમની પાસેથી ભાગી ગઈ.

...હા, પૃથ્વી પર માનવી જ માત્ર એવું પ્રાણી છે જેનાથી વરુ તિરસ્કાર કરે છે. સંસારમાં છેવટનાં વરુઓ આજે પૃથ્વી પર ચાલી રહ્યાં છે અને તું, તું માનવી, તેમનો, જંગલો અને મેદાનોની સફાઈ કરવાવાળાં પેલાં સ્વતંત્રતા પ્રેમી પ્રાણીઓનો સંહાર કરી રહ્યો છે, જેમનું પ્રાકૃતિક કાર્ય ગંદા, ઘૃણાજનક તથા હાનિકારક જંતુઓ, સડેલી ગળેલી લાશો અને રોગવ્યાધિઓથી પૃથ્વીને મુક્ત કરવાનું છે, એ જોવાનું છે કે માત્ર સ્વસ્થ સંતાનો જ જીવિત રહે. દુનિયામાં અંતિમ વરુઓ... તેઓ આ પૃથ્વી ઉપર હરે ફરે છે, ખંજવાળવાળી

લોંકડીઓને નષ્ટ કરવા અને આ પ્રકારનાં બીજાંને રોગ સંક્રમણથી બચાવવા માટે; તેઓ આ પૃથ્વી પર ચાલે છે, એકિનોકાકસથી ગ્રસ્ત અશક્ત સસલાંઓને જંગલો તથા મેદાનોમાં રોગ ફેલાવતાં તથા માંદલાં સંતાનો ઉત્પન્ન કરવાથી રોકવા માટે; તેઓ આ પૃથ્વી પર ચાલે છે એટલા માટે કે જેથી જે વર્ષોમાં તુલામેરિપાથી ગ્રસ્ત ઉંદરો અત્યધિક સંખ્યામાં સંતાનોત્પત્તિ કરે છે તે વર્ષોમાં તેમનો હજારોની સંખ્યામાં સમૂળગો નારાકરી નાંખી શકાય. પણ જે વરુ આજે આ પૃથ્વી પર હરી ફરી રહ્યાં છે તે દુનિયાનાં અંતિમ વરુ છે.

રાત્રે જ્યારે તેઓ હતાશા અને શોકાતુર સ્વરે હૂંક લગાવે છે ત્યારે કોઈ કારણવશ સંપૂર્ણ પડોશને માટે કરવામાં આવેલ તેમની આ ખુલ્લી અને પ્રત્યક્ષ ઘોષણા “હું છું! છું!” પર માનવીનું હૃદય કાપી ઊઠે છે. તેમ છતાં પણ મનુષ્ય જાણે છે કે વરુ કૂતરાના એક નાનાં બચ્ચાંને કદી હાનિ નહીં પહોંચાડે, એનાથી ઊલટું તે તેને પોતાનાં બચ્ચાંની જેમ સ્વીકારી લેશે, તે માણસના એક નાનાં બાળકને પણ હાનિ નહીં પહોંચાડે પણ તેને ઘસડીને પોતાની બોડમાં લઈ જશે અને તેને દૂધપીતાં વરુઓનાં બચ્ચાંની વચ્ચે ધકેલી દેશે. એવાં કેટલાંક બનાવો બન્યાં છે જ્યારે કોઈ વરુએ કોઈ માણસનાં બચ્ચાંને પાળીપોષીને વરુપુરુષના રૂપમાં વિકસાવ્યું છે! શિયાળ એવું ન કરી શકે. કૂતરાં પણ આવું નથી કરી શકતાં અને શું એક વરુ જે જિલ્લામાં રહે છે ત્યાંનાં ઘેટાંઓને અડે પણ છે? કદાપિ નહીં. પણ તેમ છતાંય તમે વરુથી બીઓ છો. આ પ્રમાણે ક્યારેક ક્યારેક વિવેકને આંધળો કરી દેનાર તિરસ્કાર (મનુષ્ય અને જાનવરો વચ્ચે ભેદ!) મનુષ્ય પર એવી રીતે હાવી થઈ જાય છે કે સારાંને હાનિકારક અને હાનિકારકને સારાં માનવાનું શરૂ કરવામાં આવે છે.

પણ દુનિયાનાં અંતિમ વરુઓ આજે પણ આ પૃથ્વી પર ચાલે છે.

તેમનામાંથી એક હમણાં હમણાં જ ભાગ્યું છે. બીમથી નહીં પણ મનુષ્યની ધૃણાસ્પદ અને ભયાનક ગંધથી. આપણે એ કદી નહીં જાણી શકીએ કે તે બંને અથડામણનું શું પરિણામ થાત અથવા તે ખોખલા પડી ગયેલા વૃક્ષમાં બીમનાં શરણસ્થળ સામે તે માદા વરુ ક્યાં સુધી બેસી રહેત. કદાચ તેઓ આપસમાં દોસ્તી કરી લેત (છેવટે તે એકલી

માદા વરુ હતી અને બીમ નર હતો.) આપણે તેની ચર્ચા કરવાની કોઈ જરૂર નથી જે બન્યું જ નથી, માત્ર પોતાને યાદ અપાવવા માટે જ તેની ચર્ચા થઈ શકે કે લોકોએ વરુઓનાં ઝુંડમાં એક કૂતરાંને ફરતા ઘણી વાર જોયો છે. પણ બીમ તે નિયતિથી બચી ગયો.

જ્યારે માદા વરુ ભાગી ગઈ ત્યારે બીમને તરત જ પોતાની ઘાયલ છાતીના દર્દનો અનુભવ થવા લાગ્યો. તેને એમ લાગવા લાગ્યું કે તેનું ગળું રૂંધાઈ રહ્યું હતું પણ તે બખોલમાંથી બહાર નીકળી આવ્યો અને શું થશે તેની ચિંતા કર્યા વગર ધબ કરતો જમીન પર પડી ગયો. પણ સારા થતા તથા ચાલવામાં સમર્થ થઈ ગયા પછી પણ તેણે તે માંસ ન ખાધું. તેને માત્ર એક જ કામ કરવાનું હતું: ચાલતાં રહેવાનું, જ્યાં સુધી શરીરમાં શક્તિ છે ત્યાં સુધી ચાલતાં રહેવું.

ત્યારે બીમ ફરીથી ચાલવા લાગ્યો. એક કિલોમીટર લાંબું ચઢાણ ચઢવામાં તેને ઘણો સમય લાગ્યો અને પ્રયત્ન પણ ઘણો કરવો પડયો. લગભગ અડધો રસ્તો ચઢતાં તેને માદા વરુની ગંધ મળી તો તેણે તેને પસાર ન કરવાનો ફેંસલો કર્યો (તે માદા વરુ તે રસ્તેથી આવી હતી), એટલા માટે તે કાંટાના એક ઘીચ ભાગની તરફ વળી ગયો અને એક વરુ સાથે જઈ અથડાયો—તે તેની સામે પડયું હતું અને મરી ચૂક્યું હતું. આ તે જ હતું જે ઘાતક રૂપે ઘાયલ થયા પછી શિકારીઓના ઘેરામાંથી ભાગી નીકળ્યું હતું અને જેની ફરતે આંટો લગાવતાં તે માદા વરુએ પોતાની ધૃણા તથા શોક કરવા માટે ચીત્કાર કર્યો હતો જેથી મનુષ્ય સાંભળે અને ભયથી થરથર કાંપે. એક મરેલો વરુ. તેનાં વાળ ગુચ્છામાં આમતેમ વિખરાયેલાં હતાં. તે જાનવરનાં કેટલાંક ભાગ માત્ર જ શેષ રહી ગયાં હતાં. પણ તેનાં નખ બહુ લાંબાં તથા સાફ હતાં અને આનાથી તેનું ભયંકરપાણું વધી ગયું હતું. બીમે જોયું કે વરુનાં નખ મર્યા પછી પણ જેમનાં તેમ રહે છે અને ભય પેદા કરી શકે છે.

બીમ ફરી તે રસ્તે ગયો જ્યાં તે પહેલાં ચાલી રહ્યો હતો પણ તે એ જગ્યાઓથી હટીને ચાલ્યો જ્યાં માદા વરુનાં પદ્‌ચિહનો હતાં. તે શક્ય તેટલી ઝડપથી ચાલતો ગયો.

છેવટે તે ઘાટીના ઉપરી ભાગ પર પહોંચ્યો. ત્યાં તે એક દિવસ

પહેલાં જ્યાં મોટર હતી ત્યાં રોકાયો, ચારે બાજુ જોયું અને બરાબર એ જ દિશા તરફ ચાલવા લાગ્યો જ્યાં તેને જવાનું હતું—પોતાના ઘેર. તે એક વાર ફરી થાકીને ચૂર થયો અને તેને ઘસના ઢગલાં પર કે પછી ચીડ વૃક્ષની થડની બખોલમાં ફરીથી સૂવું પડયું; તેણે થોડી બુટ્ટિઓ ફરી શોધી અને ખાધી.

આ પ્રમાણે એ દૂબળો પાતળો લંગડો કૂતરો મુખ્ય રસ્તાને કિનારે શ્વાન ચાલે ચાલતો જઈ રહ્યો હતો. આગળ, હંમેશાં આગળ તરફ, તે બારણા તરફ, જ્યાં સહૃદયતા હતી, જ્યાં તે સૂશે અને રાહ જોશે, પોતાના માલિકની રાહ જોશે, વિશ્વાસ અને સાધારણ માનવીય સ્નેહની રાહ જોશે.

...પણ તોલિકનું શું થયું? પેલી સવારે જ્યારે તે જાગ્યો ત્યારે તેના શા હાલ થયાં?

તે બીમને જોવા માટે દોડયો ત્યારે રાતનાં કપડામાં જ બહાર નીકળી આવ્યો. "મમ્મી! બીમ ક્યાં છે? ક્યાં!!!"

મમ્મીએ તેને આશ્વસ્ત કર્યો: "બીમ બહાર જવા ઈચ્છતો હતો, એટલા માટે પાપાએ તેને બહાર જવા દીધો અને તે પાછો ન આવ્યો. તે ભાગી ગયો છે. પાપાએ તેને ઘણી વાર સુધી બૂમો પાડી પણ તે ચાલ્યો ગયો હતો."

"પાપા!" તોલિકની આંખોનાં આંસુ ઊભરાઈ આવ્યાં. "આ સાચું નથી. આ સાચું ન હોઈ શકે!" તે જેવો હતો એ જ અવસ્થામાં પોતાનાં માત્ર સૂવાનાં કપડામાં જ ખાટલા પર પડયો અને વાસ્તવમાં આવું નહોતું બન્યું એ આશા સાથે અભ્યર્થના કરતો તિરસ્કારના સ્વરમાં બરાડયો: "આ સાચું નથી!"

સેમ્યોન પેત્રોવિચે તેને દિલાસો આપવાનું બીડું ઝડપ્યું:

"તે પાછો આવશે... અને જો તે નહીં આવે તો આપણે જાતે જઈશું અને તેને શોધીને ઘેર લાવીશું. કૂતરો તો કૂતરો જ હોય છે. તેને શોધવો કોઈ મુશ્કેલ કામ થોડું છે."

તોલિકે રડવાનું બંધ કરી દીધું અને શૂન્ય દૃષ્ટિએ દીવાલની તરફ તાક્યું. પછી તેણે પોતાનાં માતાપિતા તરફ નજર નાખી અને પોતાનાં આંસુ લૂછતાં દૃઢતાપૂર્વક કહ્યું.

"ભલેને ગમે તે થાય હું તેને શોધી કાઢીશ."

તેણે આ શબ્દ એટલા આત્મવિશ્વાસપૂર્વક કહ્યા કે તેની મા અને પિતાએ એકબીજા તરફ આશંકિત નજરે જોયું: "છોકરાંનાં પોતાનાં જ સ્વતંત્ર ઈરાદાઓ છે."

તે દિવસથી તોલિક પોતાના ઘર અને સ્કૂલમાં ચૂપ રહેતો અને પોતાના કુટુંબ પ્રત્યે તેણે સંયમિત અને સતર્કતાનું વલણ અપનાવી લીધું.

તે બીમની શોધ કરી રહ્યો હતો. એક ભાગ્યશાળી, સુસંસ્કૃત કુટુંબનો એક સાફસુથરો નાનકડો બાળ ઘણીવાર નગરમાં આમતેમ ફરતો અને આવતાં જતાં લોકોને, જેમને તે વિશુદ્ધ રૂપે બાહ્યાકૃતિ અનુસાર છાંટતો હતો, તેમને રોકતો તથા એ પૂછતો દેખાતો હતો:

"માફ કરશો, શું કોઈ એવો સફેદ કૂતરો જોયો છે જેનો એક કાન કાળો છે?"

પ્રકરણ ચૌદમું

તેના પોતાના બારણાનો રસ્તો. ત્રણ ચાલ

શહેર પહોંચતા સુધીમાં તો તેના પગ બહેર મારી ગયા હતા. ભૂખને માર્યે તેના હાલ બૂરા હતા. મુખ્ય રસ્તા પર ખાવા માટે હતું પણ શું? કોઈએ ફેંકેલા તડબૂચનાં છોતરાં સિવાય કદાચ કંઈ પણ નહીં. પણ તે ભોજન નહોતું. બીમ જેવા કૂતરાને માંસ, સારું ખાવાનું, ખાવાના ટેબલ પરથી (જો કોઈ ટેબલ પર ખાવાનું ચાલી રહ્યું હોય તો) વધેલાં શાકનાં સૂપ જેમાં રોટી પડી હોય, તેની જરૂર હોય છે. ટૂંકમાં તેને અધિકાંશ લોકો જે ખાય છે તેની જરૂર હોય છે. પણ બીમ લગભગ બે અઠવાડિયાથી ભૂખમરાના ખોરાક પર જીવી હતો અને છાતીના એ ઘા સાથે જીવી રહ્યો હતો જે પેલી હલકટતાભરી લાતથી તેને વાગ્યો હતો. આનો અર્થ હતો ઘૂંટી-ઘૂંટીને

ને મરતો. જો આપણે આમાં એ તથ્ય પણ વધારામાં ઊમેરી દઈએ કે પેલા માદા વરુની સાથેના પોતાના સંઘર્ષ વખતે તેનો પેલો પગ ફરીથી ઘાયલ થઈ ગયો હતો જે રેલના પાટામાં ફસાયો હતો અને તે ફરીથી પોતાના ત્રણ પગો પર ડગમગતો ચાલી રહ્યો હતો, તો આપણે એ કલ્પના કરી શકીએ છીએ કે જ્યારે બીમ પોતાના નગરમાં પ્રવેશ્યો ત્યારે કેવો દયનીય દેખાતો હશે.

પણ આ દુનિયામાં કેટલાંક દયાળુ લોકો પણ મોજૂદ છે. નગરના બાહ્ય ભાગમાં તે એક બારણું તથા એક બારીવાળી ઝૂંપડી પાસે રોકાઈ ગયો. તે ઝૂંપડી ઈંટો, કૉંક્રીટનાં ખંડો, પાટિયાં, લોખંડનાં ચકરો, પાઈપો વગેરેનાં વિશાળ ઢગલાંથી ઘેરાયેલી હતી અને બીજી બાજુ એક વિશાળ અડધી ચણાયેલી નવી ઈમારત ઊભી હતી. તેમાં હજી બારીઓ, બારણાં કે છત કંઈ જ લાગેલાં નહોતાં. હવા તે બારીઓનાં ચોકઠાંઓમાંથી થઈને પસાર થઈ ઈંટોનાં ઢગલા પર ફૂંફાડો મારતી, પાટિયાંનાં ઢગલાં પર કોઈ રાગ આલાપતી અને ટાવર ક્રેઈનના ઉપરનાં ભાગમાંથી હુંકારતી નીકળી જતી—દરેક જગ્યાએ તેનો અવાજ ભિન્ન હતો. બીમને માટે આ દૃશ્યમાં સામાન્યથી ભિન્ન કંઈ જ નહોતું. (તેઓ કંઈક ને કંઈક ક્યાંક ને ક્યાંક હંમેશાં બનાવતાં રહેતાં હતાં) અને ઈમાનદારીની વાત એ છે કે રઝળપટ્ટીના પોતાના દિવસોમાં તે આ નિર્માતાઓ પાસે ઘણી વાર થોડું ઘણું ખાવાનું માંગી ચૂક્યો હતો. છોકરાં તેની ભાષા સમજી ગયાં. અને તેમણે તેને કંઈને કંઈ આપ્યું. બપોરના ખાવાના ટાંકણે એક મજાકિયાએ તો માંસના એક ટિનમાં ચમચીભરી વોદ્કા નાંખીને બીમની સામે કહ્યું.

"ચાલ, પી લે કૂતરાં, પી લે તે લોકોના સ્વાસ્થ્ય માટે જેઓ અહીં કદી ચોરી નથી કરતાં."

બીમને ખોટું લાગી ગયું અને તેણે પોતાનું મોં ફેરવી લીધું.

"સમજદાર કૂતરો છે!" મજાકિયો બોલ્યો. "અહીં કોઈ એવું નથી જેના માટે તું પી શકે, કેમ ખરું ને, છે કોઈ? પાકી વાત છે, કોઈ નથી."

બીજાં લોકો પણ તેના હસ્યમાં જોડાઈ ગયાં અને તેઓ એ મજાકિયાને શૂરિક કહીને બોલાવતાં રહ્યાં. પણ શૂરિકે સોસેજનો, કોઈ

કચરા પેટીનો નહીં પણ અસલ દૂકાનના સોસેજનો ટૂકડો કાપ્યો અને તે બીમની સામે મૂક્યો.

"કાળા કાન, આ સાચું બોલવા માટેનો પુરસ્કાર છે."

અને ગંદા કામ કરવા માટેનાં કપડાં પહેરેલાં તેમનાં સાથીઓ ફરીથી હસ્યા, ત્યારે શૂરિકે એક વાત કહી જે દેખીતી રીતે એ ઉપહાસનું સારતત્ત્વ હતું:

"તું સમજ્યો પ્યારે, ગઈકાલે રાત્રે પાટિયાનું વજન બીજું એક ત્ર્યાંશ ઘટી ગયું—સંકોચાવાને કારણે."

ફરીથી હાસ્યનો ફૂવારો છૂટયો પણ મજાકિયો પોતે ગંભીર મુખમુદ્રા બનાવી બેઠો રહ્યો.

બીમે શૂરિકની વાતોને પોતાની રીતે સમજી. પહેલી વાત વોદ્કા કૂતરાંઓને માટે ખરાબ વસ્તુ છે અને જો તમે તેને નહીં પીવો તો તેઓ તમને કેટલાંક સોસેજ આપશે. બીજી વાત, ઈંટો અને સીમેંટની ગંધવાળાં આ બધાં છોકરાં સારાં લોકો છે બીમને એવું લાગ્યું કે શૂરિક આખો વખત જ વાત કહ્યે જઈ રહ્યો હતો.

આ વાતને યાદ કરીને તથા અતીતની ગંધોની સ્મૃતિથી નિર્દેશિત થઈને બીમ જે હવે થકાવટની ચરમ સીમા પર હતો તે પેલાં નાનકડાં મકાન, ચોકીદારની ઝૂંપડીના બારણા પાસે જ લથડી પડયો.

વહેલી સવારનો સમય હતો. આસપાસ હવા સિવાય કોઈ બીજું નહોતું. થોડી વાર પછી ઝૂંપડીની અંદર કોઈ ખાંસ્યું અને પોતાની જાત સાથે વાતો કરવા લાગ્યું. બીમ ઊઠયો અને એક વાર ફરી સ્મૃતિથી નિર્દેશિત થઈ બારણાને ખોતરવા લાગ્યો. બેશક તે ખુલ્યું, ઠીક તેવી જ રીતે જેવી રીતે બારણાં હંમેશાં ખુલ્યાં કરતાં હતાં. એક દાઢીવાળા માણસે બારણું ખોલ્યું, તેની કાનવાળી ટોપીના એક કાન નીચે તરફ ઝૂકેલો હતો અને બીજો કાન ઉપર ચઢેલો હતા અને તેના લાંબા ઘેટાંના ચામડાના કોટ ઉપર એક બાંય પગરનું અંગરખો કસીને લપેટેલો હતો; તેની આકૃતિ એવી હતી જે બીમને વિશ્વાસની પ્રેરણા આપતી હતી.

"અરે વાહ, અમારા ઘેર અતિથિ આવ્યો છે, અતિથિ. ગરીબ બેઘર, તારી દશા નિશ્ચિતપણે ખરાબ લાગે છે, સારી વાત છે, જો ઈચ્છતો હોય તો અંદર આવી જા."

બીમ ઝૂંપડીમાં ઘૂસ્યો અને દાદરાની અંદરની તરફ આવીને નીચે પડી ગયો. તે ચોકીદારે પાઉંરોટીનો ટૂકડો કાપ્યો. તેને નરમ બનાવવા માટે પાણીમાં નાખ્યો અને નીચે બીમની સામે મૂક્યો. બીમે કૃતજ્ઞતાપૂર્વક તે ખાધો. પછી પોતાના પંજામાં માથું રાખીને ઉપર પેલાં વૃદ્ધની તરફ નિહાળ્યું.

અને પછી તેમણે જિંદગી વિષે વાતચીત શરૂ કરી.

"કાળા કાન, હું સ્પષ્ટપણે જોઈ શકું છું કે તું એક ખરાબમાં ખરાબ જિંદગી વિતાવી રહ્યો છે... દુઃખ શું છે?" તેણે પહેલાં આ પૂછ્યું. "આવાસ વિભાગની પ્રતીક્ષાસૂચીમાં શું હજી તારો વારો નથી આવ્યો? મારા પણ એ જ હાલ છે પ્યારે. વારા આવે છે અને ચાલ્યા જાય છે પણ મિખેઈ જ્યાં હતો ત્યાં જ રહી જાય છે. જરા જો, તેમણે કેટલી મોટી સંખ્યામાં મકાન બનાવ્યાં છે પણ તેમ છતાં તેઓ મને આ નાનકડી ઝૂંપડીમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડતાં રહે છે—માની લે કે તું અત્યારે ભાગીને ચાલ્યો જાય છે પછી મને એક ચિઠ્ઠી લખવાનો પ્રયત્ન કરે છે. તું લખી જ નહી શકે, લખી શકશે શું? ચાર કે તેનાથી પણ વધારે વર્ષોથી મારું કોઈ ઠામઠેકાણું કે સરનામું જ નથી, માત્ર 'મિખેઈ, એસ એમ ઉ-૧૨!' બસ આટલું જ. આ મજાક નથી, ખુલ્લું અપમાન છે. ખાવાનું પીવાનું સાચી વાત છે ખૂબ છે, જેટલું ઈચ્છો તેટલું છે, પેટ ફાટી જાય ત્યાં સુધી ખાધે રાખો, જૂતાં અને કપડાં તેનું પણ એવું જ છે, એક ટાઈ બાંધી લો અને એક શહેરીની ટોપી જો ઈચ્છો તો પહેરી લો; પણ તેમ છતાં મારી પાસે રહેવા માટે યોગ્ય જગ્યા હજી પણ નથી, સમજ્યો! અને કોઈ, કોઈ આ બાબતમાં કંઈ પણ નથી કરી શકતું. આ હંમેશાં અસ્થાઈ મુશ્કેલીઓ હોય છે!.. હા, મારું નામ મિખેઈ છે. હું મિખેઈ છું." તેણે પોતાની છાતી તરફ ઈશારો કર્યો અને પોતાની બોટલમાંથી એક ચુસકી ભરી (તે પોતાના ભાષણ પછી એમ જ કરતો હતો).

બીમ મિખેઈના સ્વગત ભાષણને પોતાની રીતે બહુ સારી રીતે સમજ્યો એટલે કે એ માણસની બાહ્યાકૃતિથી, તેના સ્વરોમાં ઊતારચઢાવથી, તેની સહૃદયતા અને સરળ રીતભાતથી: મિખેઈ એક સારો માણસ હતો અને આટલું સમજ્યા પછી બીમને ઝોકું આવી ગયું અને તેણે બાકીના વાર્તાલાપને એક કાને સાંભળી બીજા કાને નીકળી જવા દીધો. પણ પોતાના સાથી પ્રત્યે સન્માનના કારણે તે થોડી થોડી વારે પોતાની આંખો હજી પણ જેમ તેમ કરીને ખોલી જ લેતો હતો.

અને મિખેઈ પોતાના એ જ સૂરમાં બોલતો ગયો:

"અને આ લો, તને ઊંઘ આવી ગઈ અને આવી ગઈ તો બસ પૂરી આવી જ ગઈ. પણ મને સૂવાની મનાઈ છે. નિરીક્ષક અચાનક તપાસ માટે આવી શકે છે: 'મિખેઈ ક્યાં છે? અહીં નથી. છુટ્ટી કરો એની.' અને આ બકવાસ નથી, સાચેસાચ એવું જ છે. જો તમે પોતાના ઠેકાણે નથી કે પછી સૂઈ ગયા હોય ત્યારે તે તરત જ આવી પૂછે છે: 'ક્યાં છે મિખેઈ? અહીં નથી. છુટ્ટી કરો એની!' અને બસ વાત ખલાસ."

અને બસ, બીમ પોતાનાં ઝોકાંઓની વચ્ચે એટલું જ સમજી શક્યો: "મિખેઈ... મિખેઈ... મિખેઈ અને બસ એટલું જ."

મિખેઈએ બોતલમાંથી બે ચાર ચુસકીઓ ભરી પોતાની મૂછો લૂછી, રોટીના એક ટૂકડા ઉપર મીઠું લગાવ્યું, તેને સૂંઘ્યો અને ખાવા લાગ્યો પણ બીમ સાથે તેનું બોલવાનું ચાલું હતું.

"કાળા કાન, હું જે તને કહી રહ્યો છું તે આ છે. પોતાના દિલની વાત કૂતરાને કહી દેવી વધારે સારી છે. કોઈ તર્કવિતર્ક જ નહીં. કૂતરાં તમારી વાત કોઈને કહેશે નહીં અને તમારા મનનો ભાર ઊતરી જશે... આ હું છું, મિખેઈ એક ચોકીદાર. મારી પાસે ધ્યાન આપ, એક બંદૂક છે પણ જો ચોરી કરવાવાળા ઘૂસણખોરો એકથી વધારે હોય તો તમે શું કરશો? તેમના ટોળાની સામે મિખેઈ શું કરી શકે છે? કંઈ પણ નહીં. બસ આખો મામલો ખલાસ... લોકો કહે છે કાયદો છે. જો તમે કોઈને પકડી લો ને તે હરામી પાંચ સાલની સજા ભોગવશે, હેં!! પણ સવાલ એ છે કે તમારે તેને પકડવો પડશે અને તમે પકડો તો કેવી રીતે? દાખલા તરીકે તમે એક કૂતરો છો. જો હું થેલામાં વીસ સસલાં લઉં અને એ બધાંને એક સાથે છોડી દઉં અને તને કહું કે તેમને પકડ, તેઓ ચારે દિશાઓનાં આમ તેમ ભાગી જશે. સંભવ છે કે તું એકને દબોચી લે. પણ બીજાનું શું થશે? તેઓ તો એકદમ ભાગી નીકળશે!" મિખેઈ એવા સંક્રામક ઢંગે

હસ્યો કે બીમે પોતાનું માથું ઊઠવીને જોયું અને એવું અનુભવ્યું કે તેણે પોતે પણ હસવું જોઈએ.

બારણું ખુલ્યું. એક બીજો માણસ જે પોતે પણ ચોકીદાર હતો અંદર આવ્યો અને બોલ્યો: "ફરજ બદલ આવી ગયો છે મિખાઈ, તારી રજા."

મિખેઈ પોતાના સૂવાનાં પાટિયા પર ચઢ્યો અને તરત સૂઈ ગયો. પણ તેનો "બદલ" મિખેઈની જગ્યા પર બેસી ગયો. થોડી વાર બેસી રહ્યા પછી તેની નજર બીમ પર પડી.

"આ ધુવડ અહીં શું કરી રહ્યું છે?" તેણે બીમને પૂછ્યું. જાહેર હતું કે તે બીમની મોટી મોટી આંખોથી પ્રભાવિત થઈ ગયો હતો.

શિષ્ટતાપૂર્વક બીમ ઊઠીને બેસી ગયો અને તેણે પરિક્લાંત રીતે પોતાની પૂંછડી હલાવી ("હું માંદો છું અને હું મારા માલિકની શોધ કરી રહ્યો છું"). પણ મિખેઈનો "બદલ" વાત સમજ્યો નહીં. ઘણાં બધાં લોકોની જેમ તે પણ શ્વાનભાષા સમજતો નહોતો. તેથી જવાબ આપવાને બદલે તેણે બારણું ખોલ્યું અને પોતાના પગ વડે બીમને ધક્કો માર્યો.

"ગંદા ધૃણાસ્પદ પ્રાણી, અબઘડી ભાગ અહીંથી."

બીમ એ દૃઢ ધારણ લઈને ચાલ્યો ગયો કે "બદલ" ખરાબ માણસ છે. પણ તે દૂર સુધી ન જઈ શક્યો. મિખેઈએ તેને જે ટૂકડાં ખવડાવ્યાં હતાં તેનાથી તે કોઈ કારણવશ પોતાને વધારે અશક્ત અનુભવવા લાગ્યો હતો અને તેને ખરેખર ચાલતાં ચાલતાં જ ઊંઘ આવવા લાગી હતી. ઊંઘની સાથે સંઘર્ષ કરતો તે પેલા અર્ધ નિર્મિત ઘરમાં જઈ પહોંચ્યો અને લાકડાનાં છોડિયાંના એક ઢગલા પર થઈ ચઢ્યો જેમાંથી ચીડ વૃક્ષના જેવી ગંધ આવી રહી હતી.

તેની ઊંઘમાં આખો દિવસ કોઈ ખલેલ ન પડી. સાંજનાં ઝાંખા પ્રકાશમાં તેણે પહેલાં માળની શોધ તપાસ કરી તો તેને બારી પર અડધી પાઉંરોટી મળી ગઈ. તેણે તેનો લગભગ અડધો ભાગ ખાઈ લીધો. (જ્યાં સુધી તેનું પેટ ન ભરાયું) અને બાકીના ભાગને ઘરની બહાર લાવીને એક વાયાનાં ખાડા નજીક પોચી જમીનમાં દબાવી દીધો. તેણે આ કામ સારી રીતે અને સ્વીકૃત વિધિપૂર્વક પૂરું કર્યું. થાકેલો હોવા છતાં પણ તેને શ્વાનનિયમનું પાલન કરવાનું હતું,

"જરૂરના સમય માટે જમીનમાં દાટીને રાખો." હવે તેણે અનુભવ્યું કે તે પોતાની યાત્રા ચાલુ રાખી શકે છે અને પોતે જાતે પોતાના ઘરના બારણા તરફ નીકળી પડયો.

ઘરના બારણાને, તે બારણાને જેને તે પોતાના જીવનના પ્રારંભિક દિવસોથી જાણતો હતો, જે દરવાજાની પેલે પાર વિશ્વાસ તથા સરળ પવિત્ર સત્ય, કરુણા, મૈત્રી અને સહાનુભૂતિ એટલાં સહજ સ્વાભાવિક હતાં કે આ કલ્પનાઓની ફરીથી વ્યાખ્યા કરવાની કોઈ આવશ્યકતા નથી. અને છેવટે બીમ આ બધાં પ્રત્યે આટલો સજાગ કેમ હોય? કારણ કે પહેલાં, તો એ કે કૂતરાની જાતિનું પ્રાણી હોવાને કારણે તે માનવીય વિવેકની અગમ્ય ઊંચાઈઓ સુધી પહોંચી જ નહોતો શકતો અને બીજું, જો તે એનો પ્રયત્ન કરતો તો પણ તે માત્ર એટલા માટે નષ્ટ થઈ જતો કે લોકો તેના નિશ્છલ ખરાપણાને અસાધારણ જ નહીં પણ એક અપરાધપૂર્ણ વસ્તુ માનતાં. કારણ કે બીમ જે દુષ્ટ બદમાશનો પડદો ઊઘાડો પાડતો તેને અવશ્ય કરડતો, કોઈપણ કાયર અને જૂઠી વ્યક્તિને જરા પણ ખચકાટ વિના કરડી લેતો તથા કોઈપણ નોકરશાહી વગેરેનો તે ચાવી ચાવીને ટુકડાં કરી નાંખતો—તે પોતાના કર્તવ્યનું પાલન કરતાં તે બધાંને જાણીબૂઝીને કરડતો, નહીં કે એવી રીતે જેવી રીતે પેલા સિલેટિયા માણસને માથા પર ચોટ મારવાની નિર્દયતાભરી ઉત્તેજનાત્મક હરકત પછી, કરડયો હતો. ના, જે બારણા તરફ બીમ આગળ વધી રહ્યો હતો તે તેના અસ્તિત્વનું એક અંગ હતું, તે તેનું જીવન હતું. બસ દુનિયામાં એવો કોઈપણ કૂતરો નથી જે પોતાની નિષ્ઠાને સાધારણથી ભિન્ન માનતો હોય. એ લોકો છે જે સમજે છે કે કૂતરામાં અંતર્નિહિત આ ભાવનાને વીરતાનું કાર્ય માનવું જોઈએ. તેઓ આમ માત્ર એટલા માટે વિચારે છે કે તેમનાંમાંથી બધાં પોતાનાં દોસ્તો પ્રત્યે પૂરતાં વફાદાર અને કર્તવ્ય પ્રત્યે એટલાં નિષ્ઠાવાન નથી હોતાં કે વફાદારી જીવનનું મૂળ, અસ્તિત્વનો સ્વાભાવિક આધાર તથા શરત બની જાય.

બીમ જે બારણા તરફ જઈ રહ્યો હતો તે તેના દોસ્તનું બારણું હતું એટલા માટે બીમનું પણ હતું. તે વિશ્વાસ અને જીવનના બારણા તરફ આગળ વધી રહ્યો હતો. બીમ ત્યાં સુધી એટલા માટે પહોંચવા ઈચ્છતો હતો કે કાં તે ત્યાં પોતાના દોસ્તના આવવા સુધી રાહ જુએ

અથવા તો રાહ જોતાં જોતાં મરણને શરણ થઈ જાય, હવે બીમમાં શહેરની અંદર શોધવાની તાકાત બચી નહોતી. તે માત્ર રોકાઈ રહી શકતો હતો. માત્ર રાહ જોઈ શકતો હતો.

પણ જો અંતમાં બીમ તે રાત્રે ઘેર ન પહોંચ્યો તેમાં આપણે શું કરી શકીએ?

મુખ્ય વાત એ હતી કે તેને પેલા સિલેટિયા માણસના જિલ્લાથી ઘણે દૂર હટીને જવાનું હતું અને એવું કરવા માટે તેની પાસે તોલિકના ઘર પાસે થઈને જવા સિવાય બીજો કોઈ ચારો નહોતો. એ જ બન્યું. બીમે જોયું કે તે પોતાના કિશોર દોસ્તના ફાટક પર છે અને તે તેની સામેથી જાણે કોઈ અજાણ્યાનું ફાટક હોય એવી રીતે નહોતો જઈ શકતો. તે ઈંટોની ઊંચી દીવાલ પાસે પોતાના માથાને એક તરફ વાળી સૂઈ ગયો; ત્યાંથી પસાર થનાર કોઈપણ વ્યક્તિએ એ જ વિચાર્યું હશે કે તે કાં તો કોઈ ઘવાયેલ અથવા તો મૃતપ્રાય કે પછી કોઈ મરેલો કૂતરો છે.

ના, બીમ તે ઘરના બારણે નહીં જાય. તે દર્દ અને પોતાની વ્યગ્રતાને ઓછી કરવા માટે દીવાલની પાસે માત્ર આરામ કરશે. પછી ઘર તરફ જશે. કદાચ... તોલિક પોતે આવી જાય... જ્યારે આમાં તર્કનો સમાવેશ થયો જ નથી તો આપણે બીમ પર તર્કશૂન્યતાનો દોષ કેવી રીતે લગાવી શકીએ છીએ? તે કોઈપણ તર્ક વિના પોતાની શોકાકુળ સ્થિતિમાં માત્ર પડયો જ રહ્યો.

તે એક અંધારી સાંજ હતી.

એક મોટર આવીને રોકાઈ. તેની આંખોને આંજી દેનારી આંખોએ દીવાલના એક ભાગને અંધકારમાંથી બહાર કાઢ્યો અને પછી આખી દીવાલને સ્પર્શ કરતી સીધી બીમને ઘૂરતી રોકાઈ ગઈ. બીમે પોતાનું માથું ઊંચું કર્યું અને લગભગ મીંચેલી આંખો વડે તેની તરફ જોયું. મોટરે થોડો ઘરઘરાટ કર્યો પછી કોઈ બહાર નીકળ્યું. મોટરમાંથી નીકળતાં ધૂમાડાએ તે માણસની ગંધને દબાવી દીધી હતી, પણ જ્યારે તે પ્રકાશમાં આવ્યો ત્યારે બીમ ઊઠીને બેસી ગયો. તે સેમ્યોન પેત્રોવિચ હતો. તે થોડો નજીક આવ્યો અને તેણે ખાતરી કરતાં ધ્યાનથી જોઈ લીધું કે તે સાચેસાચ બીમ જ છે, પછી બોલ્યો:

"તો તું બચી ગયો. અરે ધિક્કાર છે મારી જાત પર!"

મોટરમાંથી એક બીજો માણસ બહાર નીકળ્યો (તે જ જે તોફાનની રાત્રે બીમને માદા વરુની પાસે મોટર ચલાવીને લઈ ગયો હતો), તેણે કૂતરાની તરફ જોયું અને સહજ સદ્‌ભાવપૂર્વક બોલ્યો:

"આ ચાલાક છે, તેને કોઈ નુકસાન નથી થઈ શકવાનું."

સેમ્યોન પેત્રોવિચ પોતાની પેટી ઉતારતાં બીમની તરફ વધ્યો.

"બીમ, બેટા... સારા કૂતરા બીમ... આવ મારી પાસે..."

અરે ના! હવે બીમને તેની પર રત્તીભર વિશ્વાસ નહોતો રહી ગયો. સંભવ છે કે સેમ્યોન પેત્રોવિચે પોતાના પુત્રની મનઃસ્થિતિ સમજી લીધી હોય અને તે તેને કૂતરો પાછો અપાવવા ઈચ્છતો હોય, પણ બીમે તેને મોકો ન આપ્યો. તે સેમ્યોન પેત્રોવિચને જોઈને માત્ર પાછળ ન હટયો પણ ભાગ્યો—સીધો પેલી પ્રકાશિત દીવાલના કિનારે. તેનામાં આ દોડ માટે તાકાત ક્યાંથી આવી?!

સેમ્યોન પેત્રોવિચ તેની પાછળ દોડયો, બીજો માણસ તેનો રસ્તો રોકવા માટે લપક્યો. બીમ પ્રકાશથી અંધકાર તરફ તીરની જેમ ભાગી નીકળ્યો અને એક ઊંડા ખાડામાં જઈ લપસ્યો તથા પગપાળા ચાલની ઝડપે ચાલ્યો—પણ તે દિશામાં નહીં જ્યાં તે પ્રકાશમાં ભાગી રહ્યો હતો; તે ઊલ્ટી દિશામાં પાછો ફરી ગયો હતો.

બીમના પૂર્વજોએ ખતરાની ક્ષણોમાં પોતાની બુદ્ધિમાની એક વાર ફરી ઉદ્‌ઘાટિત કરી હતી: જે દિશામાં ભાગવું પડે તેમ હોય તેનાથી ઊલટી દિશામાં વળીને ભાગો! સસલાં, લોંકડીઓ, વરુઓ તથા બીજાં જાનવરો પણ પીછો કરતાં આ જ ચાલ ચાલો છે. લોંકડીઓ અને વરુઓ પોતાનાં જ પગલાં ઉપર એટલી કુશળતાપૂર્વક પાછાં ફરી આવે છે કે બાહોશ શિકારી પણ પાછળથી જ જાણી શકે છે કે તે કેવો ધોખો ખાઈ ગયો હતો. તે પંજાનાં નિશાનો વડે કહી શકશે; અને ચાલ નંબર બે છે, એક વક્રાકાર પાંતમાં વળવું (ડાબી બાજુ ભાગો અને જમણી બાજુથી વળો) અથવા હાથતાળી દઈને જગ્યા બદલો (વળ્યાં પછી એક વાજુ છલાંગ લગાવી દો); અને ચાલ નંબર ત્રણ છે લપાઈને સંતાવું: જ્યારે તમે વળીને પાછા આવી ગયાં છો તો કોઈ ગીચ ઝાડીઓમાં લપાઈ જાઓ અને સાંભળો (જો તેઓ ચાલ્યાં ગયાં હોય તો જ્યાં છો ત્યાં જ રહ્યો, જો તેઓ તમારી તરફ આવી

રહ્યાં હોય તો ફરીથી ભાગવાનું શરૂ કરો). અસલી શિકારી જાનવરોની આ ત્રણ ચાલો જાણે છે પણ સેમ્યોન પેત્રોવિચ કદાપિ શિકારી નહોતો રહ્યો; જોકે તેણે બંદૂકનો ઉપયોગ કર્યો હતો અને શિકારના મોસમના પ્રારંભમાં હંમેશાં મોટર લઈને જતો પણ હતો.

તો હવે તે ટોર્ચના પ્રકાશમાં એક તરફ દોડયો અને નાળાની આડમાં સંતાયો બીમ બીજી બાજુ.

પણ થોડી જ વારમાં નાળાનો અંતિમ ભાગ આવી ગયો; હવે બીમ એક ઊભી દીવાલની સામે હતો અને તે દીવાલના કિનારે એક એસ્કેવટેરનો યાંત્રિક ડોયો લટકેલો હતો. આ કોઈ જાળમાં ફસાવાથી ઓછું ખરાબ નહોતું. તે તેમાં લપસતો ઘૂસી તો આવ્યો હતો પણ તેનામાં ઉપર ચઢીને બહાર નીકળવાની શક્તિ નહોતી. આજુ બાજુ અને સામે દીવાલો હતી. જો બીમ સ્વસ્થ હોત તો અને ચારે પગે ચાલવામાં સમર્થ હોત તો વાત જુદી હતી; પણ અત્યારે તે ઊછળીને કે ઘસડાઈને ચઢીને નહીં, માત્ર ચાલીને જ બહાર નીકળી શકતો હતો.

એટલા માટે આપણો બીમ ત્યાં જ બેસી પડયો. તેણે ઉપર એકસ્કેવટેરનાં યાંત્રિક ડોયા તરફ નજર ઉઠાવી, એનકેન પ્રકારણે પોતાના પાછલા એક પગ પર પોતાની જાતને ઉઠાવી પોતાનાં આંગલાં પંજાને દીવાલ પર લગાવીને નાળાના કિનારાની દીવાલનું સર્વેક્ષણ કર્યું અને ફરીથી બેસી ગયો. તે કંઈક વિચારતો હોય તેમ જણાતું હતું પણ વાસ્તવમાં તે સાંભળી રહ્યો હતો. પીછો કરવાવાળાં શું તેની તરફ આવી રહ્યાં છે? બાદમાં તેણે પોતાની જાતને ઊંચી કરીને નાળાની ઊલટી દિશામાં જોયું, ટોર્ચનો પ્રકાશ એક જગ્યાએ આમતેમ હાલી ડોલી રહ્યો હતો. પછી તદ્દન બુઝાઈ ગયો. તેણે મોટરને પાછળ જતી અને પછી પોતાની તરફ આવતી જોઈ. બીમ નાળાના ખૂણામાં લપાઈને બેસી ગયો અને ધ્રૂજતાં ધ્રૂજતાં સાંભળવા લાગ્યો. મોટર તેની તદ્દન નજીકથી પસાર થઈને નીકળી ગઈ.

આસપાસ તદ્દન શાંતિ હતી. જે અવાજો સંભળાઈ રહ્યા હતા તે દૂરથી આવી રહ્યા હતા: મોટરોનો હળવો, કડકડાટનો સંક્ષિપ્ત અવાજ, ટ્રામનો ખડખડ તથા ચીત્કાર જેવો અવાજ—બધા જ પરિચિત અને હાનિરહિત અવાજો.

શરદની એક ઠંડી રાતે નાળામાં બેઠેલો એક કૂતરો. આ લાંબી પહોળી દુનિયામાં કોઈપણ એવું નહોતું જે તેની મદદ કરે. પણ તેને પોતાના બારણા પર પહોંચવાની બહુ જ જરૂર હતી. બીમે કૂદીને બહાર આવવાનો પ્રયત્ન કર્યો પણ પાછો પડયો. આ તે કેવી આશા છે! તે ઊલટી દિશામાં પોતાનાં પગલે પાછો ચાલ્યો, સાવધાનીપૂર્વક, ધીમે ધીમે, સાંભળતાં અને સાથે સાથે દીવાલોને અડીને જોતાં. અંતમાં તેણે એવી એક જગ્યા શોધી કાઢી જ્યાં દીવાલ ધસી ગઈ હતી. તે પડેલી માટી પર ચઢયો અને પોતાના એક સારા પાછલા પગ પર ઊભો થઈ ગયો. હવે તેના આગલા પગ નાળાની બહારની દીવાલ સુધી પહોંચી શકતા હતા. તેણે માટીને પોતાની તરફથી ખોતરવાનું શરૂ કર્યું. હવે તે પોતાની છાતીને નાળાના કિનારા પર ટેકવી શકતો હતો. પણ હવે નાળાના બહારના કિનારાની દીવાલમાં નીચે નાખવા માટે માટી નહોતી. તે પોતાના એ નાના ટેકરા પરથી નીચે ઊતર્યો. ખાડાના નીચલા તળિયા પર સૂઈ ગયો. તે જોરથી ભૂંકવા ઇચ્છતો હતો, પોતાના માલિક કે તોલિકને પોકારવા ઇચ્છતો હતો, એટલા જોરથી વિલાપ કરવા ઇચ્છતો હતો કે આખું નગર જાગી ઊઠે! પણ તેણે શાંત જ રહેવું જોઈએ. તે પરાસ્ત થઈને સૂતેલો હતો. અચાનક તે દૃઢતાપૂર્વક ઊભો થયો, પોતાના બનાવેલા ટેકરાથી પાછળ હટયો અને દર્દને ભૂલીને પોતાના આખા શરીરને જેવું તે હતું તેમ ચીંથરાંઓનાં પોટલાની જેમ ઝુલાવ્યું અને પોતાના બંને પાછલા પગોને ટેકરા પર ટેકવીને ઊછળ્યો તથા નાળાના બિલકુલ કિનારા પર પેલી નાની બખોલમાં પડયો જેને તેણે જાતે જ ખોદીને બનાવી હતી.

તે આવા દર્દ અને આવી અશક્તિને કેવી રીતે સહાન કરી શક્યો? કોણ જાણે... એટલે કે એક વરુ જાળમાં ફસતાં પોતાનાં પંજા કેવી રીતે જાતે જ કાપીને અલગ કરી લે છે! કોઈ નથી કહી શકતું કે એક જાનવર આવું કામ કેવી રીતે કરી શકે છે પોતાના જ પગને પોતાના જ દાંત વડે કાપીને ફેંકવા. એ તો માત્ર કલ્પના જ કરી શકાય છે કે વરુ આઝાદી માટે એક અંતર્જાત પ્રેરણાને વશીભૂત થઈ એવું કરી શકે છે પણ બીમ સહૃદયતા અને વિશ્વાસના બારણે પહોંચવાની અદમ્ય પ્રેરણાને વશીભૂત થઈ પોતાના દર્દને ભૂલ્યો હતો.

જે કોઈ પણ કારણ હોય, બીમ તે જાળમાંથી બહાર નીકળી આવ્યો અને નાળાના રસ્તામાં બનેલા ખાડામાં પડયો હતો.

તે એક ઠંડી રાત હતી. નગર પત્થર અને ધાતુની તંદ્રામાં સૂતેલું હતું અને રાતના સમયે પણ પોતાની ઊંઘમાં ચરચરી રહી હતું, કડકડી રહ્યું હતું. બીમ કાન લગાવી બહુ વાર સુધી સાંભળતો રહ્યો અને અંતમાં ઠંડીથી થરથર ધ્રૂજતાં તેણે ફરીથી પોતાની યાત્રા શરૂ કરી.

તેને એક અલ્પકાળ માટે વિશ્રામ કરવો નિતાંત જરૂરી હતો એટલા માટે એક એવા બારણાની અંદર જઈ ઘૂસ્યો જે સંજોગવશાત્ તે સમયે પણ ખુલતું હતું. તે રસ્તા પર સૂઈ નહોતો શકતો (તેણે ઘણી વાર એવાં કૂતરાં જોયાં હતાં જે ગાડીઓની નીચે ચગદાઈ ગયાં હતાં). અને આ સિવાય ડામરની સડક ઠંડી પણ હતી. પણ પેલા પ્રવેશકક્ષમાં તે એક ગરમ રેડિયેટર સાથે સટીને નીચે સૂઈ ગયો અને ઊંઘી ગયો.

મોડી રાત વીત્યે એક અજીબ કૂતરો એક અજાણ્યા મકાનના પ્રવેશકક્ષમાં સૂઈ રહ્યો હતો.

આવું બને છે.

આવાં કૂતરાં ઉપર સખતાઈ ન કરશો.

પ્રકરણ પંદરમું

છેલ્લા બારણે.
લોખંડી વાહનનું રહસ્ય

પોહ ફાટવા પહેલાં જ બીમ જાગી ગયો. કેવાં દુ:ખની વાત હતી કે તેને આ ગરમ અને સત્કારશીલ જગ્યા જ્યાં કોઈએ તેને સતાવ્યો નહોતો તે છોડવાની હતી. પોતાની થોડી શકિત પાછા આવ્યાનો અનુભવ કરતાં તેણે ઊઠવાનો પ્રયત્ન કર્યો પણ બેસવાની સ્થિતિમાં આગળ ન વધી શક્યો. આટલું તો તેણે કરી લીધું પણ તેનું માથું ચકરાવા લાગ્યું (પેલાં જંગલમાં છાતી પર લાત વાગ્યા પછી ચકરાવા લાગ્યું હતું બિલકુલ તેવી જ રીતે). દીવાલો જાણે લથડાતી દૂર હતી, દાદરાની જાળી કાંપી ઊઠી, પગથિયાં પહાડીની જેમ ઉપર ચઢી ગયાં. અને વળવા લાગ્યાં તથા વીજળીનો ગોળો છતની સાથે ઝૂલવા લાગ્યો. બીમ બેઠો બેઠો એ વિચારતો રોકાઈ રહ્યો કે હવે આગળ શું થશે. તેણે પોતાનું માથું નીચે ઝુકાવી લીધું.

માથાનું ચકરાવાનું જે રીતે શરૂ થયું હતું તે જ રીતે એકાએક બંધ પણ થઈ ગયું. બીમ પોતાના પેટના બળે પગથિયાંથી નીચે ઊતર્યો. બારણું ખુલ્લું હતું. તે રેંગતો બહાર આવ્યો અને થોડીવાર એ સ્ફૂર્તિદાયક શીતળતામાં સૂતો રહ્યો. અને છેવટે કોઈ પણ રીતે ઊભો થયો. તે ચેતનાની પૂર્ણ સમાપ્તિની સીમા પર આવી પહોંચ્યો હતો એટલા માટે તેને અનુભૂતિ જ નહોતી થઈ રહી, આવી સ્થિતિમાં તે કોઈ એવી શ્વાનઇચ્છાનું પાલન કરતાં, એક ગાંડા કૂતરાની જેમ લથડિયાં ખાતો આગળ વધ્યો. આ ઇચ્છા વિષે આપણે કશું નથી જાણતાં.

જો તે એક એવા કચરાના ઢગલા પાસેથી પસાર ન થતો જ્યાં એક નાની લાંબાવાળવાળી કૂતરી ખોરાકની શોધ કરી રહી હતી, તો તે પોતાના ઘેર કદી ન પહોંચી શકતો. બીમ પાસે આવીને બેસી ગયો. પેલી લાંબાવાળવાળી નાની અને ગંદી કૂતરીએ તેને સુંઘ્યો અને પોતાની પૂંછડી હલાવી.

"તું ક્યાં જઈ રહ્યો છે?" તેણે આ રીતે પૂછ્યું.

બીમે આ કૂતરીને તરત ઓળખી લીધી. તે મેદાનોમાં તે દિવસે તેને મળ્યો હતો જ્યારે તે કેટલાંક ઘાસનાં મૂળો ચાવી રહી હતી. તેણે વિશ્વાસપૂર્વક પણ દુઃખ સાથે માત્ર આંખો વડે જવાબ આપ્યો: "પ્રિય, મારી દશા ખરાબ છે."

તે ફરી કચરાના ઢગલામાં વ્યસ્ત થઈ ગઈ. તેણે તેની તરફ એવી રીતે જોયું જાણે એક અતિથિને નિમંત્રણ આપી રહી હોય. સાથે જ પોતાની પૂંછડી હલાવી જેનું તાત્પર્ય હતું: "આવ, અહીં કંઈક છે."

અને તમે શું વિચારો છો? એક ટુકડો અહીં, એક ત્યાં, રોટીનો એક ટુકડો કે પછી હેરિંગ માછલીનું માથું. આ પ્રમાણે બીમને ખાવા માટે ઘણું મળી ગયું. તેની શક્તિ ધીરે ધીરે પાછી આવી અને પછી જલદી જલદી જ પોતાનાં હોઠ ચાટીને કૂતરીને ધન્યવાદ કહી તે પહેલાં કરતાં ક્યાંય વધારે દૃઢ પગલે પોતાના રસ્તે નીકળી પડયો.

હા, જીવનની સંકટપૂર્ણ પળોમાં કચરાનો ઢગલો બહુ મહત્વની વસ્તુ સાબિત થઈ શકે છે. તે સમયથી બીમ આવાં સ્થાનો પ્રત્યે સન્માનપૂર્ણ વ્યવહાર કરતો, બશર્તે કે...

વાર્તાના આ અંશને કહેવો દુઃસહ્ય છે.

ધૂંધળા પ્રભાતના અજવાળામાં જ્યારે ગઈકાલનાં ધૂમ્રમય ધુમ્મસના અવશેષ એક પાતળા પારદર્શી નીલા ધુમ્મસના રૂપમાં ધરાતલ પર બેસી ગયા ત્યારે બીમ છેવટે પોતાને ઘેર પહોંચી ગયો... તે હતું તેનું ઘર! પેલી હતી તે બારી જ્યાંથી તે અને ઇવાન ઇવાનિચ ક્યારેક ક્યારેક સૂર્યને ઉદય થતો જોતાં હતાં. કદાચ તે હમણાં બારી પાસે આવે? બીમ રસ્તાની પેલે પાર બેઠો અને જોવા લાગ્યો. હવે તે ઉલ્લાસ અને આશાની સાથે જોઈ રહ્યો હતો. તેને સુખનો અનુભવ થઈ રહ્યો હતો. તેણે રસ્તો પાર કર્યો અને તે ધીમે ધીમે પણ માથું ઊંચું ઉઠાવીને ચાલી રહ્યો હતો. જાણે તે હસી રહ્યો હોય, જાણે તે પોતાની અવિસ્મરણીય મિત્રને બસ મળવાનો જ હોય. આ પ્રસન્નતાની અપેક્ષાની ક્ષણ હતી અને એવું કયું જીવિત પ્રાણી છે જે અપેક્ષાની ક્ષણ પર પ્રસન્નતાની જ ક્ષણથી પણ વધારે સુખી ન થયું હોય?

રસ્તાની વચ્ચોવચ પોતાના જ ઘરની સામે અને તે ખાસ બારણાથી થોડી જ દૂર પર બીમ બમણી આશાથી ખુશ થઈ રહ્યો હતો.

બમણી આશાથી ખુશ થઈ રહ્યો હતો.

પણ અચાનક તેણે કોઈ ભયાનક વસ્તુ જોઈ. કંપાઉન્ડના અંદર બનેલા ફાટકમાંથી કાકી પ્રગટ થઈ ગઈ! બીમ બેસી ગયો, તેની આંખો ભયથી પહોળી થઈ ગઈ હતી અને તેનું અંગેઅંગ થરથર ધ્રુજી રહ્યું હતું. કાકીએ તેની ઉપર એક ઈંટ મારી. બીમ ઝડપથી રસ્તો પાર કરી બીજી તરફ ચાલ્યો ગયો.

એટલી વહેલી સવારે ત્યાં બીજું કોઈ નહોતું. કંપાઉન્ડનાં સફાઈ કર્મચારીઓ સુદ્ધાં પણ હજી સુધી ઝાડુ લઈને નહોતાં પહોંચ્યાં. માત્ર કાકી અને બીમ એકબીજાને સામસામાં ઊભાં હતાં. તેણે સ્પષ્ટપણે એ નક્કી કરી લીધું હતું કે તે ત્યાં જ ઊભી રહેશે અને તેને અંદર ઘૂસવા જ નહીં દે. તેણે પોતાના શરીરનું સમતોલન વધારે સારી રીતે જાળવવા માટે પગ પણ પહોળા કરી લીધાં હતાં અને પોતાની મુઠ્ઠીઓ કમર પર ટેકવીને ફાટકની વચ્ચોવચ પૂતળાની જેમ અકડાઈને ઊભી થઈ ગઈ હતી. તેણે પોતાની પ્રતિષ્ઠા, શ્રેષ્ઠતા તથા પવિત્રતાને

અનુભવતાં બીમને તુચ્છ બનાવતાં તેને ગર્વ, અનાદર અને ઘમંડપૂર્વક ઘૂર્યો. બીજી બાજુ બીમ તદ્દન અસહાય હતો, પણ તેની પાસે પોતાના દાંત હતા જે ઘણા ભરોસાલાયક હતા અને જો મરતા દમ સુધી લડવાની નોબત આવી જાય તો ખતરનાક પણ હતા. તે આને જાણતો હતો, તે તેને ભૂલ્યો નહોતો એટલા માટે તેણે પોતાનું માથું થોડું ઝુકાવી લીધું, પોતાના ઉપલા હોઠને પાછળ ખેંચીને આગલા દાંત બહાર કાઢ્યા. કૂતરો અને મનુષ્ય, એકબીજા પર નજર ઠેરવીને ઘૂરી રહ્યાં હતાં. તે મિનિટ બીમને કેટલી લાંબી લાગી હતી.

...જ્યાં સુધી તેઓ બંને એકબીજાને તેમની ધીમામાં ધીમી ગતિ પર નજર ઠેરવીને જોઈ રહ્યાં છે ત્યાં સુધી ચાલો આપણે થોડો કાકી પર વિચાર કરીએ. આમ તો આપણે તેને થોડી ઘણી બીમ સાથે સંબંધિત ઘટનાઓથી જાણીએ છીએ. કાકી સંપૂર્ણ રીતે આઝાદ સ્ત્રી હતી. તે કોઈ એક પૂંજીપતિ દ્વારા કરવામાં આવનાર કોઈ પણ જાતના શોષણથી અને સમાજવાદ પ્રત્યે કર્તવ્યની ભાવનાની નામોનિશાનથી પણ મુક્ત હતી અને કામ કરવાની આવશ્યકતાથી પણ મુક્ત હતી. પરંતુ પોતાના એક બંધનથી બેખબર હોવા છતાં પણ તે હજીયે ભૂખની ગુલામ હતી અને કેટલાંક સ્વઆરોપિત કર્તવ્યોને માનતી પણ હતી. દાખલા તરીકે તે ફલટોના (પોહ ફાટવાની પહેલાં જ) આ મોટા ખંડોમાં કોઈ પણ બીજાં ભાડવતથી પહેલાં પોહ ફાટવાની પહેલાં જ ઊઠી જતી હતી. તે એ માનતી હતી કે તેનું પહેલું કર્તવ્ય નિમ્નાંકિત વાતો નોંધવાનું હતું: વહેલી સવારે કોઈ અજાણ્યાનું કોઈ ઘરમાંથી ચૂપચાપ નીકળીને જવું; જ્યારે આખાં ઘેર સૂતાં હોવું જોઈએ ત્યારે કોઈકની રોશની બળતી હોવી; કોઈ માણસ જો માછલી પકડવા કે શિકાર રમવા ગયો છે કે કેમ અને ગયો છે તો કોની સાથે ગયો; તથા એવો કોઈ માણસ જે કચરાંના ઢગલા માટે કંઈ લઈને વહેલી પરોઢે આવ્યો હોય. જો તે બોતલો લાવ્યો હોય તો તે તેની પત્નીથી છુપાવતો રહ્યો હશે, જો તે એક જૂનો ઓવરકોટ હોય તો તે ઘરમાં સામાન ભેગો કરવાવાળો કંજૂસ હશે; જો ફેંકવા માટે લાવવામાં આવેલું પેલું ખરાબ માંસ હોય તો ઘરની માલિકણ ફૂહડ હશે વગેરે વગેરે. જો કોઈ છોકરી વહેલી સવારે ઘેર આવી તો તે કાકીને માટે વિજયનો ચરમ ઉત્કર્ષ બની જતો. આ સિવાય

બજારમાં તે બધાં કૂતરાં અને તેમના માલિકોનો તિરસ્કાર કરતી હતી. એટલા માટે તેમની ઉપર નજર રાખવી એ તેનું એક સર્વાધિક મહત્ત્વપૂર્ણ દાયિત્વ હતું; આ દાયિત્વને પૂરું કરવા માટે તે તે બધાંને એકાદ ગાળો સમર્પિત કરતી હતી, તેની પાસે ગાળોનો અખૂટ ભંડાર હતો જે તેની પ્રબળ સ્મરણશક્તિ અને પંડિતાઈનું પ્રમાણ હતો.

આ બધું પેલી દૈનિક સંસૂચના વિનિમય માટે જરૂરી હતું જે તેનાં જ જેવી બીજી ઘણી સ્ત્રીઓ સાથેની બેઠક સમયે થતો હતો. તેઓ કમ્પાઉન્ડમાં રાખેલી સાવધાનીથી રંગેલા બાંકડાઓ ઉપર બેસતી અને કલાકો સુધી કૂથલીખોરી કરતી અને એ વાત પર ચર્ચા કરતી રહેતી કે કોણ શું છે; આ બેઠકોમાં ન તો કોઈ વ્યક્તિને ભૂલી જવામાં આવતી કે ન કોઈ વસ્તુને. આ થઈ તેની પ્રાતિભા! તેની સમાચારસૂચિ કદાપિ પ્રકાશિત ન થવાં છતાં પણ નિયમિત રૂપે નીકળતી હતી. અને તે આને સમુદાય પ્રત્યે પોતાનું બીજું કર્તવ્ય માનતી હતી. તેનુ જ્ઞાન આંતરરાષ્ટ્રીય બાબતો સુધી પણ વિસ્તરેલું હતું (તેણે પોતાના કાને એ સાંભળ્યું હતું: એક લડાઈ ચોક્કસ જ છેડાવાની છે, અનાજ અને મીઠાંને સંગ્રહ કરી લેવો જોઈએ); તેના જેવાં બીજાં લોકોની મદદથી અફવાઓ ફેલાતી પણ હવે એક એવી મહત્ત્વપૂર્ણ "વિશેષ" વ્યક્તિના નિશ્ચિત અહેવાલથી ફેલાતી જે વિદ્વાન વ્યક્તિ હોવાને કારણે એવી વાતો ઘડતો નહીં, તેણે આ વાત પોતે જાતે પોતાના કાને સાંભળી હતી."

અને આ બધાં સિવાય, આપણે પહેલાં જ સાંભળી ચૂક્યાં છીએ કે કાકી પોતાને એક "સોવિયેત નારી" કહેતી હતી અને આ તથ્ય પર ગર્વ કરતી હતી તથા એ દૃઢ ધારણા રાખતી હતી કે આ વાત સાચી છે અને એ કે તેની રટ લાગેલ અન્તર્વિવેક ખરેખર એક એવું ઉદાહરણ છે જેનું અનુકરણ કરવામાં આવવું જોઈએ. જો આ સ્ત્રીના પેટે કોઈ બાળક અવતર્યું હોત તો તે ઊછરી-કરીને કેવી વ્યક્તિ બન્યુ હોત!

પણ અઠવાડિયામાં બે દિવસ તેના રજાના દિવસ રહેતા હતા. રવિવારે તે બજારમાં સામૂહિક ખેડૂતો પાસેથી વસ્તુઓ ખરીદતી રહેતી અને સોમવારે તે વેચતી હતી. આ પ્રમાણે જોકે તેની પાસે મુરઘીઓ [illegible], શાકવાટિકા, માછલી પકડવાની જાળ વગેરે કંઈ જ નહોતું

તેમ છતાં પણ તે ઈંડા, મુરઘીઓ, ટામેટાંઓ તથા તાજાં માછલાં અને મનુષ્યની જરૂરની બીજી દરેક વસ્તુનો સારો એવો વેપાર કરતી હતી. પોતાનાં આ ત્રીજાં કર્તવ્યની (ધ્યાન આપશે, જેને તે પોતાની રજાના દિવસે નિભાવતી હતી) કૃપાથી કાકીની પાસે એક બચત ખાતું હતું અને તે ખૂબ સારી રીતે રહેતી હતી. એટલા માટે જ તેણે પોતાની જિંદગીમાં કદી અને ક્યાંય પણ કામ નથી કર્યું. તેની પાસે ફ્લેટ હતો જેમાં તેના ઊંચા સાંસ્કૃતિક ધોરણને અનુરૂપ બધી સુવિધાઓ હતી (બે કબાટો, ત્રણ અરીસાઓ, એક ચિત્ર જેનું શીર્ષક 'છોકરી અને રાજહંસ' હતું, અને જેને તેણે બજારમાંથી ખરીદ્યું હતું, એક રેફ્રીજરેટર એક ટેલીવઝન). તેની પાસે દરેક આવશ્યક વસ્તુઓ હતી અને જે અનાવશ્યક છે તે કંઈ જ નહોતું...

હા તો આ કાકી ત્યાં ફાટકની વચ્ચે ઊભી હતી અને બીમ ત્યાંથી પસાર ન થઈ શક્યો. તેણે ત્યાંથી ચાલ્યા જવું જોઈતું હતું પણ તે પોતાના જ ઘરને છોડીને નહોતો જઈ શકતો. તે પોતાના દાંત ફાડી ઘૂરકવાની મુદ્રામાં જ્યાં સુધી તેનો શત્રુ ચાલ્યો નથી જતો ત્યાં સુધી રાહ જોવાનો હતો અને તે જ્યાં સુધી રોકાવાની જરૂર પડે ત્યાં સુધી રોકાવા તૈયાર હતો!

પણ તે ધુંધળા ઠંડા ઝાંખા ધુમ્મસમાં એક એકલું વાહન આવ્યું અને અનપેક્ષિત રૂપે કાકી તથા બીમની વચ્ચે ઊભું રહી ગયું. તે વાહન ઘેરા સિલેટી રંગનું હતું અને તેનો પાછલો ભાગ ધાતુના એક વિશાળ ખોખા જેવો હતો. જેમાં કોઈ બારીઓ નહોતી. તેમાંથી બે વ્યક્તિઓ નીકળી અને કાકીની તરફ ગઈ. બીમ પોતાની જગ્યાએથી જરાપણ ચસક્યા વગર ધ્યાનથી જોતો રહ્યો.

"આ કૂતરો કોનો છે?" એક મૂંછોવાળા માણસે બીમની તરફ આંગળી ચીંધતા પૂછ્યું.

"તમે આને કાબૂમાં કેમ નથી રાખતાં?" બીજા જુવાન માણસે જાણવા ઈચ્છ્યું.

"જરા પ્રયત્ન તો કરી જુઓ! તેના પટ્ટામાં પેલો દોરડાનો ટુકડો જુઓ છો—તે તેણે કાપી નાખ્યો. તે દરેક વસ્તુ કાપી નાખે છે તેને કૂતરાંઓના ગાંડપણનો રોગ છે, ઘૃણાસ્પદ જાનવર. મને પાકો વિશ્વાસ છે કે આ ગાંડો છે."

"તો એને બાંધીને રાખો," મૂંછોવાળા માણસે કહ્યું, "નહીં તો અમે આવીશું અને તેને ઉઠાવી જઈશું."

"મેં તો એ માટે પહેલાં જ અરજી આપી રાખી છે. અને હું તેના માટે વ્યક્તિગત રૂપે ઓફિસ પણ ગઈ હતી. પણ શો ફાયદો, તેઓ તો નોકરશાહીનું એક ઝૂંડ માત્ર છે!" તેણે બૂમો પાડવાની શરૂ કરી દીધી, "આ નોકરશાહી તો મારો જીવ લઈ લેશે."

"આવી જાઓ," મૂંછોવાળા માણસે દાઢી મૂંછ વિનાનાં માણસને કહ્યું.

બીજાએ વાહનમાંથી નાના બોરની એક બંદૂક અને મૂંછાળાએ વાહનના એક કિનારેથી એક લાંબો દંડો કાઢ્યાં. દંડાના એક મથાળે જાળી લાગેલી હતી જે પતાંગિયાં પકડવાની જાળી જેવી હતી પણ તેનાથી વરુ જેટલું મોટું પતંગિયું પકડી શકાય તેમ હતું. બંદૂકવાળો પહેલાં આવ્યો અને બીજો જાળને તૈયાર કરતો પાછળ ઊભો રહ્યો.

બંદૂક જોઈને બીમે પોતાની પૂંછ હલાવી. જેનો અર્થ હતો: "બંદૂક! હા હું જાણું છું કે બંદૂક શું હોય છે?"

"તે મારી સાથે દોસ્તી બતાવી રહ્યો છે," છોકરાએ કહ્યું. "તે ગાંડો તો જરાપણ નથી. સારી વાત છે, ચાલો તેને નીપટાવીએ."

મૂંછોવાળો આગળ આવ્યો. બીમને તેનામાંથી કૂતરાની ગંધ આવી.

"હા, તમે જરૂર સારાં લોકો છો!" તેની સંપૂર્ણ શારીરિક મુદ્રા દ્વારા આ જ પ્રગટ થઈ રહ્યું હતું.

પણ અચાનક તે વાહનની અંદરથી એક કૂતરાની નિરાશા અને ત્રાસભર ચિચિયારીઓ સંભળાઈ. બીમ તરત આખી વાત સમજી ગયો. આ એક ચાલ હતી! બંદૂક સુદ્ધાં પણ ચાલ હતી, બધું જ છળકપટ હતું. તેણે બાજુમાંથી નીકળીને ભાગવાનો પ્રયત્ન કર્યો પણ મોડો નીકળી ગયો હતો. જાળનો ગોળ ઘેરો તેની ઉપર આવી પડ્યો તેણે કૂદકો માર્યો તો પોતાને જાળમાં ફસાયેલો જોયો, તેણે પોતાને જાતે જ તે જાળના દંડાનાં ગોળ ઘેરામાં કસીને બંધ કરી દીધો હતો.

બીમે દોરાં કોતરવાનો પ્રયત્ન કર્યો, દાંત પીસ્યા, ઘૂરકાટ કરતાં જંગલીઓની જેમ એવી ઊથલપાથલ કરી જાણે તેને ગાંડપણ ચઢી

આવ્યું હોય. પણ તેણે આ પોતાની વધેલી ઘેટલી અંતિમ તાકાતથી કર્યું અને પછી થોડી જ વારમાં શાંત થઈ ગયો. કૂતરાં પકડનારાંઓએ જાળને વાહનની અંદર ધકેલી અને તેને હલાવીને બીમને તેની ફર્શ પર પાડી દીધો.

બારણું ધડામથી બંધ થઈ ગયું.

મૂંછોવાળો માણસ કાકીની તરફ વળ્યો, હવે તે અનપેક્ષિત રૂપે પ્રસન્ન દેખાઈ રહી હતી.

"તમે કોની સામે દાંતિયા કાઢી રહ્યાં છો, દેડકીબાઈ? જો તમે કૂતરાંની દેખભાળ નથી કરી શકતાં તો ઓછામાં ઓછું તેને સતાવવો તો ન જ જોઈએ. પોતે જાતે તો ખાઈ પીને ગોટમટોળ જાડી પાડી થયેલાં છો અને કૂતરાની આવી દશા કરી નાંખી છે. જોતાં જ દિલ થરથર કાંપી ઊઠે છે."

(તે સારો પર્યવેક્ષક હતો: કાકીનાં જાડા પાડા લટકતા હોઠ, ચપટું નાક તથા બહાર નીકળી આવેલી આંખો જોઈને સાચેસાચ દેડકીની યાદ આવી જતી હતી).

"તમે સમજો છો કે તમે ગંદા કૂતરાને પકડનારા મારી, સોવિયેત નારીની બેઈજ્જતી કરી શકો છો!" અને પછી તે હંમેશની જેમ પોતાની જીભ પર લગામ આપવાનો જરા પણ પ્રયત્ન કર્યા વિના ચાલુ થઈ ગઈ. તેના મોંમાંથી એવા શબ્દોનું ધારાપ્રવાહનું નાળું વહી નીકળ્યું જેનું કાગળ પર વર્ણન કરવું અસંભવ છે, સ્પષ્ટપણે જાહેર હતું કે તે તેના મગજમાં ભરેલા પડ્યા હતા. અને તેમનો તત્કાળ પ્રવાહ ચાલુ કરવા માટે કળને માત્ર અડવાની જ જરૂર હતી.

"આવી અસભ્યતા ન બતાવો!" પેલા બેમાંથી એક જુવાને કહ્યું. "જો તમે જીભ સંભાળીને વાત નહીં કરો તો આ જાળ તમારી ઉપર જ ફેંકી દઈશ. અને તમને પણ આ વાહનમાં ઠૂંસી દઈશ. તમારા જેવાઓ માટે સાચી જગ્યા આ જ છે. વરસમાં એકાદ અઠવાડિયું આની અંદર રહેશો તો તમારું મગજ ઠેકાણે આવી જશે," તેણે સાચેસાચ જ પોતાનો દંડો હાથમાં લીધો અને તેની તરફ એવી રીતે આગળ વધ્યો જાણે તેણે જે કહ્યું તે કરવા જ જઈ રહ્યો હોય.

કાકી આ બેઈજ્જતી વિરુદ્ધ ફરિયાદ લખવા માટે તરત ભાગી. તેની ફરિયાદ નગર સોવિયેતના અધ્યક્ષને સંબોધાયેલી હતી અને તેમાં

કૂતરાં પકડનારાંઓની બદલે અધ્યક્ષ પર વધારે દોષ લગાડવામાં આવ્યાં હતાં. પોતે જાતે સંપૂર્ણપણે ગેરજવાબદાર હોવા છતાં પણ તે બીજાં બધાં પાસેથી ઉત્તરદાયિત્વની ભાવનાની માંગણી કરતી હતી—બધાં જ સામાજિક પરોપજીવી આવું જ કરે છે.

...તે સવારે સૂરજ નીકળ્યો ત્યારે મોટો મોટો અને પીળા જેવો દેખાતો હતો અને આવી રહેલ શિશિરની ઠંડી તથા વિષાદપૂર્ણ ઝલકવાળો હતો. તેણે સવારના ધુમ્મસને એવી અનિચ્છા સાથે ઝાટક્યો કે તેનું જીર્ણક્ષીણ નીલું આવરણ નગરના બધા ભાગોમાં છવાયેલું જ રહ્યું, નગરની એક ગલીમાં પ્રકાશ હતો તો બીજીમાં ઉદાસ ઉદાસ ધુમ્મસ.

લોખંડની દીવલોવાળું તે ઘેરું સિલેટી વાહન નગરની બહાર ગયું અને ઊંચી વાડથી ઘેરાયેલ એક ઈમારતનાં કંપાઉન્ડમાં વળી ગયું. ફાટક પર લાગેલી નોટિસમાં લખ્યું હતું: "ખતરો—અંદર આવવાની મનાઈ છે." આ ક્વારેંટાઇન સ્ટેશન હતું જ્યાં ગાંડાં કૂતરાંઓને લાવીને બાળવામાં આવતાં હતાં. સંક્રામક રોગોનાં સંભવિત વાહકોના રૂપમાં રખડેલ કૂતરાંઓને પણ અહીં જ લાવવામાં આવતાં હતાં. તે બધાંને બાળવામાં નહોતાં આવતાં. કેટલાંકને અનુસંધાન કાર્યો માટે મોકલી દેવામાં આવતાં હતાં અને જેમને નષ્ટ કરવાનાં જ હતાં તેમને પણ કદી કદી તેમની ખાલ માટે ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. સંક્રામક રોગોથી પીડિત અન્ય જાનવરોને અલગ થલગ રાખવામાં આવતાં હતાં અને જો તેઓ યોગ્ય હોય તો તેમનો ઉપચાર કરવામાં આવતો હતો. એટલે કે ઘોડાઓને તેમની અંતિમ ક્ષણ સુધી દવા આપવામાં આવતી હતી અને તેમને માત્ર ત્યારે જ નાબૂદ કરવામાં આવતાં જ્યારે તે એક અસામાન્ય રોગ અશ્વગ્રંથિથી પીડાતાં હોય. પણ આ રોગ ભાગ્યે જ જોવા મળે છે કારણ કે ઘોડાની સંખ્યા ઓછી છે.

જે બે માણસોએ બીમને પકડ્યો હતો તેઓ તે સ્ટેશનનાં સામાન્ય કર્મચારી હતાં અને તેઓ દેખાવે કોઈ પણ રીતે ખરાબ નહોતાં. વાસ્તવમાં તેમને માથે હર ઘડી કોઈ ખતરનાક રોગથી ગ્રસ્ત થવાનો કે પછી કોઈ ગાંડા કૂતરા દ્વારા કરડાવાનો ભય તોળાતો રહેતો હતો. તેઓ નગરને નિયમપૂર્વક રખડેલ કૂતરાંઓથી મુક્તિ અપાવતાં હતાં

કે પછી તેમના માલિકોના કહેવા પર તેમને પકડીને લઈ જતાં હતાં. તેઓ આ ફરજને અસુખકારી અને વિષાદભરી માનતાં હતાં. જોકે તેમને પકડવામાં આવનાર દરેક કૂતરાને માટે બોનસ આપવામાં આવતું હતું જે તેમના નિયમિત પગારના વધારામાં હતું.

બીમે તે વાહનને કંપાઉન્ડમાં લાવવામાં આવવાનો કે પેલાં બે માણસોનાં ગાડીમાંથી ઊતરીને ચાલ્યા જવાનો અવાજ નહોતો સાંભળ્યો; તે બેભાન હતો.

તે બે કે ત્રણ કલાક પછી જ ભાનમાં આવ્યો. તેની જૂની પરિચિત લાંબા વાળવાળી કૂતરી જે તેને સવારે કચરાના ઢગલા પાસે મળી હતી તે તેની બાજુમાં બેઠી હતી. તે સમયે તે તેનું નાક ચાટી રહી હતી...

કૂતરું એક અદ્‌ભુત પ્રાણી છે! જો કોઈ ગલૂડિયું મરી રહ્યું હોય તો તેની મા તેનું નાક અને કાન ચાટશે. તેને લગાતાર ચાટતી રહેશે તથા તેના પેટમાં માલિશ કરતી જશે. ક્યારેક ક્યારેક ગલૂડિયું સાજું થઈ જાય છે. એ સ્પષ્ટ છે કે કૂતરાં નવજાત ગલૂડિયાંની દેખભાળમાં માલિશને એક અનિવાર્ય તત્વ માને છે. આ તથ્ય પર વિસ્મિત થવા માટે ઘણું બધું છે.

પેલી કૂતરી પણ બીમને ચાટતી વખતે કોઈ એવી જ અન્તર્જાત પ્રેરણાથી કામ કરી રહી હતી જેના વિષે આપણે કંઈ જ નથી જાણતાં. બીમે પોતાનું માથું ઊંચું કર્યું. તેઓ બંને બીમ અને કૂતરી પોતાના લોખંડી કેદખાનામાં એકલાં હતાં. પોતાની છાતીનાં દરદને સહન કરતાં બીમે પોતાની સ્થિતિ બદલવાની ચેષ્ટા કરી પણ તેનો પહેલો પ્રયત્ન સફળ ન થયો. પણ બીજા પ્રયત્નમાં તે પોતાનાં ચારે પંજાને નીચે લાવવા તથા પોતાનાં પડખાંને પેલી ઠંડી ધાતુથી દૂર હટાવવામાં સફળ થઈ ગયો, જેમાં તે પડ્યો હતો. લાંબા વાળવાળી કૂતરી જ પોતે પણ ઠંડીને કારણે અકડાઈ ગયેલાં હાડકાં સાથે તેની બાજુમાં દડાની જેમ ગૂંચળું વળીને સૂઈ ગઈ. આ પ્રમાણે સાથે બેસવામાં પહેલાં કરતાં પણ વધારે ઉષ્માનો અનુભવ થઈ રહ્યો હતો.

લોખંડના પોતાના કેદખાનામાં બે કૂતરાંઓ પડ્યાં પડ્યાં પોતાની નિયતિની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં.

બીમની આંખો દરવાજા પર તડકાના પેલા પાતાળા કિરણ પર

ટકેલી હતી જે તેના માટે પ્રકાશનું એકલું જ સંદેશવાહક હતું. ત્યાં જ ક્યાંકથી પણ બહુ દૂરથી નહીં, ગોળી છૂટવાનો જોરદાર ધડાકો થયો. બીમ ચોંક્યો. તે એ અવાજને કેટલી સારી રીતે જાણતો હતો! આ તેને પોતાના માલિકની ઈવાન ઈવાનિચની યાદ અપાવતો હતો. એ અવાજનો અર્થ હતો શિકાર, જંગલ, સ્વતંત્રતા; જો કોઈ કૂતરો કોઈ પક્ષી અથવા સસલાંનો પીછો કરતાં કરતાં ખોવાઈ જાય તો કે પછી રસ્તો ભટકી જાય તો આ તેને બોલાવવાને સંકેત પણ હતો. ગોળી છૂટવાના પેલા ધમાકા પછી બીમને ઊભા થવાની, લથડિયાં ખાતાં બારણા સુધી જવાની, પોતાના નાકને બારણાની ફાડમાં લગાવવાની અને સ્વતંત્રતાનો શ્વાસ ખેંચવાની શક્તિ ક્યાંથી મળી? પણ હવે તે પોતાના પગ પર ઊભો હતો. એમ લાગતું હતું કે તેને જીવનને માટે ફરી પાછો બોલાવવામાં આવ્યો છે. તે વાહનના એક ખૂણામાંથી બીજાં ખૂણા સુધી ઘડિયાળનાં લોલકની જેમ ચાલવા લાગ્યો. ત્યારબાદ તે ફરીથી બારણાની પાસે ગયો પછી ફાડમાં નાક લગાડીને અંતમાં તેણે ગંધો વડે એ જાણી લીધું કે કંપાઉન્ડમાં કોઈ આશંકાજનક કામ થઈ રહ્યું છે. તે એક વાર ફરી વાહનની અંદર આંટા મારવા લાગ્યો. વચ્ચે વચ્ચે તે લોખંડને ખુરેચતો હતો અને પોતાની જાતને વધારે સક્રિય બનાવી રહ્યો હતો. જાણે કોઈ વસ્તુને માટે તૈયાર કરી રહ્યો હોય, પોતાને વધારે સ્ફૂર્તિલો બનાવી રહ્યો હોય.

એ કહેવું મુશ્કેલ છે કે આવી સ્થિતિ ક્યાં સુધી ચાલતી રહી પણ અંતમાં બીમે બારણા પર ખોતરવાનું શરૂ કરી દીધું.

તેણે જેટલાં પણ બારણાં જોયાં હતાં તેનાથી આ તદ્દન જુદું હતું. તે લોખંડના પતરાઓની ખોલમાં બંધ હતું અને તે ખોલ ઘણી જગ્યાઓથી ફાટી ગયેલી હતી અને ખરબચડી તથા દાંતાવાળી થઈ ગઈ હતી. પણ તે હતું બારણું જ અને તે સમયે એકમાત્ર એવું બારણું હતું જેની મારફતે તે સહાયતા અને સહાનુભૂતિનો પોકાર કરી શકતા હતો.

રાત આવી—ઠંડી, હિમવાળી રાત.

લાંબા વાળાવાળી કૂતરી કરુણ સ્વરમાં આર્તનાદ કરવા લાગી.

પણ બીમ બારણું ખોતરતો રહ્યો. તેણે લોખંડમાં ઊભરાયેલાં કાંટાને કાપી નાંખ્યા અને પછી ખોતર્યો. પણ હવે તે સૂઈને ખોતરી

રહ્યો હતો. તે બહાર જવા દેવા માટે પોકારતો રહ્યો, કરગરતો રહ્યો.

સવાર થતાં સુધી વાહન શાંત થઈ ગયું હતું. લાંબા વાળવાળી કૂતરીનો આર્તનાદ બંધ થઈ ગયો હતો અને બીમ પણ ચૂપ હતો. પણ તે ધાતુને ખોતરવા માટે પોતાના પગને હજી પણ રહી રહીને ઉઠાવી રહ્યો હતો. અમે નથી જાણતાં કે તે પૂરી રીતે થાકીને ચૂરચૂર થઈ ગયો હતો કે તેણે આશા છોડીને પોતાની જાતને ભાગ્યને હવાલે સોંપી દીધી હતી. તે હજી સુધી એ લોખંડી વાહનનું રહસ્ય માત્ર જ છે.

પ્રકરણ સોળમું

એક શોધ દરમ્યાન મુલાકતો. પૃથ્વી પર બીમનાં ચિહ્નો. ચાર ધડાકા

રોજ કરતાં રવિવારે શહેરમાં વધારે લોકો દેખાય છે. તેઓ ચાલતાં, દોડતાં, ખરીદતાં અને વેચતાં જાય છે. પોતાની જાતને ડબ્બામાં બંધ માછલીઓની જેમ રેલગાડીઓ, બસો, ટ્રોલીબસો અને ટ્રામોમાં ઠૂંસી ઠૂંસીને તેઓ શહેરમાંથી એવાં જલદી જલદી ભાગે છે જાણે કે દુનિયાનાં બધાં ભૂતપ્રેતો તેમની જ પાછળ પડયાં હોય. ભર બપોરે શોરબકોર થોડો ઓછો થઈ જાય છે પણ સાંજે ફરીથી શરૂ થઈ જાય છે. કેટલાંક ગામો, જંગલોમાંથી પાછાં આવી રહ્યાં હોય છે અને કેટલાંક ત્યાં પાછાં જઈ રહ્યાં હોય છે.

એટલા માટે ખ્રિસાન આંદ્રેયેવિચ અને આલ્યોશાનું એક રવિવારે શહેરમાં આવવું કોઈ આશ્ચર્યની વાત નહોતી. તેઓ એ નક્કી કરીને આવ્યાં હતાં કે આલ્યોશા કાળુને શોધવાનો પ્રયત્ન કરશે અને તેના

પિતા પોતાનો માલ બજારમાં વેચશે. ખ્રિસાન આંદ્રેયવિચ પહેલાં પણ ઘણી વાર પોતાના દીકરાને શહેર લઈ ગયો હતો અને તેને વગર કોઈ ચિંતાએ નગરના અન્વેષણાર્થે જવા દીધો હતો. (તે ટ્રામનો નંબર જાણતો હતો, "પોતાનો" બસનો અડ્ડો જાણતો હતો. અને જ્યાં સુધી કોઈ તોફાનીપણામાં જઈ ફસાવાની વાત હતી, આલ્યોશા કદી એવું કરતો નહોતો). આવા દિવસોમાં આલ્યોશાને પોતાની મનપસંદની વસ્તુ ખરીદવાની અને ઈચ્છાનુસાર નગરમાં ક્યાંય પણ જવા દેવા માટે જો જવા ઈચ્છે તો સરકસ અને સિનેમામાં પણ જવા દેવા માટે પણ ત્રણ રૂબલ આપવામાં આવતાં હતાં. પણ આ વખતે ખ્રિસાન આંદ્રેયેવિચે તેના ખિસ્સામાં પંદર રૂબલ મૂકી દીધાં અને કહ્યું.

"જો તને ક્યાંય કાળુ મળી જાય તો અને જો તેઓ તને તેને લઈ જવા ન દે તો તેમને દસનું નોટ આપજે. જો તેઓ તેમ છતાં પણ ન માને તો બાર કહેજે અને જો તેઓ આ પર પણ તૈયાર ન થાય તો પૂરાં પંદર આપી દે જે. જો આમ છતાં પણ તેઓ ના પાડે તો તેમનું સરનામું લખી લેજે અને મને બોલાવજે, હું પોતે આવીશ અને તેમની સાથે વાત કરીશ. તેમ છતાં પણ આમતેમ બહુ વાર સુધી ન ફરતો રહેતો. ચાર વાગ્યા સુધી બસના અડ્ડે આવી જજે. હવે દિવસો ટૂંકા થઈ રહ્યા છે અને આપણને અંધારામાં મુસાફરી કરવી પડશે. કાળુના વિષે પૂછતાં વિનીત ભાવે પૂછજે: 'શું હું આપને એક સવાલ પૂછી શકું છું?' પછી તેમને આખી વાત કહી જણાવજે કે અમે ગ્રામીણ ભરવાડો, અમે અમારા કૂતરાં વિના કામ નથી ચલાવી શકતાં અને અમારો કૂતરો ગૂમ થઈ ગયો છે. તે ભાગી ગયો હશે અને શહેરમાં રસ્તો ભૂલી ગયો હશે. દુનિયામાં દયાળુ લોકોની કમી નથી; તું પોતાના પ્રશ્નો પૂછતો જજે અને ઈષ્ટની આશા રાખજે."

...એક હૃષ્ટપુષ્ટ ધીર દેખાતો છોકરો નગરના રસ્તાઓ પર ફરી રહ્યો હતો અને સમય સમય પર કોઈ એક એવા માણસને પસંદ કરી લેતો હતો જેને તે પોતાના વિશ્વાસને યોગ્ય સમજતો અને તેની પાસે પહોંચી જતો.

"શું હું આપને એક સવાલ પૂછી શકું છું? જુઓને, અમે ભરવાડ છીએ..."

તેને અગણિત જાડાં લોકો ખાસ કરીને સ્ત્રીઓ મળી પણ તેમને તેણે જવા દીધાં (તેઓ કદાચ કામ નથી કરતાં એટલે જાડા થઈ ગયાં છે). પણ તથ્ય એ છે કે તે એક હૃષ્ટપુષ્ટ જાડો પાડો માણસ જ હતો જેને આલ્યોશાનો પ્રશ્ન સાંભળીને, જે તેણે તેને જ નહીં પણ બીજા કોઈને પણ પૂછ્યો હતો, રોકાઈને તેને સલાહ આપી કે તે સ્ટેશન જાય (આખા દિવસમાં બધાં યુવાજન ત્યાંથી પસાર થશે અને તેમનામાંથી કોઈ ન કોઈ જાણતું જ હશે.) આલ્યોશા કોઈને પણ પોતાનો પ્રશ્ન સંભળાવ્યા વિના જવા નહોતો દઈ રહ્યો.

તે જ સમયે તોલિક પણ બીમની શોધને માટે પોતાની નિયમિત શોધ પર નીકળ્યો હતો. તે પાછલા ત્રણ દિવસથી સ્કૂલ છૂટયા પછી દરરોજ તેને શોધતો હતો પણ આજે રવિવારે તેને સ્કૂલે નહોતું જવાનું એટલા માટે તે સવારથી જ કામે લાગી ગયો હતો.

આ પ્રમાણે એક સંસ્કૃત કુટુંબનો આ સાફસુથરો છોકરો નગરમાં આમતેમ ફરી રહ્યો હતો; તે રસ્તેથી પસાર થનારા ચહેરાઓના એવા ધ્યાનથી જોતો જાણે તેમનું અધ્યયન કરી રહ્યો હોય. પછી જેને તે પસંદ કરી લેતો તેને પ્રશ્ન પૂછતો:

"માફ કરશો, તમે ક્યાંય એક કાળા કાનવાળા કૂતરાને તો નથી જોયો... તેનાં વાળ સફેદ છે અને શરીર પર પીળાં ધબ્બાં છે... ના, તમે નથી જોયો, ખેર કંઈ વાંધો નહીં; માફ કરશો."

તોલિક પોતાના માબાપના આદેશ હોવા છતાં પણ એક વાર સ્તેપાનોવ્નાને ત્યાં ગયો હતો અને તેણે લૂસ્યાને એક સ્કેચબુક તથા પેલી રંગીન ચેકોસ્લોવેકિયાની પેન્સિલોનો ડબ્બો ભેટ કર્યો જેને દુકાનોમાં કદી નથી ખરીદી શકાતો. તોલિકે તેમને કહ્યું કે બીમ તેના ઘેર આવ્યો હતો અને એક રાત વીતાવી ગૂમ થઈ ગયો હતો. તેને સ્તેપાનોવ્ના પાસેથી એ પણ જાણવા મળ્યું કે ઈવાન ઈવાનિચ, જેને તેણે જીવનમાં પહેલાં કદી નહોતો જોયો તેણે પણ એક કાગળ મોકલ્યો છે જેમાં લખ્યું છે કે તે જલદી જ પાછો આવી જશે.

તે સાંજે તોલિકે તેમને ત્યાં ફરી આવવાનો અને એ જોવાનો નિશ્ચય કર્યો કે બીમના વિષે કોઈ નવી ખબર છે કે નહીં. આ સિવાય લૂસ્યાએ તેને વાયદો કર્યો હતો કે તે તેને પોતાની બનાવેલી એક તસવીર આપશે, "આપણો બીમ."

સ્ટેશનની નજીકના એક રસ્તા પર પુરુષનો સૂટ પહેરેલ તેર વર્ષનો એક હૃષ્ટપુષ્ટ અને તડકાથી શ્યામ વદનવાળો એક છોકરો તોલિકની પાસે આવ્યો: "શું હું આપને એક સવાલ પૂછી શકું છું?

તોલિકને વયસ્કોની શૈલીમાં કરવામાં આવેલ તે સંબોધન ગમ્યું અને તરત જ જવાબ આપ્યો:

"હા, પૂછી શકો છો," સાથે સાથે જ તેણે પોતે પણ એક સવાલ પૂછી લીધો, "તમે શું જાણવા ઇચ્છતાં હતાં."

"અમે ભરવાડ છીએ અને અમારો કૂતરો ખોવાઈ ગયો છે—તે શહેર તરફ ગયો હતો. હોઈ શકે છે કે તમે તેને ક્યાંય જોયો હોય? તે પીળાં ધબ્બાં વાળો સફેદ કૂતરો છે અને તેનો એક કાન કોલસા જેવો કાળો છે અને તેના પગ..."

"કૂતરાનું નામ શું છે?" તોલિકે વિસ્મિત થઈને પૂછ્યું.

"કાળુ," આલ્યોશાએ જવાબ આપ્યો.

"તે બીમ છે," તોલિકે કહ્યું. "તે બીમ જ હોવો જોઈએ!"

તોલિકને એ જાણવામાં વાર ન લાગી કે બીમને ક્યારે અને ક્યાં ખરીદવામાં આવ્યો, તે ગામમાંથી ક્યારે ગયો અને આલ્યોશાને એ જાણવામાં સમય ન લાગ્યો કે તોલિકના ઘેર જે કૂતરો આવ્યો હતો તે કાળુ જ હશે. દરેક વાત મળતી હતી. બીમ શહેરમાં જ ક્યાંક હશે. બંને છોકરાઓમાંથી કોઈએ પણ એ પ્રશ્ન પર વિચાર ન કર્યો કે બીમના મળતાં તેને કોને સોંપવામાં આવે. મુખ્ય વાત શોધ કરવાની હતી.

"સૌથી પહેલાં આપણે સ્ટેશને જઈને ઊભાં રહીશું," આલ્યોશએ પ્રસ્તાવ મૂક્યો. "એક માણસે મને સલાહ આપી છે."

"હા, ત્યાં ઘણાં બધાં લોકો મળશે. કોઈએ તો બીમને જરૂર જોયો હશે." તોલિકે સંમતિ જાહેર કરી.

શોધની આવી પદ્ધતિની વ્યર્થતા સ્પષ્ટપણે જાહેર હતી પણ તોલિક કે આલ્યોશાને માટે નહીં. તેઓ તો માત્ર દોસ્તભાવથી પ્રેરાયેલાં હતાં, કેવળ એક ઇચ્છાથી બીમ પ્રત્યે પોતાની પ્યારથી એક તારે બંધાયેલાં હતાં. તેમનામાં આસ્થા હતી—આ તેનો સાર હતો. પોતાના મનની આંખોમાં તેઓ પહેલેથી જ બીમને પોતાની સામે પ્રગટ થતો જોઈ શકતાં હતાં.

"અને ત્યારબાદ આપણે તારી સ્તેપાનોવ્નાને મળવા જઈશું," આલ્યોશાએ કહ્યું. "તે તેના સ્થાનથી વધારે સમય સુધી બહાર નહીં રહે. હકીકતમાં તે ત્યાં જ જઈ રહ્યો હશે. તે તેનું ઘર છે."

"હા, આપણે આમ જ કરીશું," તોલિકે સંમતિ પ્રગટ કરી.

તેને આલ્યોશા તેનો બોલવાના ગંભીર અને નિશ્ચ્છલ તરીકા સહિત સાચેસાચ ગમવા લાગ્યો હતો. આવી મુલાકાતોથી લોકો કદી કદી જીવનપર્યંતનાં દોસ્ત બની જાય છે અને તે છોકરો ભાગ્યશાળી છે જે રસ્તામાં કોઈ દુષ્ટ બુદ્ધિ કે ચોર ઉચક્કાના હાથમાં ન પડીને સંજોગોવશાત્ આવાં દોસ્તને પામે છે.

આ બંને છોકરાં લગભગ સો માણસોને પૂછી ચૂક્યાં હતાં અને હજી પણ એવાં લોકોને શોધીને પૂછી રહ્યાં હતાં જે પ્રશ્ન પૂછવા યોગ્ય હતાં.

તે સવારે સ્ટેશનની સામાન્ય ભીડભાડ અને ખેંચાતાણીમાં સમાવિષ્ટ લોકોમાં ભૂરો ઓવરકોટ પહેરેલ સફેદ વાળવાળો એક માણસ પણ હતો જે લાકડીના ટેકે એક એક્સપ્રેસ ગાડીના ડબ્બામાંથી બહાર નીકળ્યો હતો. તે રોકાયો અને ચોમેર એવી રીતે જોવા લાગ્યો જાણે કે બહુ સમય સુધી બહાર રહેવાવાળો માણસ એ જાણવા માટે જુએ છે કે ક્યાંક કંઈ બદલાઈ તો નથી ગયું, દરેક વસ્તુ પોતાની જગ્યાએ છે કે નહીં. તે જ ક્ષણે બે અજાણ્યાં છોકરાં તેની પાસે આવ્યાં. તેમનામાંથી એકે જે સ્પષ્ટ રીતે ગામવાસી હતો તેણે એક સવાલ પૂછ્યો: "શું હું આપને એક સવાલ પૂછી શકું છું?"

તે સફેદવાળવાળી વ્યક્તિએ પોતાના માથાને એક તરફ વાળ્યું અને પોતાની હંસી છુપાવીને જવાબ આપ્યો:

"બેશક, તમે પૂછી શકો છો."

બીજા છોકરાએ જે સ્પષ્ટપણે નગરવાસી હતો પ્રશ્નને આગળ વધાર્યો: "કૃપા કરીને આપ એ કહેશો કે આપે કોઈ એવો કૂતરો જોયો છે જેનો એક કાન કાળો છે, રંગ સફેદ અને પીળા..."

સફેદ વાળવાળા માણસે છોકરાંના ખભો દબાવ્યો.

"બીમ?" તેણે ભાવાતિરેકનું સંવરણ ન કરતાં વિસ્મયપૂર્વક પૂછ્યું.

"હા, બીમ. તમે તેને જોયો? ક્યાં?"

19 - 159

થોડી જ વારમાં તેઓ ત્રણે સ્ટેશનની સામે બગીચાના બાંકડા પર બેઠાં હતાં. જો કે તે છોકરાંઓએ આ વૃદ્ધ સજ્જનને પહેલાં કદી નહોતો જોયો તેમ છતાં પણ તેઓ એક બીજા પર અવ્યક્ત રૂપે વિશ્વાસ કરવા લાગ્યાં હતાં. જ્યાં સુધી તેણે સ્વયં ન કહ્યું ત્યાં સુધી તેમણે એ વાતનું અનુમાન પણ ન લગાવ્યું કે આ માણસ ઈવાન ઈવાનિચ છે. બીમનો માલિક છે.

પહેલી નજરે તેનાં પોતાનાં દોસ્ત પણ તેને ન ઓળખી શકતાં. તેની કાયા પહેલાં કરતાં પણ વધારે ઝુકી ગઈ હતી, તેનો ચહેરો દૂબળો પડી ગયો હતો અને કરચલીઓ વધારે ઊંડી થઈ ગઈ હતી. (હૃદયની બિલકુલ નજીકથી કરવામાં આવનારું ઓપરેશન છુટ્ટી મનાવવા નથી હોતું). પણ તેની દૃષ્ટિ હજી પણ એવી જ હતી, તે જ સચેત અને અંતર્વેધી દૃષ્ટિ. તેની પેલી ઘેરી ભૂરી આંખો એ વાતનું સંકેતમાત્ર હતી કે કદી તેનાં વાળોનો રંગ કાળો રહ્યો હશે જે અત્યારે બરફ જેવાં સફેદ થઈ ગયાં હતાં.

તોલિકે બીમના વિષે પોતે જાણતો હતો તે બધી વાતો કહી, એ તથ્ય પણ કે તે લંગડો અને માંદો હતો. આલ્યોશાએ કાળુના ગ્રામણિ જીવનનું સંક્ષિપ્ત તથા તાદૃશ્ય વર્ણન રજૂ કર્યું. તે છોકરાંઓને ઈવાન ઈવાનિચ બહુ ગમ્યો. તે તેમની સાથે એવી રીતે વાતો કરતો હતો જાણે તેઓ વયસ્ક હોય અને કદી કદી તે પોતાના હાથ તેમના ખભા પણ મૂકી દેતો હતો. તેમને બીજાની વાતમાં રુકાવટ નાખ્યા વગર સાંભળવાનો તેનો ઢંગ પણ ગમ્યો અને એ પણ તથ્ય હતું કે તેનાં વાળ આટલાં સફેદ છે અને તેનું નામ આટલું સરસ છે. અને સૌથી મોટી વાત એ હતી કે તેને તેમને જોતાં જ તેમની સાથે લગાવ થઈ ગયો હતો—આ વાત (દિવસના અજવાળાની જેમ સુસ્પષ્ટ હતી) દીવા જેવી સ્પષ્ટ હતી. નહીં તો તે અંતમાં એ ન કહેતો:

"તમે સારાં છોકરાં છો, આપણે દોસ્ત બનવાં જઈ રહ્યાં છીએ, સાચાં દોસ્ત... પરંતુ અત્યારે આપણે ઘર તરફ, મારા ઘર તરફ જઈએ. વાતોથી એમ લાગે છે કે બીમ ત્યાં પહેલાં જ પહોંચી ગયો હશે."

રસ્તામાં તેણે યુક્તિપૂર્ણ પ્રશ્ન પૂછીને એ જાણી લીધું કે તે છોકરાં

કોણ છે, કેવા પ્રકારનાં કુટુંબમાંથી છે, તેમનો કામધંધો શું છે તથા તેઓને શું ગમે છે અને શું નથી ગમતું.

"તો તું ઘેટાંની દેખરેખ કરે છે, કેમ આલ્યોશા? આ કામ સારું છે. અને તું સ્કૂલે પણ જાય છે? આનાથી તું બહુ વ્યસ્ત રહેતો હશે, એમ ખરું ને?"

"એ જાણવું જરૂરી છે કે ઘેટાંને કેવી રીતે ચરાવવામાં આવે છે," આલ્યોશાએ પોતાના પિતાની જેમ જવાબ આપ્યો. "આ એક મુશ્કેલ કામ છે. તમારે આખું ધણ એવી રીતે એક સાથે આગળ વધારવાનું હોય છે કે તેઓ પોતાના પગ નીચેની ઘાસ મસળી ન નાંખે; આ સહેલું કામ નથી—તમારા પગ ઘસાઈ શકે છે, એવું થઈ જ શકે છે. તમારે હંમેશાં પોહ ફાટતાંની સાથે ઊઠવાનું હોય છે અને કોઈને કોઈ ચિંતાની વાત હંમેશાં હોય છે. એક કૂતરો હોવાથી સ્થિતિ વધારે સારી થઈ જાય છે, તે એવા માણસની સરખામણીમાં વધારે મદદ કરી શકે છે જે આ કામને નથી જાણતું. ના, અમે એક કૂતરા વિના અમારું કામ ચલાવી જ નથી શકતાં. અમે ભરવાડ છીએ બસ, આ જ આ વાતનો સાર છે."

"અને તોલિક, તું શું કરે છે?" ઈવાન ઈવાનિચે પૂછ્યું.

"હું શું કરું છું?" તોલિકે વિસ્મિત થઈને કહ્યું. "હું સ્કૂલ જાઉં છું."

"તારા ઘરમાં કોઈ જાનવર છે?" આલ્યોશાએ તોલિકને પૂછ્યું.

"ના, અમારી પાસે કોઈ જાનવર નથી," તેણે જવાબ આપ્યો. "એક વાર મારી પાસે કેટલાંક ગિની પેગ હતાં પણ મમ્મી મને તેમને પાળવા જ નહોતી દેતી. તેણે કહ્યું તેઓ દુર્ગંધ ફેલાવે છે."

"તું અમારે ત્યાં આવ. હું તને બતાવીશ અમારી મિલ્કા ગાય—તે એક અદ્ભુત ગાય છે. તું તેની નીચેથી રેંગતો જઈ શકે છે, તે પોતાનો પગ પણ નહીં હલાવે. તે તો તારી ટોપી સુદ્ધાં ચાટી લે છે... અને હાથ પણ. અને અમારો મુરઘો, તે અસલ મુરઘો છે, કલગીદાર સરદાર છે તે. સવાર થતાં સૌથી પહેલો તે જ બાંગ પોકારે છે અને બીજાં બધાંને તેની જ સરદારી પર ચાલવું પડે છે. આ પ્રકારનાં મુરઘાં સહેલાઈથી નથી મળતાં... પણ અત્યારે અમારી પાસે કૂતરો નથી. અમારી પાસે પહેલાં એક કૂતરો હતો પણ તે મરી

ગયો અને કાળુ ભાગી ગયો," આલ્યોશાએ નિસાસો નાખ્યો. "જ્યારે તે ગયો ત્યારે મને ખૂબ દુ:ખ થયું, તે એટલો સ્નેહશીલ હતો..."

ઈવાન ઈવાનિચે સ્તેપાનોવ્નાના બારણે ઘંટડી વગાડી. તેણે તથા લૂસ્યાએ સાથે સાથે બારણું ખોલ્યું.

"અરે, ઈવાન ઈવાનિચ!" તે એકદમ બોલી પડી. "હવે હું શું કહું, બીમ અહીં નથી, ત્રણ દિવસ પહેલાં તે તોલિકને ત્યાં હતો પણ તે ઘેર પાછો ન આવ્યો."

"એમ તો તે નથી પહોંચ્યો," ઈવાન ઈવાનિચે કંઈક વિચાર જેવું કરતાં ફરીથી કહ્યું." પણ છોકરાંઓને ખુશ કરવા માટે તેણે કહ્યું. "આપણે તેને શોધી લઈશું. મને પાકો વિશ્વાસ છે, અવશ્ય શોધી લઈશું."

સ્તેપાનોવ્નાએ તેને તેના પોતાના ફ્લેટની ચાવીઓ આપી અને તેઓ પાંચે તેની સાથે ફ્લેટમાં પ્રવેશ્યાં. ઓરડો જેવો તે છોડીને ગયો હતો બિલકુલ તેવો જ હતો. પુસ્તકોના એ જ કબાટે એક આખી દીવાલ ઘેરેલી હતી અને જેને જોઈને આલ્યોશા વિસ્મિત થઈ ગયો, તે જ ઢાળિયું હતું, હવે ઓરડો પહેલાં કરતાં પણ વધારે સાફ હતો (સ્તેપાનોવ્નાએ આ વાતનું ધ્યાન રાખ્યું હતું), પણ બીમના વગર તે તદ્દન ખાલી ખાલી લાગી રહ્યો હતો. તેના ખૂણા પર કાગળનો એક ટૂકડો હતો—ઈવાન ઈવાનિચનો પત્ર, સ્તેપાનોવ્નાએ તેને પણ સંભાળપૂર્વક રાખ્યો હતો. ઈવાન ઈવાનિચ પોતાનાં મહેમાનો તરફથી નજર હટાવીને બારીની બહાર તાકવા લાગ્યો, તેનાં ખભાં ઢળી પડયાં હતાં. સ્તેપાનોવ્નાને એવું લાગ્યું કે તેણે એક ઊંડો નિસાસો સાંભળ્યો.

"ઈવાન ઈવાનિચ," તેણે સલાહ આપી, "તમારે પોતાની આ યાત્રા પછી પથારીમાં આરામ કરવો જોઈએ."

તે પથારીમાં સૂતો અને સૂતાં સૂતાં છત તરફ તાકવા લાગ્યો હતો ત્યારે ઓરડામાં શાંતિ છવાયેલી હતી. સ્તેપાનોવ્નાએ વાતચીત દ્વારા તેનાં દુ:ખને વહેંચવાનો પ્રયત્ન કર્યો:

"હા, ઑપરેશન બરાબર થઈ ગયું કેમ ખરું ને? જો તેમણે તમને એકલા આવવા દીધા એટલે તમે તદ્દન જ સારા થઈ જશો."

"બધું જ ઠીક છે, સ્તેપાનોવ્ના, બિલકુલ ઠીક. તમને આ બધાંને માટે ખૂબ ખૂબ ધન્યવાદ. તમે એક અજાણ્યા માટે જે

કંઈ કર્યું તેટલું લોકો પોતાનાં સગાવહાલાં માટે પણ નથી કરતાં."

"અરે, એ પણ કંઈ કહેવાની વાત છે! શા માટે નકામું આવું કહો છો. દુનિયામાં જ્યાં સુધી સહૃદયતા છે ત્યાં સુધી પોતાનાં પાડોશીને મદદ કરવી કોઈ મુસીબત થોડી હોય છે," (પ્રશંસા કરવાં પર સ્તેપાનોવ્ના ખૂબ ક્ષોભ અનુભવવા લાગતી હતી.)

થોડી મિનિટો બાદ ઈવાન ઈવાનિચ ઊઠી ગયો. તેણે કહ્યું:

"સારું તો છોકરાંઓ, આપણી યોજના આમ છે. તમે તો અહીં તમારા જિલ્લામાં શોધ કરો અને લોકોને પૂછવામાં જરા પણ અચકાતાં નહીં. બીમ અહીં જ ક્યાંક હોવો જોઈએ. અને હું..." તેણે પળવાર વિચાર કર્યો. "હું એક જગ્યાએ જઈશ... ખબર પાડવા... હોઈ શકે છે કે તે રખેવાળી કરતાં કૂતરાંઓની સાથે રોકાઈ ગયા હોય, ક્યાંક કોઈ જગ્યાએ."

જ્યારે તેઓ બહાર જઈ રહ્યાં હતાં ત્યારે લૂસ્યાએ તોલિકને પોતાનું ચિત્ર 'આપણો બીમ' આપ્યું. તોલિકે તેને આલ્યોશાને બતાવ્યું અને આલ્યોશા આશ્ચર્યચકિત રહી ગયો: "શું આ તેં પોતે બનાવ્યું?"

"હા."

"તું શું કલાકાર છે?"

"ના," લૂસ્યા હસી. "હું હમણાં હમણાં જ પાંચમાં ધોરણમાં આવી છું."

ચિત્ર બીમ સાથે ઘણું મળતું હતું: એક કાળો કાન, એક કાળો પગ, સફેદ શરીર પર થોડા પીળા ધબ્બા, કદાચ એક કાન બીજા કરતાં થોડો મોટો હતો પણ તેનાથી કોઈ ફેર પડતો નહોતો.

હવે આલ્યોશા અને તોલિક એક વાર ફરી પોતાની શોધમાં લાગી ગયાં. પહેલાંની જેમ તેમણે એવાં લોકોને છાંટયા જેઓ તેમની સમજથી પ્રશ્ન પૂછવા યોગ્ય હતાં. (પણ હવે સારી રીતે સલાહ મસલત કર્યા પછી). તેઓ હંમેશાં એક જ સવાલથી શરૂઆત કરતાં અને કહેતાં કે બીમ કેવો દેખાતો હતો.

પણ ઈવાન ઈવાનિચે તે સમયે ખાટલામાં પડયાં જ નક્કી કરી લીધું હતું કે તેણે તરત કવારેંટાઇન સ્ટેશન જવું જોઈએ. કૂતરાં પકડનારાંઓને ચેતવવા માટે તથા એ કહેવા કે કેવા પ્રકારના કૂતરાંની

શોધમાં રહેવાનું છે. અને તેમને થોડાં પૈસા આપવા માટે પણ જેથી તેઓ તેને જોતાં તેની સૂચના તેને આપી દે. પરંતુ હોઈ શકે કે બીમ ત્યાં પહેલેથી જ મોજૂદ હોય. તે બુધવારની રાત્રે ત્રણ દિવસ પહેલાં તોલિકને ઘેરથી નીકળ્યો હતો. તેણે ઉતાવળ કરવી જોઈએ!

તેણે એક ટેક્સી ભાડે લીધી અને થોડી જ વારમાં ક્વારેંટાઇન સ્ટેશનના ફાટક પાસે પહોંચી ગયો. ત્યાં ચોકીદારના સિવાય બીજું કોઈ નહોતું (રવિવારના દિવસે રજા હતી).

પણ ઈવાન ઈવાનિચના પ્રશ્નોના જવાબમાં ચોકીદારે એક લાંબો અને વિસ્તૃત જવાબ આપ્યો:

"ગુરુવારે અને શુક્રવારે કોઈ કૂતરો નથી પકડયો. પણ જેને કાલે લાવવામાં આવ્યાં તે અહીં છે; તેઓ હજી પણ વાહનમાં જ છે. હું નથી જાણતો કે કેટલાં છે, નકામો બખેડો, પણ કંઈ છે તો જરૂર. ડાકટર કાલે આવશે અને કહેશે કે કોને વિજ્ઞાનને માટે મોકલવો અને કોને હંમેશાં માટે સૂવાડી દેવો જોઈએ અને કોને ખાલ માટે ઉપયોગમાં લેવામાં આવશે. તેમનામાંથી કેટલાંકને ખાલ સહિત દફનાવવામાં આવે છે, સમજ્યા તમે આ જ કહેવા માટે ડોકટર અહીં આવે છે. જાણો છો, ક્યારેક ક્યારેક તેમને બાળવા પણ પડે છે."

"શું અહીં શિકારી કૂતરાં પણ લાવવામાં આવે છે?" ઈવાન ઈવાનિચે પૂછ્યું.

"ક્યારેક ક્યારેક. જ્યારે આવાં કૂતરાં આવે છે ત્યારે તેમને તરત સાફ કરવામાં નથી આવતાં, ન તો વૈજ્ઞાનિકોની પાસે જે મરજીમાં આવે તેમ કરવા માટે મોકલવામાં આવે છે. પહેલાં અમે શિકારીઓના સંગઠનને ખબર આપીએ છીએ—એ જાણવા માટે કે શું કરવું જોઈએ. બેશક અમે આમ જ કરીએ છીએ! આ જ તો ડોકટરોનું કામ છે. તે સમયે પણ તેની અંદર એક શિકારી કૂતરો છે, ઈવાને કહ્યું હતું કે એક સફેદ કૂતરો છે અને સાચેસાચ જ બહુ ખરાબ હાલતમાં છે. તેણે કહ્યું, તેની યોગ્ય દેખભાળ નથી થતી; તેને તેની માલકિણે પોતે જ હવાલે સોંપી દીધો હતો. હા તેણે આ જ કર્યું! હોઈ શકે છે તેનો પતિ મરી ગયો હોય."

ઈવાન ઈવાનિચે વિચાર્યું તે બીમ હોઈ શકે છે.

"કૃપયા મને વાહનમાં જઈને જોવા દો," તેણે કહ્યું. "હું

મારા કૂતરાને શોધી રહ્યો છું. તે એક શાનદાર કૂતરો છે. સંભવ છે કે જે કૂતરો વાહનમાં પડયો છે તે જ મારો હોય. જરા મને જોવા દો." પણ ચોકીદાર કઠોર બની ગયો.

"તેઓ અહીં શાનદાર કૂતરાં નથી રાખતાં. આ માત્ર ખતરનાક કૂતરાંઓ માટે છે જેથી તેઓ રોગ ન ફેલાવે," તેણે સ્પષ્ટરૂપે અને દૃઢ ધારણાપૂર્વક એલાન કર્યું. આ વાત કહેતાં કહેતાં તેનો ચહેરો બદલાઈ ગયો. તેણે પોતાની થોડી ઊંચી કરી લીધી અને એવી મુદ્રા બનાવી જાણે તે બખેડો ઊભો કરવાવામાં આ માણસને ફાટકથી દૂર હટાવી રહ્યો હોય. ઈવાન ઈવાનિચ ત્યાં ઊભો હતો, તેને લાગી રહ્યું હતું કે તે બહુ અશક્ત છે અને કંઈ પણ કરવામાં અસમર્થ છે. ચોકીદાર પોતાના અધિકાર પ્રદર્શનનો લોભ રોકી ન શક્યો, તે કઠોર સ્વરે બોલ્યો, "તમને નોટિસ નથી દેખાતી, અંદર આવવાની મનાઈ છે કે પછી તમે સમજતા નથી તેમાં શું કહેવામાં આવ્યું છે?" તેણે સુવર્ણ રંગનાં અક્ષરોમાં લખેલી તથા ચોકઠામાં મઢેલી નોટિસની તરફ ઈશારો કર્યો: 'ખતરો—અંદર આવવાની મનાઈ છે."

હવે ઈવાન ઈવાનિચ કંપાઉંડની અંદર આવવાની બધી આશા છોડી ચૂક્યો હતો, પણ તેમ છતાંય તેણે વાંધો ઉઠાવ્યો:

"તમે આવી રીતનો વર્તાવ કેવી રીતે કરો છો! અને એ ઉપર તમે પોતાને ઈનસાન કહો છો... મારું હમણાં હાલતમાં જ ઓપરેશન થયું છે. હું યુદ્ધના સમયથી અત્યાર સુધી બોંબનો એક ટુકડો અહીં, બિલકુલ અહીં લઈને ફરી રહ્યો હતો. ઓપરેશન પછી જ્યારે હું પાછો ફર્યો ત્યારે મારો કૂતરો ગૂમ થઈ ગયો હતો."

"શું કહ્યું? બોંબનો એક ટુકડો વીસ વર્ષથી પણ વધારે સમયથી તમારા શરીરની અંદર હતો?" તે ચોકીદાર અચાનક ફરી પોતાની જાતને કાબૂમાં લાવ્યો, ફરીથી તે જ માણસ બની ગયો જેવો તે પહેલી વાર મળવા પર હતો.

"સારું, સારું! સહેલાઈથી વિશ્વાસ નથી આવતો! એ જ વાત છે, ત્યારે ત્યારે જ..." તેણે પોતાનું વાક્ય પૂરું કર્યા વગર સ્ટોપર નીચે સરકાવી દીધી, "અંદર આવો પણ કોઈને કહેતાં નહીં."

ઈવાન ઈવાનિચે ટેક્સીને એ આશાએ પાછી મોકલી દીધી હતી કે તે બીમને દોરીએ બાંધીને પગપાળાં ચાલતો ઘેર પાછો જશે.

તે જલ્દી જલ્દી પેલા વાહનની તરફ વધ્યો. વાસ્તવમાં હવે તેને બીમને મળવાની પૂરી આશા બંધાઈ ગઈ હતી. જો બીમ ત્યાં હશે તો તે તેને મળીને તેને સાંત્વના આપી શકશે. જો તે નહીં હોય તો હજી જીવતો હશે અને શોધી લેવામાં આવશે.

"બીમ, પ્યારા બીમૂ બેટા... અરે ઓ મૂરખ," તે કંપાઉન્ડને પાર કરતાં બુદબુદાયો.

ચોકીદારે વાહનનાં બારણાં ખોલ્યાં.

ઈવાન ઈવાનિચ સહમીને પાછળ હટી ગયો અને પૂતળાની જેમ જ્યાંનો ત્યાં જ ઊભો રહી ગયો...

બીમ બારણા પર નાક લગાવી પડયો હતો. તૂટેલી ફૂટેલી કાંટાળી ધાતુ વડે તેનાં હોઠ અને મસૂડાં કપાઈ ગયાં હતાં. તેના આગલા પગના નખ લોહીથી લથપથ હતા.

તે આ અંતિમ બારણે બહુ લાંબા સમય સુધી પોતાના છેલ્લા શ્વાસ સુધી ખોતરતો રહ્યો હતો. અને તેની માંગણી કેટલી નાની હતી! માત્ર સ્વતંત્રતા અને વિશ્વાસ—આનાથી વધારે કંઈ જ નહીં.

એક ખૂણામાં લપાઈને કૂતરી કૂં-કૂં કરવા લાગી.

ઈવાન ઈવાનિચે પોતાનો હાથ બીમના માથે મૂક્યો.

હિમનાં ફોરાં પડવા લાગ્યાં હતાં. તેમાંથી બે બીમના નાક પર પડયાં પણ તે પીગળ્યાં નહીં.

...આ દરમિયાન આલ્યોશા અને તોલિક જે પહેલાં કરતાં પણ વધારે ગાઢ મિત્ર બની ગયાં હતાં નગરનું ભ્રમણ કરી રહ્યાં હતાં. જ્યારે લોકોને સવાલ પૂછતાં પૂછતાં થોડો સમય વીતી ગયો ત્યારે તેમણે જોયું કે તેઓ જાનવરોના પેલાં દવાખાનામાં પહોંચી ગયાં છે જ્યાં તોલિક બીમને લઈ ગયો હતો. ત્યાં તેમને ખબર પડી કે કંપાઉન્ડમાં કૂતરાં રાખવામાં નથી આવતાં અને જો કોઈ કૂતરો ખોવાઈ ગયો છે તો તેના વિષે પૂછતાછ કરવાનું પહેલું સ્થાન ક્વારેંટાઈન સ્ટેશન છે.

આપણાં આ બે છોકરાં તે પ્રકારનાં નહોતાં જેઓ કાગળો મોકલે છે અને તેના સરનામું લખે છે: "ગામમાં દાદાજીને મળે." એટલા માટે એક કલાકથી પણ ઓછા સમયમાં તેઓ બસના અડ્ડેથી ઊતરીને ઉજાડ જમીનને પાર કરતાં સ્ટેશનની તરફ આગળ વધી રહ્યાં હતાં.

તેઓ સ્ટેશનની નજીક પહોંચી જ રહ્યાં હતાં કે ત્યાં જ ઈવાન ઈવાનિચ સ્ટેશનમાંથી બહાર નીકળ્યો. છોકરાંઓ પર નજર પડતાં જ તે ઝડપથી તેમની તરફ વધ્યો.

"શું તમે અહીં આવી રહ્યાં હતાં?"

"તેમણે અમને અહીં મોકલ્યા છે," આલ્યોશાએ કહ્યું.

"બીમ તો અહીં નથી, કેમ ખરું ને?" તોલિકે પૂછ્યું.

"શું તે અહીં હતો?" આલ્યોશાએ ફરીથી સવાલ પૂછ્યો.

"ના, છોકરાંઓ... બીમ અહીં નથી... અને કદી હતો પણ નહીં." ઈવાન ઈવાનિચે પોતાની વેદનાને છુપાવવાનો પ્રયત્ન કર્યો અને તેના જેવી દશાવાળા માણસને માટે આ બહુ કપરું કામ હતું.

તોલિકે માથું સંકોડતો બોલ્યો:

"ઈવાન ઈવાનિચ... કૃપયા... અમને સાચું સાચું કહો!"

"છોકરાંઓ, બીમ અહીં નથી," ઈવાન ઈવાનિચે પહેલાં કરતાં પણ વધારે દૃઢતાપૂર્વક કહ્યું. "આપણે તેને શોધવો જોઈએ. આપણે તેની શોધ ચાલુ રાખવી જોઈએ."

હિમ વરસાદની એક બીજી ઝડી વરસી.

નિઃશબ્દ હિમ.

સફેદ હિમ.

શીતળ હિમ, પૃથ્વીને આચ્છાદિત કરતો હિમ, જીવનના આવતા વાર્ષિક પુનર્નવીકરણ સુધી, જીવન જે વસંતની સાથે આવશે.

હિમ સમાન સફેદ વાળવાળો એક માણસ સફેદ ઉજ્જડ ધરતીને પસાર કરતો જઈ રહ્યો હતો. તેની સાથે બે છોકરાંઓ હતાં જે હાથમાં હાથ લઈને ચાલી રહ્યાં હતાં પોતાના દોસ્તને શોધવા. તેમની પાસે આશાનું સંબળ હતું.

એક જૂઠ પણ સત્ય સમાન પવિત્ર બની શકે છે. એક મરતો માણસ પોતાનાં પ્રિયજનોને હસતાં હસતાં કહી શકતો: "હું અચાનક પોતાને તદ્દન સ્વસ્થ અનુભવવા લાગ્યો છું." એક મા અસાધ્ય રોગથી મરતા પોતાના બાળકને રાજીખુશીનું ગીત સંભળાવી શકે છે અને ગાતાં ગાતાં હસી પણ શકે છે.

પણ જીવન ચાલતું જાય છે. જ્યાં સુધી આશા છે ત્યાં સુધી જીવન છે કારણ કે હતાશા જીવનને નષ્ટપ્રાય કરી દે છે.

* * *

બંને છોકરાંઓએ આખો દિવસ બીમને શોધતાં શોધતાં વિતાવ્યો. જ્યારે તોલિકે આલ્યોશાને વિદાય આપવા માટે તેની સાથે "આપણા" બસ અડ્ડા તરફ જવા માટે ટ્રામ પકડી ત્યારે સાંજ ઢળવા લાગી હતી.

"આ મારા પિતાજી છે," આલ્યોશાએ તોલિકને પરિચય કરાવ્યો.

ખ્રિસાન આંદ્રેયેવિચે તોલિકની તરફ હાથ લંબાવ્યો.

"એમ તો તેં પોતાને માટે એક દોસ્ત શોધી કાઢ્યો છે. શું તું આલ્યોશાને મળવા આવી રહ્યો છે? તારા આવવાથી અમને ખુશી થશે."

તોલિકને બદલે આલ્યોશાએ જવાબ આપ્યો:

"તે પછી આવશે અને હું ઈવાન ઈવાનિચને મળવા જવાનો છું. અમે અમારી શોધ ચાલુ રાખીશું."

"ત્યારે તો સારું છે. તું મને આ બધી વાતો ઘેર જણાવી શકશે, કારણ કે આ સમયે આપણી બસ અહીં ઊભી છે."

તેમના ચઢતાં પહેલાં આલ્યોશાએ પોતાના પિતાને પંદર રૂબલ આપ્યાં.

"બધાં પૂરાં જ છે. મને તેની જરૂર ન પડી."

"હા, હું સમજું છું," તેના પિતાએ ઉદાસ થઈને કહ્યું.

બસ ચાલી અને તોલિક વિદાયની મુદ્રામાં હાથ હલાવતો રહ્યો. તેને નવા દોસ્તથી જુદા પડવાનું દુઃખ હતું પણ સાથે જ મનમાં ને મનમાં તે ખુશ પણ હતો. તોલિક તે સમયની રાહ જોશે જ્યારે આલ્યોશા સાથે તેની ફરી ભેટ થશે. અને તે બીમ હતો જે પૃથ્વી પર આ ચિહ્‌ન છોડી ગયો હતો, એક સુસ્પષ્ટ ચિહ્‌ન.

ઘેર આવીને તોલિકે પૂર્ણ વિશ્વાસ સાથે પોતાના પિતાને કહ્યું: "બીમ શહેરમાં જ ક્યાંક હશે. અમે તેને શોધી લઈશું. મને પાકો વિશ્વાસ છે કે અમે જરૂર શોધી લઈશું."

"અને આ 'અમે' કોણ છે?"

"આલ્યોશા, ઈવાન ઈવાનિચ અને હું... અમે તેને શોધી કાઢીશું, તમે જોઈ લેજો."

"આલ્યોશા કોણ છે? અને ઈવાન ઈવાનિચ કોણ છે?" તેની માએ પૂછ્યું.

"આલ્યોશા ગામનો એક છોકરો છે. તેના પિતા કાકા ખ્રિસાન છે અને ઈવાન ઈવાનિચ હું નથી જાણતો કે કોણ છે પણ તેઓ ગામ છે અને બીમના માલિક છે."

"જો બીમનો માલિક આવી ગયો છે તો તારે બીમની શી જરૂર છે?" તેના પિતાએ જાણવા ઇચ્છ્યું.

તોલિક આનો જવાબ ન આપી શક્યો. તેના માટે આ પ્રશ્ન અત્યંત અનપેક્ષિત અને જટિલ હતો.

"હું નથી જાણતો," તેણે શાંતિપૂર્વક કહ્યું.

મોડી રાતે જ્યારે તોલિક સુઈ ગયો હતો અને સ્વપ્ન જોઈ રહ્યો હતો કે આલ્યોશાની ગાય તેની ટોપી ચાટી રહી છે, ત્યારે તેનો માતાપિતા દૂરના ઓરડામાં બેઠાં બેઠાં ચર્ચા કરી રહ્યાં હતાં.

"તારો છોકરો રખડેલની જેમ મોટો થઈ રહ્યો છે," પિતાએ સખતાઈથી કહ્યું.

"તો તું કંઈ કરતો કેમ નથી?" માએ તરત જવાબ આપ્યો.

"મારે પોતાનું કામ જોવાનું હોય છે."

"મારે તો કામથી પણ વધારે ખરાબ કોઈ વસ્તુથી નીપટવાનું હોય છે. તું તો ઘરમાંથી બહાર ચાલ્યો જાય છે, પણ હું... શું કરું, માત્ર સફાઈ કરવામાં જ મારું કચુંબર નીકળી જાય છે."

"કામ કોઈ પણ કેમ ન હોય, એક માણસની કેટલીક જવાબદારી હોય છે જેને તેણે નિભાવવી જ પડે છે. હું જેના વિષે કહી રહ્યો છું તે આ છે: તોલિકનું પાલનપોષણ કોણ કરવા જઈ રહ્યું છે? તું કે હું? કે પછી આપણે બંને? જો આપણે બંને આ કામ કરવા જઈ રહ્યાં છીએ તો આપણે એક જ પ્રકારની વાત કહેવી જરૂરી છે."

"સંભવ છે કે એ તું કે હું નહીં હોઈએ."

"તો કોણ હશે?" પિતાએ ભાર દઈને પૂછ્યું.

"આપણી એકમાત્ર આશા છે સ્કૂલ." માએ પહેલાની ગરમાગરમીમાં વધારે શાંતિપૂર્વક જવાબ આપ્યો.

"અને રસ્તો?" પિતાએ જોર આપ્યું.

"રસ્તો પણ કેમ ન હોય? છોકરાં બહાર રસ્તામાં જાય છે."

"સામાન્ય ઈમાનદારીનું શું થશે? તેને આની શિક્ષા કોણ આપશે?" પિતાનો અવાજ ઊંચો થઈ ગયો.

"સારી વાત છે, આ વાંચ. ઊભો રહે, આ હું પોતે જ વાંચી દઉં છું, સાંભળ," માએ છાપામાંથી આમ જ આડેઅવળેથી ઉપાડેલા વાક્યાંશ વાંચ્યા. "સંગઠન, અનર્થક ચોકસાઈ, કઠોર નિયંત્રણ અને ઊંચા માનકો પર જોર આપવું—આ છે તે બધી વસ્તુઓ જે ઈમાનદારીનું સંવર્ધન કરે છે..." "ઈમાનદાર માણસને એક નમૂનો માનવો જોઈએ..." "સાંભળ્યું આ? એક નમૂનો! ઓહ, દૂર થઈ જાઓ મારી સામેથી!" અને તે મોં નીચું કરીને કોચમાં જઈ સૂતી.

પિતાએ તર્કને વધારે ઊંડાણમાં ન લઈ જવું વધારે સારું સમજ્યું. તે પોતાની પત્નીને સારી માનતો હતો અને તે તેને પ્રેમ કરતી હતી, જોકે ઝઘડાની સમાપ્તિની પહેલ હમેશાં તે જ કરતો હતો. પણ તેમની વચ્ચે લાંબા સમય સુધી ચાલનાર મતભેદ કદી નથી થયા. તેથી આ વખતે પણ તેણે જ સમજૂતીના સ્વરમાં કહ્યું:

"ખેર, આપણે આ બધાંની છાંટણી અને સફાઈ કરવી જ પડશે. હું બીમને શોધવાનો પ્રયત્ન કરીશ. હા, હું પ્રયત્ન કરીશ. તેનો માલિક આવી ગયો છે એટલા માટે તોલિક કૂતરાને અહીં લાવશે નહીં અને જો આપણે તેને શોધી લઈશું તો તોલિકની નજરોમાં આપણે ઊંચા થઈ જઈશું."

ના, તે જે કહેવા ઈચ્છતો હતો તે ઠીક આ જ વાત નહોતી. તે રાત્રે સેમ્યોન પેત્રોવિચ પેલો શાંત અને આત્મવિશ્વાસી માણસ નહોતો રહ્યો જેવો તે હંમેશાં રહેતો હતો. તેનો છોકરો તેની સહભાગીદારી વગર ઊછરવા-વધવા લાગ્યો હતો અને તે પોતાના જીવનની જંજાળમાં આ વાતને જોઈ શક્યો નહોતો. સેમ્યોન પેત્રોવિચ વિચારવા માટે વિવશ થઈ ગયો. તેને એક એવાં છોકરાંની યાદ આવી ગઈ જેને તેણે બીયરની એક દુકાનની નજીક એક દીવાલ પાસે જોયો હતો. તે છોકરો માત્ર એક છોકરો જ હતો અને દીવાલની પાસે ઝૂમતો અને ડગમગતો ઊભો હતો. તે વચ્ચે વચ્ચે ચીસો પડતો હતો અને ઉન્માદગ્રસ્તની જેમ સુબકાં ભરવા લાગતો... એ છોકરાની યાદ આવતાં સેમ્યોન પેત્રોવિચનું કાળજું કાંપી ઊઠ્યું. તેણે પોતાની

સપનામાં લગભગ પાંચ વર્ષના ગાળાની અંદર તોલિકને આ ભૂમિકામાં આવ્યો નહોતો અને તેને લગ્યું કે તેનું ગળું રૂંધાઈ રહ્યું છે. તે પોતાની પત્ની પાસે ગયો અને એવા શાંત સુકોમળ સ્વરમાં બોલ્યો કે તેની પત્ની આશ્ચર્યમાં પડી ગઈ:

"આપણે તોલિકને માટે એક સારો કૂતરો પણ ખરીદી શકીએ છીએ, કેમ ખરુંને? કે પછી બીમના માલિક પાસેથી તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન પણ કરી શકીએ છીએ? આપણે તેની સારી કિંમત આપીશું. તું આ વિષે શું વિચારે છે?"

"ઉફ, હું નથી જાણતી, સેમ્યોન, બિલકુલ નથી જાણતી. તું કહે છે તો ચાલ તેના માટે એક કૂતરો ખરીદી લઈએ."

હા, સેમ્યોન પેત્રોવિચ એક નાનકડી વાત ભૂલી ગયો કે દોસ્તી અને વિશ્વાસ ખરીદી નથી શકાતાં અને તે વેચાઉ નથી હોતાં. ન તો તે એ જાણતો હતો કે જો હવે તે બીમને શોધવા પણ ઈચ્છતો તોય તેને શોધી શકવાનો નહોતો. પણ આપણા બીમે, આપણા સારા, સહૃદય બીમે તોલિકના પિતાના દિલમાં પણ પોતાનું શેષ ચિહ્ન છોડયું ગયું કે પછી કદાચ તે એના અંતઃકરણનો અવાજ હતો. એવો અવાજ હતો જેનાથી કોઈ કદી નથી બચી શકતું. હા, જો તેનું અંતઃકરણ જ આવી સીધી લચકીલી લાકડી સમું હોય તો જરૂર પડવા પર વાળીને બમણી બનાવી શકાય તો વાત જુદી છે. પણ બીમ રાતના સમયે પણ સેમ્યોન પેત્રોવિચની ચિંતાનું કારણ રહ્યો.

આ તે જ રાત હતી જ્યારે બીમ પેલા લોખંડી વાહનની અંદર પડ્યો હતો. બીજા દિવસે તોલિકના પિતા બીમની શોધનું આયોજન કરવાનાં હતાં. શું તે તેને મેળવી લેશે? શું તે પેલા લોખંડી વાહનના રહસ્યની ખબર પાડી લેશે? શું તે પ્રકાશ તથા સ્વતંત્રતા માટે, મૈત્રી અને સદ્ભાવને માટે બીમની ઈચ્છાના બળ તથા તેની અદમ્યતાને સમજી શકશે?

એક અત્યંત સામાન્ય કારણે આવું કદી નથી બન્યું. બીજા દિવસે સવાર સોમવારે ઈવાન ઈવાનિચે પોતાની બંદૂકને કવર સમેત ઉઠાવી અને શાર્ટેટાઈન સ્ટેશન તરફ નીકળી પડ્યો. ત્યાં તેની મુલાકાત કૂતરાં પકડનારા પેલા બે માણસો સાથે થઈ અને તે જાણીને તેમાં કાળજાનાં ટુકડેટુકડાં થઈ ગયાં કે તેમણે બીમને તેના પોતાના ઘરની બહારથી

જ પકડયો હતો. બંને માણસો કાકી પર ખૂબ ક્રોધે ભરાયા હતા અને તેને ગાળો પર ગાળો આપી રહ્યા હતા. ઈવાન ઈવાનિચ એ વિચારીને દુ:ખથી વિહ્વળ થઈ ગયો કે બીમ બેવફાઈ અને બદનામીનો શિકાર બની ગયો હતો. તેણે પેલા બે મજૂરોને દોષ ન આપ્યો કારણ કે તેઓ તો માત્ર પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યા હતા. જોકે તેમનામાંથી ઓછી ઉંમરવાળો પોતાની જાતને દોષી સમજી રહ્યો હતો, ઓછામાં ઓછું કાકી પર વિશ્વાસ કરવા માટે.

"જો હું જાણતો હોત..." તેણે પોતાનું વાક્ય અધૂરું છોડીને પોતાની મુઠ્ઠીઓ પેલા વાહનના બોનેટ પર મારી. "અચરજ થાય છે, અમે પેલીનાં જેવી ઘાસની સાપણ પર વિશ્વાસ કરી લીધો!"

ઈવાન ઈવાનિચે તેમને નિવેદન કર્યું કે તેઓ બીમને પોતાની ગાડીમાં જંગલમાં પહોંચાડી દે, આ કામ માટે બંનેને પાંચ પાંચ રૂબલ આપવાનો પ્રસ્તાવ મૂક્યો. તેઓ રાજી ખુશી તૈયાર થઈ ગયા. તેઓ ત્રણે તે જ વાહનની કેબીનમાં શસ્ત્રો સાથે બેસીને નીકળી પડયા.

જંગલની વચ્ચે જે ખુલ્લી જગ્યામાં ઈવાન ઈવાનિચ શિકાર કરવા પહેલાં બેસતો તથા જંગલના અવાજો સાંભળતો હતો, જ્યાં બીમે પોતાની વિપન્નતામાં પૃથ્વી પર વીખરાયેલાં પાંદડાઓ પર પોતાનો ચહેરો રગડયો હતો, ત્યાં જ વૃક્ષના તે જ ઠૂંઠાથી થોડાંક ડગલાંની દૂરી પર તેમણે બીમને દફનાવ્યો અને તેની કબરને બરફ મિશ્રિત પીળાં પાંદડાની એક પાતળી પરત વડે ઢાંકી દીધી.

જંગલનો મર્મર અવાજ એકધાર્યો પણ ધીમો ધીમો ગૂંજતો રહ્યો હતો.

ઈવાન ઈવાનિચે બંદૂકને તેના ખોલમાંથી બહાર કાઢી, તેમાં કારતૂસ ભર્યાં અને કોઈ વાત પર જાણે વિચાર જેવું કરતાં પળવાર થોભ્યા પછી હવામાં ગોળી ચલાવી.

જંગલે શરદની પ્રતિધ્વનિથી તેનો જવાબ આપ્યો અને આ પ્રતિધ્વનિ વનના મર્મર ધ્વનિના ઉપર ઊઠતો એક સંક્ષિપ્ત તથા અચાનક બંધ થનારી આહમાં સમાપ્ત થઈ ગયો.

કૂતરાના માલિકે ફરીથી બંદૂક તાકી અને એક વાર ફરી પેલી આહની રાહ જોઈ.

તેના બંને સાથી તેને ઘૂરતા ઊભા રહ્યા. પણ તેણે પોતાની



જગ્યાએથી હાલ્યા વગર જ પોતાની બંદૂકમાં બીજા બે કારતૂસ ભર્યાં તથા દૂર દૂર જઈને સમાપ્ત થનારા અવાજના આ નાપ્યા તોલ્યા સમયાંતરવાળી એ જ વિલંબિત લયથી બે બીજા ધમાકા કર્યાં. ત્યારબાદ તેણે બંદૂક પર ખોલ ચઢાવી દીધું અને વૃક્ષના પેલા ઠૂંઠા સુધી ચાલીને આવ્યો. પેલા બે માણસોમાંથી વધારે ઉંમરવાળાએ પૂછ્યું:

"આ શા માટે? તમે ચાર વાર બંદૂક શા માટે ચલાવી?"

"આ રિવાજ છે," ઇવાન ઇવાનિચે કહ્યું. "કૂતરાંના જીવનના દરેક વર્ષ માટે એક વાર બંદૂક ચલાવવામાં આવે છે. બીમ... ચાર વર્ષનો હતો. આવી ક્ષણો પર દરેક શિકારી પોતાની ટોપી ઉતારી દે છે અને શાંતિથી ઊભો થઈ જાય છે."

"હવે જરા આ વાત પર વિચાર તો કરો!" નાનાએ શાંતિપૂર્વક પોતાના ઉદ્‌ગાર પ્રગટ કરતાં કહ્યું, "આ બિલકુલ એવું જ છે જાણે કોઈ સાચેસાચું સંકટ આવી પડ્યું હોય." આમ કહીને તે લાંબાં ડગલાં ભરતો વાહનની તરફ ગયો, અંદર ઘૂસ્યો અને ઘૂસતાં જ બારણાં બંધ કરી લીધાં.

ઇવાન ઇવાનિચ પોતાના ઠૂંઠા પર બેસી ગયો.

જંગલ નીરસ સ્વરે મર્મર અવાજ કરી રહ્યું હતું, તેનો આ અવાજ લગભગ શિશિર કાળના જેવા ઠંડા, રૂખાં તથા બેચેન સરસરાટ જેવો હતો. આસપાસ કેટલીક જગ્યાઓને છોડી બરફ ક્યાંય નહોતો. તેણે હજી સુધી વરસી જવું જોઈતું હતું પણ આમ ન બન્યું, તેણે મોડું કરી દીધું. કદાચ એ જ કારણે જંગલનો મરમર અવાજ કાન ખાતો અવાજ બની ગયો, એવો આળસભર્યો કાન ખાતો અવાજ બની ગયો જેનાથી એમ જણાતું હતું કે એ જંગલે શિશિરને કે પછી વસંતને ફરીથી કદી જોવાની આશા જ છોડી દીધી હોય.

પણ પોતાના અંતિમ દોસ્તને ખોઈ દેવાને કારણે ઉત્પન્ન આ ખાલીપણામાં ઇવાન ઇવાનિચને અચાનક એક આંતરિક ઉષ્માની અનુભૂતિ થઈ. તે તરત તો ન સમજી શક્યો કે તે હતું શું? તે હતો, પેલાં બે છોકરાંઓનો સંપર્ક. બીમ એ વાતને પોતે જાણ્યા વિના તેમને પોતાના માલિકની પાસે લઈ આવ્યો હતો અને તેઓ ફરી આવવાનાં હતાં, એક વાર નહીં, અનેક વાર.

ઇવાન ઇવાનિચ જ્યારે પેલા વાહનમાં સવાર થયો ત્યારે તેણે લગભગ પોતાની જાતને જ કહ્યું:

"ના, આ સાચું નથી. વસંત આવશે. હિમ પુષ્પો ફરીથી ખીલશે... રૂસના પોતાના શિશિર અને પોતાના જ વસંત છે. અમારો દેશ આવા જ પ્રકારનો છે—અહીં શિશિર પણ અવશ્ય થશે અને વસંત પણ અવશ્ય થશે."

તેના આ શબ્દો સાંભળીને પેલા બે અપેક્ષાકૃત સીધા સાદા કૂતરા પકડનારાઓને લાગ્યું હશે કે ઇવાન ઇવાનિચ એક વિચિત્ર માણસ છે.

* * *

પાછાં ફરતી વખતે પેલા બેમાંથી ઓછી ઉંમરના યુવાને એક નાના ગામ જે મુખ્ય રસ્તાથી થોડે જ દૂર હતું તેની સામે અનપેક્ષિત રૂપે ગાડી રોકી, વાહનનું બારણું ખોલ્યું અને કૂતરીને બહાર નીકળવા દીધી.

"હવે હું આ કામ નથી ઇચ્છતો. હું આ કામ નહીં કરું," તેણે કહ્યું. "જા, ભાગી જા કૂતરાં, આ ગામમાં પોતાને માટે એક ઘર શોધી લે. ત્યાં તું બિલકુલ ઠીકઠાક રહેશે."

"તું શું કરી રહ્યો છે?!" મોટી ઉંમરવાળા માણસે કેબીનમાંથી જ બૂમ પાડી. "તેઓ જાણે છે કે અહીં બે કૂતરાં હતાં."

"તેમનામાંથી એક મરી ગયો અને બીજો ભાગી ગયો—બસ આખી વાત આ જ છે, આ સિવાય બીજું કંઈ નહીં. હવે હું આ કામ નહીં કરું. અને બસ આખી વાત અહીંયા જ ખલાસ!"

કૂતરી મુખ્ય રસ્તેથી ભાગી, બેઠી અને જતાં વાહનની તરફ આશ્ચર્યથી જોતી રહી. પછી તેણે ચારે બાજુ જોયું અને પોતાની જ ઇચ્છાથી ગામની તરફ, તે તરફ નીકળી પડી જ્યાં લોકો રહેતાં હતાં. સમજદાર કૂતરી.

ઇવાન ઇવાનિચને જંગલમાં જ એ ખબર પડી ગઈ હતી કે કૂતરાં પકડનારાંઓમાંથી ઓછી ઉંમરવાળા જુવાનનું નામ ઇવાન હતું અને તેનો સાથી પણ ઇવાન જ હતો. તેઓ ત્રણે ઇવાન હતા—આ એક દુર્લભ સંયોગ હતો. આથી તેઓ એક બીજાની વધારે નજીક

આવી ગયા હતા. તેઓ ત્રણે સમાન રૂપે જાણતા હતા કે તેઓ બધાએ એક એવા કૂતરાને દફનાવ્યો હતો જે કૂતરાંના કેદખાનાને સહન ન કરી શક્યો. ક્યારેક ક્યારેક એવું બને છે કે લોકો કોઈ મહાન ઉદ્દેશ્યને ખાતર એક બીજાની નજીક આવે છે અને પછી કદી મળવા માટે જુદા પડી જાય છે અને એવું પણ બને છે કે તેઓ કોઈ તદ્દન નાની વાત વડે એકતાના સુત્રમાં બંધાય છે અને તેમની દોસ્તી જીવનપર્યંત જળવાઈ રહે છે.

જ્યારે ઈવાન ઈવાનિચ ગાડીમાંથી ઊતર્યો અને નક્કી કર્યાં મુજબ યુવાન ઈવાનને પાંચ રૂબલ આપ્યા તો તેણે પોતાના હાથ દૂર કરી લીધા અને ફરીથી એ જ શબ્દોમાં જવાબ આપ્યો: "હવે હું આ કામ કરવા નથી ઇચ્છતો. હું આ કામ હરગિઝ નહીં કરું. બસ આટલી જ વાત છે બીજું કંઈ પણ નહીં!"

હવે એ વાત સ્પષ્ટપણે જાહેર થઈ ગઈ હતી કે તે બીમના મૃત્યુને માટે પોતાને દોષી સમજતો હતો, તેના માટે આ મૃતકનો ઠપકો હતો અને આ સૌથી ખરાબ ઠપકો હોય છે. કારણ કે મૃતક ન તો માફ કરી શકે છે, ન તો તેમની પર દયા કરી શકે છે જેમણે તેમની વિરુદ્ધ પાપ કર્યાં છે અને તેના માટે પશ્ચાતાપ કરી ચૂક્યા છે. પણ યુવાન ઈવાને પોતાની ભૂલને આવશ્યકતા કરતાં ઊંડાઈપૂર્વક અનુભવી હતી અને આ તેની પ્રતિષ્ઠા વધારનારી વાત હતી. આ એક વફાદાર કૂતરા દ્વારા આ ધરતી પર છોડવામાં આવેલ એક બીજું નાનકડું ચિહ્ન હતું. પણ પ્રૌઢ ઈવાનને અંતર્વિવેકની કોઈ ખાસ વ્યથાનો અનુભવ ન થયો, તેણે ઈવાન ઈવાનિચે આપેલા પાંચ રૂબલ સ્વીકારી લીધા અને કૃતજ્ઞતાપૂર્વક પોતાની એક બાજુના ખિસ્સામાં મૂકી દીધા. પણ આના માટે તેને દોષ આપવાનો કોઈ પાયો નથી. તેણે એ વસ્તુનું વળતર પ્રાપ્ત કર્યું હતું જે તેને મળવું જોઈતું હતું અને બીમને પકડવામાં તે પોતાનું કર્તવ્ય પૂરું કરી રહ્યો હતો.

...તે જ દિવસે સેમ્યોન પેત્રોવિચે એક શોધનું આયોજન કર્યું. પહેલી વસ્તુ હતી સમાચારપત્રોમાં પ્રકાશિત એક ઘોષણા: "ખોવયેલો કૂતરો—સેટર જાતિનો સફેદ અને એક કાન કાળો. તેનું નામ બીમ છે. અસાધારણ બુદ્ધિનો પ્રશિક્ષિત કૂતરો. જો કોઈ તેના વિષયમાં કંઈ જાણતું હોય તો તેને વિનંતી કરવામાં આવે છે કે તે આ નિમ્નાંકિત

સરનામાં પર સૂચના આપે. તેને એક બહુ મોટું ઈનામ આપવામાં આવશે... તે મહાનગર બીમના વિષે વાતો કરવા લાગ્યું. ટેલીફોનોની ઘંટડી એકધારી વાગતી, હમદર્દ પાઠકોનાં પત્રો પર પત્રો આવતાં, ખોવાયેલા કૂતરાની શોધમાં સંદેશવાહક આમતેમ ભાગતાં ફરતાં હતાં.

આ પ્રમાણે બીમનું નામ બે વાર ફેલાયું. એક વાર તેના જીવન દરમ્યાન એક ગાંડા કૂતરાના રૂપમાં અને બીજી વાર તેના મરણોપરાંત "આસાધારણ બુદ્ધિના કેળવાયેલા કૂતરા"ના રૂપમાં. બીમની બાદની આ પ્રસિદ્ધિમાં સેમ્યોન પેત્રોવિચનું યોગદાન સંદેહથી પર છે.

પણ સંપૂર્ણ શિશિરકાળમાં તથા બાદમાં પણ બીમનું કોઈ પણ કોઈ ચિહ્ન ન મળ્યું. તેમને કોણ કહેતું? યુવાન ઈવાને ક્વારૅંટાઇન સ્ટેશનમાં પોતાનું રાજીનામું આપી દીધું અને આ વિજ્ઞાપનનો અસ્પષ્ટ કારણે કોઈ જવાબ ન આપ્યો; પ્રૌઢ ઈવાનને ઈવાન ઈવાનિચે ચેતવી દીધો હતો કે તે આ વિષયમાં એક પણ શબ્દ ન બોલે. તેમના સિવાય બીજા કોઈને એ ખબર નહોતી કે બીમ જંગલમાં સૂતો છે, હિમથી હમણાં હમણાં જ જામેલી માટીમાં, જેમાં અત્યારે બરફ વિખરાયેલો છે અને એ કે હવે તેને કોઈ પણ ફરીથી કદી નહીં જોઈ શકે. તે વરસનો શિશિર અત્યંત પ્રચંડ હતો અને તેમાં બે તોફાની આંધી આવી હતી. એ આંધીઓ પછી મેદાનોનો સ્વચ્છ શ્વેત હિમ તદ્દન કાળો પડી ગયો હતો. પણ જંગલની વચ્ચે જે ખુલ્લી જગ્યાને આપણે આટલી સારી રીતે જાણીએ છીએ તે સ્વચ્છ સફેદ બનેલી રહી. તેને જંગલે બચાવી હતી.

પ્રકરણ સત્તરમું

નવ જીવનનો ઉચ્છ્વાસ
(ઉપસંહારના સ્થાને)

વસંતનું ફરીથી આગમન થયું. સૂરજ બહાર નીકળ્યો. અને તેણે શિશિરને દૂર ભગાડી દીધો. તે પોતાના અશક્ત, પીગળતા પગો પર, ખિન્ન દશામાં ઘસડાતો ચાલ્યો ગયો. વૃદ્ધ શિશિરની પાછળ પાછળ તેનાં શ્વેત હિમનાં વસ્ત્રોમાં છિદ્રો કરતા, તેમને ફાડી ફાડીને, સફેદ ચીથરાંઓની ગંદી પટ્ટીઓમાં બદલી નાંખતાં ગરમ દિવસોની ભીડ ચાલી આવી. વસંત મરણાસન્ન શિશિર પ્રત્યે હંમેશાં નિષ્ઠુર હોય છે. જ્યારે પીગળેલા બરફથી ઉત્પન્ન પૂરોનો વેગ શાંત થઈ ગયો ત્યારે ફરીથી કેવળ એક મંદ પ્રવાહ જ રહી ગયો અને જ્યારે રાત્રે તે પ્રવાહો લગભગ પૂરા થઈ ગયા ત્યારે જ વસંત આવી, મોડેથી પણ શાંત વસંત.

"આ પ્રમાણેની વસંત સારી ઊપજ આપે છે," આ વાત

ખ્રિસાન આંદ્રેયેવિચે થોડા સમય પહેલાં ત્યારે કહી હતી જ્યારે તે અને આલ્યોશા આખી રાત ઈવાન ઈવાનિચની સાથે રહ્યાં હતાં.

તેઓ જલદી જ ઘેટાંઓને ચારાગાહો તરફ હાંકશે, પણ જ્યાં સુધી રજાઓ નહીં પડે ત્યાં સુધી આલ્યોશા માત્ર સવારના સમયે પિતાની સાથે તેમને વિદાય કરશે અને સાંજના સમયે તેમને ગામમાં પર પહોચતી વખતે જોશે. આલ્યોશા ઘણી વાર એકલો જ શહેરમાં આવ્યો હતો. તે અને તોલિક જે બંને સારાં છોકરાં હતાં તેઓ દિવસનો સમય બીમની શોધમાં વીતાવતાં. પણ જ્યારે એક દિવસ તેઓ બધા ઈવાન ઈવાનિચને ઘેર ચા પી રહ્યાં હતાં ત્યારે ખ્રિસાન આંદ્રેયેવિચે નિમ્નાંકિત રાય જાહેર કરી:

"જ્યારે છાપાઓમાં સૂચના પ્રકાશિત થવા પછી પણ કોઈએ કોઈ ખબર ન આપી તો કોઈ તેને બહુ દૂર ઉઠાવી લઈ ગયું હશે. માતૃભૂમિ રૂસ એક બહુ મોટો દેશ છે—તેને શોધવાનો પ્રયત્ન કરવો અને શોધી લેવો બહુ કપરું છે. જો તેને કોઈ હાનિ પહોંચી હોત તો કોઈને કોઈ તે વિજ્ઞાપનનો જવાબ આપતું! તે કહેતો: 'મને આપને જણાવતાં દુ:ખ થઈ રહ્યું છે કે તમારો કૂતરો મરી ગયો છે, મેં તેને અમુક અમુક જગ્યાએ જોયો હતો! એટલા માટે મુખ્ય વાત એ છે કે તે જીવતો છે. ખોવાઈ જતાં હર કોઈને તેનો કૂતરો પાછો નથી મળતો. આ બધાનું કુલ પ્રયોજન એ છે આપણે આ વિષયમાં કંઈ પણ નથી કરી શકવાના." તેને ઈવાન ઈવાનિચની તરફ અને ઈવાન ઈવાનિચે તેની તરફ આપસી સમજની નજરો વડે જોયું. ખ્રિસાન આંદ્રેયેવિચે આગળ કહ્યું, "એટલા માટે છોકરાંઓ હવે આગળ શોધ કરવી વ્યર્થ છે, કેમ ઈવાન ઈવાનિચ આ સાચું છે ને?

ઈવાન ઈવાનિચે માથું ધુણાવીને હામી ભરી.

પછી તે દિવસથી શોધનું કામ બંધ કરી દેવામાં આવ્યું. કેવળ યાદ બાકી રહી અને તે છોકરાંઓનાં દિલમાં જીવનપર્યંત જળવાઈ રહી. કદાચ ઘણા વર્ષો પછી આપણાં છોકરાં પોતાના બાળકોને બીમને વિષે જણાવશે. છેવટે એવાં કોઈ પિતા કે દાદા નથી હોતાં જે પોતાનાં બાળકોને કે પૌત્ર-પૌત્રીઓને ખુશી કે દુ:ખની તે ઘટનાઓ જણાવવાનો અવસર ચૂકતા હોય જે તેમના બાળપણમાં તેમની સાથે ઘટી હોય અને ત્યારે તે યુવાન પોતાનો કૂતરો રાખવા

ઈચ્છશે. જ્યારે તેઓ ત્યાંથી નીકળ્યાં ત્યારે પ્રિસાન આંદ્રેયેવિચના જાકીટમાં ભરવાડ કૂતરાની જાતિનું મહિનાભરનું એક ગલુડિયું પણ હતું જે તેને ઈવાન ઈવાનિચે ઉપહાર સ્વરૂપે ભેટ આપ્યું હતું. આલ્યોશા ખુશીથી ફૂલ્યો નહોતો સમાતો.

...ઈવાન ઈવાનિચના ઓરડામાં છો પર એક નવું ગલુડિયું એક જૂના જૂતા સાથે રમી રહ્યું હતું. તેનું નામ પણ બીમ હતું અને તે અંગ્રેજી સેટર જાતિના લાક્ષણિક રંગોવાળા અસલી જાતિનો કૂતરો હતો. તેને ઈવાન ઈવાનિચે "અમારાં બેની ભાગીદારીમાં"—પોતાના તથા તોલિકને માટે ખરીદ્યો હતો.

પણ તે પોતાના જૂના દોસ્તને કદી નહીં ભૂલે. તે શિકારની પેલી સવારોને કદી નહીં ભૂલે જે બીમે તેને આપી હતી, તે ભલમનસાઈની પ્રકૃતિ તથા સર્વક્ષમાશીલ મૈત્રીને કદાપિ નહીં ભૂલી શકે. પોતાના વફાદાર દોસ્ત તથા તેની દુ:ખદ નિયતિ પેલા વૃદ્ધ વ્યક્તિને ચિંતિત કરતી હતી. તેથી એક દિવસ તે જંગલની વચ્ચે એ જ ખુલ્લી જગ્યા પર આવ્યો અને વૃક્ષના એ જ જૂના ઠૂંઠા પર બેસીને આમતેમ જોવા લાગ્યો. તે જંગલનો અવાજ સાંભળવા માટે આવ્યો હતો. તે એક અસાધારણ શાંત વાસંતી દિવસ હતો.

આકાશે તે ખુલ્લી જગ્યામાં દરેક ઠેકાણે હિમસુમન વિખેરી દીધાં હતાં (પૃથ્વી પર આકાશની બૂંદો!) આ એક એવો ચમત્કાર હતો જે ઈવાન ઈવાનિચના જીવનમાં ઘણી વાર થયો હતો અને અત્યારે ફરી થઈ રહ્યો હતો. શાંત પરંતુ પોતાની સાચી સરળતામાં સશક્ત અને જીવનના જન્મની—વસંતની—અપ્રતિમ નવીનતામાં હંમેશાં જ આશ્ચર્યકારક.

જંગલ શાંત હતું. સ્વર્ગીય છંટકાવથી સભર તથા હજી સુધી વણખુલ્યાં પાંદડાઓમાં જિહ્વા સમાં ચળકતા તથા શિથિલ સુકુમાર મથાળા પર પડતાં સૂર્યનાં કિરણોથી આંદોલિત તે જંગલ પોતાની નિંદ્રામાંથી હજી જાગી જ રહ્યું હતું. ઈવાન ઈવાનિચને એવું લાગ્યું કે તે એક નીલી છો, નીલા ગુંબજ અને જીવંત ઓક વૃક્ષોના સ્તંભોવાળા એક આલિશાન મંદિરમાં બેઠો છે. તે સ્વપ્નવત્ હતો.

પણ અચાનક... એનો અર્થ શો હોઈ શકતો હતો? ઉચ્છ્વાસ જેવો એક અવાજ જંગલની ઉપરથી પસાર થયો. તે રાહતના શ્વાસ સાથે

બહુ મળતો આવતો હતો, એ વાતની રાહતનો કે ઘણાં દિવસોની પ્રતીક્ષા પછી વૃક્ષોમાં જીવન પાછું આવી રહ્યું છે અને ફૂટતાં પાંદડાની કળીઓની નાની જિહ્વાઓમાં પોતાને પ્રદર્શિત કરી રહ્યાં છે. નહીં તો બધી શાખાઓ એક સાથે શા માટે આંદોલિત થઈ અને તેની તરત જ પછી નાનાં ચકલાંની ચીંચીયારીઓ, લક્કડખોદોનું સુખદ સંગીતમય તાલબદ્ધ વાદન તથા પોતાનાં સહચરને બોલાવવું અને જંગલને પ્રેમના સમારંભની સૂચના આપવાનું કેમ કરીને શરૂ થયું? વન કુક્કુટની જેમ તે પણ વસંતની ભવ્ય એકરાગતાનાં પ્રારંભિક સ્વરોનો ગુંજારવ કરનાર પહેલું પ્રાણી હોય છે. પણ વન-કુક્કુટ કોમળતાથી પોકારે છે અને ધૂંધળા પ્રકાશમાં પોકારે છે જ્યારે લક્કડખોદો કોઈ વૃક્ષ પર પોતાનો બખોલને મેળવી લીધા પછી પોતાની પ્રિય શાખા સાથે પ્રફુલ્લતાના આદિ વાદ્ય પર સાહસ અને દૃઢતા સાથે ઘોષણા કરે છે: "આ છે, વિસ્મયકારી—ઈ—ઈ છે!"

આમ સ્પષ્ટ છે કે જંગલનો ઉચ્છ્વાસ રાહતનો દમ હતો કારણ કે અંતમાં ચમત્કાર શરૂ થઈ ગયો હતો, આશાપૂર્તિનો સમય નજીક આવી ગયો હતો. પક્ષીઓના આ મહાન અને શક્તિશાળી દાનવને પોતાનો સમુચિત જવાબ આપ્યો. ઈવાન ઈવાનિચે આ ઉચ્છ્વાસ સાફ સાફ સાંભળ્યો. આ જ તે વસ્તુ હતી જેના માટે તે અહીં આવ્યો હતો, જંગલ અને તેનાં પ્રાણીઓનો અવાજ સાંભળવા માટે.

અને જો આ ખુલ્લી જગ્યાને કિનારે એક સ્થાને એક છોડરહિત નીલિમાથી વંચિત અને કેવળ તાજી માટી અને ગયા વર્ષનાં પાંદડાંઓ વડે ઢંકાયેલ સ્થળ ન હોત તો તે સુખી થઈ ગયો હોત. વસંતમાં જમીનના આવા સ્થાનો જોવા, ખાસ કરીને ત્યારે જ્યારે પ્રકૃતિનો બધો ઉલ્લાસ ફૂટી પડવા માટે તૈયાર હોય, દુ:ખદાયી કામ છે.

પણ સદ્પ્રકૃતિની સ્નેહશીલ આંખો વડે એક નવો નાનો બીમ ઈવાન ઈવાનિચની તરફ નિહાળી રહ્યો હતો. તે તોલિકને પહેલાં જ મોહિત કરી ચૂક્યો હતો. તે નાના બીમે પોતાનું જીવન આમ શરૂ કર્યું હતું—એક છોકરાંના દિલ પર સહૃદયતાથી અધિકાર જમાવીને.

"જીવનમાં તેનું શું થશે?" ઈવાન ઈવાનિચે વિચાર્યું. "હું નથી ઈચ્છતો કે આ નવા બીમ પર પણ એ જ વીતે જે મારા દોસ્તને ભોગવવું પડ્યું હતું. હું આ નથી ઈચ્છતો, નથી ઈચ્છતો."

તે એકદમ ઊભો થઈ ગયો, પીઠ ટટ્ટાર કરી અને લગભગ ચીસ પાડતો હોય તેમ બોલ્યો:

"નહીં!"

જંગલે એક સંક્ષિપ્ત પડઘા વડે ઘણી વાર આનો જવાબ આપ્યો: "નહીં... નહીં..." અને પછી શાંત થઈ ગયું.

આ વસંત હતી.

ધરતી પર આકાશની બૂંદો—હિમ સુમન—હતી.

શાંતિ હતી.

એટલી શાંતિ કે ત્યાં કોઈ બુરાઈ નહોતી હોઈ શકતી.

પણ તેમ છતાં ય... જંગલમાં ક્યાંક બંદૂકનો એક ધડાકો ગૂંજ્યો! પછી બીજો અને પછી ત્રીજો. ત્રણ વાર!

કોણ? કેમ? શા માટે?

કદાચ કોઈ હૃદયહીને પેલાં લક્કડખોદોને ઘાયલ કરી દીધો હશે કે પછી તેને બે બીજી ગોળીઓ મારીને ખલાસ કરી રહ્યો હોય...

કે પછી કોઈ શિકારીએ કોઈ એવાં કૂતરાંને દફનાવ્યો હોય જે માત્ર ત્રણ વર્ષનો રહ્યો હોય.

"ના, નિર્દોષ શાંતિ અહીં પણ નથી, જીવિત ઑક વૃક્ષોના સ્તંભોવાળા નીલા મંદિરમાં પણ નથી," ઇવાન ઇવાનિચે મનમાં ને મનમાં જ કહ્યું. તે પોતાના સફેદ માથા પરથી ટોપી ઉતારીને ઊભો હતો અને આકાશ તરફ નિહાળી રહ્યો હતો. તે જાણે પ્રાર્થના કરી રહ્યો હોય, વસંતને માટે પ્રાર્થના કરી રહ્યો હોય તેમ ઊભો હતો.

જંગલ શાંત હતું.